श्री

श्रीपालराजानो रास.

श्रीविनयविजयजी तथा श्री यशोविजयजी

उपाध्याय विरचित

नवपद महिमा वर्णनरूप.

अति विस्तारित अर्थ तथा प्रसंगागत चरित्रनां
अनेक सुंदर चित्रो सहित

तेने

सर्व साधर्मी भाईओने भणवा वांचवा
योग्य जाणी

श्रावक भीमसिंह माणकें

यथामति संशोधन करावीने

श्री मोहमयी मध्यें


करणेश छापखानामां छपाव्यो छे.

संवत १९६५.

सने १९०९.

जेठ शुदी पुनम.

श्री जैन विद्याशाळा तरफथी भेट.



शेठ. रवचंद जेचंद सुबाजी.

श्री जैन विद्याशाळाना स्थापनार.

ठे. डोशीवाडानी पोळ—अमदावाद.

जनम संवत १८८१ मरण संवत १९२९

City Press—AHMEDABAD


गणधर श्री गौतम स्वामीजी.
श्रेणिक राजा.


श्री विनय विजयजी उपाध्याय.
श्रावको.


श्री यशोविनयजी उपाध्याय.
श्रावको.

श्री

ओं श्री पंचपरमेष्ठिभ्यो नमः

श्रीसद्गुरुभ्यो नमः

अथ श्री

श्रीपालराजानो रास प्रारभ्यते.



॥ दोहा ॥

कल्पवेलि कवियणतणी, सरसति करि सुपसाय ॥
सिध्धचक्र गुणगावतां, पूर मनोरथ माय ॥१॥

प्रथम ग्रंथकर्त्ता ग्रंथारंभमां मंगलाचरण करवा सारु श्रीतीर्थंकरनी वाणी जे सरस्वती देवी तेनी प्रार्थना करे छे.

अर्थः- जेम कल्पवृक्ष युगलियाना मनोरथ पूर्ण करे छे तेम, कवियोना मनोरथ पूर्ण करवा माटे कल्पवृक्षनी वेलिनी पेरें पदानुसारि-



ણી લબ્ધિરૂપ; એવી હે સરસ્વતી માતા તમેં મ્હારા ઊપર સુપસાય એટલે ભલો ઊત્તમ પ્રકારનો પ્રસાદ કરીને સિધ્ધચક્રના ગુણ ગાવતાં થકાં મ્હારા મનોરથ પૂર્ણ કરો ॥ ૧ ॥

અલિયવિઘન સવિ ઊપશમે, જપતાં જિનચોવીશ ॥
નમતાં નિજ ગુરૂ પયકમલ, જગમાં વધે જગીશ ॥ ૨ ॥

અર્થઃ- હવે કવિ દેવગુરૂને નમસ્કાર કરેછે. ચોવીશ તીર્થંકરનો જાપ જપતાં થકાં અલિક એટલે માઠાં એવાં જે વિઘ્નો, તે સર્વ ઊપશમી જાય, નાશ પામે, તથા નિજ ગુરૂ એટલે પોતાના ગુરૂના પદરૂપ કમલને નમસ્કાર કરતાં થકાં જગત માંહે જગીશ તે યશ અને શોભા વધાય

એવી રીતેં દેવગુરૂનું નમસ્કાર રૂપ મંગલ કરીને હવે કથાની ઊત્પત્તિ કહે છે.

ગુરૂ ગૌતમ રાજગૃહી, આવ્યા પ્રભુ આદેશ ॥
[illegible] પા [illegible] ॥ ૩ ॥

અર્થઃ- પ્રભુ શ્રી વીર ભગવાનનો આદેશ એટલે આજ્ઞા લઈને ગુરૂ શ્રી ગૌતમસ્વામી રાજગૃહી નગરીને વિષે પધાર્યા. તિહાં શ્રેણિકરાજા પ્રમુખ વાંદવા આવનારા સર્વ સભાપ્રત્યેં (શ્રીમુખ કે૦) પોતાના મુખથકી એવી રીતેં એટલે આગલ કહેવાશે તે રીતેં ઊપદેશ દેતા હવા ॥ ૩ ॥

ઊપગારી અરિહંત પ્રભુ, સિધ્ધ ભજો ભગવંત ॥
આચારજ ઊવઝાય તિમ, સાધુ સકલ ગુણવંત ॥ ૪

અર્થઃ- હે ભવ્યજનો! તમે (પ્રથમ પદેં) ઊપકારના કરનાર શ્રી અરિહંત પ્રભુનું અને (બીજે પદેં) શ્રી સિધ્ધ ભગવંતનું ભજન સ્મરણ કરો, (ત્રીજે પદેં) આચાર્ય પ્રભુ, (ચોથે પદેં) શ્રી ઊપાધ્યાયજી, તે [illegible]) રૂપાવં [illegible] ત ૨ [illegible] હત [illegible]
([illegible] કલકે૦) સા [illegible] ॥ ૪ ॥

દરિસણ દુર્લભ જ્ઞાન ગુણ, ચારિત્ર તપ સુવિચાર ॥
સિદ્ધચક્ર એ સેવતાં, પામીજેં ભવપાર ॥૫॥

અર્થઃ- (છઠ્ઠે પદેં) જે પામવું મહા દુર્લભ છે એવું સમકિત દર્શન, (સાતમે પદેં) જ્ઞાન ગુણ, (આઠમે પદેં) ચારિત્ર અને (નવમે પદેં) (સુવિચાર કે૦) ભલા વિચારેં કરીને કરવું એટલે કષાય રહિત થઈ કરવું એવું તપ એ નવપદ તે સિદ્ધચક્ર જાણવું. તેને સેવતાં થકાં ભવ જે સંસાર તેનો પાર પામીયેં ॥૫॥

ઇહભવ પરભવ એહથી, સુખ સંપદ સુવિશાલ ॥
રોગ શોગ રૌરવ ટલે, જિમ નરપતિ શ્રીપાલ ॥૬॥

અર્થઃ- (એહથી કે૦) એ નવપદના સેવનથી આ ભવને વિષે તથા પરભવને વિષે સુવિશાલ એટલે અત્યંત મહોટાં એવાં સુખ અને (સંપદ કે૦) દોલત પામીયેં તથા રોગ, શોક અને (રૌરવ કે૦) મહાબિહામણા વિકટ એવા દુષ્કાલ પ્રમુખના ભય ટલી જાય; જેમ શ્રીપાલ રાજાએ નવપદના સેવનથકી ઋદ્ધિ સિદ્ધિ પ્રત્યે પામ્યો તેમ તમે પણ પામો ॥૬॥

પૂછે શ્રેણિક રાય પ્રભુ, તે કુણ પુણ્ય પવિત્ર ॥
ઇન્દ્રભૂતિ તવ ઉપદિશે, શ્રી શ્રીપાલ ચરિત્ર ॥૭॥

અર્થઃ- એવું સાંભલીને શ્રેણિક રાજા શ્રી ગૌતમ સ્વામીને પૂછવા લાગ્યા કે, હે પ્રભુ, એ પવિત્ર પુણ્યનો ધરનારો એવો શ્રીપાલ રાજા તે કોણ થયો? તેની કથા અમોને કહી સંભલાવો. (તવ કે૦) તેવારેં ઇન્દ્રભૂતિ જે શ્રીગૌતમસ્વામી તે શ્રેણિક રાજા પ્રમુખને (શ્રી કે૦) કલ્યાણરૂપ



लक्ष्मीवंत एवुं श्रीपाल राजानुं चरित्र ते प्रथमथी मांडीने (उपदिशे के०) कहेता हुवा ॥ ७ ॥

॥ ढाल पहेली ॥ ललनानी देशी ॥

देश मनोहर मालवो, अति उन्नत अधिकार ॥ ललना ॥
देश अवर मानु चिहुं दिशें, परवरिया परिवार ॥ ललना ॥ १

अर्थः- अत्यंत (उन्नत के०) उंचुं छे अधिकारीपणुं जेनुं एवो मनोहर सुंदर मालव नामें देश छे, ते देश जीत्न सर्व देशोना मध्यमां आवेलो छे माटे कवीश्वर कहे छे के ते मालव देशने (अवर के०) बीजा जे चारे दिशायें रहेला देशो छे ते सर्व (मानु के०) जाणुं छुं जे मालव देशनो परिवार छे, ते देशोना परिवारें परवर्यो थको वींट्यो थको शोभे छे. आमां "ललना" ए पद जे छे ते वाक्यालंकारने अर्थे छे. जेम आभूषणें करी माणस शोभे, तेम ललना ए पदें करी वाक्य शोभे छे ॥ १ ॥

तस शिर मुगट मनोहरु, निरुपम नयरी उजेण ॥ ल० ॥
लछमी लीला जेहनी, पार कली जें केण ॥ ल० ॥ दे० ॥ २ ॥

अर्थः- जेम मस्तकने विषे मुकुट शोभे छे, तेम ते मालव देशना मस्तकने विषे मुकुट समान शोभाने धरनारी तथा जेने कोई वस्तुनी उपमा आपी तेनी बराबरी करी शकीयें एवी चीज जगतमां नथी तेथी निरुपम छे तथा एनी लक्ष्मीनी लीलानी कलना करी कोण पार पामी शके ? एवी उज्जयणी नामें नगरी छे ॥ २ ॥

सरगपुरी सरगें गई, आणी जस आशंक ॥ ललना ॥
अलकापुरी अलगी रही, जलधि जइ पावी लंक ॥ ल० ॥ दे० ॥

अर्थः- ते उज्जयणी नगरीनी शोभा जोईने स्वर्गपुरी नगरी तेणे विचार्युं जे हुं जो अहींआं रहीश तो एनी आगल मने कोई

વંજાણશે નહી એવી મનમાં આશંકા લાવીને તે સ્વર્ગને વિષે જતી રહી, તથા અલકાપુરી પણ આશંકા આણીને ઉજ્જયણીથી અલગી એટલે વેગળી જતી રહી, અને લંકાનગરી તેથી તો ઉજ્જયણી નગરીનું તેજ ખમાયું નહીં માટે ઠંડક કરવા સારૂ જલધિ જે સમુદ્ર તેમાં (ઝંપાવિ કે૦) ઝંપાપાત કરતી હવી ॥ ૩ ॥

પ્રજાપાલ પ્રતપે તિહાં, ભૂપતિ સવિ સિરદાર ॥ લલના ॥
રાણી સૌભાગ્યસુંદરી, રૂપસુંદરી ભરતાર ॥ લ૦ ॥ દે૦ ॥ ૪

અર્થઃ- તે ઉજ્જયણીને વિષે સર્વ રાજાઓનો સિરદાર એવો પ્રજા-પાલ નામે (ભૂપતિ કે૦) રાજા તે (પ્રતપે કે૦) પ્રકર્ષે કરી તપે તેને પ્રતપે કહી રાજ્ય કરે છે. તે રાજા એક સૌભાગ્યસુંદરી અને બીજી રૂપસુંદરી એ બે પટરાણીનો (ભરતાર કે૦) સ્વામી છે ॥ ૪ ॥

સહેજેં સોહગ સુંદરી, મન માને મિથ્યાત ॥ લલના ॥
રૂપસુંદરી ચિત્તમાં રમે, સૂધી સમકિત વાત ॥ લ૦ ॥ દે૦ ૫

અર્થઃ- તેમાં સૌભાગ્યસુંદરી જે હતી તે તો (સહેજેં કે૦) સ્વભાવેં પોતાના મનને વિષે મિથ્યાત્વિઓના ધર્મને માની રહેલી છે, અને રૂપસુંદરીના ચિત્તને વિષે (સૂધી કે૦) પાધરી એટલે સારી રીતેં સંકેતની વાત રમી રહી છે ॥ ૫



સુરપરેં સુખ સંસારના, ભોગવતા ભૂપાલ ॥ લલના ॥
પુત્રી એકેકી પામિયેં, રાણી દોય રસાલ ॥ લલના ॥ દે૦ ॥ ૬ ॥

અર્થઃ- (સુરપરેં કે૦) દેવતાની પેઠેં એટલે દેવ જેમ પોતાની દેવાંગનાઓની સાથેં સુખ ભોગવે તેની પેરેં (ભૂપાલ કે૦) રાજા પણ તે બેહુ રાણીઓની સાથેં સંસાર સંબંધિ સુખવિલાસ ભોગવતો થકો તે બેહુ રાણીને (રસાલ કે૦) સુંદર એવી એકેકી પુત્રી થઈ ॥ ૬ ॥

એક અનોપમ સુરલતા, વાધે વધતે રૂપ ॥ લલના ॥
બીજી બીજતણી પરે, ઇંદુકલા અતિરૂપ ॥ લ૦ ॥ દે૦ ॥ ૭ ॥

અર્થઃ- તેમાંહે એક પુત્રી તો અનુપમ (સુરલતા કે૦) કલ્પવૃક્ષની પેરેં દિવસેં દિવસેં વધતે રૂપેં કરી (વાધે કે૦) વૃદ્ધિ પામવા લાગી એટલે મ્હોટી થવા લાગી, અને બીજી પુત્રી તો બીજનાં (ઇંદુકલા કે૦) ચંદ્રકલાની પેરેં એટલે જેમ શુક્લપક્ષની બીજના દિવસથી દિન દિન પ્રત્યેં ચંદ્રમાની કલા વધતી જાય છે તેમ વૃદ્ધિ પામવા લાગી ॥ ૭ ॥

સોહગ દેવી સુતાતણું, નામ ઠવે નરનાહ ॥ લલના ॥
[illegible] ॥, આણી અધિક ઉચ્છાહ ॥ લ૦ ॥ ૮ ॥

અર્થઃ- હવે સૌભાગ્યસુંદરી નામા દેવી એટલે રાણી તેની પુત્રી [illegible] ॥ ૮ ॥

[illegible]

અર્થઃ- અને રૂપસુંદરી નામા રાણીની જે પુત્રી તેના અંગોપાંગ સર્વ [illegible]

वेदविचक्षण विप्रने, सोंपे सोहग देवी ॥ल०॥
सकल कला गुण शीखवा, सुरसुंदरीने हेवी ॥ल०॥ दे०१०

अर्थः-(सकल के०) सर्वकला गुण शीखवाने अर्थे वेद मांहे विचक्षण एटले डाह्यो एवो ने (विप्र के०) ब्राह्मण तेने सोहग देविने ते सौभाग्यसुंदरी नामें राणी तेणे पोतानी पुत्री ने सुरसुंदरी ते प्रत्यें (हेवी के०) तरत सोंपी अर्थात् सुरसुंदरीने ब्राह्मणपासें भणवा मोकली॥१०

मयणाने माता हवे, जिन मत पंडित पास ॥ल०॥
सार विचार सिध्धांतना, आदरवा अभ्यास ॥ल०॥ दे०११

अर्थः- हवे मयणासुंदरीने तेनी माता तो जैनसिध्धांतो संबंधि (सार के०) प्रधान भला एवा जे विचार तेनो अभ्यास आदरवाने अर्थे श्रीजिनमतना जाण पंडितनी पासें (हवे के०) स्थापे एटले मोकलती हवी ॥ ११ ॥

चतुरकला चोसठ भणी, ते बेहु बुध्धि निधान ॥ल०॥
शब्द शास्त्र सवि आवड्यां, नाम निघंटु निदान ॥ल०१२

अर्थः- ते कुमरीयो स्त्रीनी चतुराई संबंधि जे चोशठ कलाओ छे ते भणीने (बहु के०) घणी एवी जे बुध्धि तेनो (निधान के०) भंडार थई. तेने अनेक प्रकारना शब्दशास्त्र जे व्याकरण, नाममाला, निघंटु, आदान, निदान अने चिकित्सादिक ते सर्व आवड्यां एटले पूर्वोक्त सर्व ग्रंथो भणी गई ॥ १२ ॥

कवित कला गुण केलवे, वाजित्र गीत संगीत ॥ल०॥
ज्योतिष वैद्यक विधि जाणे, राग रंग रस रीत ॥ल०॥ दे०१३

अर्थः- ते कुमरी कवित करवानी कलारूप गुणने केलवती थकी एटले केलवणी पामती थकी वाजिंत्र वगाडवा, गीत गावा, (संगीत के०) गीतबध्ध कविता करवा, तथा ज्योतिषशास्त्र अने वैद्यकशास्त्र, तेनो

विधि जे प्रकार ते सर्वने जाणे. अने छराग, तेना रंग, तथा नवरस तेनी रीत ए सर्वने जाणे एटले ए पूर्वोक्त सर्व शास्त्रना रहस्यनी जाणनारी थई ॥ १३ ॥

सोल्ल कला पूरण शशी, करवा कला अभ्यास ॥ ललना ॥
जगति जमे जस मुख देखी, चोसठ कला विलास ॥ ल० ॥ १४ ॥

अर्थः— ईहां कवि उत्प्रेक्षा करेछे के (जस के०) जे कुमरीनुं मुख दे खीने शोल कलायें करी सहित एवो जे (शशी के०) चंद्रमा ते विचार करवा लाग्यो, जे आ कुमरी तो चोशठ कलानो विलास छे अने हुं तो मात्र शोल कलायें करी सहित छुं, माटे हुं पण चोशठ कलानो अभ्यास करुं तो एना जेवो थाउं एवुं चिंतवीने वधारे कलाओनो अभ्यास करवा माटे जगत मांहे भ्रमण करवा लाग्यो तो पण तेमां शोलथी वधती कोई सत्तरमी कला थई नहीं ॥ १४ ॥

मयणा सुंदरी मति अति जली, जाणे जैन सिध्धांत ॥ ल० ॥
स्याद्वाद तस मन वस्यो, अवर असत्य एकांत ॥ ल० ॥ १५ ॥

अर्थः— वली मयणा सुंदरीनी (मति के०) बुध्धि ते अत्यंत जली छे. श्रीजिनराजना सिध्धांतने ते जाणे छे, तथा भगवंतें जे स्याद्वाद रूप अनेकांत मार्ग प्ररूप्यो छे ते तेना मनमां वसी रह्यो छे. अने (अवर के०) बीजा जे एकांतवाद मतनी प्ररूपणाना करनारा मार्गो छे, ते सर्वने असत्य करी जाण्या छे एवी ते कुमरी छे ॥ १५ ॥

नय जाणे नवतत्त्वना, पुद्गल गुण पर्याय ॥ ललना ॥
कर्मग्रंथ कंठे कर्या, समकित शुध्ध सुहाय ॥ ल० ॥ दे० ॥ १६ ॥

अर्थः— वली नवतत्त्वने निश्चय तथा व्यवहार नयें करी युक्त जाणे छे तथा पुद्गल द्रव्यना गुण अने पर्याय सर्व जाणे छे, अने कर्म ग्रंथ भणीने जेणे कंठे कर्या छे एटले मुखपाठें कर्या छे, एवी रीतें ते कुमरी शुध्ध समकितें करी (सोहाय के०) शोभायमान थईछे ॥ १६ ॥

सूत्र अर्थ संघयणना, खव्यन साथे ध्यार ॥ ललना ॥

ખેત્ર વિચાર ખરા ધરે, એમ અનેક વિચારા॥લ૦ગા૦હે૦॥૧૭

અર્થઃ- વલી સંઘયણીનાં સૂત્ર એટલે મૂલ પાઠ તથા તેના અર્થ સ-ર્વ જાણે છે તથા પ્રવચન સારોદ્ધાર ગ્રંથને જાણે છે વલી ખેત્રસમાસ સંબંધિ જે ખેત્રના વિચાર તેને ખરેખરા ધારી રાખ્યા છે એ રીતે અનેક પ્રકારના વિચારોને મયણાસુંદરી જાણે છે ॥૧૭॥

રાસ ભલો શ્રીપાલનો, તેહની પહેલી ઢાલ ॥ લલના ॥
વિનય કહે શ્રોતા ઘરેં, હોજો મંગલ માલ ॥લ૦ગા૦હે૦॥૧૮॥

અર્થઃ- (ભલો કે૦) રૂડો એવો શ્રીપાલરાજાનો રાસ તેની એ પહેલી ઢાલ સંપૂર્ણ થઈ. શ્રીવિનયવિજય ઉપાધ્યાયજી કહે છે કે, શ્રોતા એટલે સાંભલનારાઓના ઘરને વિષે મંગલિકની માલા હોજો ॥૧૮॥ ઇતિ પ્રથમ ઢાલ સમાપ્ત ॥૧॥

॥ દોહા ॥

ઇક દિન અવનીપતિ ઇસ્યો, આણી મન ઉલ્લાસ ॥
પુત્રીનું જોઉં પારખું, વિદ્યા વિનય વિલાસ ॥ ૧ ॥

અર્થઃ- હવે એક દિવસેં અવનિ જે પૃથ્વી તેનો પતિ જે પ્રજાપાલ નામેં રાજા તેણે માંહેલી સભામાં બેઠા થકાં પોતાના મનને વિષે ઉલ્લાસ આણીને એવું વિચાર્યું જે મ્હારી પુત્રીઓનું પારખું જોઉં જે એ કહેવી વિદ્યા ભણેલી છે? તથા વિનયનો વિલાસ એ મનામાં કહેવો છે? ॥૧॥

સભામાંહિ શણગાર કરિ, બોલાવી બેહુ બાલ ॥
આવી અધ્યાપક સહિત, મોહન ગુણ મણિમાલ ॥૨॥

અર્થઃ- એવો નિર્ધાર કરીને તે બેહુ બાલિકાઓને બોલાવી એટલે તેડાવી, તેવારેં તે બેહુ કુમરીઓ શોલ સણગાર કરીને પોત પોતાના અધ્યાપક જે ભણાવનારા ગુરૂ છે તેણે કરી સહિત સભાને વિષે આવિઓ. તે કુમરીઓ કહેવી છે તો કે મોહને પમાડનારી એવી ગુણરૂપ મણિની માલા સરખી છે-રૂપ લાવણ્યે કરીને શોભાવી છે સભા જેણે એવીઓ છે॥૨॥

અર્થ અગોચર શાસ્ત્રના, પૂછે ભૂપતિ જેહ ॥
બુધ્ધિ બલે બેહુ બાલિકા, આપે ઉત્તર તેહ ॥ ૩ ॥

અર્થઃ- હવે જેને શાસ્ત્રના અગોચર અર્થ રાજા પૂછે છે, તેના ઉત્તર તે બેહુ બાલિકાઓ પોતાની બુધ્ધિ બલે કરી આપે છે ॥ ૩ ॥



અર્થઃ- તે ઉત્તર સાંભલીને અધ્યાપક જે ભણાવનારા તે

વાણી તે

સાજ તેને વિષે સાકર ભેળી હોય તેના જેવી મીઠી લાગે છે ॥ ૫ ॥

ઢાલ બીજી.

॥ રાગ ધોરણી ॥ પુણ્ય પ્રશંસીયેં ॥ એ દેશી ॥

પ્રશ્નોત્તર પૂછે પિતારે, આણી અધિક પ્રમોદ ॥
મન લાગે અતિ મીઠડાંરે, બાલક વચન વિનોદરે ॥
વછ વિચારજો ॥ દેઈ ઉત્તર એહરે ॥ સાંસો વારજો
॥ એ આંકણી ॥

અર્થઃ- હવે બાળકના વચનનો (વિનોદકે૦) રમણ તે માતા પિતા ના મનમાં અત્યંત મીઠો લાગે છે માટે કુમરીઓનો પિતા જે પ્રજાપાલ રાજા તે પોતાના મનમાં અધિક (પ્રમોદકે૦) હર્ષ આણીને પ્રશ્નના ઉત્તર પૂછે છે. કે હે વત્સો હે પુત્રીઓ, તમે તમારા હૃદયને વિષે વિચારજો અને અમે જે પ્રશ્ન પૂછીયેં તેના ઉત્તર આપીને અમારા મનનો સંદેહ નિવારણ કરજો ॥ ૧ ॥

કુણ લક્ષણ જીવિત તણુંરે, કુણ મનમથ ઘરનારિ ॥
કુસુમ કુણ ઉત્તમ કહ્યુંરે, પરણી શું કરે કુમારિરે ॥ વ૦ ॥ ૨

અર્થઃ- હવે રાજા પૂછે છે જે હે વત્સ એક તો જીવવાનું લક્ષણ શું છે? બીજો મનમથ જે કામદેવ તેના ઘરની સ્ત્રી કોણ છે, ત્રીજો સર્વ જાતિના ફૂલમાંહે ઉત્તમ ફૂલ કોને કહીયેં, ચોથો કુમારિકા પરણીને શું કરે, એવા ચાર પ્રશ્ન પૂછ્યા ॥ ૨ ॥

એકે વચણેં એહનોરે, ઉત્તર ઓણિપરેં થાય ॥
સુરસુંદરી કહે તાતજીરે, સુણજો સાસરે જાયરે ॥
નૃપ અવધારજો ॥ અરથ સુણી અમ એહરે ॥ મહો-
ત વધારજો ॥ ૩ ॥

अर्थः— पूर्वे कहेला च्यार प्रश्नोना उत्तर ते एक वचनने करीने आपो तेवारें प्रथम सुरसुंदरी कहे छे के हे पिताजी (सुणजो के०) सांभलजो (सासरे जाय) ए एक वचनमां च्यारे प्रश्नना उत्तर समाइ गया छे; ते आवी रीते के (सास) (रे) अने (जाय) ए पूर्वोक्त एक वचनमांथी त्रण पद निकले छे तेमां प्रथम जीवितव्यनुं लक्षण सास एटले श्वास छे. केम के ज्यां सुधी श्वास होय त्यांसुधी जीवतुं छे एम कहेवाय, ए पहेला प्रश्ननुं उत्तर जाणवुं. तथा कामदेवनी स्त्री (रे के०) रति एवे नामे छे ए बीजा प्रश्ननुं उत्तर समजवुं. वली सर्व जातिना पुष्पमां (जाय के०) जायना फूल ते उत्तम कहेवाय छे ए त्रीजा प्रश्ननुं उत्तर कह्युं. अने (सासरे जाय) ए संपूर्ण वचने करी कुमारिका परणीने शुं करे? तो के पोताने सासरे जाय ए चोथा प्रश्ननुं उत्तर जाणी लेवुं. ए रीतें हे पिताजी तमे जे अर्थ पूछ्यो तेनुं एकज वचनें करीने में उत्तर आप्युं छे. ते हे नरपति तमे अवधारजो एटले मानजो, में जे अर्थ कह्या ते सांभलीने अमारो (महोत के०) महोटाइ पणुं वधारजो ॥ ३ ॥

मयणाने महीपति कहे रे, अर्थ कहो अम एक ॥
जो तमें शास्त्र संभालतां रे, वाध्यो हृदय विवेक रे ॥ व० ॥ ४ ॥

अर्थः— हवे महीपति जे राजा ते मयणासुंदरीने कहे छे के, अमें एक प्रश्न पूछीयें छीयें, ते जो तमें शास्त्र भणयां छो तेने संभालतां थकां तमारा हृदयने विषे विवेकनी वृद्धि करी छे तो अमने एनो अर्थ कहो ॥ ४ ॥

आदि अक्षर विण जेह छे रे, जग जीवाडणहार ॥
तेहिज मध्याक्षर विना रे, जगसंहारणहार रे ॥ व० ॥ ५ ॥

अर्थः— एक शब्दनो (आदि के०) पहेलुं जे अक्षर छे ते अक्षर-
बीजा जे अक्षरो छे, ते सर्व जगतने जीवाडनारा छे, वली तेहज
८ म याक्षर एटले वचमानुं अक्षर तेणे करी रहित ते शब्दने
यें तेवारें शेष जे अक्षर रहे छे ते जगतने संहार करनारा छे
॥

અંત્યાક્ષર વિણ આપણું રે, લાગે સહુને મીઠ ॥
મયણા કહે સુણજો પિતા રે, તે મેં નયણે દીઠ રે ॥ નૃપના ॥ ૬ ॥

અર્થઃ- વલી તેહજ શબ્દના અંતનું અક્ષર કાહાડી નાખતાં બાકીના અક્ષર જે રહ્યા છે તે કહેવા રહ્યા તો કે (આપણું કે૦) પોતાનું જે કાજ તે સહુ કોઈને મીઠું લાગે એટલે છેહેલું અંતનું અક્ષર કાહાડી નાખતાં શેષ (કાજ) એ જે અક્ષર રહે છે તે કાજ એટલે કાર્ય તે પોતાનું કાર્ય તો જગતમાં સર્વ કોઈને મિષ્ટ લાગે છે.. એવું રાજાનું વચન સાંભલીને મયણા- સુંદરી કહે છે કે, હે પિતાજી સાંભલજો તે તો મેં મહારા નયણે દીઠ એ- ટલે ચક્ષુને વિષે દીઠો છે એટલે ચક્ષુમાં (કાજલ) અંજાય છે તેમાંથી આદ્યનું (કા) અક્ષર કાહાડી નાખીયેં તેવારે (જલ) એ જે અક્ષરો રહે, તે જલ એટલે પાણી સર્વ જગતને જીવાડનારૂં છે અને મધ્યનું (જ) અક્ષર કાહાડી નાખીયેં તેવારેં (કાલ) એવા જે અક્ષર રહે, તે કાલ તો જગતનો સંહાર કરનાર છે તથા છેહેલું (લ) અક્ષર કાહાડી નાખીયેં તેવારેં (કાજ) એવા જે અક્ષર રહે તે કાજ એટલે કાર્ય તે તો પોતપોતા- નું કાર્ય સહુ કોઈને મીઠું લાગે ઇત્યર્થ ॥ ૬ ॥

સુગુણ સમશ્યા પૂરજો રે, ભૂપતિ કહે ધરી નેહ ॥
અરથ ઊપાઈ અભિનવો રે, પુણ્યે પામીજે જેહ રે ॥ નૃ૦ ॥ ૭ ॥

અર્થઃ- વલી એક (અભિનવો કે૦) નવો અર્થ ઊપન્ન કરીને ભૂ- પતિ જે રાજા તે (નેહ કે૦) સ્નેહ ધરીને બેહુ પુત્રીઓને સમશ્યા કહે છે કે, હે સુગુણ વત્સો તમે માહારી એક સમસ્યા પૂરણ કરજો, જે પુણ્યથકી આ અમુક વસ્તુ પામીયેં, એટલે પુણ્યથી શી શી વસ્તુ પામીયેં તે કહો ॥ ૭ ॥

સુરસુંદરી કહે ચાતુરી રે, ધન યૌવન વર દેહ ॥
મન વલ્લભ મેલાવડો રે, પુણ્યે પામીજે એહ રે ॥ નૃ૦ ॥ ૮ ॥

અર્થઃ- એવું રાજાનું વચન સાંભલીને પ્રથમ તો ચતુરપણાથી સુર સુંદરી કહે છે કે, હે પિતાજી એક ધન, બીજું યૌવન, ત્રીજું (વર કે૦) પ્ર- ધાન સુંદર એવો (દેહ કે૦) શરીર તથા મન વલ્લભ જે ભરતાર તેનો

મિલાપ એટલા વાનાં પુણ્યથકી પામીયેં ॥૮॥

મયણા કહે મતિ ન્યાયનીરે, શીલસું નિર્મલ દેહ ॥
સંગતિ ગુરૂ ગુણવંતનીરે, પુણ્યેં પામીયેં એહરે ॥નૃ૦॥૯

અર્થઃ— હવે મયણા સુંદરી કહે છે કે, હે પિતાજી એક તો ન્યાયની (મતિ કે૦) બુધ્ધિ, બીજું શીલે કરીને નિર્મલ (દેહ કે૦) શરીર, ત્રીજું રૂડા ગુણવંત ગુરૂની સંગતિ એટલે સમાગમ એ વસ્તુ પુણ્યના યોગે પામીયેં ॥૯

ઈણે અવસર ભૂપતિ ભણેરે, આણી મન અભિમાન ॥
હું તૂઠયો તુમ ઊપરેરે, દેઊં વંછિત દાનરે ॥વ૦॥૧૦॥

અર્થઃ— એવા અવસરને વિષે રાજા મનમાં અભિમાન આણીને (ભણે કે૦) કહે છે, જે હું તમારા ઊપર સંતુષ્ટ થયો છું, માટે તમોને મનોવાંછિત દાન આપું ॥૧૦॥

હું નિર્ધનને ધન દેઊંરે, કરૂં રંકને રાય ॥
લોક સયલ સુખ ભોગવેરે, પામી મુજ પસાયરે ॥વ૦॥૧૧॥

અર્થઃ— હું કહેવો છું કે જે નિર્ધન પુરૂષ હોય તેને ધન આપીને ધનવંત કરૂં તથા રંકને રાજા કરૂં, સર્વ લોક જે સુખ ભોગવે છે, તે મહારો પસાય પામીને ભોગવે છે ॥૧૧॥

સકલ પદારથ પામીયેરે, મેં તૂઠે જગમાંહિ ॥
મેં રૂઠે જગ રોલીયેરે, ઊભો નરહે કોઈ છાંહિરે ॥વ૦॥૧૨

અર્થઃ— જગતમાં જેની ઊપર હું સંતુષ્ટ થાઊં તો તેને સર્વ પદાર્થનું પામવા પણું છે અને જેની ઊપર હું રૂઠો તો તેને રોલી નાખું તેથી કોઈ પ્રાણી તેની છાયામાં પણ ઊભો રહે નહીં ॥૧૨॥

સુંદરી કહે સાચું પિતારે, એમાં કિશો સંદેહ ॥
જગ જીવાડણ દોયછેરે, એક મહિપતિ દૂજો મેહરે ॥નૃ૦॥૧૩

અર્થઃ- એવું રાજાનું વચન સાંભળી સુરસુંદરી કહે છે કે, હે પિતાજી તમેં જે કહો છો તે સાચું છે એમાં શો સંદેહ છે ? જગતને જીવાડનારા બેજ છે તેમાં એક તો મહીપતિ એટલે રાજા અને બીજો મેહ એટલે વર્ષાદ૧૩

સાચું સાચું સહુ કહેરે, સકલ સભા તેણી વાર ॥
એ સુરસુંદરી જેહવીરે, ચતુર નકો સંસાર રે ॥નૃ૦॥૧૪॥

અર્થઃ- તેવારેં તિહાં સહુ કોઈ સભાના લોક તે સર્વ સાચું સાચું કહેતા હવા. અને એમ કહેવા લાગ્યાં કે આ સંસારને વિષે બીજી કોઈ આ સુરસુંદરીના જેવી ચતુર સ્ત્રી નથી ॥ ૧૪ ॥

રાજા પણ મન રંજિયોરે, કહે સુંદરી વર માગ ॥
વંછિત વર તુજ મેલવીરે, દેઊં સચલ સૌભાગ્યરે ॥વ૦॥૧૫

અર્થઃ- રાજા પણ મનમાં રંજિત થઈને કહેવા લાગ્યો કે, હે સુરસું- દરી તું વર માગ હું તુજને મનોવાંછિત વર મેલવીને સર્વ સૌભાગ્ય આપું ૧૫

તિહાં કુરૂજંગલ દેશથી રે, આવ્યો અવનીપાલ ॥
સભા માંહે સોહે ઘણો રે, યૌવન રૂપ રસાલ રે ॥નૃ૦॥૧૬

અર્થઃ- એવા અવસરને વિષે કુરૂજંગલ નામા દેશથકી દમતારી રાજાનો પુત્ર (અવનિ કે૦) પૃથ્વી તેનો પાલનારો છે માટે અવનિપાલ કહિ- યેં તે રાજા ઊજ્જયણીના રાજાની સેવા કરવાને અર્થે ત્યાં આવ્યો છે તે યૌ- વન અવસ્થા તથા રૂપ એટલે સૌંદર્યપણું તેણેકરી (રસાલ કે૦) સુંદર છે માટે સભામાંહે જેહોથકો ઘણો શોભે છે ॥ ૧૬ ॥

શંખપુરી નયરી ધણીરે, અરિદમન તસ નામ ॥
તે દેખી સુરસુંદરીરે, અંગેં ઊપન્યો કામરે ॥વ૦॥૧૭॥

અર્થઃ- તે શંખપુરી નામા નગરીનો સ્વામી છે, અને અરિ જે શત્રુ તેનો દમન કરનાર છે, માટે અરિદમન એવું તેનું નામ છે, તેને દેખીને સુરસુંદરીના અંગને વિષે કામ ઊત્પન્ન થયો ॥૧૭ ॥

પૃથિવીપતિ તસ ઊપરેં રે, પરજી તાસ સનેહ ॥

તિલક કરી અરિદમનને રે, આપી અંગજા તેહ રે ॥ વ૦ ॥ ૧૮

અર્થઃ- તેવારે પૃથ્વીપતિ જે રાજા તેણે અરિદમનની ઊપર સુરસુંદરીનો સ્નેહ પરખીને તિલક કરી પોતાની સુરસુંદરી નામે અંગજા જે પુત્રી તે તેને આપી ॥ ૧૮ ॥

રાસ રચ્યો શ્રીપાલનો રે, તેહની બીજી ઢાલ ॥
વિનય કહે શ્રોતા ઘરે રે, હોજો મંગલ માલ રે ॥ વ૦ ॥ ૧૯

અર્થઃ- એ શ્રીપાલ રાજાના રાસની રચના કરી તેની બીજી ઢાલ પૂરણ થઈ. વિનયવિજય ઊપાધ્યાયજી કહે છે કે, સાંભલનારાને ઘેર મંગલિકની માલા હોજો ॥ ૧૯ ॥

॥ દોહા ॥

મયણા મસ્તક ધૂણતી, જબ નિરખી નરરાય ॥
પૂછે પુત્રી વાત એ, તુમ મન કિમ ન સુહાય ॥ ૧ ॥

અર્થઃ- એવા સમયને વિષે મયણાસુંદરીને મસ્તક ધૂણાવતી થકી જે વારેં પ્રજાપાલ રાજાયેં દીઠી, તેવારેં રાજાયેં પૂછ્યું, જે હે પુત્રી એ વાત તમારા મનને વિષે કેમ સોહાતી નથી, એટલે ગમતી નથી ॥ ૧ ॥

સયલ સભાથી સોગુણી, ચતુરાઈ ચિત માંહ ॥
દીસે છે તે દાખવો, આણી અંગ ઊત્સાહ ॥ ૨ ॥

અર્થઃ- આ સર્વ સભાથી શો ગુણી ચતુરાઈ તમારા ચિત્ત માંહે દેખાય છે, તો અંગમાં ઊત્સાહ આણીને જે અસંભવ હોય તે કહી દેખાડો. ૨

ઊચિત નહિં ઈહાં બોલવું, મયણા કહે મહારાય ॥
મોહે મન માણસ તણાં, વિરૂઆ વિષય કષાય ॥ ૩ ॥

અર્થઃ- એવું રાજાનું બોલવું સાંભલીને મયણાસુંદરી કહે છે કે, હે મહારાજ ઈહાં આ સભાને વિષે બોલવું ઊચિત નથી, સંસારમાં વિરૂ-

[illegible]

मन मोहने पामे छे ॥ ३ ॥

निरविवेक नरपति जिहां, अंश नहीं उपयोग ॥
सभा लोक सहु हाजियां, सरिजो मल्यो संयोग ॥४॥

अर्थः— जे ठेकाणे राजाने विवेक नथी, तथा एक अंश मात्र शास्त्रनो उपयोग नथी, अने वली सभानां लोक तो सर्व हाजी हाजी करनारां हाजीयां छे, एवी रीतें सर्व संयोग सरखो मल्यो छे तेवी सभाने विषे बोलवुं उचित नथी ॥ ४ ॥

॥ ढाल त्रीजी ॥

राग केदारो ॥ कपूर होवे अति उजलो रे ॥ए देशी॥

मन मंदिर दीपक जिस्यो रे, दीपे जास विवेक ॥
तास न कहिये पराभवे रे, अंग अज्ञान अनेक ॥१॥

पिताजी॥ मकरो जूठ गुमान ॥ ए ऋध्धि अथिर निदान ॥ पिताजी ॥ जेहवो जलधि उधान ॥ पिताजी ॥ मकरो० ॥ २ ॥

अर्थः— मनरूप मंदिरने विषे दीपक जेहवो जेने विवेक दीपे छे, तेना अंगमां अनेक जातनुं जे अज्ञान छे ते केवारें पराभव करे नहीं, माटे हे पिताजी तमे जुठुं अभिमान मकरो. ए सर्व ऋध्धि जे छे ते

अधिकुं तथा ओछुं एटले न्यूनाधिक कोईथी कीधुं जाय नहीं ॥२॥

राजा कोपें कलकल्यो रे, सांभलतां ते वात ॥

हाली पण वेरण थई रे, कीधो वचन विघात रे ॥

बेटी ॥ भलीरे भली तुं आज ॥ तें लोपी मुज लाजरे ॥

विणसाड्युं निज काजरे ॥ बेटी ॥ तूं मूरख

शिरताज रे ॥ बेटी ॥ भ० ॥ ३ ॥

अर्थः— एवी मयणा सुंदरीनी वात सांभलतांज राजा कोपें करी

ज. ल्यो थको कहेवा लाग्यो के, तुं मने घणी वाली हती पण वेरण थई,

न ट । महारा वचननो विघात कर्यो, माटे हे बेटी तुं तो आज भली

(के०) बोली, जे तें महारी लाज लोपी अने तहारुं पो

विणसाड्युं के०) बगाड्युं तेथी तुं सर्व मूर्ख जनोमां सिरताज छो ॥ ३ ॥

ने पोढी करीरे, लोज २ ८

अर्थः— कपूर सरखा उज्ज्वल दूरनां लोजन कर १८

रत्ने जडित हिंडोला खाट मांहे

अर्थः— एक पाटना (पटंबर के०) रेशमी उंचां वस्त्र पहे

पसायथी जाण जे ॥ ५ ॥

અર્થઃ— તે સાંભલી મયણાસુંદરી બોલી કે, હે પિતાજી એ વાતનું તત્ત્વ વિચારો, તમારા મનને વિષે રોષ મ આણો, મેં તમારા કુલમાં ઉપજવાનો ક્યાં જોષ જોયો હતો ? પરંતુ પૂર્વકૃત કર્મના સંયોગથી તમારા કુલમાં આવી અવતરેલી છું ॥ ૬ ॥

મહુલાવો મોટે મને રે, નવનવ કરો અનિવેદ ॥ તે સવિ કર્મ પસાઉલે રે, એ અવધારો ભેદ ॥ પિ૦ ॥ મ૦ ॥ ૭ ॥

અર્થઃ— તમે મને મહોટે મને કરી મલાવો છે, અને નવા નવા (નિવેદ કે૦) ખાન પાન કરાવો છો, તે સર્વ મહારા કર્મના પસાયથી છે, એ (ભેદ કે૦) તત્ત્વ તે (અવધારો કે૦) માનો, અવધારણ કરો ॥ ૭ ॥

જો હઠવાદ તમને ઘણો રે, કર્મ ઉપર એકંત ॥ તો તમને પરણાવશું રે, કર્મે આણ્યો કંત રે ॥ બે૦ ॥ જ૦ ॥ ૮ ॥

અર્થઃ— તેવારેં રાજા કહેવા લાગ્યો કે, જો તમને એકાંતપક્ષેં કર્મ ઉપર ઘણોજ હઠવાદ છે, તો કર્મે આણી આપેલો જે (કંત કે૦) ભરતાર તેજ તમોને પરણાવીશું ॥ ૮ ॥

માન હણ્યું જૂઓ એણીયેં રે, માહરૂં સભા સમક્ષ ॥ ફલ દેખાડું એહને રે, સકલ સભા પ્રત્યક્ષ રે ॥ બે૦ ॥ જ૦ ॥ ૯ ॥

અર્થઃ— રાજા વિચારે છે કે, જૂઓ એ મયણાયેં સર્વ સભા સમક્ષ મહારૂં માન હણ્યું છે, તો તેના ફલ પણ સર્વ સભા દેખતાં થકાં પ્રત્યક્ષ એહને દેખાડું ॥ ૯ ॥

સોંજીએ એ શું શીખવ્યું રે, અધ્યાપક અજ્ઞાન ॥ સજ્જન લોક લાજે સહુ રે, દેખી એ અપમાન રે ॥ બે૦ ॥ જ૦ ॥ ૧૦

અર્થઃ— એના સોંજીયેં એને આવું તે શું શીખવ્યું ! તથા એનો અ-
ધ્યા[illegible] વનાર [illegible] શાતે રાજા [illegible] અ-
[illegible] થયેલો [illegible] તે સર્વ [illegible]
[illegible] ॥ ૧૦ ॥

નગરલોક નિંદે સહુ રે, ભણ્યું એહનું ધૂલ ॥ જૂઓ વાત-
ની વાતમાં રે, પિતા કર્યો પ્રતિકૂલ રે ॥ બે૦ ॥ ભ૦ ॥૧૧॥

અર્થઃ- નગર નિવાસી લોક પણ સર્વ નિંદા કરવાં લાગ્યાં, અને કહેવા લાગ્યાં કે, એ મયણાનું ભણવું તે ધૂલ થયું, જૂઓ તો ખરા, જે વાતની વાતમાં સેજસાજ પોતાના પિતાને પ્રતિકૂલ કર્યો ॥ ૧૧ ॥

મિથ્યાત્વી કહે જૈનની રે, વાત સવે વિપરીત ॥ જગત
નીતિ જાણે નહીં રે, અવલાને અવિનીત રે ॥ બે૦ ॥ ભ૦ ૧૨

અર્થઃ- વલી મિથ્યાત્વી લોકો કહેવા લાગ્યા કે, જૈનની વાત સર્વે વિપરીત એટલે અવલી છે, જગતની નીતિ કાંઈ એ જાણતા નથી તેથી અવલા છે, અને અવિનીત એટલે વિનય રહિત છે ॥ ૧૨ ॥

અવસર પામી રાયનો રે, રોષ સમાવણ કાજ ॥ કહે પર-
ધાન પધારિયેં રે, રયવાડી મહારાજ રે ॥ બે૦ ॥ ભ૦ ॥૧૩॥

અર્થઃ- એવા સમયને વિષે અવસર પામીને રાજાનો ક્રોધ સમાવવા માટે પ્રધાન કહે છે કે, મહારાજ રયવાડીનો અવસર થયો માટે પધારો ॥ ૧૩ ॥

રાસ ભલો શ્રીપાલનો રે, તેહની ત્રીજી ઢાલ ॥ વિનય
કહે મદ પરિહરો રે, જેહથી બહુ જંજાલ રે ॥ બે૦ ॥ ભ૦ ૧૪

અર્થઃ- ભલો શ્રીપાલ રાજાનો રાસ તેની એ ત્રીજી ઢાલ પૂરી થઈ. આ રાસના કર્ત્તા વિનય વિજયજી ઉપાધ્યાય કહે છે કે, જે થકી સંસારમાં બહુ જંજાલ થાય છે, એવો જે મદ એટલે અહંકાર તેને પરિહરો ત્યાગો ॥૧૪

॥ દોહા ॥

રાજા રયવાડી ચઢ્યો, સબલ સેન પરિવાર ॥
મદ માતા મયગલ ઘણા, સહસ ગમે અસવાર ॥૧॥

અર્થઃ— હવે બલે કરી સહિત એવા સૈન્ય અથવા સબલ એટલે ઘણો એવો જે સૈન્યનો પરિવાર તેને સાથે લઈને રાજા પોતે રયવાડીને અર્થે ચડ્યો તે પરિવાર કહે છે. એક તો મદેં કરી ઉન્મત્ત થયેલા એવા મયગલ એટલે હાથી ઘણા છે અને (સહસકે૦) હજારો ગમે અસવાર છે ॥ ૧ ॥

સુભટ સિપાઈ સામટા, જિસ્યા પંચાયણ સિંહ ॥
આયુધ આડંબર અધિક, અટલ અલંગ અબીહ ॥ ૨

અર્થઃ— વલી સામટા એટલે થોકબંધ સુભટ તથા સીપાઈઓ તે જેવા પંચાનન સિંહ હોય ની તેના સરખા બલવાન છે તે આયુધ જે હથિયાર તેનો અધિક આડંબર તેણે કરીને સહિત થકા ચાલે છે, વલી અટલ એટલે કોઈથી પાછા ટલે નહી, તથા અલંગ એટલે કોઈના ભગાડ્યા ભાગી જાય નહીં, અને અબીહ એટલે કોઈના બીવરાવ્યા બીયે નહીં, અર્થાત્ કોઈના ડરાવ્યા ડરે નહીં એવા સુભટ સીપાઈઓ છે ॥ ૨ ॥

વાઘા કેસરિયા કિયા, રઢિયાલા રજપૂત ॥
મૂછાલા મછરાયલા, યોધ જિસા જમદૂત ॥ ૩ ॥

અર્થઃ— તથા તેણે કેસરીઆ વાઘા કરેલા છે, અને રઢીયાલા એટલે જે હઠ લીધો તે મૂકે નહીં એવા તે રજપૂત છે, તથા મૂછાલા એટલે મહોટી મૂછવાલા છે, વલી મછરાયલા એટલે અહંભાઈ ધરતા થકા સાક્ષાત્ જેવા યમરાજના દૂત હોય તેવા તે યોદ્ધા છે. ॥ ૩ ॥

પાખરિયા પંખી પરે, ઉડે અંબર જામ ॥
પંચવરણ નેજા નવલ, ગયણ ચોક ચિત્રામ ॥ ૪ ॥

અર્થઃ— તથા પાખર નાખેલા ઘોડાઓ છે તે પાખરીયા ઘોડા (જામકે૦) જે વખતેં પંખીની પેરે અંબર જે આકાશ તેને વિષે ઉડે છે, તે વખતેં તે ઘોડાઓની ઉપર બેઠેલા જે અસ્વાર લોક છે તેના હાથમાં પાંચ રંગવાલા (નવલકે૦) નવા નેજા એટલે વાવટા રહ્યા છે તે વાવટાયેં કરીને ગયણ જે આકાશ રૂપ ચોક તેને વિષે જાણે ચિત્રામણ કર્યો હોય એવી શોભાને ધરી રહ્યા છે ॥ ૪ ॥

सरणाई वाजे सरस, घूरे गुहिर निशाण ॥
पुरबाहिर नृप आविया, भालां झलहल भाण ॥५॥

अर्थः— वली सरस सरणाइयो वाजी रही छे, तथा (गूहिर के०) गंभीर शब्दें करीने निशानो घूरे एटले घोर करी रहेलां छे एवा आडंबरें करी राजा पुरनी बाहिर आव्या, तिहां जरछीओना भालांनो झलहलाट ते भणीथें जीभे (भाण के०) सूर्यज होय नहि ! एवो देखाई रह्यो छे ॥ ५ ॥

॥ ढाल चोथी ॥

॥ रामचंदके बाग, चांपो मोरी रह्योरी ॥ ए देशी ॥

मारग सनमुख ताम, ऊडे खेह घणीरी ॥
पूछे भूपति दृष्टि, देई मंत्री भणीरी ॥ १ ॥

अर्थः— हवे आगल मार्गे जतां थकां सन्मुख घणी धूल ऊडती दीठी



(...મકેo) તેવારેં ભૂ.તિ તેરા તે તેતના...નસ ...ઢ સરખાં ... છે ॥

કુણ આવે છે એહ, એવડા લોક ઘણારી ॥
કહે મંત્રી રહો દૂર, દરિસણ એહ તણારી ॥ ૨ ॥

અર્થઃ— હે પ્રધાન આ એટલા ઘણા લોક તે કોણ આવે છે ? તેવારેં પ્રધાન કહે છે કે, એ લોકો જે આવે છે, તેના દર્શન થકી તમે દૂર રહો ॥ ૨ ॥

એ કુષ્ટી સયસાત, થાઈ એક મણારી ॥
થાપી રાજા એક, જાચે રાયરાણારી ॥ ૩ ॥

અર્થઃ— એ સાતસેં કોઢી યા તે સર્વ એકમના થઈ પોતાની ઉપર એક રાજા થાપીને રાજાઓ તથા રાણીઓને યાચે છે ॥ ૩ ॥

મારગ મૂકી જામ, નરપતિ દૂર ટલેરી ॥
ગલિતાંગુલિ તસ દૂત, આવી તામ મલેરી ॥ ૪ ॥

અર્થઃ— તે સાંભલી જેવારેં રાજા, માર્ગ મૂકીને દૂર ટલી ગયો એટલે બીજે માર્ગે ચાલ્યો તેવારેં (ગલિતાંગુલિકેo) ગલી ગયેલી જયાઈ ગઈ છે આંગુલીયો જેની એવો કોઢીઆઓનો દૂત તિહાં આવીને રાજાને મલ્યો ॥ ૪ ॥

ઉત્તમ મારગ કાંઈ, જાએ દૂર તજીરી ॥
ઉજ્જેણીના રાય, હારે કીર્ત્તિ સજીરી ॥ ૫ ॥

અર્થઃ— તે દૂત કહેવા લાગ્યો કે હે ઉજ્જેણીના રાજા આ ઉત્તમ રાજમાર્ગ તજીને તું દૂર કાં જાય છે એટલે બીજે માર્ગે કેમ જાયછે, અને ઘણા કાલની સજેલી કીર્ત્તિને આજ તું કેમ હારી જાય છે ॥ ૫ ॥

નિરમુખ આશા ભંગ, જાચક જાસ રહ્યારી ॥
ભારભૂત જગ માંહિ, નિરગુણ તેહ કહ્યારી ॥ ૬ ॥

અર્થઃ— (જાસકેo) જેનીપાસેં યાચક આવીને નિરમુખ આશા ભંગ થઈ રહે તે પ્રાણી જગતમાં પૃથ્વીને ભારભૂત જેવા નિર્ગુણી કહ્યા છે ॥ ૬ ॥

અર્થઃ- જેમ રૂંખ જે વૃક્ષ તે (દવકે૦) અગ્નિયેં કરી જલ્યો હોય તો (ઘનવુઠ્ઠ કે૦) મેઘવૃષ્ટિ થવાથી વલે એટલે ફરી નવપલ્લવ થાય પણ કુવચને કરીને જેનાં મન (દાધ્યા કે૦) જલ્યાં હોય તો ફરી તે ભવમાં નવપલ્લવ ન થાય ॥ ૧૨ ॥

રોષ તણે વશ રાય, શુદ્ધિ બુદ્ધિ સર્વ ગઈરી ॥
કહે દૂત તુજ રાય, અમ ઘર આણો જઈરી ॥૧૩॥

અર્થઃ-રોષ જે ક્રોધ તેના વશ થકી રાજાની શુદ્ધિ બુદ્ધિ સર્વ જતી રહી છે, તેથી દૂતને કહે છે કે, તું જઈને તાહારા રાજાને અમારે ઘેર તેડી લાવ ॥

દેઊં રાજકુમારી, રૂપેં રંભ જસીરી ॥
દૂત તણે મન વાત, વિસ્મય એહ વસીરી ॥૧૪॥

અર્થઃ- તેને રંભા જે અપ્સરા તેના જેવી રૂપવાલી એવી રાજકુમરી હું આપું. એ વાત દૂતના મનમાં વિસ્મય જેવી થઈ વસી એટલે લાગી ॥૧૪

કિશું વિમાસે મૂઢ, મેં જે વાત કહીરી ॥
નફરે જગમાં તેહ, અવિચલ સાચ સહીરી ॥૧૫॥

અર્થઃ- દૂતનું વિસ્મિત ચિત્ત જોઈ રાજા કહેવા લાગ્યો કે, હે મૂઢ તાહારા મનમાં શું વિમાસે છે, મેં જે વાત કરી તે જગતમાં ફરે નહીં, કેવારે ચલે નહીં, (સહી કે૦) નિશ્ચેં સાચી જાણવી ॥૧૫॥

શ્રી શ્રીપાલનો રાસ, ચોથી ઢાલ કહીરી ॥
વિનય કહે નિરવાણ, ક્રોધેં સિદ્ધિ નહીંરી ॥૧૬॥

અર્થઃ- એ શ્રી શ્રીપાલ રાજાનો રાસ તેની ચોથી ઢાલ કહી, શ્રી વિનયવિજયજી કહે છે કે, (નિરવાણ કે૦) નિશ્ચેં ક્રોધ થકી સિદ્ધિ નથી ॥૧૬॥

॥ દોહા ॥

[illegible]

[illegible]

અર્થ:- હવે [illegible] રી પોતાના આવાસને વિષે સિંહાસન ઊપર બેઠો અને મનમાં અભિમાનનો વિલાસ જેને અધિક એટલે ઘણો છે, એવો થકો ॥ ૧ ॥

મયણાને તેડી કહે, કર્મતણો પખ છોડ ॥ મુજ પસાય મન આણ જિમ, પૂરૂં વંછિત કોડ ॥ ૨ ॥

[illegible] તુ [illegible] છોડ [illegible] કોડ [illegible] પૂરૂં ॥

[illegible]

[illegible] તાજી [illegible]

[illegible]

બાલકને બતલાવતો, હઠે ચઢાવે રાય ॥

॥ ढाल पांचमी ॥



ત ગલ ૧ ર ધરેરે, અવગત નાસુખવાસ ॥
ઘોર નાદ ઘોઘર સ્વરેરે, અરજ કરે અરદાસ ॥ ચે૦॥ર

અર્થઃ- તથા ધોલા કોઢના રોગેં કરીને શ્વેત એટલે સપેત થઈ ગયેલીઓ છે અંગુલીઓ જેમની તેને શ્વેતાંગુલી કહીયે એવો પુરૂષ ચમરધાર થકો ચામર ધરી રહ્યો છે એટલે ચામર વીંજે છે. વલી રોગેં કરી જેની નાસિકા જવાઈ ગઈ છે. તથા (ઘોરકે૦) ભયંકર છે (નાદ કે૦) શબ્દ જેનો એવો પુરૂષ ઘોઘરે સ્વરેં કરીને છડીદાર થકો આગલ નકી પોકારે છે. એટલે આગલ ઉભો થકો અરજી કરે છે, અરદાસ કરે છે ॥ ર ॥

વેસર અસવારી કરીરે, રોગી સવિ પરિવાર ॥ જલે જાવલીએ પરિવર્યોરે, જિસ્યો દગ્ધ સહકાર ॥ ચે૦૩

અર્થઃ- જેણે વેસર એટલે ખચ્ચર તેની ઉપર અસવારી કરી છે, તથા જેનો પરિવાર સર્વ રોગી છે એવો ઉંબર રાણો કોઢીયાના પરિવારેં પરવર્યો થકો કહેવો શોભે છે કે, જેમ (જલે જાવલીયે કે૦ ઉ. વનના વનમાંહે વૃક્ષો સર્વ બલીને ઠુંઠા થઈ ગયા હોય તેવા જાવ-

લના વૃક્ષોયેં કરી પરવર્યો થકો (દગ્ધ કે૦) જલેલો એવો (સહકાર કે૦) આંબાનો વૃક્ષ જેવો શોભે, તેવો ઉંબર રાણો કોઢીયાના પરિવારેં પરવર્યો થકો શોભે છે ॥૩॥

કેઈ ટુંટા કેઈ પાંગલા રે, કેઈ ખોડા કેઈ ખીણ ॥
કેઈ ખસિયા કેઈ ખાંસિયા રે, કેઈ દદર કેઈ દીણ ॥ચ૦॥૪॥

અર્થઃ- હવે એ ઉંબરનો પરિવાર કહેવો છે ? તે કહે છે. કેટલા એક ટુંટા છે, કેટલા એક પાંગલા છે, કેટલા એક ખોડા છે, કેટલા એક ક્ષીણ થઈ ગયા છે, કેટલા એક ખસીયા એટલે અંગ ઉપર ખસ થયેલી છે, એવા છે, માટે ખાજીયાળા છે, કેટલા એકને ખાંસી થયેલી છે, કેટલા એકને દદર એટલે દાદૂર થઈ છે અને કેટલા એક તો રોગના પ્રભાવે કરી (દીન કે૦) રાંક જેવા થઈ ગયેલા છે ॥ ૪ ॥

એક મુખે માખી બણબણે રે, એક મુખ પડતી લાલ ॥
એક તણે ચાંદાં ચગે રે, એક શિર નાઠા વાલ ॥ચ૦॥૫॥

અર્થઃ- એકના મુખ ઉપર તો માખીઓ બણબણાટ કરી રહી છે, એકના મુખમાંથી લાલ પડે છે, એકના શરીર ઉપર ચાંદા એટલે ચાનઠાં ચગચગી રહ્યાં છે; અને એકના શિર ઉપરના વાલ જે મોવાળા તે પણ રોગના પ્રભાવેં નાસી ગયા છે. ॥ ૫ ॥

ચઉટા માંહે ચાલતાં રે, સોર કરે સય સાત ॥
લોક લાખ જોવા મલ્યાં રે, એહ કિસ્યો ઉતપાત ॥૬॥

અર્થઃ- એવા (સય સાત કે૦) સાતશેં જણ કોઢીઆ તે ચઉટામાંહે ચાલતાં થકાં સોર બકોર કરે છે. તેને લાખો ગમે લોક જોવાં મલ્યાં છે, એકઠાં થયાં છે, તે જોવાવાલાં કહે છે કે, આ તે શ્યો ઉત્પાત છે! ॥ ૬ ॥

ઢોર ઘસે કૂતર ભસે રે, ધિગ ધિગ કહે મુખ વાચ ॥
જન પૂછે તમેં કોણ છો રે, ભૂત કે પ્રેત પિશાચ ॥૭॥

અર્થઃ- ઢોર ઘસે છે એટલે સામા શીંગડા માંડે છે, અને કુતરાં ભ-

साथें थयां एम करतां उंबर राणो पण तिहां प्रजापाल राजा बेठो छे

अर्थः— तेवारें मयणासुंदरीने राजा कहे छे के, जे तमारो (नाह

૨

અર્થઃ- જે પિતાયેં પાંચની સાખેં ભરતાર આપ્યો તે રાજાનો જાયો હોવે કિંવા રંકનો જાયો હોય તો પણ તેને દેવની પરેં આરાધવો ઉત્તમ કુલની સ્ત્રીના મનમાં એજ જંત હોય છે ॥ ૧૨ ॥

કરી પ્રણામ નિજ તાતને રે, વયણ વિમલ મુખ રંગ ॥
આવીને ઊભી રહી રે, ઊંબરને વામંગ ॥ ચ૦ ॥ ૧૩ ॥

અર્થઃ- એમ વિચારી મયણાસુંદરી પોતાના પિતાને પ્રણામ કરીને તેના વચન અને મુખનો રંગ તે શરદ પૂનમના ચંન્દ્રમાની પેરેં (વિમલ કે૦) ઉજ્વલ નિર્મલ છે એવી થકી પોતેં શાસ્ત્રને જાણેં ને વખતેં શુદ્ધ લગનની વેલા જાણવામાં આવી તે વખતેં ઊંબર રાણાના (વામાંગ કે૦) ડાબી જાનુયેં આવીને ઊભી રહી પોતેંજ પોતાને હાથેં હાથ મેલાવો કર્યો ॥ ૧૩ ॥



ओढ रोगनी

थीने कर्म आंधुं नहीं मा

ते पण राज्य पो न

१४॥

ऊ

मं

ई महा

? ओतो निश्चय पोताना कर्मनेज माने छे माटे में

नो दोष म्हारे माथे लीधो नथी ॥ १५ ॥

॥ रलियायत थया रे, देखी कन्या पास ॥ परमे

स कु कु ।, । ० ६

:- . ६ १ १ -

त थया ओटले खुशी थया अने विचारवा लाग्या जे, परमेश्वरें म-

न अमारी आशा पूरण करी ॥१६॥

सुगुण रास श्रीपालनो रे, तिहां ओ पांचमी ढाल॥

विनय कहे श्रोता , ८ ८ ०.

अर्थः- रूडा गुणें करी शोभित ओवो श्रीपालनो रास तिहां ओ पांचमी

ઢાલ થઈ વિનયવિજયજી કહે છે કે, શ્રોતાને ઘેર મંગલિકની માલા હોજો ॥૧૭॥

દોહા.

કોઈ કહે ધિક રાયને, એવડો રોષ અગાધ ॥
કોઈ કહે કન્યાતણો, એ સઘલો અપરાધ ॥૧॥

અર્થઃ- હવે એવું કૃત્ય જોઈને કોઈક તો કહે છે કે, પોતાના ફરજંદ ઉપર એટલો અગાધ રોષ રાજે છે માટે એ રાજાને ધિક્કાર છે, વલી કોઈક તો એવું કહે છે કે, એ સર્વ અપરાધ કન્યાનોજ છે ॥૧॥

ઉતારે આવ્યા સહૂ, સુણતાં ઇમ જન વાત ॥
અનુચિત દેખી આથમ્યો, રવિ પ્રગટી તવ રાત ॥૨॥

અર્થઃ- એમ (જનકે૦) લોકોના મુખથી વાતો સાંભલતાં થકાં સર્વ પોતાને ઉતારે એટલે સ્થાનકે આવ્યા. તે વખત (રવિકે૦) સૂર્યપણ એ અનુચિત એટલે અણઘટતું કાર્ય થયું દેખીને (આથમ્યો કે૦) અસ્ત પામ્યો તેવારેં રાત્રિ પ્રગટ થઈ ॥૨॥

યથાશક્તિ ઉત્સવ કરી, પરણાવી તે નાર ॥
મયણા ને ઉંબર મલી, જેહાં ભુવન મઝાર ॥૩॥



અર્થઃ- કોઢીયાયેં પોતાની યથાશક્તિયેં ઉત્સવ કરીને તે કન્યાને પરણાવી; પછી મયણા અને ઉંબર એ જેહુ મલીને ઉતારાનુ ભુવન ને ઘર તેમાં જઈ બેઠાં ॥૩॥

॥ ઢાલ છઠ્ઠી ॥

॥ કોઈલો પર્વત ધુંધલોરે લો ॥ એ દેશી ॥

ઊંજર મનમાં ચિંતવેરે લો, ધિગ ધિગ મુઝ અવતારરે ॥ છબીલી ॥ મુઝ સંગતથી વિણસશેરે લો એહવી અદ્‌ભુત નારરે ॥ રંગીલી ॥ ૧ ॥

અર્થઃ— હવે ઊંજર રાણો પોતાના મનમાં ચિંતવે છે કે, ધિક્કાર છે ધિક્કાર છે મહારા અવતારને ! આ છબીલી સુંદર અદ્‌ભૂત રૂપ વાલી રંગીલી એવી સ્ત્રી છે, તે મહારી સંગતથી વિણસશે એટલે વિનાશ પામશે એનું શરીર બગડશે ॥ ૧ ॥

સુંદરી હઈય વિમાસજ્યેરે લો, ઊંડો કરી આલોચરે ॥ છ૦ ॥ કાજ વિચારી કીજીયેંરે લો, જેમ નપડે ફરી શોચરે ॥ રંગી૦ ॥ સું૦ ॥ ૨ ॥

અર્થઃ— એમ પોતાના મનમાં ચિંતવીને સુંદરીને કહેવા લાગ્યો કે, તમે ઊંડો આલોચ એટલે વિચાર કરીને વિમાસી જૂઓ કેમ કે જે કોઈ કામ કરવું તે વિચારીને કરવું, જેમ ફરીને તે કામ માંહે કાંઈ શોચ કરવો પડે નહીં તેવી રીતેં કરવું ॥ ૨ ॥

મુઝ સંગેં તુઝ વિણસશેરે લો, સોવન સરિખો દેહરે ॥ છ૦ ॥ તું રૂપેં રંભા જિસીરે લો, કોઢી શું શો નેહરે ॥ રંગી૦ ॥ સું૦ ॥ ૩ ॥

અર્થઃ— તાહાર ૮ ,
નાશ પામશે તું તો રૂપેં કરીને રંભા જેવી ! ૫
કોઢીયાની સાથેં શ્યો સ્નેહ કરવો ? ॥ ૩ ॥

લાજ ઈહાં મન નાણીયેંરે લો, લાજેં વિણસે કા-

માતા ચરણે નઈ રે લો, સુંદર

અર્થઃ- મારે આ ઠેકાણે મનમાં લાજ આવતી નહી, જો લાજ

તાને ચરણે નઈને બે સુંદ

દુઃખ ન-

દલક દલક આંસુ પડે રે લો,

અર્થઃ- તમે એવાં વચન કેમ બોલો છો? એ વચન થકી તો મારા

પશ્ચિમ રવિ નવિ ઊગમેરે લો, જલધિ ન લોપે સીમરે ॥ વાલે૦ ॥ સતી અવર ઈચ્છે નહીંરે લો, જ્યાં જીવે ત્યાં સીમરે ॥ વાલે૦ ॥ વચ૦ ॥ ૭ ॥

અર્થઃ- જેમ રવિ જે સૂર્ય છે, તે કેવારેં પશ્ચિમ દિશાયેં ઊગે નહીં, તથા જલધિ જે સમુદ્ર, તે પોતાની સીમ એટલે મર્યાદા મૂકે નહીં, તેમ જે સતી છે તે પણ જ્યાં લગે આ શરીરમાં જીવતી રહે ત્યાં લગેં પંચની સાખેં પરણેલા ભર્ત્તાર વિના (અવરકે૦) બીજા પુરૂષને ઈચ્છે નહીં ॥ ૭ ॥ ॥ દોહા ॥ જિહાં જીવે જીઊં અપ્પણા, તિહાં જીવે સજ કોઈ ॥ દીવે તેલ ઘટી ગયું, જગ અંધેરા હોય ॥ ૧ ॥

ઊદયાચલ ઊપર ચઢ્યોરે લો, માનું રવિ પરભાતરે ॥ વાલે૦ ॥ મયણા મુખ જોવા ભણીરે લો, શીલ અચલ અવદાતરે ॥ વાલે૦ ॥ વચ૦ ॥ ૮ ॥

અર્થઃ- એમ સ્ત્રી અને ભરતાર પોત પોતામાં વાતો કરતાં થકાં રાત્રિ વીતી ગઈ અને પ્રભાતનો સૂર્ય ઊદયાચલ પર્વતની ઊપર ચડી આવ્યો તે કવીશ્વર કેહે છે કે (માનુંકે૦) જાણું છું કે જેના ચલાયમાન ન થાય એવા અચલ શીલના (અવદાત કે૦) વખાણ છે એવી મયણાસુંદરી તેનું મુખકમલ જોવાને અર્થેંજ ચડ્યો હોય નહીં! એ ઊત્પ્રેક્ષા કરી છે ॥ ના

ચક્રવાક દુઃખ ચૂરતોરે લો, કરતો કમલ વિકાસરે ॥ વાલે૦ ॥ જગલોચન જવ ઊગીયોરે લો, પસર્યો પુહવી પ્રકાશરે ॥ વાલે૦ ॥ વચ૦ ॥ ૯ ॥

અર્થઃ- ચક્રવાક તે ચકવા ચકવીના વિરહ દુઃખને ચૂરતો થકો અને સૂર્ય વિકાશી કમલને વિકસ્વર કરતો એવો જગતના લોચન સરખો સૂર્ય જેવારેં ઊગ્યો, તે વારે પૃથ્વીને વિષે પ્રકાશ એટલે અજવાળુ સર્વત્ર પસર્યું ॥ ૯ ॥

आवो देव जुहारीअेरे लो, ऋषभदेव प्रासादरे ॥ वाले० ॥ आदीसर मुख देखतांरे लो, नासे दुःख विषवादरे ॥ वाले० ॥ वचं० ॥ १० ॥

अर्थः- तेवारे मयणासुंदरी ऊंबर राणाने कहे छे के, हे स्वामी ! देव जुहारवा साहु महारी साथे आवो अेटले चालो तो आपणे देव जुहारवा श्री ऋषभदेव स्वामीना प्रासादने विषे जईअें. त्यां श्रीआदीश्वर भगवाननुंमुखदेखतां थकां दुःख अने विषवाद ते सर्व तेमनो नाश पामे ॥ १० ॥

मयणावचणें आवियोरे लो, ऊंबर जिन प्रासादरे ॥ जिणेसर ॥ आदीश्वर अवलोकतांरे लो, ऊपन्यो मन आल्हादरे ॥ जिणेसर ॥ तिहुअण नायक तुं वडोरे लो, तुम सम अवर न कोयरे ॥ जिणेसर ॥ ति० ॥ ११ ॥

अर्थः- अेवां मयणा सुंदरीनां वचने करी ऊंबर राणो, जिनशासन प्रासादनें विषे आव्यो. त्यां जिणेसर ने श्री आदीश्वर भगवान् तेमने अवलोकतां अेटले जोतां थकां मनने विषे (आल्हादके०) हर्षऊपनो. तेवारे ऊंबर राणो कहे छे के, हे त्रण भुवनना नायक, तुं महोटो छो ताहारा सरखो बीजो कोई देव नथी ॥ ११ ॥



मयणाअें जिनपूजआरे लो, केसर कुसुम कपूररे ॥

... ૭૯. રેલો, ટોડર પરિ-

... ૧૨

અર્થઃ- કેશર, કુસુમ અને કપૂરેં કરી મયણાયેં જિનેશ્વરને પૂજ્યા ... એવો લાજીઓ એટલે લા...

... ॥ ૨ ॥

... તિહું ॥ ૧૩ ॥

અર્થઃ- તેવાર પછી ચૈત્યવંદન કરી, ભાવના ભાવીને, ભાવેં કરી ...
માણિ રત્ન સમાન છો, વલી મોક્ષમાર્ગના દાયક એટલે દેવાવાલા
છો ॥ ૧૩ ॥

ઈહ ભવ પરભવ તુજવિના રે લો, અવર ન કો-
આધાર રે ॥ જિણે૦ ॥ દુઃખ દોહગ દૂરેં કરો રે લો,
અમ સેવક સાધાર રે ॥ જિણે૦ ॥ તિહું૦ ॥ ૧૪ ॥

અર્થઃ- આ ભવ તથા પરભવને વિષે તુજ વિના બીજો કોઈ આધાર
નથી, માટે અમ સેવકને આધાર સહિત થઈને અમારા દુઃખ દૌર્ભાગ્ય
દૂરેં કરો ॥ ૧૪ ॥

કુસુમમાલ જિનકંઠથી રે લો, હાથ તણું ફલ દી-
ધ રે ॥ જિણે૦ ॥ પ્રભુપસાય સહુ દેખતાં રે લો, ઊં-
બરેં એ જેહ લીધ રે ॥ જિણે૦ ॥ તિહું૦ ॥ ૧૫ ॥

અર્થઃ- તેવારેં પ્રભુના કંઠથકી ફૂલની માલા તથા પ્રભુના હાથ
તણું ફલ એટલે પ્રભુના હાથમાંહે રહેલું તે બીજોરૂં ફલ એ બે

વસ્તુ તે શાસન દેવતાયેં પરમેશ્વરના પસાયથી સર્વ લોકને દેખતાં ઊંબર રાણને દીધી એટલે જે વસ્તુ ઊંબર રાણના હાથ નજીક આવી તેને ઊંબરે લીધી. ઈહાં પ્રભુનો પસાય જે કહ્યો છે તે ઊપચારથી કહ્યો છે ॥ ૧૫ ॥

મયણા કાઊસ્સગ્ગ પારિઓરે લો, હિયડે હર્ષ ન માય રે ॥ જિણે૦ ॥ એ સહી શાસન દેવતા રે લો, કીધો અમ સુપસાય રે ॥ જિણે૦ ॥ તિહુ૦ ॥ ૧૬ ॥

અર્થઃ- મયણાયેં કાઊસ્સગ્ગ પાર્યું, તેના હૈયામાં હર્ષ સમાતો નથી, અને મનમાં એમ ચિંતવે છે જે એ નિશ્ચયથી શાસન દેવતાયેં અમને રૂડો પસાય કર્યો ॥ ૧૬ ॥

સુગુણ રાસ શ્રીપાલનો રે લો, તિહાં એ છઠ્ઠી ઢાલ રે ॥ જિણે૦ ॥ વિનય કહે શ્રોતા ઘરેં રે લો, હોજો મંગલ માલ રે ॥ જિણે૦ ॥ તિહુ૦ ॥ ૧૭ ॥

અર્થઃ- રૂડા ગુણે કરી સહિત એવો જે શ્રીપાલનો રાસ તેને વિષે જે છઠ્ઠી ઢાલ પૂરણ થઈ. તિહાં શ્રી વિનય વિજય ઊપાધ્યાયજી કહે છે કે, શ્રોતાજનોના ઘરને વિષે મંગલિકની માલા હોજો ॥ ૧૭ ॥

॥ દોહા ॥

પાસેં પોસહ શાલમાં, બેઠા ગુરૂ ગુણવંત ॥ કહે મયણા દિયે દેશના, આવો સુણીયેં કંત ॥ ૧ ॥

અર્થઃ- હવે મયણા કહે છે કે, દેરાસરની પાસે પોસહ શાલામાં ગુણવંત ગુરૂ બેઠા છે, તે દેશના આપે છે, માટે હે (કંત કે૦) ભરતાર તિહાં મહારી સાથેં આવો તો આપણે ધર્મોપદેશ સાંભલીયે ॥ ૧ ॥

નર નારી જેહુ જણાં, આવ્યાં ગુરૂને પાય ॥



विधिपूर्वक वंदन करी, बेठां बेसण ठाय ॥२॥

अर्थः- पछी स्त्री अने भर्त्तार ए बेहु जण गुरुना पग आगळ आवी, विधिपूर्वक वंदना करीने पोताना बेसवाने स्थानके जई बेठां ॥२॥

धर्मलाभ देई धुरें, आणी धर्म सनेह ॥
योग्य जीव जाणी हवे, धर्म कहे गुरु तेह ॥३॥

अर्थः- गुरुये पण तेमने प्रथम धर्मलाभ देई, धर्म स्नेह लावी, योग्य जीव जाणी करी धर्मोपदेश कहेवा मांड्यो ॥३॥

॥ ढाल सातमी ॥

॥ वात म काढो हो व्रत तणी ॥ ए देशी ॥

भमतां एह संसारमां, दुलहो नरभव लाध्यो रे ॥ छांडी निंद प्रमादनी, आप सवारथ साधो रे ॥ चेतन चेतो रे चेतना ॥ आणी चित्त मझार रे ॥१

अर्थः- हे भव्य प्राणियो! आ पारावार संसारमां चोराशी लाख

जीवने उपजवानी योनियो छे तेने विषे भमतां थकां दोहेलो मनुष्य नो भव पामीने प्रमादनी निन्दा ने आळस तेने छांडी धर्ममार्ग आदरीने पोतानो स्वारथ साधो. कारण के मनुष्य भव शिवाय वळी अन्य तिर्यचादिकना भवमां धर्मसामग्री मळवी तमोने दुर्लभ थाशे माटे प्राप्त थयेला मनुष्य भवने व्यर्थ न गमावो, ए वात तमारा चित्तने विषे लावीने चेतननी चेतनाने चेतो, अथवा हे चेतन तमे तमारी चेतनाने चेतो ॥ १ ॥

सामग्री सवि धर्मनी, आले जे नर जोई रे ॥ माखीनी परे हाथ ते, घसतां आप विगोई रे ॥ चे० ॥ २ ॥

अर्थः- धर्मनी सर्व सामग्री पामीने जे प्राणी (आले के०) मिथ्या फोकट जोई नाखे छे, ते प्राणी मधुपुडानी माखीनी पेरें हाथ घसतो पोताने विगोवे छे. एटले छेवट पश्चाताप करे छे ॥ २ ॥

जान लई जह युगति सुं, जिम कोई परणवा जायरे ॥ लगन वेला गई उंघमां, पछे घणुं पछतायरे ॥ चे० ॥ ३

अर्थः- तेनी उपर दृष्टांत कहे छे. जेम कोई मनुष्य, घणी मोटी युक्तिथी जान लईने परणवा माटे जाय, पछी जेवारें लग्ननी वेळा आवे, तेवारे तेने उंघ आवी जाय तेथी लग्नवेळा तो उंघमां गई. पछी जेवारें जागृत थाय, तेवारें घणुंज पश्चात्ताप करे. तेम मनुष्य भवरूप सामग्री पामीने प्रमादमां पड्यो थको धर्म करणी नही करे तो पश्चात्ताप करे ॥ ३ ॥

इणी पेरे दई देशना, करे भविक उपगार रे ॥ गुरु मयणाने ओलखी, बोलावे तेणी वार रे ॥ चे० ॥ ४ ॥

अर्थः- ए रीतें गुरुयें धर्मदेशना आपी भव्य जीवोने उपकार कर्यो देशना समाप्त थया पछी जेवारें गुरुयें मयणाने ओलखी तेवारे बोलावता हवा ॥ ४ ॥

रे कुमरी तुं रायनी, साथें सबल परिवार रे ॥ अम

ऊपासरें आवती, पूछण अरथ विचाररे॥ये०॥५

अर्थः- रे ईति संबोधने, एटले रे एवा संबोधने बोलावे छे के, तुं तो राजननी कुमारिका छे, माटे घणा सैन्य सहित परिवारे परवरी थकी अमारे ऊपासरे सूत्रनो अर्थ विचार पूछवाने सारु आवती हती ध

आन किस्युं ईम एकली, ए कुण पुरुष रतन्नरे॥धु रथी वात सवे कही, मयणा थिर करी मन्नरे॥ये०॥६॥

अर्थः- ते आजे तुं एम एकलीज केम आवी? अने आ ऊत्तम लक्षणें लक्षित, पुण्यवंत, रत्नसमान पुरुष ताहारी साथे कोण छे? एवुं गुरुनुं बोलवुं सांभलीने मयणा सुंदरीयें पोतानुं मन स्थिर करीने जे वात बनी ते सर्व धुरथी एटले प्रथमथी मांडीने गुरुने कही ॥६॥

मन मांहे नथी आवतुं, अवर किस्युं दुःख पूज्यरे॥ पण जिनशासन हेलना, साले लोक अबूझरे॥ये०॥७

अर्थः- हे पूज्य, हे प्रभु महारा मनमां (अवर के०) बीजुं तो (किस्युं के०) कांई पण लगार मात्र दुःख आवतुं नथी; पण अबूझ ने मिथ्यादृष्टि मूर्ख लोक छे, ते जिनशासननी हेलना एटले निंदा करे छे, अने शिवधर्मनी प्रशंसा करे छे, ते दुःख माहारा हृदयमां साले छे, एटले साल जेवुं खूंची रह्युं छे॥७॥

गुरु कहे दुःख न आणजे, ओछुं अंश न लावेरे॥ चिंतामणि तुज करचढ्यो, धर्म तणे परभावेरे॥ये०॥८

अर्थः- ते सांभली गुरु कहे छे के, तमे कोई वातनुं दुःख लावशो नहीं, लगारें करी एक अंश मात्र पण ओछुं लावशो नहीं एटले कोई वातें अभाव लावशो नहीं धर्मने प्रभावें आ चिंतामणि रत्न सरिखो पुरुष ताहारा (कर के०) हाथे चड्यो छे॥८॥

शासन वड वधती वर एह छे, होशे राया रायरे॥

અર્થઃ- એ તાહારો વર તે (વડેરુ) મહોટા વજતનો ધણી છે, એ

અર્થઃ- એવું સાંભળીને મયણા ગુરુને વિનતિ કરેછે કે, હે સ્વામી

અર્થઃ- તેવારેં સૂરિ ને આચાર્ય તે મયણાને કહે છે કે, હે લક્ષ્મી

અર્થઃ- એવું કહીને શ્રી મુનિચંદ્ર સૂરિયેં જેમ છાશને વિલોવી

તેમાંથી માખણ ઊદ્ધરી, કાહાડીયે તેની પરે આગમ ગ્રંથોને વલોવીને તેમાંથી સિદ્ધચક્રનો યંત્ર જોઈ કાહાડ્યો ॥ ૧૩ ॥

અરિહંતાદિક નવપદે, ૐ-હ્રીઁ પદ સંયુત્તરે ॥ અવર
મંત્રાક્ષર અભિનવા, લહિયેં ગુરુગમ તત્તરે ॥ ચે૦ ॥ ૧૪

અર્થઃ- તે કહેવો યંત્ર તો કે અરિહંતાદિક નવપદને વિષે ૐ-હ્રીઁ એ બીજ અક્ષર પદેં સહિત તેમજ (અવર કે૦) બીજાપણ (અભિનવા કે૦) નવા નવા મંત્રાક્ષર ઘણા છે, તેનું (તત્ત કે૦) તત્ત્વ તે ગુરુગમથી લહિયેં એટલે પામીયેં ॥ ૧૪ ॥

સિદ્ધાદિકપદ ચિહું દિશે, મધ્યે અરિહંત દેવરે ॥ દરિ
સણ નાણ ચરિત્ત તે, તપ ચિહું વિદિશેં સેવરે ॥ ચે૦ ૧૫

અર્થઃ- એનું સિદ્ધપદ આદે દેઈને એટલે સિદ્ધ, આચાર્ય, ઊપાધ્યાય અને સાધુ એ ચારે પદને ચાર દિશાઓને વિષે સ્થાપવાં અને મધ્ય ભાગમાં શ્રી અરિહંત દેવને સ્થાપન કરવા તથા દરિસણ, (નાણ કે૦) જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર પદ તે ચાર વિદિશાઓને વિષે સ્થાપન કરીને સેવવાં ॥ ૧૫ ॥

અષ્ટ કમલદલ ઈણી પરેં, યંત્ર સકલ શિરતાજરે ॥
નિર્મલ તન મન સેવતાં, સારે વંછિત કાજરે ॥ ચે૦ ॥ ૧૬

અર્થઃ- (ઈણિ પરે કે૦) આઠ પાંખડીના કમળનું જે દલ તદ્વત્ એ યંત્ર તે સર્વ યંત્રમાં (શિરતાજ કે૦) મહોટો છે. એને (નિર્મળ કે૦) શુદ્ધ એવા તન અને મન તેણે કરી સેવતાં થકાં સેવનારના મનોવાંછિત કાર્યની સિદ્ધિ થાય ॥ ૧૬ ॥

આશો શુદ માંહે માંડીએં, સાતમથી તપ એહરે ॥ ન
વ આંબિલ કરી નિર્મલાં, આરાધો ગુણગેહરે ॥ ચે૦ ॥ ૧૭

અર્થઃ- આશો શુદિ માંહે સાતમને દિવસથી એ તપ માંડીયેં, એટલે તપનો પ્રારંભ કરીયે, તિહાંથી નવ દિવસ પર્યંત નિર્મળ એવા નવ

આયંબિલ કરીને સર્વ ઉત્તમ ગુણના ઘર રૂપ એવો એ શ્રી સિદ્ધ-ચક્ર યંત્ર તેને આરાધો ॥ ૧૭ ॥

વિધિપૂર્વક કરી ધોતિયાં, જિન પૂજે ત્રણ કાલરે ॥ પૂજા આઠ પ્રકારની, કીજે થઈ ઉજમાલરે ॥ચે૦॥૧૮॥

અર્થઃ- શુદ્ધ ધોતીયાં કરી પહેરીને પ્રભાત, મધ્યાન્હ અને સાંજ એ ત્રણે કાલે જિનને પૂજે. વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજા ઉજમાળ થઈને કરીયેં ॥ ૧૮ ॥

નિર્મલ ભૂમિ સંથારિયેં, ધરિએં શીલ જગીશરે ॥ જપીએં પદ એક એકની, નોકરવાલી વીશરે ॥ચે૦॥૧૯॥

અર્થઃ- નવ દિવસ પર્યંત નિર્મળ ભૂમિને વિષે સંથારો કરીયેં એટલે ભૂમિ ઉપર સુઈએં, તથા (જગીશ કે૦) મનની હોંશે કરી શિયળ વ્રત ધારણ કરીયેં અને એ નવપદ માંહેલાં એકેક પદની વીશ વીશ નોકરવાલી જપીયેં ॥ ૧૯ ॥

આઠ થોઈએ વાંદીએં, દેવ સદા ત્રણ વારરે ॥ પડિકમણાં દોય કીજીએં, ગુરુ વેયાવચ્ચ સારરે ॥ચે૦॥૨૦

અર્થઃ- વળી આઠ થોઈયે કરીને સર્વદા પ્રભાત, મધ્યાન્હ અને સાયંકાલ, એ ત્રણવાર દેવ વાંદીયેં, તથા બે વખત પડિક્કમણાં કરીયેં, અને શ્રેષ્ઠપણે શ્રીગુરુનો વેયાવચ્ચ કરીયેં ॥ ૨૦ ॥

કાયા વશ કરી રાખીએં, વચન વિચારી બોલરે ॥ ધ્યાન ધર્મનું ધારીએં, મનસા કીજે અડોલરે ॥ ૨૧ ॥

અર્થઃ- પોતાની કાયાને વશ કરી રાખીયે, વચન બોલવું પડે તે વિચારી બોલવું યદ્વા તદ્વા ન બોલવું. ધ્યાન માત્ર એક ધર્મનુંજ ધરવું અને મનને અડોલ કરવું પરંતુ ડગમગતું ન કરવું ॥ ૨૧ ॥

પંચામૃત કરી એકઠાં, પરિગલ કીજે પખાલરે ॥ ન-

વમે દિન સિદ્ધચક્રની, કીજેં ભક્તિ વિશાલ રે ॥ચે૦॥૨૨

અર્થઃ- દૂધ, દહીં, સાકર, ઘૃત અને જળ, એ પંચામૃત એકઠાં ક-
રીને (પખાળ કે૦) બહુ વિધિયે કરી પ્રભુની પ્રતિમાને પખાલ કરવી
એમ આઠ દિવસ અષ્ટપ્રકારી પૂજા પૂર્વક ભક્તિ કરીયેં, અને નવમે
દિવસે તો વળી સિદ્ધચક્રની વિશાળ એટલે મહોટી ભક્તિ કરીયેં ॥૨૨॥

શુદ સાતમથી ઈણીપરે, ચૈત્રી પૂનમ સીમ રે ॥ ઓળી
એહ આરાધીયેં, નવ આંબિલની નીમ રે ॥ચે૦॥૨૩॥

અર્થઃ- (ઈણિપરેં કે૦) એણ રીતેં એટલે જેમ આશો શુદિ સાતમ-
ના દિવસથી નવ આંબિલ કરવાં તેમજ ચૈત્ર શુક્લ સપ્તમીથી માંડીને
પૂર્ણિમા (સીમ કે૦) મર્યાદ છે ત્યાં સુધી એણ આયંબિલની ઓળીને
નિયમે કરી આરાધિયેં ॥૨૩॥

ઈમ એકાશી આંબિલેં, ઓળી નવ નિરમાય રે ॥ સા-
ઢાચાર સંવચ્છરે, એ તપ પૂરણ થાય રે ॥ ચેત૦॥ ૨૪॥

અર્થઃ- એમ એક વર્ષમાં આશો અને ચૈત્ર મળી બે ઓળીમાં અ-
ઢાર આયંબિલ થાય. તેવાં એકાશી આયંબિલ (નિરમાય કે૦) કપટ
રહિતપણે કરવે કરીને જેવારે નવ ઓળી સંપૂર્ણ થાય, તેવારે સર્વ
મળી સાડાચાર વર્ષે એ આયંબિલ તપ પૂર્ણ થાય ॥ ૨૪॥

ઉજમણું પણ કીજીયેં, શક્તિતણે અનુસાર રે ॥ ઈહ
ભવ પરભવ સુખ ઘણાં, પામીજેં ભવ પાર રે ॥ચે૦॥૨૫॥

અર્થઃ- પૂર્ણ થયા પછી પોતાની શક્તિને અનુસારેં ઉજમણું પણ કરી-

અર્થઃ- હવે એ સિદ્ધચક્રના આરાધન કરવાથી શું ફળ થાય તે કહે

[illegible]

[illegible] ॥૨૭॥

અર્થઃ- એ શ્રી સિદ્ધચક્રજીના ન્હવણ જળે કરી અઢાર જાતના

[illegible] ॥૨૭॥

[illegible] ૨૮

અર્થઃ- વળી (લીમડે૦) જિહ્વાભ્રમણા એવા ને ભગંદર રોગ સંબં-

[illegible]

પ્રકારના (વિષકે૦) ઝેર તેની વેદના તેમજ સાત પ્રકારના (જ્વરકે૦)

[illegible] ॥૨૮॥

[illegible]

અર્થઃ- તથા ખાંસી, જેન અને જસ રોગ, વળી (ચક્ષુકે૦) નેત્ર-

[illegible] ૨૯

[illegible]

પેટની, ટલે દુખ દંતનાં સૂલરે ॥ ચેત૦ ॥ ૩૦ ॥

અર્થઃ- તથા હીકનો રોગ, કસસનો રોગ, હેડકીનો રોગ, નારાં પડ્યા હોય તે, નાસુરનો રોગ, પાઠાનું દરદ, અને પેટની પીડા તથા દાંતનું શૂલ એ સર્વ રોગ ટળી જાય ॥ ૩૦ ॥

નિર્ધનિયાં ધન સંપજે, પુત્ર અપુત્રીયા હોયરે ॥ વિણ કેવલી સિદ્ધયંત્રના, ગુણ ન શકે કહી કોયરે ॥ ચે૦ ॥ ૩૧ ॥

અર્થઃ- વળી ને નિર્ધન હોય તે ધનવંત થાય, તથા અપુત્રીયા હોય તેને પુત્ર થાય, ઘણું શું કહીયેં એ શ્રી સિદ્ધચક્રજીના ગુણને કેવલી ભગવાન્ વિના બીજો કોઈ કહી શકે નહી ॥ ૩૧ ॥

રાસ ભલો શ્રીપાલનો, તિહાં એ સાતમી ઢાલરે ॥ વિનય કહે શ્રોતા ઘરે, હોજો મંગલ માલરે ॥ ચેત૦ ॥ ૩૨ ॥

અર્થઃ- ભલો શ્રી શ્રીપાલ રાજાનો રાસ તેની એ સાતમી ઢાલ કહી. આ રાસના કર્ત્તા શ્રી વિનય વિજયજી ઉપાધ્યાય કહે છે કે શ્રોતાઓને ઘેર માંગલિકની માલા હોજો ॥ ૩૨ ॥

॥ દોહા ॥

શ્રી મુનિચંદ મુનીશ્વરેં, સિદ્ધયંત્ર કરિ દીધ ॥
ઈહભવ પરભવ એહથી, ફલશે વંછિત સિદ્ધ ॥ ૧ ॥

અર્થઃ- એમ શ્રી મુનિચંદ્ર નામા મુનીશ્વરેં એ શ્રી સિદ્ધચક્રનો યંત્ર કરી દીધો, એના માહાત્મ્યથી આ ભવે અને પરભવે મનોવાંછિત સિદ્ધિ ફલશે ॥ ૧ ॥

શ્રી ગુરુ શ્રાવકને કહે, એ જેહુ સુગુણ નિધાન ॥
કોઈક અવસર પામીએં, સેવો થઈ સાવધાન ॥ ૨ ॥

અર્થઃ- પછી પાસે બેઠેલા શ્રાવક સમુદાયને શ્રી ગુરુ કહે છે કે,

[illegible] છે, [illegible] ગુરુન[illegible] (વાનકે૦) [illegible] [illegible] કાજાણ [illegible] એમ [illegible] [illegible] એવા સા[illegible] [illegible] ક્તિ કરવ [illegible] [illegible] એ ને [illegible] ।। ૨ ।।

સાહમિના સગપણ સમું, અવર ન સગપણ કોય ।।
ભક્તિ કરે સાહમિતણી, સમકિત નિર્મલ હોય ।। ૩ ।।

અર્થઃ- તે માટે ભગવંતે કહ્યું છે કે, સ્વામીના સગપણ સમાન બીજું કોઈ સગપણ નથી. કેમ કે સાધર્મની ભક્તિ કર્યાથી પોતાનું સમકિત શુદ્ધ નિર્મળ ચોખું થાય ।। ૩ ।।

પધરાવે આદર કરી, સાહમિ નિજ આવાસ ।।
ભક્તિ કરે નવ નવ પરે, આણી મન ઉલ્લાસ ।। ૪ ।।

અર્થઃ- એવું ગુરુનું વચન સાંભળી તે ભલા શ્રાવકો સંતોષવંત થઈને મ્હોટા આદરે કરીને સાધર્મી ભાઈઓને પોતાના (આવાસકે૦) ઘરને વિષે પધરાવતા હવા. તિહાં મનમાં ઉલ્લાસ આણીને તે સ્ત્રી ભરતારની ધન, ધાન્ય વસ્ત્રાદિકે નવા નવા પ્રકારની ભક્તિ કરે છે ।। ૪ ।।

ત્યાં સઘલો વિધિ સાચવે, પામી ગુરુ ઉપદેશ ।। સિદ્ધ
ચક્ર પૂજા કરે, આંબિલ તપ સુવિશેષ ।। ૫ ।।

અર્થઃ- તિહાં સાધર્મિને ઘેર રહ્યાં થકાં સર્વ પ્રકારનો વિધિ સાચવે છે, મયણાના ઉપદેશે કરી ગુરુનો ઉપદેશ પામીને શ્રીસિદ્ધચક્રની પૂજા કરે છે. (સુકે૦) ભલું એવું આયંબિલ તપ, વિશેષ આદરે છે ।। ૫ ।।

।। ઢાલ આઠમી ।।

।। ચોપાઈની દેશી ।।

આશો શુદિ સાતમ સુવિચાર, ઓલી માંડી સ્ત્રી

ભરતાર ॥ અષ્ટ પ્રકારી પૂજા કરી ॥ આંબિલ
કીધાં મન સંવરી ॥ ૧ ॥

અર્થઃ- હવે તિહાં રહેતાં થકાં આશો શુદિ સાતમનો દિવસ આવ્યો. તેવારે ભલા વિચાર પૂર્વક શુભ મુહૂર્ત્ત જોઈને સ્ત્રી અને ભર્ત્તાર બેહુ જણે આયંબિલની ઓળી માંડી, શ્રી સિદ્ધચક્રની અષ્ટપ્રકારી પૂજા કરી મનમાં સંવર ભાવ આણી આયંબિલના પચ્ચખ્ખાણ કર્યાં ॥ ૧ ॥

પહેલે આંબિલ મન અનુકૂલ, રોગ તણું તિહાં
દાધ્યું મૂલ ॥ અંતરદાહ સયલ ઉપશમ્યો, યંત્ર-
નમણ મહિમા મનરમ્યો ॥ ૨ ॥

અર્થઃ- તિહાં મનના અનુકૂલપણેં કરેલા પેહેલા જ આયંબિલેં શ્રીપાલના શરીરેં જે કોઢ રોગ હતો તેનું મૂલ દાધું એટલે જલી ભસ્મ થયું, તેને લીધે અંતરમાં જે (દાહકે૦) દાઝ થતી હતી, તે સર્વ ઉપશમ પામી તેથી સિદ્ધચક્રજી સંબંધિ યંત્રના નમણનો મહિમા તેના મનમાં રમી રહ્યો છે, એનાથી સર્વ જળતર શમી ગઈ એવું મન-માં જણ્યું ॥ ૨ ॥

બીજે આંબિલ બાહિર તચા, નિર્મલ થઈ જપતાં
જિનરચા ॥ એમ દિન દિન પ્રતિ વાધ્યો વાન,
દેહ થયો સોવન્ન સમાન ॥ ૩ ॥

અર્થઃ- બીજે આયંબિલેં શ્રીજિનરાજને રુચિવંત થઈ વધતા ભાવ સહિત જપતાં થકા બાહેરની જે (તચા કે૦) ચામડી તે નિર્મ-લ થઈ એમ દિવસ દિવસ પ્રત્યેં શરીરનો વાન વધતો વધતો કોઢી-ઓ દેહ હતો તે સોના સરખો થયો ॥ ૩ ॥

નવમે આંબિલ થયો નિરોગ, પામી યંત્રનમણ

અર્થઃ- એ રીતે નવમા આયંબિલે યંત્રના ન્હવણનો સંયોગ ... શરીર રોગરહિત થયું ...

॥ ૪ ॥

... તમે રોગરહિત ...

ય જાણવો. સંસારમાં માતા, પિતા, બાંધવ ને ભાઈ અને છોકરાં, એ સર્વ હેતુ હોય છે ખરાં, પણ ગુરૂસમાન હિતનો કરનાર કોઈ પણ જાણવો નહીં ॥ ૫ ॥

કષ્ટ નિવારે ગુરૂ ઈહ લોક, દુર્ગતિથી વારે પરલોક ॥ સુમતિ હોય સદ્ગુરૂ સેવતાં, ગુરૂ દીવો ને ગુરૂ દેવતા ॥ ૬ ॥

અર્થઃ- ગુરૂ જે છે, તે આ લોકને વિષે પણ કષ્ટનું નિવારણ કરે, અને પરલોકે દુર્ગતિમાં પડતાં વારી શકે, એટલે માઠી ગતિમાં પડવા દીયે નહી, સદ્ગુરૂને સેવતાં થકા (સુમતિ કે૦) ભલી બુદ્ધિ હોય. માટે ગુરૂ દીવા સમાન તથા દેવતા સમાન જાણવા ॥ ૬ ॥

ધન ગુરૂ જ્ઞાની ધન એ ધર્મ, પ્રત્યક્ષ દીઠો જેનો ભર્મ ॥ જૈન ધર્મ પરશંસે સહૂ, બોધ બીજ પામ્યા તિહાં બહૂ ॥ ૭ ॥

ધન્ય છે એ જ્ઞાની ગુરૂને, તથા ધન્ય છે એ ધર્મને, કે તેનું (મર્મકે૦) રહસ્ય સાર તે પ્રત્યક્ષ પણે દીઠું. એવી રીતેં સહુ કોઈ શ્રી જૈનધર્મની પ્રશંસા કરતા થકા (બહૂકે૦) ઘણા જનો તિહાં બોધ ને સમ્યક જ્ઞાન તેના બીજને પામ્યા ॥ ૭ ॥

સાતસેં રોગીના રોગ, નાઠા યંત્ર નમણ સંયોગ ॥ તે સાતે સય સુખિયા થયા, હર્ષ્યા નિજ નિજ થાનિક ગયા ॥ ૮ ॥

અર્થઃ- વળી સાતશેં રોગી પુરૂષોના રોગ, તે યંત્રના ન્હવણ નો સંયોગ પામીને નાઠા. તે સાતશેં કુષ્ટીઓ જે એની સાથે હતા, તેમનો રોગ જવાથી સુખી થઈને ધર્મને વિષે રૂચિવંત હોતા હર્ષવંત થયા થકા પોતપોતાને સ્થાનકેં ગયા ॥ ૮ ॥

ઈક દિન જિનવર પ્રણમી પાય, પાછાં વલતાં દીઠી માય ॥ હર્ષ ધરીને ચરણે નમે, મયણા પણ આવી તિણ સમે ॥ ૯ ॥

અર્થઃ- એક દિવસેં જેહુ, સ્ત્રી અને ભર્ત્તાર તે શ્રી જિનરાજના પગને પ્રણામ કરી પાછા વળતાં માર્ગમાં કુષ્ટીયે પોતાની માતા દીઠી. તેવારેં હર્ષ ધરીને તેના ચરણને નમ્યો. તે સમયે મયણા સુંદરી પણ તિહાં આવી ॥ ૯ ॥



અર્થઃ— તે પણ પોતાની સાસુ જાણીને પગે પડી એ રીતે વિનય કરતાં (ગિરૂઆઈ ચઢે કે૦) મહોટાઈ પામે, સાસુયે વહૂને આશીષ દીધી, અને આશ્ચર્ય દેખીને મસ્તક ધૂણાવ્યું. ॥૧૦॥

કહે કુંવર માતાજી સુણો, એ પસાય સવિ તુમ વહુ તણો ॥ ગયો રોગ ને વાધ્યો રંગ, વલી લહ્યો જિનધર્મ પ્રસંગ ॥૧૧॥

અર્થઃ— કુંવર કહે છે કે, હે માતાજી સાંભળો, આ મ્હારો રોગ ગયો, અને શરીરનો રંગ વધ્યો, વળી જૈનધર્મનો પ્રસંગ (લહ્યો કે૦) પામ્યો. એ સર્વ પસાય તમારી વહૂનો જાણજો ॥૧૧॥

સુગુણ વહૂ નિર્મલ નિજનંદ, દેખી માય અધિક આણંદ ॥ પૂનિમ પરે વહુ તેં જશ લીધ, સકલ કલા પૂરણ પિયુ કીધ ॥૧૨॥

અર્થઃ— રૂડી ગુણવંતી વહૂ અને નિર્મળ શરીરવાલો પોતાનો પુત્ર તેને દેખીને માતાને અત્યંત આનંદ ઉપજ્યો. તેવારે વહૂને કહેવા લાગી કે, હે વહૂ તેં તો પૂનમની પેરેં યશ લીધું. એટલે જેમ પૂર્ણિમાનો દિવસ ચંદ્રમાને સોળ કળાયેં કરી સંપૂર્ણ કરે છે, તેમ તેં પણ તારા (પિયુ કે૦) ભર્તારને સર્વ કળાયેં કરી સંપૂર્ણ કર્યો ॥૧૨॥

સુણો પુત્ર કોસંબી સુણ્યો, વૈદ એક વૈદક બહુ ભણ્યો ॥ તેહ ભણી તિહાં જણિં જામ, જ્ઞાની ગુરુ મુનિ મલિયા તામ ॥૧૩॥

अर्थः- हवे माताजी पोतानी वीतेली वात कहे छे के, हे पुत्र सांभळो, में कोसंबि नगरीने विषे एक (जहु के०) घणा एवा वैद्यक संबंधि शास्त्रोनो भणनार एवो वैद्य सांभळ्यो,(जाम के०) ज्यारें ते वैद्य भणी हुं जाउंछुं (ताम के०) तेवारे मार्गमां जतां मुजने एक ज्ञानी गुरु मळ्या ॥ १३ ॥

में पूछ्युं गुरुचरणे नमी, कर्म कदर्थन में बहु खमी ॥ पुत्र एक छे मुज वालहो, ते पण कर्मे रोगें ग्रह्यो ॥ १४ ॥

अर्थः- ते गुरुने चरणे नमीने में पूछ्युं के, हे स्वामी ! कर्मनी (कदर्थना के०) पीडा ते तो में बहु (खमिके०) सहन करी,अने महारे एकज पुत्र वाहालो छे, ते पण माठा कर्मना योगें करीने कोढ रोगें करी ग्रसाणो छे ॥ १४ ॥

तेहतणो किम जशे रोग, के नहिं जये पापसंयोग ॥ दया करी मुज दाखो तेह, हुं छुं तुम-चरणोनी खेह ॥ १५ ॥

अर्थः- तो हे स्वामी ते महारा पुत्रनो रोग केवी रीते जशे ! के कोई पापना संयोगथी नहीज जाय ! ते दया करीने मुजने (दाखो के०) देखाडो कहो. हुं तमारा चरणनी (खेहके०) रज छुं ॥१५॥

तव बोल्या ज्ञानी गुणवंत, म कर खेद सांभल विरतंत ॥ ते तुज पुत्र कुष्टिऍ ग्रह्यो, ऊंबरराणो करि जश लह्यो ॥ १६ ॥

अर्थः- तेवारे गुणवंत ज्ञानी गुरु ज्ञान प्रयुंजीने बोल्या के, हे बाई तुं कांई पण खेद म कर. हुं ताहारुं वृत्तांत कहुं छुं ते सांभळ. के ते ताहारो पुत्र जे कोढीआओयें ग्रहण कर्यो हतो, ते

ઉંબર રાણો એવે નામે કરી જગતમાં યશ પામ્યો ॥૧૬॥

માલવપતિ પુત્રીએં વર્યો, તસ વિવાહ કુષ્ટીએં કર્યો ॥ ઘરણી વયણે તપ આદર્યું, સિદ્ધચક્ર આરાધન કર્યું ॥ ૧૭ ॥

અર્થઃ- માલવ દેશના રાજાની પુત્રીએ તેને વર્યો એટલે પરણ્યોછે તેનો વિવાહ કોઢીઆઓએ મળીને કર્યો છે, તેણે પોતાની (ઘરણી કે૦) સ્ત્રીને વચને આયંબિલનું તપ આદર્યું, અને શ્રીસિદ્ધચક્રનું આરાધન કર્યું ॥૧૭॥

તેથી તુજ સુત થયો નિરોગ, પ્રગટ્યો પુણ્યતણો સંયોગ ॥ વલી એહથી વધશે લાજ, જીતી ઘણાં ભોગવશે રાજ ॥ ૧૮ ॥

અર્થઃ- તેથી તાહારો પુત્ર નીરોગી થયો છે, એણે બે પૂર્વભવમાં પુણ્ય કર્યું હતું, તેનો સંયોગ પ્રગટ થયો. વળી પણ એ શ્રી સિદ્ધચક્રના આરાધનથી એની ઘણી લાજ અને શોભા વધશે, તથા ઘણાં રાજાઓને જીતીને રાજ્ય ભોગવશે ॥૧૮॥

ગુરૂવચને હું આવી આજ, તુમ દીઠે મુજ સરિયાં કાજ ॥ ત્રણે જણ હવે રહે સુખવાસ, લીલ કરે સાહમિ આવાસ ॥ ૧૯ ॥

અર્થઃ- તો હે પુત્ર, તે ગુરૂના વચને હું આજ ઈહાં આવીને તમને દીઠા, તેથી મ્હારા કાર્ય સર્યાં. હવે ત્રણે જણ સાહમિ ભાઈના (આવાસ કે૦) ઘરમાં સુખે લીલા કરતા થકા રહે છે વસે છે ॥૧૯॥

સિદ્ધચક્રનો ઉત્તમ રાસ, ભણતાં સુણતાં પૂગે આશ ॥ ઢાલ આઠમી ઈણિપરે સુણી, વિ-

નય કહે ચિત્ત ધરજો ગુણી ॥ ૨૦ ॥

અર્થઃ- ભો ભવ્યો ! એ શ્રી સિદ્ધચક્રજીના માહાત્મ્યનો ઉત્તમ રસ છે, તે ભણતાં તથા સાંભલતાં થકાં મનની આશા પોહોંચે. એ રીતે એ આઠમી ઢાલ સાંભળીને હે ગુણીજનો તમે ચિત્તમાં ધરજો. એમ શ્રીવિનય વિજય ઉપાધ્યાયજી કહે છે ॥ ૨૦ ॥

॥ દોહા ॥

ઈક દિન જિન પૂજા કરી, મધુરસ્વરેં ઈક ચિત્ત ॥
ચૈત્યવંદન કરિ કૂંવરે, સાસૂ વહૂ સુણંત ॥ ૧ ॥

અર્થઃ- હવે એક દિવસે શ્રી જિનેશ્વરની પૂજા કરી, મધુરસ્વરે એકાગ્ર ચિત્તે સાસૂ તથા વહૂ જે બેહુ જણીયે સાંભળતાં થકાં શ્રીપાલ કુંવર ચૈત્યવંદના કરે છે ॥ ૧ ॥



મયણાની માતા ઘણું, દુહવાણી નૃપ સાથ
જ
ણા મત્સર ધરી, દીધી ઉંબર હાથ ॥ ૨ ॥

અર્થઃ- જેવારે (મત્સરકે૦) ઈર્ષ્યા ધારણ કરીને જ
યણાસુંદરીને કોઢીયાના હાથમાં દીધી હતી, તેવારે મય
ની રૂપસુંદરી છે તે રાજાની સાથે ઘણુંજ દુહવાણી હતી ॥ ૨ ॥

પુણ્યપાલ નામે નૃપતિ, નિજ બંધવ આવાસ ॥
રીસાવી આવી રહી, મૂકે મુજ નીસાસ ॥ ૩ ॥

अर्थः- ते दिवसे तिहांथी रीसावीने एज नगरमां पोतानो (बांधव के०) भाई पुण्यपाल नामे राजा रहे छे, तेना (आवास के०) घरमां मुजथकी निसासा मूकती पुत्रीनो शोक करती थकी आवी रही छे ॥३॥

जिनवाणी हियडे धरी, वीसारी दुःख दंद ॥ आवी देव जुहारवा, तिण दिन तिहां आणंद ॥४॥

अर्थः- ते पण श्रीजिनेश्वरनी वाणी हियडामां धरीने एटले जिन वचन ऊपर सद्दहणाये विचार्युं, जे कहेनां पुत्र अने कहेनी पुत्री, जगतमां कोई कोईनुं नथी. एवो चित्तमां विवेक लावीने सोचथी प्राप्त थयेला जे दुःखरूपी दंद तेने वीसारीने ते पण ते दिवसे तिहां आनंदे करी श्रीऋषभदेवने देहेरे देव जुहारवाने आवी छे ॥४॥

माये मयणा ओलखी, अनुसारे निज बाल ॥ आगल नर दीठो अवर, योवन रूप रसाल ॥५॥

अर्थः- तिहां मयणानी (मायें के०) माताये पोतानी (बाल के०) पुत्रीने, अंग चेष्टादिने अनुसारे ओळखी. जे आ म्हारी दीकरी मयणासुंदरी छे. पण तेनी आगळ तो कोई (अवर के०) बीजो पुरुष युवान सुंदर अत्यंत रूपवंत, प्रत्यक्ष देव कुंवर सरखो, चतुराईथी देववंदन स्तुति करतो दीठो, तेनी पुंठे पोतानी पुत्रीने बेठेली देखीने ॥५॥

कुलखंपण ए कुंवरी, कां दीधी किरतार ॥ जेणे कुष्टिवर परहरी, अवर कियो भरतार ॥६॥

अर्थः- रूपसुंदरी विचारे छे के कुळने खांपण लगाडनारी एवी ए कुंवरी हे किरतार तें मुजने कां दीधी ? के जेणे कोढीयो वर त्यागीने बीजो भर्त्तार कीधो ! एणे सतीनो मार्ग मूकी दीधो ! जुओ आ कुंवरी जिन मतमां चतुर छे माटे एने अकार्य करवुं असंभवित छतां विषयविकार केवो बलवान छे, जेणे एने पण भूलावी नाखी. माटे रे रे दैव आ संसारमां नहीं संभवे एवां नाटक थाय छे ॥६॥

रूपसुंदरी इणि परे घणुं, रुदन करे तेणि वार ॥

૭

અર્થઃ- એણીપરે ચિંતવતી દુઃખના સમૂહે ભરી થઈ રૂપસુંદરી

। ઊપર વજ્ર પડો ॥૭॥

રોતી દીઠી દુખ ભરે, મયણાએં નિજ માય ॥ તવ
આવી ઊતાવલી, લાગી જનની પાય ॥ ૮ ॥

અર્થઃ- એમ દુઃખ ભરે રોતી થઈ મયણા સુંદરીયે પોતાની માતાને

हैयाने विषे उल्लास थशे ॥ ११ ॥

तिहां आवि जेठां मली, चारे चतुर सुजाण ॥ जे
दिन सजन मिलावडो, धन ते दिन सुविहाण ॥१२॥

अर्थः- पछी जिहां मयणा रहे छे, तिहां ते चारे चतुर सुजाण भळीने आवी जेठां. जे दिवसे सज्जनोनो मेलावडो थाय ते दिवस धन्य (सुविहाण के०) भलुं वहाणुं वहायुं जाणवुं ॥१२॥

मयणाना मुखथी सुणी, सघलो ते अवदात ॥ रूपसुंदरि सुप्रसन थई, हियडे हर्ष न मात ॥१३॥

अर्थः- तिहां मयणा सुंदरीना मुख थकी ते सर्व (अवदात के०) संबंध सांभळीने रूपसुंदरी घणुं प्रसन्न थई तेना हैयाने विषे हर्ष समातो नथी ॥१३॥


॥ ढाल नवमी ॥

॥ अरध मंडित गोरी नागिलारे ॥ ए देशी ॥

वर वहु जेहु सासू मलीरे, करे वेवाहण वातरे ॥
कमला रूपांने कहेरे, धन तुम कुल विख्यातरे ॥
जूओ अगमगति पुण्यनीरे ॥ पुण्ये वंछित थायरे ॥ सवि दुःख दूर पलायरे ॥ जूओ अगमगति पुण्यनीरे ॥ १ ॥ ए आंकणी ॥

अर्थः- हवे वर तथा वहू ए बेहुनी सासुओ मळी जन्ने वेवाणो मांहो मांहे वातो करे छे तेवारे कमळप्रभा ते श्रीपालनी माता ते रूपसुंदरीने कहे छे के, (विख्यात के०) प्रसिद्धी पामेला एवा तमारा कुळने धन्य छे. कवीश्वर कहे छे के, हे भव्यो तमे जूओ के पुण्यनी गति केहेवी अगम्य छे. पुण्ये करी मनोवांछित कार्य सर्व सिद्ध थाय तथा

[illegible]
गतिनी ज्ञानी विना जीवने गम पडे नहीं ॥ १ ॥



वहुअे अम कुल ऊद्धर्युं रे, दीधो अम ऊपकार रे ॥ अमने जिन धर्म बूझव्यो रे, ऊतार्यां दुःख पार रे ॥ जूओ० ॥ २ ॥

अर्थः- वहूये अमारा कुळनो ऊद्धार कर्यो, अमने श्री जिन धर्म (बुझव्यो के०) शीखव्यो पमाड्यो अने अमे दुःखरूप समुद्रमां पड्यां हतां तेमांथी पार ऊतार्यां. म्हारो पुत्र नीरोगी थयो ते सहु अेना प्रभावथी थयुं. अे सर्व अमारी वहूये अमारा ऊपर ऊपकार कर्यो. अे तमारी पुत्रीनो प्रभाव चिंतामणि रत्न सरखो छे, माटे धन्य छे तमने ने तमारी कुळमां आवी स्त्री रत्न ऊत्पन्न थई ॥ २ ॥

સૂઈ જેમ દોરા પ્રતેરે, આણે કસીદે ઠામરે ॥ તિમ
વહુએ મુજ પુત્રનીરે, ઘણીય વધારી મામરે ॥ જૂ૦ ॥ ૩

અર્થઃ- જેમ સુઈ દોરાને કસીદાના ભરતમાં ઠેકાણે આણે તેમ વહૂયે પણ મારા પુત્રની આબરૂ અને શોભા ઘણી વધારીને અમને ઠેકાણે આણ્યાં ॥ ૩ ॥

રૂપાં કહે ભાગ્યેં લહ્યોરે, અમે જમાઈ એહરે ॥ ર-
યણ ચિંતામણિ સારિખોરે, સુંદર તનુ સસનેહરે ॥ ૪

અર્થઃ- એવું સાંભળીને રૂપસુંદરી કહેવા લાગી કે ચિંતામણિ રત્ન સરિખો પ્રભાવ છે જેનો અને વળી સસ્નેહાળું એવું સુંદર છે (તનુ કે૦) શરીર જેનું એવા આ જમાઈને અમે પણ ભાગ્ય યોગે પામ્યા છૈયેં ॥ ૪ ॥

સુણવા અમ ઈચ્છા ઘણીરે, એહના કુલ ઘર વંશ
રે ॥ પ્રેમેં તેહ પ્રકાશીએરે, જિમ હિંસે અમ હંસ
રે ॥ જૂઓ૦ ॥ ૫ ॥

અર્થઃ- માટે એના કુળ, ઘર અને વંશ સંબંધિ કથા સાંભળવાની અમોને ઘણી ઈચ્છા રહે છે માટે તે તમે પ્રેમે કરી પ્રકાશો કે જેમ અમારો (હંસ કે૦) આત્મા તે (હિંસે કે૦) પ્રસન્ન થાય ॥ ૫ ॥

કહે કમલા રૂપાં સુણોરે, અંગ અનોપમ દેશરે ॥
ત્યાં ચંપાનયરી ભલીરે, જ્યાં નહિં પાપ પ્રવેશરે ॥ ૬

અર્થઃ- તે સાંભળી કમલમલા જે શ્રીપાલની માતા તે રૂપસુંદરીને કહે છે કે હે વેવાણ તમે સાંભળો (અનોપમ કે૦) ઉપમા રહિત એવો અંગ નામા દેશ તેને વિષે જેમાં પાપનો રંચમાત્ર પ્રવેશ નથી એવી (ભલી કે૦) રૂડી ચંપા નામા નગરી છે ॥ ૬ ॥

તેહ નયરીનો રાજિયોરે, રાજ ગુણ અભિરામરે ॥

અર્થઃ– પછી દેવ, દેહરાની માનતાઓ કરતાં, ઈચ્છતાં, પૂછતાં થકાં (યથા કે૦) જે પ્રકારે વિધા જે છે તે વિવેકને જણે તેમ રાણીયેં એક પુત્ર જન્મ્યો ॥૧૦॥

નગર લોક સવિ હરષિયાં રે, ઘર ઘર તોરણ ત્રાટ રે ॥
આવે ઘણાં વધામણાં રે, શણગાર્યાં ઘર હાટ રે ॥ જૂ૦॥

अर्थः- तेथी नगरनां लोक सर्व हर्षित थयां, घरोघर तोरणने जें-
गी नाद करी बांध्यां, घणां वधामणां आववा लाग्यां. घर, हाट,
दुकान सर्व शणगार्यां ॥११॥

राजन मन उलट घणे रे ॥ दान दिये लख कोडी रे ॥
वयरी पण संतोषिया रे, बंदिखानां छोडी रे ॥ भू०॥१२

अर्थ.- राजा मननी घणीज उलटें करीने लाखो करोडोनुं दान दीये
छे. ने वैरी हता तेने पण दान आपी संतोषित कर्या बंदीखानामां
पडेला गुनेहगारोने बंदीखानेथी छोडी मूक्या ॥१२॥

धवल मंगल दीये सुंदरी रे, वाजे ढोल निसाण रे॥
नाटक होये नव नवां रे, महोत्सव अधिक मंडा-
ण रे ॥ भूओ० ॥१३॥

अर्थः-सुंदरी ने सौभाग्यणी स्त्रीयो ते धवल मंगल गीत गाय
छे, ढोल नीशान वागी रह्यां छे, नवां नवां नाटक थाय छे, ए रीतें अ
धिक मंडाणे महोटो महोत्सव करे छे ॥१३॥

नाति सज्जन सहु नोतर्यां रे, भोजन षटरस
पाक रे ॥ पार नहीं पकवाननो रे, सालि सुरहां
घृत शाक रे ॥ भूओ० ॥१४॥

अर्थः- पछी बारमे दिवसे ज्ञाति, सज्जन सर्वने नोतरीने तेमने
षट्रस पाक भोजन निपजाव्यां. वळी पक्वान्न कराव्यां तेनो तो पा
र न नथी. (सालि के०) लापसी, (सुरहां के०) सारां दाल तथा घृत
अने शाक जमाड्यां ॥१४॥

भूषण वस्त्र पहेरामणी रे, श्रीफल कुसुम तंबोल रे॥
केशर तिलक वली छांटणां रे, चंदन चूआ रंग रोल रे॥१५

अर्थः- वळी आभूषण तथा वस्त्रनी पहेरामणी करी, ऊपर

શ્રીફલ, ફૂલ, પાન, સોપારી આપી, કેશરનાં તિલક કરી, વસ્ત્રે છાંટણા દીધાં તથા ચૂઆ અને ચંદને રંગરોલ કરી ઘણા ખુશી કર્યા ॥ ૧૫ ॥

રાજ રમણિ અમ પાલશેરે, પુણ્યે લહ્યો એ બાલરે ॥ સજ્જન ભૂઆ મલિ તેહથીરે, નામ ઠવ્યું શ્રીપાલરે ॥ ભૂઓ૦ ॥ ૧૬ ॥

અર્થઃ- હવે આ પુત્ર અમે પુણ્યે કરી પામ્યા છૈયે અને અમે અનાથની રાજ્યરૂપ (રમણિ કે૦) સ્ત્રી તેનું એ પાલન કરશે માટે સજ્જન તથા (ભૂઆ કે૦) ફઈ મળીને તે બાલકનું શ્રીપાલ એવું નામ (ઠવ્યું કે૦) સ્થાપ્યું પાડ્યું ॥ ૧૬ ॥

રાસ રૂડો શ્રીપાલનોરે, તેહની નવમી ઢાલરે ॥ વિનય કહે શ્રોતા ઘરેરે, હોજો મંગલ માલરે ॥ ૧૭ ॥

અર્થઃ- એ શ્રીપાલ રાજાનો રૂડો રાસ તેની નવમી ઢાળ પૂર્ણ થઈ. શ્રીવિનયવિજય ઊપાધ્યાયજી કહેછે કે, શ્રોતા જનોને ઘેર મંગલિકની માળા હોજો ॥ ૧૭ ॥

॥ દોહા ॥

પાંચવરસનો જબ હૂઓ, તે કુંવર શ્રીપાલ ॥ તામ શૂલ રોગે કરી, પિતા પહોંતો કાલ ॥ ૧ ॥

અર્થઃ- તે શ્રીપાલ કુંવર જેવારે પાંચ વર્ષનો થયો તેવારે ચરિત્રની પ્રતોમાં એમ લખ્યું છે કે, શ્રીપાલ કુમાર બે વરસનો થયો, ત્યારે તેનો બાપ મરણ પામ્યો (તામ કે૦) તે વારે સૂલના રોગે કરી કુંવરનો પિતા કાળધર્મ પામ્યો એટલે મરણ પામ્યો ॥ ૧ ॥

શિરકૂટે પીટે હિયાં, રૂયે સકલ પરિવાર ॥ સ્વા-

મી તેં માયા તજી, કુણ કરશે અમ સાર ॥ ૨ ॥

અર્થઃ- તેના દુઃખથી માથું કૂટતા, હૈયું પીટતાં થકા પરિવારના સર્વ લોક રૂદન કરે છે. વળી કમળપ્રભા કહે છે કે હે સ્વામી તમે અમારા ઉપરથી માયા તજી તો હવે અમારી સાર સંભાળ કોણ કરશે? ॥૨

ગયા વિદેશેં જાહુડે, વાલાં કોઈક વાર ॥ ઈણ વાટેં વોલાવિયા, ન મલે બીજી વાર ॥ ૩ ॥

અર્થઃ- જે વિદેશ એટલે પરદેશ ગયા હોય તે વાલાં કોઈક વાર (જાહુડે કે૦) મળે પણ એ વાટે જેને વલાવી આવ્યા તે બીજી વાર મળે નહીં ॥ ૩ ॥

હેજેં હસિ બોલાવતા, જે ક્ષણમાં કેઈ વાર ॥ નજર ન મંડે તે સજન, ફૂટે ન હૈયા ગમાર ॥ ૪ ॥

અર્થઃ- હે સ્વામી! અમને હેજે કરી સહિત હસીને એક ક્ષણ વારમાં કેટલાક વખત બોલાવતાં એવા (સજ્જન કે૦) વાહાલા તે આજ સામી નજર પણ માંડતા નથી તે માટે હે ગમાર હૈયડા તું ફૂટીને બે ભાગ કેમ થતું નથી? ॥ ૪ ॥

નેહ ન આણ્યો માહરો, પુત્ર ન થાપ્યો પાટ ॥ એવડી ઉતાવલ કરી, શું ચાલ્યા ઈણ વાટ ॥ ૫ ॥

અર્થઃ- વળી હે સ્વામી! તમે મહારા ઉપર સ્નેહ આણ્યો નહી તેનો રહ્યું, પરંતુ પુત્રને તમારા પાટે તખતેં પણ બેસાડ્યો નહીં! એટલી બધી ઉતાવળ કરીને એ (વાટે કે૦) માર્ગે શું ચાલ્યા? ॥૫ ॥

રોતી હૈડે ફાટતે, કમલા કરે વિલાપ ॥ મતિસાગર મંત્રી તિસેં, ઈમ સમજાવે આપ ॥ ૬ ॥

અર્થઃ- એ રીતે ફાટતે હૈયેં રડતી થકી કમલપ્રભા વિલાપ કરે છે તેને મતિસાગર પ્રધાન પોતેં આવીને એવી રીતે સમજાવે છે તે

આગળ કહેછે ॥ ६ ॥

હવે હૈડું કઠું કરી, સફલ સંભાહો કાજ ॥ પુત્ર તુમારો નાનડો, રોતાં ન રહે રાજ ॥ ७ ॥

અર્થઃ- હવે તમે તમારૂં હૈયું કઠણ કરીને સર્વ રાજકાજ પોતાને હાથે રાખો, કેમકે તમારો પુત્ર હજી ન્હાનો છે માટે રોતા થકાં રાજ્ય રહેશે નહીં ॥ ७ ॥

કમલા કહે મંત્રી પ્રતે, હવે તુમે આધાર ॥ રાજ દેઈ શ્રીપાલને, સફલ કરો અધિકાર ॥ ८ ॥

અર્થઃ- એવું સાંભળીને કમલપ્રભા રાણી પ્રધાનને કહેછે, કે હવે તમેજ આધારભૂત છો માટે શ્રીપાલને રાજ્ય આપીને તમારો અધિકાર સફલ કરો ॥ ८ ॥

॥ ઢાલ દશમી ॥

॥ જગતગુરૂ હીરજી રે ॥ એ દેશી ॥

અર્થઃ- પછી શ્રીપાલને રાજ્યપાટે સ્થાપી, તેની આણ વર્ત્તાવી અને રાજનું જે (કાજ કે०) કારભાર તે સર્વે બહુ બુદ્ધિની જાણ રૂપ પ્રધાન છે તે ચલાવે છે ॥ ૨ ॥

ઈણ અવસર શ્રીપાલનો રે, પિતરિયો મતિ મૂઢ ॥
પરિકર સઘલો પાલટી રે, ગુહ્ય કરે ઈમ ગૂઢ ॥ દે०॥૩॥

અર્થઃ- એવા અવસરને વિષે મતિયેં કરીને મૂઢ એવો શ્રીપાલનો પિતરીઓ કાકો, તેણે સઘલો પરિકર તે લશ્કર સામંત પ્રમુખને લાંચ પ્રમુખ આપી ભેદ પાડી ફોડીને પલટાવ્યો એટલે ફેરવી નાખ્યો એમ (ગૂઢકે०) ગુપ્ત પણે તેણે ગુહ્ય કર્યું ॥ ૩ ॥

મતિસાગરને મારવા રે, વલી હણવા શ્રીપાલ ॥
રાજ લેવા ચંપાતણું રે, દુષ્ટ થયો ઊજમાલ ॥ દે०॥૪॥

અર્થઃ- જે મતિસાગર પ્રધાનને મારવાને, વલી શ્રીપાલને પણ હણવાને, તથા ચંપાનગરીનો રાજ્ય લેવાને તે દુષ્ટ ઊજમાલ થયો ॥ ૪ ॥

કિમહિક મંત્રીસર લહી રે, તે વયરીની વાત ॥ રાણીને આવી કહે રે, નાસો લેઈ અધરાત ॥ દે०॥૫॥

અર્થઃ- તે દુશમને કહેલી ગુહ્યની વાત કોઈક રીતેં કોઈકના મુખથી મતિસાગર પ્રધાને જાણી, તેવારેં રાણી પાસેં આવીને કહેવા લાગ્યો જે તમે અર્ધ રાત્રિ લઈને ઈહાંથી નાશી જાઓ ॥ ૫ ॥

જો જાશો તો જીવશો રે, સુત જીવાડણ કાજ ॥ કુંવર જો કુશલો હશે રે, તો વલી કરશો રાજ ॥ દે०॥ ૬॥

અર્થઃ- જો નાશી જાશો તો જીવતા રહેશો અને તમારા પુત્રને જીવાડવા કાંજે એ કામ કરો કેમ કે તમારો કુંઅર જો કુશલ ખેમેં હશે તો ફરી રાજ કરશો ॥ ૬ ॥

રાણી નાઠી એકલી રે, પુત્ર ચડાવી કેડ ॥ ઊવટે

ઊજડે પતિ રે, વિષમી જિહાં છે વેડ ॥ દે૦ ॥૭॥

અર્થઃ- એવું મંત્રીનું વચન સાંભળીને, રાણી એકલી પુત્રને કેડ ઊપર ચડાવીને નાઠી. તેણે (ઊવટ કે૦) અવલી વાટે એટલે ધાસ્તિને લીધે સરલ માર્ગ મૂકીને ઊજડ જંગલમાં જિહાં વિષમ માર્ગ છે તે રસ્તે ચાલવા માંડ્યું ॥૭॥



જસ જડો જડ ઝાંખરાં રે, ખાખર ભાખર ખોહ ॥ ફ-
ણિધર મણિધર જિહાં ફરે રે, અજગર ઊંદર ગોહ ॥૮॥

અર્થઃ- (જસ કે૦) જેમાં, (જડો કે૦) જડું, (જડ કે૦) લોથા અને ઝાંખરા ઘણાં પડ્યાં છે. વળી ખાખરાના ઝાડ, (ભાખર કે૦) પથરા તથા (ખોહ કે૦) ખાડા પડ્યા છે વલી જે માર્ગમાં ફણના ધર-નાર અને જેના મસ્તકને વિષે મણિ રહેલા છે. તેવા સર્પ ઘણા અહીં તહીં ભ્રમણ કરી રહ્યા છે. તેમજ અજગર, ઊંદર અને ગોહ નામ-

ના જનાવર ઘણા વિચરી રહ્યા છે ॥ ૮ ॥

ઉજડ અબલા આડવડેરે, રયણી ઘોર અંધાર ॥
ચરણે ખૂંચે કાંકરારે, ઝરે લોહીની ધાર ॥ દે૦ ॥ ૯ ॥

અર્થઃ- એવી ઘોર અંધારી રાત્રિયેં ઉજ્જડ માર્ગે ચાલતાં અબલા જે સ્ત્રી તે આડવડે છે અને તેના પગમાં કાંકરા ખૂંચી જાય છે, તેના યોગેં પગમાંથી લોહીની ધારા ઝરે છે ॥ ૮ ॥

વરૂ વાઘને વરઘડારે, સોર કરે શીયાલ ॥ ચોર ચ-
રડને ચીતરારે, દીએ ઉછલતી ફાલ ॥ દે૦ ॥ ૧૦ ॥

અર્થઃ- વલી જે માર્ગમાં (વરૂકે૦) વરૂ, વાઘ અને (વરગડાકે૦) ચરાખ તથા શિયાલીયાં તે સોર બકોર કરે છે. તથા ચોર અને (ચરડકે૦) છલ, ચોર ફાસીગર અથવા ભૂત તથા ચિતરા જનાવર તો ઉછલતા થકા મહોટી ફાલો મારી રહ્યા છે ॥ ૧૦ ॥

ઘુઘુઘુ ઘૂઅડ કરેરે, વાનર પાડે હીક ॥ જલહલ
પરવતથી પડેરે, નદીની ઝરણા નીક ॥ દે૦ ॥ ૧૧ ॥

અર્થઃ- તથા ઘૂડ પક્ષી તે ઘૂ ઘૂ ઘૂ એવો ભયંકર શબ્દ કરી રહ્યા છે, અને વાનરા (હીકકે૦) ચીશો પાડી રહ્યા છે, તથા પર્વત ઉપરથી જલહલાટ શબ્દ કરતી નદીના પાણીના નિર્ઝરણાની (નીકકે૦) ધારાઓ નીચે આવી પડે છે ॥ ૧૧ ॥

બલિયું જેહનું આઉખુંરે, સત્ય શીયલ સંઘાત ॥
વખત બલી કુંવર વડોરે, તેણે ન કરે કોઈ ઘાત ॥ દે૦ ॥ ૧૨

અર્થઃ- પણ માતા તથા પુત્ર એ બેહુનું આયુષ્ય બલવાન છે તથા એક સત્ય અને બીજું શીલ એ બે જણનો રાણીને સંઘાત એટલે સથવારો છે, વલી કુમરનો વખત મહોટો બલવાન છે તેથી કોઈ તેમને ઘાત કરતો નથી ॥ ૧૨ ॥

રયણ હિંડોલે હિંચતીરે, સૂતી સોવન ખાટ ॥ ત-

स शिर आ वेला पडी रे, पडो दैव शिर छार ॥ दे०॥१३

अर्थः— अरे! जे राणी रत्ननी हिंडोला खाटें हिंचती हती, अने सोनाना खाट (पलंग) उपर शयन करती हती तेने माथे आवी वेला आवी पडी, माटे दैव जे कर्म, तेनुं शिर जे मस्तक, तेने माथे (छारके०) धूल पडो, एटले ए कर्मना माथा उपर धूल पडो, जे आवी रीतें प्राणीने दुःखी करे छे! ॥१३॥

रडवडतां रयणी गई रे, चडी पंथशिर शुद्ध ॥ तव बालक भूख्यो थयो रे, मागे साकर दूध ॥ दे०॥१४॥

अर्थः— ए रीतें रडवडतां थकां रात्रि व्यतिक्रमी अने प्रभातें शुद्ध मार्गे चडी, तेवारें बालक भूख्यो थयो तेणे दूध अने साकर खावा सारु माग्यां ॥१४॥

तव रोती राणी कहे रे, दूध रह्यां वत्स दूर ॥ जो लही रुवे कूकशा रे, तो लह्यां कूर कपूर ॥ दे०॥१५॥


अर्थः— तेने राणी रुदन करती थकी कहेवा लागी के हे वत्स, दूध अने साकर तो दूर रह्यां, पण जो इहां कूशका खावाने मले तो पण जाणीयें जे आपणने कूरकपूरनां भोजन मल्यां ॥१५॥

हवे जतां मार्गे मली रे, एक कुष्टीनी फोज ॥ रोगी मलिया सातशें रे, हींडे करता मोज ॥ दे०॥१६॥

अर्थः— हवे आगल मार्गे जतां थकां एक कुष्टी एटले कोढीयानी फोज मली. ते रोगी सर्व सातशें जण एकठा मल्या मोज करतां थका (हिंडेके०) फरे छे ॥१६॥

कुष्टीयें पूछ्या पछी रे, सयल सुणावी वात ॥ वलतुं कुष्टी एम कहे रे, आरति मकरो मात ॥ दे०॥१७॥

अर्थः— ते कुष्टीयें मुजने पूछ्यां पछी में पण महारी सर्व वात



તેમને સંભલાવી. તેવારેં વલતું કોઢીઆઓયેં એમ કહ્યું કે, હે માતાજી! તમે આરતિ મ કરો એટલે પીડા ન પામો ॥૧૭॥

આવી અમ શરણે રહોરે, મન રાખો આરામ ॥
એ કોઈ અમ જીવતાંરે, કોઈ ન લે તુમ નામ ॥૬૦॥૧૮

અર્થઃ- તમે તમારા મનમાં આરામ રાખીને અમારે શરણે આવી રહો, એ અમો સર્વ જનોમાંથી કોઈ એક પણ જિહાં સુધી જીવતો હ-શે તિહાં સુધી તમારૂં કોઈ નામ લેશે નહીં ॥૧૮॥

વેસર આપી બેસવારે, ઢાંકી સઘલું અંગ ॥ જાલક

રાખી સોડમાંરે, બેઠી થઈ જડંગ ॥ દે૦ ॥ ૧૯ ॥

અર્થઃ- એમ કહી તે કોઢી આઓયેં તેમને એક (વેસર કે૦) ખચ્ચર બેસવા માટે આપ્યો પછી તે બાલકનું સર્વ અંગ ઢાંકી તેને પોતાની સોડયમાં રાખી (જડંગ કે૦) જડાંગ સાવધાન થઈને રાણી તે ખચ્ચર ઊપર બેઠી ॥ ૧૯ ॥

એહવે આવ્યા સોનતારે, વયરીના અસવાર ॥
કોઈ સ્ત્રી દીઠી ઈહાંરે, પૂછે વારોવાર ॥ દે૦ ॥ ૨૦ ॥

અર્થઃ- એહવા અવસરેં શોધ કરતા થકા વૈરીના અસવાર ત્યાં આવી પોહોચ્યા. તે કોઢીઆઓને વારંવાર પૂછે છે કે કોઈ સ્ત્રીને જતી થકી તમે ઈહાં દીઠી ? ॥ ૨૦ ॥

કોઈ ઈહાં આવ્યું નથીરે, જૂઠ મ બંખો આલ ॥ વ-
ચન ન માનો અમ તણુંરે, નયણે જૂઓ નિહાલ ॥૨૧॥

અર્થઃ- તેને કોઢીયા કહેવા લાગ્યા કે ઈહાં તો કોઈ પણ આવ્યું નથી તમે જુઠું આલ મ (બંખો કે૦) બોલો ! અને જો અમારૂં વચન ન માનો તો તમે તમારી નજરેં નિહાલીને જૂઓ ॥ ૨૧ ॥

જો જોશો તો લાગશેરે, અંગેં રોગ અસાધ ॥ નાઠા
બીહિતા બાપડારે, વલગે રખે વિરાધ ॥ દે૦ ॥૨૨॥

અર્થઃ- પણ આટલું છે કે, જો તમે અમારા સમૂહમાં આવીને જોશો તો તમારા અંગમાં પણ અસાધ્ય રોગ લાગી જશે તેથી તમે પણ અમારા જેવા થશો. એવું સાંભલીને રખેને એ (વિરાધ કે૦) વ્યાધિ આપણા અંગે આવી વલગે એમ વિચારીને તે બાપડા બીહિતા થકા તિહાંથી નાશી ગયા ॥૨૨॥

કુષ્ટી સંગતથી થયોરે, સુતને ઊંબર રોગ ॥ માડી
મન ચિંતા ઘણીરે, કઠિન કરમના ભોગ ॥ દે૦ ॥૨૩॥

અર્થઃ- હવે કુષ્ટિઓની સંગતિ થકી પુત્રના અંગે પણ (ઊંબરકે૦) કોઢરોગ થયો, એટલે ઊંબરના જેવા ગાંઠા થઈને પછી તે ફાટે તેમાંથી પરૂપાઈ નિકલે તેને ઊંબર રોગ કહીયેં. તે દેખીને માતાના મનમાં હે વલી ઘણીજ ચિંતા થઈ પડી અને વિચારવા લાગી કે મ્હારા કર્મના ભોગ મહા કઠિણ છે એમ વિચારી ॥ ૨૩ ॥

પુત્ર ભલાવી તેહનેરે, માતા ચલિય વિદેશ ॥ વૈદ્ય ઓષડ જોવા ભણીરે, સહેતી ઘણા કલેશ ॥ દે૦ ॥ ૨૪

અર્થઃ- પોતાનો પુત્ર, તે કોઢીઆને (ભલાવી કે૦) સોંપીને માતા વૈદ્ય, ઔષધ જોવાને અર્થે ઘણા ક્લેશને સહન કરતી (વિદેશ કે૦) પરદેશેં ચાલી ॥ ૨૪ ॥

જ્ઞાનીને વચને કરીરે, સયલ ફલી મુજ આશ ॥ તે હજ હું કમલપ્રભારે, આ બેઠી તુમ પાસ ॥ દે૦ ॥ ૨૫

અર્થઃ- આગલ માર્ગે જતાં જ્ઞાની ગુરૂ મલ્યા તેમના વચને કરીને મ્હારી સર્વ આશા ફલી તોહિજ હું કમલપ્રભા આ, તમારી પાસેં બેઠી છું ॥ ૨૫ ॥

રાસ રૂડો શ્રીપાલનોરે, તેહની દશમી ઢાલ ॥ વિનય કહે પુણ્યેં કરીરે, દુખ થાયે વિસરાલ ॥ દે૦ ॥ ૨૬ ॥

અર્થઃ- આ ઊત્તમ રૂડો શ્રીપાલ રાજાનો રાસ તેની જે દશમી ઢાલ કહી, શ્રીવિનયવિજય ઊપાધ્યાયજી કહે છે કે, પુણ્યેં કરીને સર્વ પ્રકારનાં દુઃખ વિસરાલ થાય ॥ ૨૬ ॥

॥ દોહા ॥

રૂપસુંદરિ શ્રવણેં સુણી, વિમલ જમાઈ વંશ ॥ હર્ષે હિયડે ગહગહી, ઈણિપરે કરે પ્રશંસ ॥ ૧ ॥

અર્થઃ- હવે રૂપસુંદરી પોતાના ભાઈનો નિર્મલ વંશ અને સાંભ-
[illegible]

[illegible]

[illegible]

(અવતંસ કે૦) પ્રગટ ક્ષત્રી કુલ છે તેનો એવો અથવા ક્ષત્રીના કુલ
[illegible]

[illegible]

અર્થઃ- એ પ્રમાણે રૂપસુંદરી રાણી (રંગે કે૦) હર્ષે કરીને આનંદ
સહિત [illegible]

[illegible]

અર્થઃ- પછી ચાર છે અંગ તેનાં તેને ચતુરંગી કહીયેં એટલે ચાર
[illegible]

ना पहेरनारा एटले घणाज सुंदर छे वेश जेमनो एवा असवारोने साथें तेडीने ॥५॥

रतन जडित झलके घणां, धर्यां सूरियां पान ॥ ढोल नगारां गडगडे, नेजा फरे निशान ॥६॥

अर्थः— रत्ने जडाव घणां झलकतां थकां एवां सूर्य मुखां धर्यां छे तथा ढोल नगारानो गडगडाट थते थके, वली नेजा निशानो फरकी रहेलां छे ॥६॥

भाणेज वरज्यां वसे, त्यां आव्या ततकाल ॥ निजमंदिर पधराववा, पुण्यवंत पुण्यपाल ॥७॥


अर्थः— एवा आडंबर सहित ज्यां पोतानी भाणेज अने वली तेनो (वरकें०) भर्त्तार वसे छे रहे छे, तिहां तत्काल तेहीज वखतें पोताने मंदिरे तेडी जवाने माटे, पुण्यवंत एवो पुण्यपाल नामें राजा आव्यो ॥७॥

॥ ढाल अगीयारमी ॥

॥ राय कहे राणी प्रतें ॥ ए देशी ॥

आवो जमाई प्राहुणा ॥ जयवंताजी ॥ अम घर करो पवित्र रे ॥ गुणवंताजी ॥ सहुने अचरिज ऊपने ॥ जयवंताजी ॥ सुणतां तुम चरित्र रे ॥ गुणवंताजी ॥१॥

अर्थः— हवे पुण्यपाल राजा कहे छे के, हे परोणा जमाई तमे जयवंता छो माटे आवीने अमारुं घर पवित्र करो- हे गुणवंता जमाई



हरे ॥ गुण० ॥ माउल ससरो पूरवे ॥ नय० ॥ लो-
ग लला धरी नेहरे ॥ गुण० ॥ २ ॥

अर्थः- एम कही श्रीपालने हाथी उपर जेसाडीने महोटा महोत्सवें करी मामा ससराये पोताने घेर पधराव्या. तिहां स्नेह धरीने (ललाके०) रूडा उत्तम प्रकारना लोग तेने पूरवा लाग्या छे ॥ २ ॥

एक दिन जेठा मालीए ॥ नय० ॥ मयणा ने श्री
पालरे ॥ गुण० ॥ वातो छंदे नव नवे ॥ नय० ॥ मांड-
ल लुंगल तालरे ॥ गुण० ॥ ३ ॥

અર્થઃ- હવે એક દિવસેં મયણાસુંદરી અને શ્રીપાલ કુમર જેહુ તણ

અર્થઃ- તથા થઈથઈકાર કરીને નાટકોના પાત્ર નાચે છે, અને

રિપરિકે૦) જુદી જુદી રીતેં

તય૦॥ પ્રજાપાલ તિણે ઠાયરે ॥ગુણ૦॥૫॥

અર્થઃ- એવા અવસરને વિષે પ્રજાપાલ રાજા રયવાડીથી રમીને

અર્થઃ- તિહાં સ્વર્ગ એટલે દેવલોકમાં જેમ દેવતાઓ સુખ ભો-

એવાં સ્ત્રી ભર્ત્તારને દીઠાં તેને

સંતાપરે ।। ગુણ૦ ।। અવર કોઈ વર પેખીઓ ।। નય૦ ।। હૈહૈ પ્રગટ્યું પાપરે ।। ગુણ૦ ।। ૭ ।।

અર્થઃ- તિહાં રાજાયે તેન વખતે મયણાસુંદરીને જોવાથી. પરંતુ મયણાની પાસેં પોતેં પરણાવેલા વરને સ્થાનકેં બીજો કોઈ વર જોઈને જોયો તેવારે હૈ હૈ ઈતિ દુઃખેં ને આ તે શું પૂર્વકૃત પાપ પ્રગટ થયું? એમ તેના મનમાં મહોટો સંતાપ ઉત્પન્ન થયો ।।૭।।

ધિગ ધિગ ક્રોધતણે વશેં ।। નય૦ ।। મેં અવિચાર્યું કીધરે ।। ગુણ૦ ।। મયણા સરખી સુંદરી ।। નય૦ ।। કોઢીને કર દીધરે ।। ગુણ૦ ।। ૮ ।।

અર્થઃ- ધિક્કાર છે. ધિક્કાર છે મુજને !! ને મેંપણ ક્રોધને વશ થઈને આ મયણા સરખી સુંદરી તે કોઢીયાને હાથે લઈ દીધી એ કેહેવું અવિચાર્યું કામ કર્યું! કે જેમાંથી છેવટ આ અકાર્ય થયું ।।૮।।

એ પણ હુઈ કુલખંપણી ।। નય૦ ।। મુજ કુલ ભરિયો છારરે ।। ગુણ૦ ।। પરણ્યો પ્રીતમ પરહરી ।। નય૦ ।। અવર કર્યો ભરતારરે ।। ગુણ૦ ।। ૯ ।।

અર્થઃ- તેમ એ કુમરી પણ મહારા કુલમાં ખંપણ એટલે કાલી ટીલી, દાઘ લગાડે, જટો લગાડે, કલંક લગાડે તેવી થઈ તેણે મહારા કુલ માંહે (છાર કે૦) રાખ ભરયો એટલે મહારૂં કુલ મલિન કર્યું. કારણ કે એણેં પરણેલો ભર્તાર ત્યાગીને બીજો ભરતાર કર્યો એ મહારા કુલને મહોટી ખોટ લગાડી ।।૯।।

એણિપરે ઉલ્લો ઝૂરતો ।। નય૦ ।। નવ દીઠો તે રાયરે ।। ગુણ૦ ।। પુણ્યપાલ અવસર લહી ।। નય૦ ।।

आवी प्रणमे पायरे ॥ गुण० ॥ १० ॥

अर्थः- एवी रीतें राजने झूरतो थके तेवारें पुण्यपाल राजायें दीठो, तेवारें ते अवसर पामीने प्रजापाल राजने पगें आवी (प्रणम्यो के०) नम्यो ॥ १० ॥



राज पधारो मुज घरे ॥ जय० ॥ जूओ जमाई रूप रे ॥ गुण० ॥ सिद्धचक्र सेवा फली ॥ जय० ॥ ते कहुं सकल स्वरूपरे ॥ गुण० ॥ ११ ॥

अर्थः- नमीने कहेवा लाग्यो के हे राजन् ! म्हारे घेर पधारो अने आपना जमाईनुं रूप जूओ तथा गुरुवचनें सिद्धचक्र आरा-

રાયે આવી ઓળખ્યો ॥ નય૦ ॥ મુખ ઈંગિત આ-
કારરે ॥ ગુણ૦ ॥ મન ચિંતે મહિમા નિલો ॥ નય૦ ॥
જૈન ધર્મ જગસારરે ॥ ગુણ૦ ॥ ૧૨ ॥

અર્થઃ- તેવારે રાજાયે આવીને મુખના (ઈંગિત કે૦) નિશાની એંધાણીને આકારે જોઈને ઓળખ્યો જે એજ મહારો જમાઈછે એવું જાણીને મનમાં ચિંતવવા લાગ્યો જે મહિમાવંત જે શ્રી જૈનધર્મ તેજ જગતમાં સારભૂત છે ॥ ૧૨ ॥

મયણા તેં સાચી કહી ॥ નય૦ ॥ સભામાંહે સવિ વા-
તરે ॥ ગુણ૦ ॥ મેં અજ્ઞાનપણે કહ્યું ॥ નય૦ ॥ તે સ-
ઘલું મિથ્યાતરે ॥ ગુણ૦ ॥ ૧૩ ॥

અર્થઃ- એમ વિચારી મયણાને કહેવા લાગ્યો જે તેં જે કાંઈ સભા માંહે વાત કરી, તે સર્વ સાચી થઈ અને મેં અજ્ઞાનપણેં જે તુજને કહ્યું, તે સર્વ (મિથ્યા કે૦) જૂઠું હતું ॥ ૧૩ ॥

મેં તુજ દુઃખ દેવા ભણી ॥ નય૦ ॥ કીધો એહ ઉ-
પાયરે ॥ ગુણ૦ ॥ દુઃખ ટળીને સુખ થયું ॥ નય૦
॥ તે તુજ પુણ્યપસાયરે ॥ ગુણ૦ ॥ ૧૪ ॥

અર્થઃ- મેં તો તુજને દુઃખ દેવાને માટે ઉપાય કર્યો હતો; પરંતુ તે દુઃખ ટળીને જે સુખ થયું, તે સર્વ તાહારા પુણ્યના પસાયથી જાણવું ॥ ૧૪ ॥

મયણા કહે સુણો તાતજી ॥ નય૦ ॥ ઈહાં નહી ત-
મ વાંકરે ॥ ગુણ૦ ॥ જીવ સયલ વશ કર્મને ॥

नय० ॥ कुण राजा कुण रांक रे ॥ गुण० ॥ १५ ॥

અર્થઃ- તે સાંભળી મયણાસુંદરી વિનય સહિત કહેવા લાગી કે, હે પિતાજી! તમે સાંભળો. ઈહાં તમારો વાંક કંઈ પણ નથી. કોણ રાજા અને કોણ રંક! એટલે રાજા હો, અથવા રંક હો, ગમે તે હો, પણ સંસારમાં સર્વ જીવ કર્મને વશ છે. સર્વ જીવ પોતાનાં ઉપાર્જેલાં કર્મોનેજ પોતેં ભોગવે છે. માટે માતા પિતાદિક કોઈયેં પણ મનમાં ગર્વ આણવો નહિં. જે અમેં અમુકને સુખી કીધો અને અમુકને દુઃખી કીધો? ॥ १५ ॥

मान तजी मयणा तणी ॥ नय० ॥ राय मनावी माय रे ॥ गुण० ॥ सज्जन थया सवि एकमना ॥ नय० ॥ उलट अंग न माय रे ॥ गुण० ॥ १६ ॥

અર્થઃ- એવાં મયણાનાં વચન સાંભળીને રાજા જાણતો હતો જે હું કરું છું, મહારા કર્યાં સુખ દુઃખ થાય છે! એવો અહંકાર પ્રથમ હતો તેનો ત્યાગ કરીને રાજાએં શ્રી જિનેશ્વરનો ધર્મ અંગીકાર કર્યો. પછી મયણાસુંદરીની માતાને મનાવી. તે વખત સજ્જન જે સગાસંબંધિ હતા તેમનાં મન સર્વ એક થયાં. તેથી તેઓને એટલો તો ઉલટ એટલે હર્ષ ઉત્પન્ન થયો કે તે તેમના અંગમાં સમાઈ શકતો નથી ॥ १६ ॥

नयर सयल शणगारियुं ॥ नय० ॥ चहुटां चोक विशाल रे ॥ गुण० ॥ घर घर गुडी उछली ॥ नय० ॥ तोरण झाकझमाल रे ॥ गुण० ॥ १७ ॥

અર્થઃ- પછી રાજાયેં તરતજ સમસ્ત નગરને શણગાર્યું તેમાં હે મહોટા ચહુટા તથા ચોકને તો વિશાલ પણેં શણગાર્યા, ઘર ઘરને વિષે ગુડીઓ ઉછલી રહી છે, તેમજ તોરણ પણ ઝાકઝમાલ બાંધ્યાં ॥ १७ ॥

[illegible]

અર્થઃ- એમ મહોટે મહોત્સવેં કરી રાજા પોતાને ઘેર જમાઈને [illegible]

[illegible]

વાતરે ॥ ગુણ૦ ॥ જિનશાસન ઊન્નતિ થઈ ॥
જય૦ ॥ મયણાએ રાખી ખ્યાતરે ॥ ગુણ૦ ॥ ૧૯॥

અર્થઃ- પછી ઊજ્જયણી નગરીમાં રહેનારાં લોકોના મુખ મુખને વિષે એહિજ વાત પ્રગટ થઈ, એટલે વિસ્તાર પામી ને શ્રી જૈનધર્મ જ જગતમાં શ્રેયસ્કર છે, એવી શ્રીજિનશાસનની ઊન્નતિ થઈ. એમ મયણાયેં પોતાના મુખમાંથી જે વાત કહાડી હતી કે જીવ જે સુખ દુઃખ પામે છે તે સહુ પોતાના કર્માનુસારેં પામે છે, તેજ વાતની ખ્યાતિ રાખી એટલે પ્રખ્યાત કરી ॥ ૧૯॥

રાસ રૂડો શ્રીપાલનો ॥ જય૦ ॥ તેહની ઈગ્યારમી
ઢાલરે ॥ ગુણ૦ ॥ વિનય કહે સિદ્ધચક્રની ॥
જય૦ ॥ સેવા ફલે તતકાલરે ॥ ગુણ૦ ॥ ૨૦॥

અર્થઃ- (રૂડો કે૦) રમણીય મનોહર એવો શ્રીપાલરાજાનો રાસ તેની અગીયારમી ઢાલ પૂર્ણ થઈ. શ્રીવિનયવિજય ઊપાધ્યાયજી કહે છે કે, શ્રીસિદ્ધચક્રની સેવા તત્કાલ ફલીભૂત થાયછે ॥ ૨૦॥

॥ ચોપાઈ ॥

ખંડ ખંડ મીઠો જિમ ખંડ, શ્રી શ્રીપાલ ચરિત્ર

અખંડ ॥ (શ્રી) કીર્તિ વિનય વાચકથી લહ્યો,
પ્રથમ ખંડ ઇમ વિનયેં કહ્યો ॥ ૧ ॥

અર્થઃ- જેમ (ખંડ કે૦) ખાંડના (ખંડકે૦) કટકા માંહે મીઠાશ ઘણી હોય તેમ આ રાસના ખંડમાં પણ મીઠાશ ઘણી છે. અને આ શ્રીપાલ રાજાનું સંપૂર્ણ ચરિત્ર તો અખંડ છે, તેમાં એ પહેલો ખંડ તો શ્રી કીર્તિવિનય નામા (વાચકકે૦) ઉપાધ્યાય તેમના મુખથી જે પ્રમાણે (લહ્યો કે૦) પામ્યો સાંભળ્યો (ઇમકે૦) એ પ્રમાણેંન શ્રીવિનયવિનયજી ઉપાધ્યાયેં કહ્યો ॥ ૧ ॥

ઇતિ શ્રીમન્મહોપાધ્યાય શ્રીકીર્ત્તિવિનયગણિ શિષ્યોપાધ્યાય શ્રીવિનયવિનય ગણિ વિરચિતે શ્રી શ્રીપાલ ચરિત્રે પ્રાકૃત પ્રબંધે મયણાસુંદરી પાણિગ્રહણે, શ્રીસિદ્ધચક્ર આરાધનાત્ નિરોગત્વ પ્રાપ્તિ શ્રીકમલપ્રભા મિલન સ્વવ્યતિકર કથનેત્યાદિ વર્ણનો નામ પ્રથમ ખંડઃ સમાપ્તઃ ॥
સર્વ ગાથા ॥ ૨૮૨ ॥ ઇતિ ॥ ॥ છ ॥



श्रीसद्गुरुभ्यो नमः

अथ

श्रीश्रीपालचरित्रे द्वितीयखंड प्रारंभः

॥ दोहा ॥

सिद्धचक्र आराधतां, पूरे वंछित कोड ॥ सिद्धच-
क्र गुन मन वस्युं, विनय कहे कर जोड ॥ १ ॥

अर्थः– श्री सिद्धचक्रनुं आराधन करतां थकां मनना वंछित कोड सर्व पूर्ण थाय, माटेज श्रीविनयविजय उपाध्यायजी बे हाथ जोडीने कहे छे के, तेज श्रीसिद्धचक्र म्हारा मनमां वस्यो ॥ १ ॥

सारद सार दया करी, दीजें वचन विलास ॥ उत्त-
र कथा श्रीपालनी, कहेवा मन उल्लास ॥ २ ॥

अर्थः– वली हवे श्रीपाल राजानी (उत्तर के०) आगल कथा कहेवाने माहारूं मन उल्लसित थयुं छे. माटे हे (सारद के०) शारदा माता महारा उपर (सार के०) प्रधान श्रेयस्कारी दया करीने वचन रचनानुं विलासपणुं आपो ॥ २ ॥

एक दिन रमवा नीकल्यो, चहुटे कुमर श्रीपाल ॥
सजल सैन्यसुं परवर्यो, यौवन रूप रसाल ॥ ३ ॥

अर्थः– हवे एक दिवसें (सजल के०) महोटा सैन्ये करी परवर्यो थको, यौवन अवस्थावंत, रसाल रूप छे जेनुं एवो श्रीपालकुमर रमवाने माटे चहुटामांथी (निकल्यो के०) जाय छे ॥ ३ ॥

मुख सोहे पूरण शशी, अर्धचंद्र सम भाल ॥ लो-
चन अमिय कचोलडां, अधर अरुण परवाल ॥४॥

ने होठ ते परवाला सरखा (अरुणके०) लालवर्णे क
रीने शोभे छे ॥ ४ ॥

त . । ...ठ मनोहर कंबु ॥ पुर -

. ध्य तट, भुज भो ल.

अर्थः- जेवी दाडिमनी कलिओ शोभे, ते सरखा दांत शो

कंठ तो मनोहर (कंबुके०) शंखना जेवो शोभे छे. (पु

नगरना दरवाजाना कमाडनी पेरें जेनुं हृदय तट शोभे छे, अने ते
दरवाजानी भोगल सरखी (लंबके०) लांबी थकी जे भुजाओ
शोभे छे ॥ ५ ॥

कडलंक केहरि समो, सोवन वन्न शरीर ॥ फूल झरे
मुख बोलतां, ध्वनि जलधर गंभीर ॥ ६ ॥

अर्थः- केडनो लंक ते केसरी सिंह सरखो शोभे छे, शरीरनो
वान सोना सरखो शोभे छे, मुखें बोलतां जाणीयें फूल झरी नीचें
पडतां होय नहीं! तेवां वचन मुखमांथी निकलतां शोभे छे वली
(जलधरके०) मेघ सरखो गंभीर (ध्वनिके०) स्वर छे जेनो एवो
श्रीपाल कुमर चहुटामांथी चाल्यो जाय छे ॥ ६ ॥

थोक थोक चहुटे मल्या, रूपें मोह्या लोक ॥ म्हेल
गोख मेडी चडे, नरनारीना थोक ॥ ७ ॥

अर्थः- ते श्रीपालना रूप उपरें मोह पाम्या थका तेने जो-
घणा लोक ठेकाणां मल्यां छे.
क गोख उपर, कोई मेडी
थया छे ॥
॥ ७ ॥

मुग्धा पूछे मायने, मा ए कुण अलिराम ॥
ईन्द्र चन्द्र के चक्कवे, श्याम राम के काम ॥८॥

अर्थः– ते समयें कोईक (मुग्धाके०) बालिका, श्रीपालने जोईने पोतानी माताने पूछे छे के हे माताजी! आ (अलिरामके०) मनोहर रूपवंत पुरुष ते कोण छे! ईन्द्र छे! के चन्द्र छे! के चक्रवर्त्ती छे! के (श्याम के०) श्रीकृष्ण छे! के रामचंद्रजी छे! के कामदेव छे! ॥८॥



माय कहे मोटे स्वरें, अवर म झंखे आल ॥ जाये
जमाई रायनो, रमवा कुंवर श्रीपाल ॥९॥

अर्थः– एवी पोतानी पुत्रीनी वाणी सांभलीने तेनी माता मोटे स्वरें करी कहेवा लागी के, हे वत्स! तुं (अवरके०) बीजा आलपंपाल (मझंखेके०) म बोल, एतो आपणा राजानो जमाई श्रीपालकुमर छे, ते रमवाने जाय छे ॥९॥

वचन सुणी श्रीपालने, चित्तमां लागी चोंक ॥
धिग सुसरा नामें करी, मुज ओलखावे लोक ॥१०॥

અર્થઃ– નીતી શાસ્ત્રમાં તો ને પોતાને ગુણે ઓળખા

ત , ન ં ૨

ણ્યા છે, તથા ને (માઊલ ઙ•) મામાને

॥ ઢાલ પહેલી ॥

॥ ચતુર સનેહી મોહના ॥ એ દેશી ॥

ચપલ ચિત્ત શ્રી

અર્થઃ– એમ ચપલ [

॥મોસસરો જોલાવે છે ॥ ૧ ॥



અર્થઃ- કે હે રાજન્ ! આજ તમને કોઈયેં રીશવ્યા છે, અથવા કોઈયેં તમારી આજ્ઞા લોપી છે, કે જે થકી તમે કાંઈક આમણ દૂમણા દેખાઓ છો. પણ તમારે ચરણે અમારા પ્રાણ છે માટે જે હોય તે ખરે ખરું અમોને કહો ॥ ૨ ॥

ચિત્ત ચાહો તો આપણું, લીજેં ચંપારાજ રે ॥ છઠે પ્રયાણેં ચાલીજેં, સજલ સૈન્ય લઈ સાજ રે ॥ કું॰ ॥ ૩

અર્થઃ- જો તમારા ચિત્તમાં ચાહના હોય તો ઈહાંથી સજલ એટલે મહોટા સૈન્યનું સહાય લઈને છઠે પ્રયાણેં ચાલીયેં અને આપણું ચંપાનગરીનું રાજ્ય લઈ લહિયેં ॥ ૩ ॥

કુંવર કહે સુસરા તણે, બલેં ન લીજેં રાજ રે ॥ આપ પરાક્રમ જિહાં નહીં, તે આવે કુણ કાજ રે ॥ કું॰ ॥ ૪ ॥

અર્થઃ- તે સાંભલી કુમર બોલ્યો કે સસરાને બલેં રાજ્ય લહીયેં નહીં. કારણ કે જિહાં પોતામાં પરાક્રમ ન હોય તિહાં પારકું પરાક્રમ તે શ્યા કામમાં આવે ॥ ૪ ॥ દોહા ॥ જે નરમેં પરાક્રમ નહીં, તે નર પશુ સમાન ॥ બાલ ખેલાવે તાહકું, જૈસેં લિખિત ચિત્રામ ॥ ૧ ॥ જેતી પાંતી બીનતી, વાંસા કેરી લજ્જ ॥ હાથે તુરી ન પલાણિયાં, એ ગાંચે નાવે કજ્જ ॥ ૨ ॥

તેહ ભણી અમેં ચાલશું, જોશું દેશ વિદેશ રે ॥ ભુ-

નિજબલેં લખમી લહી, કરશું સકલ વિશેષરે ॥૫॥

અર્થઃ- તે ભણી અમે ઈહાંથી ચાલશું તે દેશ વિદેશ જોશું અને તિહાં પોતાની ભુજના બલથી લક્ષ્મી પેદા કરીને પછી ચિત્તમાંહે જે ધાર્યું છે, તે સર્વ કાર્ય વિશેષ કરશું ॥ ૫ ॥

માય સુણી આવી કહે, હું આવીશ તુઝ સાથરે ॥
ઘડીયન ઘીઇં એકલો, તુંહિજ એક મુઝ આથરે ॥૬॥

અર્થઃ- તે વાત શ્રીપાલની માતાયેં સાંભલી તેવારેં આવીને કહેવા લાગી કે, હે પુત્ર! હું પણ તમારી સાથેં આવીશ. હવે તો એક ઘડી માત્ર પણ તુજને એકલો છૂટો મૂકું નહીં કેમ કે મહારે તો (આથકે૦) પુંજીમાં એક તુંજ છો ॥ ૬ ॥



કુંઅર કહે પરદેશમાં, પગબંધણ ન જાયરે ॥
તિણે કારણ તમે ઈહાં રહો, દ્યો આશીશ પસાયરે ॥૭

અર્થઃ- તે સાંભલી કુમર કહેવા લાગ્યા કે, હે માતાજી પરદેશમાં જે પગબંધન હોય તો જવાય નહીં એટલે કાંઈ કમાઈ શકાય નહીં, તે કારણે તમે ઈહાંજ રહો અને મહારા ઊપર પસાય કરીને આશીષ આપો.૭

માય કહે કુશલા રહો, ઊત્તમ કામ કરજોરે ॥ ભુજબલેં વયરી વશ કરી, દરિસણ વહેલું દેજોરે ॥ શ્રી૦॥૮

અર્થઃ- તે વારેં માતાજી કહેવા લાગ્યાં કે, હે પુત્ર! તમેં પરદેશમાં કુશલેં રહો અને ઊત્તમ કામ કરજો. પોતાની ભુજબલેં શત્રુને વશ કરી ફરી વહેલા આવી અમને દર્શન દેજો ॥ ૮ ॥

સંકટ કષ્ટ આવી પડે, કરજે નવપદ ધ્યાનરે ॥ રયણી

રહેજે જગતા, સર્વ સમય સાવધાન રે ॥ શ્રી૦ ॥ ૯ ॥

અર્થઃ– પરદેશમાં સંકટ કષ્ટ આવી પડે તો નવપદનું ધ્યાન કરજે, રાત્રિયેં જગતા રહેજે, સર્વ સમયેં સાવધાન રહેજે ॥ ૯ ॥

અધિષ્ઠાયક સિદ્ધચક્રના, જેહ કહ્યાં છે ગ્રંથેંરે ॥ તે

સવિ દેવી દેવતા, યતન કરો તુમ પંથેંરે ॥ શ્રી૦ ॥ ૧૦ ॥

અર્થઃ– વલી શ્રીસિદ્ધચક્રના અધિષ્ઠાયિક જે, ગ્રંથો માંહે કહેલાં છે, તે સર્વ દેવી દેવતા પ્રમુખ પંથને વિષે તમારૂં યત્ન કરો ॥ ૧૦ ॥

એમ શિખામણ દેઈ ઘણી, માતા તિલક વધાવેરે ॥

શબ્દ શુકન હોએ ભલા, વિજય મુહૂરત પણ આવેરે ૧૧

અર્થઃ– એ રીતેં માતા ઘણી શીખામણ આપીને કુમરને મંગલિક ને અર્થે તિલક વધાવતી હવી. તે વખત પ્રયાણને અર્થે શબ્દ અને શકુન પણ સર્વ રૂડાં થયાં અને મુહૂર્ત્ત પણ વિજય એટલે જયનું રૂડું આવ્યું ॥ ૧૧ ॥

રાસ રચ્યો શ્રીપાલનો, તેહને બીજે ખંડેરે ॥ પ્રથમ

ઢાલ વિનયેં કહી, ધર્મઉદય તિથિ મંડેરે ॥ શ્રી૦ ॥ ૧૨ ॥

અર્થઃ– એ શ્રીપાલના રાસની રચના કરી તેની બીજા ખંડને વિષે પહેલી ઢાલ શ્રીવિનયવિજય ઉપાધ્યાયજીયેં કહી. કવીશ્વર કહે છે. કે હે ભવ્ય જીવો! જેવારેં સ્થિતિનો પરિપાક થાય, તેવારેં તે પરિપાક સ્થિતિના ઉદયથી જીવ ધર્મમાં મંડે એટલે ધર્મમાં જોડાય ધર્મમાં પ્રવર્ત્તે ॥ ૧૨ ॥

॥ દોહા ॥

હવે મયણા ઈમ વીનવે, તુમશું અવિહડ નેહ ॥ અ-

લગી ક્ષણ એક નવિ રહું, જિહાં છાયા તિહાં દેહ ॥૧॥

અર્થઃ- હવે મયણાસુંદરી આવીને આવી રીતેં વિનતિ કરે છે જે હે સ્વામી! તમારી સાથેં મહારે અવિચલ સ્નેહ છે, માટે એક ક્ષણ માત્ર પણ હું તમારાથી અલગી રહું નહીં. જેમ જે સ્થાનકેં છાયા હોય, તે સ્થાનકેં શરીર પણ હોય. એ દૃષ્ટાંતેં જિહાં તમારો દેહ હશે તિહાંજ તમારા દેહની છાયા રૂપ હું રહીશ ॥૧॥ યતઃ ॥ યત્ર ત્વં તત્ર મે પ્રાણા, શરીરં મમ કેવલં ॥ ધારિતં પ્રેમ યોગેન, વારિણાં કમલં યથા ॥ ૧ ॥



અગ્નિ સહેતાં સોહિલો, વિરહ દોહિલો હોય ॥
કંત વિછોહી કામિની, જલણ જલંતી જોય ॥૨॥

અર્થઃ- હે સ્વામી સ્ત્રીઓને અગ્નિ સહન કરવો પડે તે સુલભ છે, પરંતુ સ્વામીનો વિરહ ખમવો પડે તે મહા દુર્લભ હોયછે. કંત જે ભરતાર તેથી વિછોહ પામેલી એવી જે (કામિની કે૦) સ્ત્રી તે (જલણ જલંતી કે૦) જલતા અગ્નિ સરખી (જોય કે૦) જોવી એટલે અગ્નિની પરે જલતી હોય એવી જાણવી ॥ ૨ ॥

કહે કુંઅર સુંદરિ સુણો, તું સાસૂ પય સેવ ॥ કાજ
કરી ઊતાવલો, હું આવું છું હેવ ॥૩॥

અર્થઃ- એવું સાંભલી કુમર કહેવા લાગ્યો કે, હે સુંદરી હું કહું છું તે તું સાંભલ જે હાલ તું તાહારી સાસુના ચરણની સેવા કર, અને હું ઊતાવલથી મહારૂં ચિંતવેલું કાર્ય કરીને (હેવ કે૦)

તુરત પાછો આવું છું ॥ ૩ ॥

મન પાખે મયણાં કહે, પિતુ તુમ વચન પ્રમાણ ॥
છે પંજર શૂનૂં પડ્યું, તુમ સાથે મુજ પ્રાણ ॥ ૪ ॥

અર્થઃ- એવું પતિનું વચન સાંભળીને યદ્યપિ એકલી રહેવાનું મન નથી તથાપિ સ્વામીનું વચન ઉલ્લંઘન ન થાય માટે મન વિના મયણાસુંદરી કહેવા લાગી કે, હે સ્વામી ! તમારૂં વચન મ્હારે પ્રમાણ છે. પણ આ મ્હારા શરીર રૂપી પાંજરૂં તે શૂન્ય પડ્યું છે અને મ્હારા પ્રાણ તો તમારી સાથેજ છે એમ નિશ્ચયથી જાણજો ॥ ૪

॥ ઢાલ બીજી ॥

॥ કોસ્યા ઉભી આંગણે ॥ એ દેશી ॥

વાલમ વેહેલારે આવજો, કરજો મારી સારરે ॥
રખેરે વિસારી મૂકતા, લહી નવ નવી નારરે ॥
વાલમ૦ ॥ ૧ ॥

અર્થઃ- હે વાલમ ! પરદેશેં જાઓ છો પરંતુ મ્હારી સાર સંભાળ કરવા માટે તિહાંથી વહેલા આવજો. કેમ કે તમે ભાગ્યવંત પુરૂષ છો તે દેશ દેશને વિષે નવનવી સ્ત્રીયો પામીને રખે ને મને વીસારી મૂકતા ! ॥ ૧ ॥

આજથી કરીશ એકાસણું, કરશો સચિત પરિહારરે ॥ કેવલ ભૂમિ સંથારશું, તજ્યાં સ્નાન શણગારરે ॥ વાલમ૦ ॥ ૨ ॥

અર્થઃ- હે સ્વામી ! આજથી માંડીને હું દિન પ્રત્યેં એકાસણું કરીશ, વલી સચિત્ત વસ્તુ ખાવાનો પરિહાર કર્યો. તથા સૂવાને માટે સંથારો પણ નિઃકેવલ એક પૃથ્વી ઉપરજ કરીશ, પરંતુ

गोदडा आदिक बिछाना ऊपर नहीं सुवुं. वली स्नान करवुं, तथा शणगार सजवो, ते पण में आजथी तज्यां अटले तेनो हुं आजथी त्याग करुंछुं ॥ २ ॥

ते दिन वलि कदी आवशे, जिहां देखीश पियु पायरे ॥ विरहनी वेदना वारशुं, सिद्धचक्र सुपसायरे ॥ वा० ॥ ३

अर्थः– हे प्रभु ते दिवस वली क्यारे आवशे के जे दिवसें हुं महारा स्वामीना चरणकमल देखीश? पण ए सर्व महारी विरहरूप वेदनाने श्रीसिद्धचक्रना सुपसाय थकी (वारशुं के०) निवारण करशुं ॥ ३

सज्जन वोलावी इणिपरें, लेई ढाल कृपाणरे ॥ चंन्द्रनाडी स्वर पेसते, कुंअरे कीध प्रयाणरे ॥ वा० ॥ ४

अर्थः– हवे पोताना सज्जन ने सगां संबंधि तेने पाछां वालीने आवी रीतें हाथमां ढाल तरवार लईने चंन्द्रनाडीनो स्वर पाछो पेसते एटले सूर्यनाडी वहे ते थके श्रीपालकुमरें परदेशे प्रयाण कीधुं ॥ ४ ॥ उक्तंच ॥ पूजा-द्रव्यार्जनो द्वाहे, दुर्गादि सरिदाक्रमे ॥ गमागमे जीविते च, गृहे क्षेत्रादि संग्रहे ॥ १ ॥ क्रयविक्रयणे वृष्टौ, सेवा कृषिवले तथा ॥ विद्या पट्टाभिषेकादौ, शुभार्थेच शुभः शशी ॥ २ ॥ प्रश्ने प्रारभिणे वापि, अर्थाणां वामनाशिका ॥ पूर्णवायोः प्रवेशश्च, त्तद्यसिद्धिर संशयः ॥ ३ ॥



देश पुर नगरना नवनवा, जोतो कौतुक रंगरे ॥ ए

કલો સિંહપરૈ મ્હાલતો, ચઢ્યો એક ગિરિશ્રૃંગરે ॥વા૦॥૫

અર્થઃ- હવે આગલ ચાલતાં માર્ગમાં જે જે દેશ, પુર, નગર આવેછે, તિહાં નવનવા કૌતુક અને નવનવા રંગ જોતો થકો નિર્ભયપણે એકલો સિંહની પેરેં ચાલતો થકો એક ગિરિ કહેતાં પર્વત તેના (શ્રૃંગકે૦) ટુંક ઉપર ચડ્યો ॥૫॥

સરસ શીતલ વન ગહનમાં, તિહાં એક ચંપક છાંહરે ॥ જાપ જપતો નર પેખીઓ, કરી ઊર્ધ્વ નિજ બાંહરે ॥ વાલમ૦ ॥ ૬ ॥

અર્થઃ- તિહાં એક નંદનવન જેવા ગહન વનને વિષે ઘણા વૃક્ષોના ગહનમાં રસેં કરી સહિત છે ફલ ફૂલ જેનાં તથા જેની ઉપર કોયલ પ્રમુખ પક્ષીઓ ક્રીડા કરી રહ્યાં છે એવો જિહાં ચંપકનો વૃક્ષ દીઠો તિહાં આવી ઊભો, તેવામાં તે વૃક્ષની નીચેં છાયા માંહે પોતાની ભુજાઓ ઊંચી કરેલી એવી સંજ્ઞાયેં જડેલો જાપ જપતો થકો એક સુંદર પુરૂષ શ્રીપાલકુમરે (પેખ્યોકે૦) દીઠો ॥ ૬ ॥



जप पूरो करी पुरुष ते, बोल्यो करी परणामरे॥सु-
पुरुष तुं भलें आवीओ, सर्युं माहरुं कामरे॥वा॰७

अर्थः- ते पुरुष पण जप पूर्ण करी श्रीपाल कुमरने प्रणाम करी बोल्यो के हे पुरुष ! तुं भलें ईहां आव्यो, हवे महारुं काम सर्युं एम हुं जाणुं छुं ॥ ७ ॥

कुंअर कहे मुज सारिखुं, कहो जेह तम कामरे॥ घणे आगें उपगारने, दीधां देह धन रामरे ॥ वा॰॥८॥

अर्थः- तेवारें कुमरें कह्युं के महारा सरखुं जे तमारुं कांई काम होय ते मने कहो शा माटे जे आगल घणा रुडा पुरुषोयें परोपकारने माटे पोताना (देहके॰) शरीर, धन अने राज्य पण दीधां छे ॥ ८ ॥

तेह कहे गुरु कृपा करी घणी, विद्या एक मुज दीधरे॥
घणो उद्यम कर्यो साधवा, पण काज नहीं सिद्धरे॥९

अर्थः- ते सांभली साधक पुरुष कहे छे के, महारा उपर गुरुयें महोटी कृपा करीने मने एक विद्या आपी छे. तेने साधवानो में घणोयें उद्यम कर्यो, पण कार्य सिद्ध न थयुं ॥ ९ ॥

उत्तर साधक नर विना, मन रहे नहीं ठामरे॥ तिणे तुम एक करुं वीनती, अवधारिएं स्वामरे॥१०॥

अर्थः- कारण के उत्तर साधक मनुष्य कोई महारी पासें न होवाथी महारुं मन स्थिर रहेतुं नथी माटे तमने एक विनंति करुं छुं ते स्वामी तमे अवधारो ॥ १० ॥

कुंअर कहे साध्य विद्या सुखें, मन करी थिर थोभरे॥
उत्तरसाधक मुज थकां, करे कोण तुज क्षोभरे॥वा॰११

अर्थः- कुमर कहेवा लाग्यो के, तमारुं मन स्थिर थोभ करीने

तुमें विद्या साधन कर. हुं ऊत्तर साधक थको जोऊं कोण तुजने क्षोभ पमाडे छे? ॥ ११ ॥

कुंवरना सहायथी तत्खिणें, विद्या थई तस सिद्धरे ॥ ऊत्तम पुरुष ने आदरे, तिहां होऐ नवनिद्धरे ॥ १२

अर्थः— हवे कुमरना सहायथकी तत्क्षण तेज क्षणावारमां ते विद्या तेने सिद्ध थई ने माटे ऊत्तम पुरुष ने कांई आदरे, तिहां नवेनिधि प्रगट थाय ॥ १२ ॥

कुंअरने तेणे विद्याधरें, दीधी ओषधि दोयरे ॥ ऐक जलतरणी अवरथी, लागे शस्त्र नहीं कोयरे ॥ वा० १३

अर्थः—पछी ते विद्याधरें प्रसन्न थईने कुमरने जे औषधि ओ आपी तेमां ऐक जलतरणी ऐटले अगाध पाणीमां पडे तो पण बूडे नहीं. अने बीजी (अवर के०) बीजा पुरुषथी कोई शस्त्र अस्त्र लागे नहीं ॥ १३ ॥

कुंअर विद्याधर दोय जणा, चाल्या परवत मांहिरे ॥ धा तुरवादी रस साधता, दीठा तिहां तरु छांहिरे ॥ वा० ॥ १४

अर्थः— हवे कुमर अने विद्याधर ऐ बेहु जणा आगल पर्वत मांहे चाल्या तिहां ऐक वृक्षनी छायामां जेटा धातुरवादी पुरुषो सुवर्णरसने साधता थका दीठा ॥ १४ ॥

तेह विद्याधरने कहे, तुमें विधि कह्यो जेहरे ॥ तेणे विधि जपऊमें बहु कर्यो, न पामे सिद्धि ऐहरे ॥ वा० १५

अर्थः— ते धातुरवादीयो विद्याधरने कहेवा लाग्या के, हे स्वामी! तमें जे विधि कह्यो हतो ते विधियें अमें घणो (जप के०) ऊद्यम कर्यो परंतु ऐ काम सिद्धि पाम्युं नहीं. ॥ १५ ॥

कुंअर कहे मुज देखतां, वली ऐक करो विद्धिरे ॥ कुं-

અર્થઃ- કુંઅર કહેવા લાગ્યા કે, વલી એકવાર મ્હારી દેખતાં થકાં ફરી તમેં એ વિધિ કરો. તેવારેં કુંઅરેં નવપદનું ધ્યાન કર્યું તેથી તે-

અર્થઃ- તે દેખી ધાતુર્વાદીયો કહેવા લાગ્યા કે તમારા પ્રભાવથ-

અર્થઃ- કુંઅર કહે છે કે મ્હારે તો એનો ખપ નથી, ફોકટ લાશ

અર્થઃ- હવે કુંઅર તિહાંથી ચાલ્યો થકો અનુક્રમે ભરૂઅચ નગ-

અર્થઃ- તથા સોનાનું તાવિત કરાવી તેમાં તે બન્ને ઔષધિઓ મઢી-

અર્થઃ- એ રાસનો બીજો ખંડ તેની એ બીજી ઢાલ પૂર્ણ થઈ વાચકજી કહે છે કે, ધર્મના પ્રભાવથી જીવને જ થાય. જેમ શ્રીપાલ રાજાને સુખ થયું તેમ જાણી લેવું ॥૧॥

॥ દોહા ॥

અર્થઃ- હવે અન્ય અધિકાર કહે છે. એ અવસરને વિષે ઓસંજી

પાસેં અનર્ગલ દ્રવ્ય છે, માટે લોક તેને ઈન્દ્રનો ભંડારી કુબેર એવે

અર્થઃ- તે શેઠ (શકટ કે૦) ગાડા તથા ઊંટની પોઠો અને (ગા-

અર્થઃ— એવી રીતે તે શેઠે સર્વ વસ્તુઓ વેચીને ફરી બીજી વ-
સ્તુઓ બહુ પ્રકારની લીધી. પછી વલી ધનના લોભેં કરી પરદ્વીપેં જ-
વા માટે જલમાર્ગે પ્રવહણ પૂરવા માટે (સજલ કે૦) મ્હોટાં વાહાણો
બનાવવાની સામગ્રી કીધી ॥ ૩ ॥

એક જુંગ વહાણ કિયું, કુઆ થંભ જિહાં સઠ્ઠ ॥
કુઆ થંભ સોલે સહિત, અવર જુંગ અડસઠ્ઠ ॥ ૪ ॥

અર્થઃ— તેણેં એક જુંગ જાતિનું મ્હોટું વહાણ કર્યું જેના શાઠ
કૂવા થંભા છે. તથા શોલ શોલ કૂઆ થંભાયેં કરી સહિત એવાં (અ-
વર કે૦) બીજાં જુંગ જાતિના અડશઠ વહાણ કર્યાં ॥ ૪ ॥

વડસફરી વહાણ ઘણાં, બેડા વેગડ દ્રોણ ॥ શિલ્લ
ખુર્પ્પ આવર્ત્ત ઇમ, ભેદ ગણે તસ કોણ ॥ ૫ ॥

અર્થઃ— વલી (વડસફરી કે૦) મ્હોટી સફરના કરનારાં એવાં ઘણા
એટલે એકશો વહાણ કર્યાં. તથા (વેગડ કે૦) વેગડિ જાતિના (બેડા
કે૦) વહાણ ૧૦૮ કર્યાં. તથા દ્રોણમુખ જાતિનાં ચોરાશી વહાણ
કર્યાં. તથા શિલ્પ જાતિનાં ચોપન વહાણ કર્યાં છે, તથા ખુર્પ જાતિ-
નાં ખુરપાને આકારે હોય તેવાં પાંત્રીશ વહાણ કર્યાં છે, તથા આ-
વર્ત જાતિનાં લાંગે નહીં એવાં પચ્ચાશ વહાણો કરાવ્યાં છે. એમ
અનેક જાતિનાં વહાણ કરાવ્યાં છે, તેના ભેદ કોણ ગણી શકે ? અ-
ર્થાત્ તે વહાણોનું વર્ણન કરી શકાય નહીં ॥ ૫ ॥

ઇણિ પરિ પ્રવહણ પાંચશેં, પૂર્યાં વસ્તુ વિશેષ ॥ ૦)
વહાણો
બંદર માંહે આણિયાં, પામી નૃપ આદેશ ॥ ૬ ॥ કાણના નુ-

અર્થઃ— એ રીતેં શ્રીપાલના ચરિત્રમાં એકંદર પાંચશેં
મેલ કહ્યો છે તે વિશેષ વસ્તુયેં કરી (પૂર્યાં કે૦) ભર્યાં તે **॥ નાલ**
રાજાનો આદેશ પામીને બંદરમાં લાવ્યા ॥ ૬ ॥

માલિમ પટ પુસ્તક જુએ, સૂબાણી સૂબાણ ॥ ૭ ॥

૭

અર્થઃ- વલી તે વહાણને વિષે જે માલમ છે તે પાંજરીયેં જેડા જેડા પટ તથા પુસ્તક જૂએ છે, તથા સુજાણી લોક છે તે સુજાણને

સુમાર કાહાડી રહ્યા છે ॥ ૭ ॥

કરે કરાણી સાચવણ, નાખૂદા લે ન્યાઉ ॥ વાયૂ-
પરખે પંજરી, નેજમાં નિજ દાઉ ॥ ૮ ॥

અર્થઃ- કરાણી પુરૂષો છે તે માલની સાચવણ કરે છે, નાખુદા છે તે શાણ પ્રમુખ અનેક કામના ન્યાય લે છે, પાંજરી પુરૂષો છે તે વાયુની પરીક્ષા કરે છે, અને કૂવાઓની ઉપર જે (નિજમાં કે૦) વાવટા છે તે પોતાને દાવ આવે તેમ ફર્યા કરે છે. અથવા નેજમા એટલે પોરાયત તે (નિજદાઓ કે૦) પોતાને યોગ્ય કામ કર્યા કરે છે ॥ ૮ ॥

ખરી મસાગતિ ખારૂઆ, સજ્જ કરે સઢ દોર ॥ હલ-
ક હલેસાં હલવે, બહુ બેડા બિહુ કોર ॥ ૯ ॥

અર્થઃ- વલી ખારૂઆ લોક છે તે (ખરી મસાગતિ કે૦) ખરે-
ખરી મેહનત કરીને સઢ તથા દોરડાને સજ્જ કરે છે. એમજ (હલક કે૦)
ખ શ તે હલેસાં હલાવતાં થકાં (બહુ કે૦) ઘણા જનો બેહુ કિ-
તુકેં જેડા છે ॥ ૯ ॥

ડાં કે૦)
ડિ કે૦) લઈ **ખન વાવટા, શિર કરે ચામર છત્ર ॥ વાહ**
સર્વે વેષીને **શણગારિયાં, માંહિ વિવિધ વાજિંત્ર ॥ ૧૦ ॥**

વસ્તુ સ- વલી વાહાણના શિર ઉપર પંચરંગી ધ્વજાઓ અને
નવવ ડી રહ્યા છે ત્યાં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે જાણીયેં વાહાણ-

नी (पांति कें०) हारो मूकेली छे ते कहेवीओ छे तो के (वथरी कें०)

०)

१२

अर्थः– वली ते वहाणोमां (सनूरा कें०) नूरें एटले तेनें करी

१२

अर्थः– तेमज (इंधण कें०) लाकडा एटले सरपण (नल कें०)

અર્થઃ– હવે સર્વ વાહાણનાં નાંગર ઊપાડવાને અર્થે (જમકે૦)

વહાણોની તોપો છૂટીયો તેથી તિહાં નાલોનો સમજાલે

ંગરી, કરે બરાબર જોર ।। ૫૯

અર્થઃ– તિહાં સર્વે વહાણોનાં નાંગરી એટલે નાંગરના ઊપાડનારા



અર્થઃ- તે જોઈ ધવલશેઠ ઝાંખો થયો તેના ચિત્તમાંહે ચિંતા સમાતી નથી એવી અગણિત ચિંતા ઊપની તેથી શીકોતર માતાને પૂછવા ગયો કે, હે માતાજી હવે મ્હારે કેમ કરવું ? ॥ ૧૬ ॥

શીકોતર કહે શેઠ સુણ, વહાણ થંભ્યાં દેવ ॥ છોડે
બત્રીશ લક્ષણા, પુરૂષ તણો બલિ લેવ ॥ ૧૭ ॥

અર્થઃ- તેવારેં શીકોતર માતાના પૂજારા દાવ જોઈને કહેવા લાગા કે હે શેઠ! તું સાંભલ. આ તાહારાં વાહાણ કોઈ દેવતાયેં સ્થંભાવ્યાં છે, માટે તે કોઈ બત્રીશ લક્ષણા પુરૂષનું બલીદાન લેહેશે. ત્યારેં તાહારા વાહાણને છોડશે, છૂટાં કરશે.

॥ ઢાલ ત્રીજી ॥

॥ શ્રેણિક મન અચરિજ થયો ॥ એ દેશી ॥

ધવલ શેઠ લેઈ ભેટણું, આવ્યો નરપતિ પાયરે ॥ કહે
એક નર મુજને દિયો, જેમ બલિ બાકુલ થાયરે ॥ ધવ૦ ૧

અર્થઃ- તે સાંભલી ધવલ શેઠ ભેટણું લઈને લઇઅચેના રાજા પાસેં આવી કહેવા લાગ્યો કે, મુજને એવો એક બત્રીશ લક્ષણો પુરૂષ આપો કે જેમ તેનો બલિ બાકુલ દેવીની આગલ થાય એટલે દેવીને હું બલિ બાકુલ આપું.



રાય કહે નર તે દિયો, સગો નહીં જસ કોયરે ॥ બ-
લિ કરજો ગ્રહી તેહને, જે પરદેશી હોયરે ॥ધ૦॥૨॥

અર્થઃ— તે સાંભલી રાજાયેં કહેવા માંડ્યું કે હે શેઠ! જેનો કોઈ સગો સંબંધિ મહારા નગરમાં ન હોય. તથા વલી જે પરદેશી હોય તે પુરૂષ હું તમને આપું છું. તેને (ગ્રહી કે૦) પકડીને તેનું બલિદાન કરજો ॥ ૨ ॥

સેવક ચિહું દિશિ શેઠના, ફરે નયરમાં જોતારે ॥ કું-
અર દેખી શેઠને, વાત કહે સમ હોતારે ॥ધવ૦॥૩॥

અર્થઃ— એવી રાજાની આજ્ઞા પામીને ધવલશેઠના સેવક ભરૂઅચ નગરમાં ચારે દિશાયેં તેવા માણસને જોતા ફરે છે. એટલામાં શ્રીપાલ કુમરને દેખીને સેવક પુરૂષ (સમ હોતા કે૦) હર્ષ પામતા થકા આવીને શેઠ પ્રત્યેં વાત કહેતા હવા ॥ ૩ ॥

દીઠો બત્રીશ લક્ષણો, પુરૂષ એક પરદેશીરે ॥ કહો
તો ઝાલી આણીયેં, શુદ્ધ ન કો તસ લેશીરે ॥ધ૦॥૪

અર્થઃ— કે હે શેઠ અમેં એક પરદેશી બત્રીશ લક્ષણો પુરૂષ દીઠો છે, તેની શુદ્ધિ લેનાર કોઈપણ નથી, માટે તમેં કહો તો તેને પકડી લાવીયેં ॥ ૪ ॥

ધવલ કહે આણો ઇહાં, મ કરો ઘડિય વિલંબરે ॥ બ
લિ દેઈને ચાલિયેં, વહાર નહિં તસ બુંબરે ॥ધ૦॥૫

અર્થઃ— એવું સાંભલી ધવલશેઠ સેવકોને કહેવા લાગ્યો કે, જાઓ તેને આહીં પકડી લાવો. એ કામમાં એક ઘડીની પણ વિલંબ મ કરો. કેમકે આપણે તે પુરૂષનું બલિદાન આપીને તુરત ઇહાંથી ચાલીયેં તેની (વાહર કે૦) વાર કરનાર સંભાલ લેનાર પણ કોઈ નથી તથા બુંબ પણ કોઈ સાંભલનાર નથી ॥ ૫ ॥

[illegible]

અર્થઃ– એવો શેઠનો હુકુમ થવાથી દશ હજાર સુભટ સામટા [illegible] ઠપણે કટુક વચન કુંઅર આગલ પ્રકાશવા લાગ્યા ॥ ૬ ॥

ઊઠ આવ્યું તુજ આઊખું, ધવલ ધિંગ તુજ રૂઠો
રે ॥ બલિ કરશે તુજને હણી, મ કર માન મન
જૂઠો રે ॥ ધવ૦ ॥ ૭ ॥

અર્થઃ– કે અરે ઊઠ હવે તાહારૂં આયુષ્ય આવી પહોચ્યું છે કેમ કે અમારો સ્વામી જે ધવલધિંગ તે તાહારા ઊપર રૂઠો છે. અમે તુજને હણીને બલિદાન કરશું. એ વાતમાં મનનું જુઠું માન મકર. એમાં જુઠું માનવાપણું તું તાહારા મનમાં કાંઈ સમજીશ નહીં માટે એમ મ કહને કે મને કહ્યો નહી અમે ક્ષત્રી જાણી તુજને કહ્યો છે ॥ ૭ ॥

બલિ નવિ થાયે સિંહનો, મૂરખ હૈયે વિમાસો રે ॥
ધવલ પશુનો બલિ થશે, વચને કાંઈ વિરાસો રે ॥ ૮ ॥

અ[illegible]:– [illegible] વચન સાંભલી [illegible] કહે [illegible] લાગ્યે કે, અરે [illegible] તમારા હૈયા [illegible] તુજ [illegible] સ્વામી ધવલ [illegible] તે [illegible] ટે તેનું [illegible] એમાં [illegible] [illegible]

[illegible]

અર્થઃ- એવા કુંઅરના વાંકાં વચન સાંભળીને તે સર્વ વચન

અર્થઃ- હવે અતુલ જળનો ધરનારો એવો કુંઅર એડલોન જેવા

૨

અર્થઃ- જેમ (લેંસા ઇ૰) પાડાઓ તે ક્ષેત્રમાં લડે તેવારેં ચારે

વાલ થાય છે ।। ૧૨ ।।

લાંબા થઈ, તે પુહવીએ પોઢેરે ॥ ધવ૦ ॥ ૧૩ ॥

અર્થઃ- હવે કુંઅર ને પુરૂષને તાકીને લાઠી અને લોઢે કરી મારે, તેથી તે (લહજહતા કે૦) લડથડતા લવતા લવતા લાંબા થઈને પૃથ્વીને વિષે પોઢી જાય ॥ ૧૩ ॥

મસ્તક ફૂટાં કેઈના, પડ્યા કેઈનાં દાંતરે ॥ કેઈ મુખે લોહી વમે, પડી સુભટની પાંતરે ॥ ધવ૦ ॥ ૧૪ ॥

અર્થઃ- ત્યાં કેટલાએક સુભટોનાં મસ્તક ફૂટ્યાં, કેટલા એકના દાંત પડી ગયાં, કેઈના મુખ થકી લોહી વહેવા લાગ્યું, એ રીતેં સુભટોની (પાંત કે૦) હાર પડતી હવી ॥ ૧૪ ॥

કેઈ પેઠા હાટમાં, કેઈ પોલમાં પેઠારે ॥ કેઈ દાંતે તરણાં દઈ, ગલિયા થઈને બેઠારે ॥ ધવ૦ ॥ ૧૫ ॥

અર્થઃ- કેટલાક સુભટ નાસીને હાટોમાં પેસી ગયા, કોઈક પોલમાં પેઠા, કેટલાએક દાંતે (તરણાં કે૦) તૃણ પ્રમુખ લઈને છૂટ્યા કેટલાએક ગલિયા બલદની પેરેં થઈને બેસી રહ્યા ॥ ૧૫ ॥

કેઈ કહે કાયર અમે, કેઈ કહે અમે રાંકરે ॥ કેઈ કહે મારો રખે, નથી અમારો વાંકરે ॥ ધવ૦ ॥ ૧૬ ॥

અર્થઃ- કેઈક સુભટ કહેવા લાગ્યા કે હે સ્વામી અમે કાયર છૈયેં, કેઈક કહે છે કે અમે રાંક છૈયેં, કેઈક કહે છે કે રખે અમને મારતા અમારો કાંઈ વાંક નથી ॥ ૧૬ ॥

કેઈ કહે પેટારથી, અશરણ અમે અનાથરે ॥ મુખે દિએ દશ અંગુલી, દે વલી આડા હાથરે ॥ ધવ૦॥

અર્થઃ- કેઈક કહે છે કે અમે પેટાર્થી છૈયેં, અમને કોઈનું શરણ નથી અમે અનાથ છૈયેં. કેઈકેં તો મુખે દશ આંગુલિ દીધી વલી કેઈકેં આડા હાથ દીધા ॥ ૧૭ ॥



धवल शेठ ते देखतां, आवी लाग्यो पायरे ।। देवस-
रूपी दिसो तुमे, करो अमने सुपसायरे ।। ध० ।। १८ ।।

अर्थः- धवल शेठ ते कृत्य देखतां थकां आवीने कुमरने पगें लाग्यो. अने कहेवा लाग्यो के हे स्वामी ! तमे तो कोई देवस्वरूपी देखाओ छो. माटे अमने रूडो पसाय करो ।। १८ ।।



महिमानिधि
मोटा तुमे, तु-
म जल शक्ति
अगाधरे ।।
अविनय की-
ध अम्हणतें
ते खमन्ने अ-
पराधरे ।। ध० ।। १

અર્થઃ— હે મહારાજ ! તમે તો મ્હોટા મહિમાના (નિધિ કે૦) ભંડાર છો. તમારૂં જલ અને શક્તિ તેનો પાર આવે નહીં એવી અગાધ છે. માટે હે સ્વામી ! મેં ને અજાણતાં થકાં તમારો અવિનય કીધો તે મ્હારો અપરાધ તમે ખમજો ॥ ૧૯ ॥

અવધારો અમ વીનતી, કરો એક ઉપગાર રે ॥ થંભ્યાં વાહણ તારવો, ઉતારો દુઃખ પાર રે ॥ ધવ૦ ॥ ૨૦ ॥

અર્થઃ— અમારી વિનતી અવધારીને એક ઉપકાર કરો કે અમારાં વહાણ થંભ્યાં પડ્યાં છે તેને તારી આપો. એ દુઃખરૂપ સમુદ્રથી અમને પાર ઉતારો ॥ ૨૦ ॥

કુંઅર કહે એ અમનું, શું દેશો મુજ ભાડું રે ॥ શેઠ કહે લાખ સોનૈયા, ખૂત્યું કાઢો ગાડું રે ॥ ધવ૦ ॥ ૨૧ ॥

અર્થઃ— એવાં શેઠનાં વચન સાંભળી કુંઅર કહેવા લાગ્યો કે, એ કામ તમારૂં અમેં કરી આપીયેં તેનું અમને શું ભાડું આપશો ? તે વારેં શેઠે કહ્યું કે લાખ સોનૈયા આપીશ પણ મ્હારૂં ગાડું ખુતું છે તે બાહેર કાઢી આપો ॥ ૨૧ ॥ યતઃ ॥ સુજનો ન યાતિ વિકૃતિં, પરહિત નિરતો વિનાશ કાલેપિ ॥ છેદેપિ ચંદન તરૂઃ, સુરભયતિ મુખં કુઠારસ્ય ॥ ૧ ॥ ઈતિ ॥

સિદ્ધચક્ર ચિત્તમાં ધરી, નવપદ જાપ ન ચૂકે રે ॥ વડ વાહણ ઉપર ચઢી, સિંહનાદ તે મૂકે રે ॥ ધવ૦ ॥ ૨૨ ॥

અર્થઃ— એવો ઠેરાવ કરી સિદ્ધચક્રને પોતાના ચિત્તમાં ધારણ કરી નવપદનો જાપ ચુકતો નથી, એવો શ્રીપાલ મ્હોટા વહાણ ઉપર ચડીને સિંહનાદને (મૂકે કે૦) કરતો હવો ॥ ૨૨ ॥ યતઃ ॥ કૃશોપિ સિંહો ન સમો ગજેંદ્રઃ, સત્વં પ્રધાનં નચ માંસ રાશિઃ ॥ અનેક વૃંદાનિ વને ગજાનાં, સિંહસ્ય નાદેન મદં ત્યજંતિ ॥ ૧ ॥ ઈતિ ॥

જે દેવી દુશમન હતી, દુષ્ટ ગઈ તે દૂર રે ॥ વહાણત

रयां करीने सर्यां, वाजे मंगल तूररे ॥धव०॥२३॥

अर्थः- तेणे करीने जे देवी दुश्मन हती ते दुष्ट दूर नती रही तेवारें वहाण तर्यां. तेथी सर्वनां अर्थ सर्यां, ते वजत मंगलिकनां वाजां वाग्यां ॥ २३ ॥

बीजे खंडे ढाल ए, त्रीजी चित्तमां धरजोरे ॥ विनय कहे वाहण परे, भवियण भवजल तरजोरे ॥२४॥

अर्थः- ए बीजा खंडने विषे त्रीजी ढाल चित्तमां धरजो. श्री विनयविजय उपाध्यायजी कहे छे के हे भव्यो! तमे पण वहाणनी परें संसार समुद्रने तरजो ॥ २४ ॥

॥ दोहा ॥

ते देखी चिंते धवल, चढिओ चिंतामणि हाथ ॥ वडो वखत जो मुज हुए, तो ए आवे साथ ॥ १ ॥

अर्थः- हवे एवो बनाव बनेलो देखीने धवलशेठ पोताना मनमां चिंतववा लाग्यो के, महारे हाथे चिंतामणिरत्न चड्युं छे माटे जो महारो वडो वखत होय अटले महोटुं भाग्य होय तो आपुरुष महारी साथें आवे ॥ १ ॥

एक लाख दीनार तस, देई लागो पाय ॥ कर जो- डीने वीनवे, वात सुणो एक भाय ॥ २ ॥

अर्थः- एम चिंतवी एक लाख सोना मोर तेने आपीने पगे लागीने विनति करवा लाग्यो के हे भाई तमें एक महारी वात सांभलो ॥२॥

वरस प्रतें एकेकने, सहस देउं दीनार ॥ सेवा सा- रे सहस दश, जोद्धा भला जुंजार ॥३॥

અર્થઃ- હું વર્ષોવર્ષ એકેક સુભટને એકેક હજાર સોના મોરો આપું છું. એવા દશ હજાર સેવક છે તે મ્હારી સેવા (સારે કે૦) કરે છે તે સર્વ સેવકો ભલા યોધ્ધા ઝુંઝાર પુરૂષો છે ॥ ૩ ॥

તુમને મુહ માગ્યું દીઉં, આવો અમારી સાથ ॥ એ અવધારો વીનતિ, અમને કરો સનાથ ॥ ૪ ॥



અર્થઃ- પણ તમોને મુજેં માગો તે હું આપું અને તમે મ્હારી સાથેં આવો એટલી વિનતિ અવધારીને અમને (સનાથ કે૦) નાથ સહિત કરો ॥ ૪ ॥

કુંઅર કહે હું એકલો, લેઉં સર્વનું મોલ ॥ એ સર્વનું એકલો, કારજ કરૂં અડોલ ॥ ૫ ॥

અર્થઃ- એવા શેઠના વચન સાંભલી શ્રીપાલ કુંઅર કહેવા લાગ્યા કે હું એકલો આ સર્વ દશ હજાર સેવકોના પગારની જેટલી રકમ થાય તેટલી લેઉં અને એ સર્વ દશ હજાર મલીને જે કામ કરે છે તેટલું તમારૂં કામ પણ હું એકલોજ અડોલપણે કરૂં ॥ ૫ ॥

તે ધનનું લેખું કરી, શેઠ કહે કર જોડ ॥ અમે વણિકજન એકને, કિમ દેવાએ કોડ ॥ ૬ ॥

અર્થઃ- એવું શ્રીપાલનું બોલવું સાંભલી તે દશહજાર સેવકને જે પગાર અપાય છે, તેના ધનનું લેખું કરીને ધવલશેઠ બે હાથ જોડી કહેતા હવા કે હે મહારાજ અમે વણિકજન એટલે વાણી

યા લોક છેયેં માટે અમારાથી એકેન નણને ક્રોડ સોનૈયા કેમ આ-
પી શકાય ॥ ૬ ॥

કુંઅર કહે સેવક થઈ, દામ ન આલું હાથ ॥ પણ
દેશાંતર દેખવા, હું આવું તુમ સાથ ॥ ૭ ॥

અર્થઃ— તે સાંભલી કુમર કહેવા લાગ્યા કે હે શેઠજી હું પણ સેવક થઈને તમારો (દામ કે૦) પૈશો હાથમાં ઝલું નહીં. પરંતુ દેશાંતર દેખવાની મને ઈચ્છા છે માટે તે ઝેવાને અર્થે હું તમારી સાથેં આવું છું ॥ ૭ ॥

ભાડૂં લેઈ વાહણમાં, દ્યો મુઝ બેસણ ઠામ ॥ મા-
સ પ્રતે દીનાર શત, ભાડૂં પરઠિઉં તામ ॥ ૮ ॥

અર્થઃ— તે માટે તમે મ્હારા પાસેંથી ભાડું લઈને મને વહાણ માં બેસવાની જગા આપો. પછી શેઠેં માસ માસ પ્રત્યેં શો શો સોનામોર ભાડું લેવાનું પરઠ્યું એટલે ઠેરાવ કર્યો ॥ ૮ ॥

॥ ઢાલ ચોથી ॥

॥ રાગ મલ્હાર ॥ જીહો ઝેયું અવધિ પ્રયુંજીને
॥ એ દેશી ॥

જીહો કુંઅર બેઠા ગોખડે, જીહો મ્હોટા વાહણ
માંહિ ॥ જીહો ચિહું દિશિ જલધિ તરંગના, જીહો
ઝેવે કૌતુક ત્યાંહિ ॥ સુગુણ નર પેખો પુણ્ય પ્રભા-
વ ॥ જીહો પુણ્યે મન વંછિત મલે, જીહો દૂર ટલે
સુગુણ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥

थको चारें दिशायें (जलधिके०) समुन्द्रना कल्लोल उछले छे ते संबंधि कौतुकने तिहां जोतो हवो, माटे हे सुगुण पुरुषो! तमे पुण्यनो प्रभाव तो जुओ के जेने पुण्य सजांयी होय तेने सर्व मनोवांछित मली आवे छे, अने वली ते प्राणीना दुःखना घाव सर्व दूर टली जायछे, एवुं पुण्यनुं माहात्म्य छे॥१॥

जुहो सढ हकास्या सामटा, जुहो पूरया घण पवणेण ॥ जुहो वड वेगें वाहण वहे, जुहो जोयण जाये खणेण ॥ सु० ॥ २ ॥

अर्थः— हवे समकालें ते सर्व वाहणोना सढ साथेंज हंकास्या ते सढ घणा पवने करी पूराणा. तेना योगथी (वडवेगेंके०) महोटी उतावलथी सर्व वहाणो समुन्द्रमां (वहेके०) चालवा लाग्यां, ते केहवां चाले छे? तो के एक क्षण मात्रमां एक योजन पंथने अतिक्रमी जाय छे, एवां चाले छे ॥ यतः ॥ थल उपनीं जलमां वसी, जलना जीव न जाय ॥ जीवह कारण आपडी, क्षण आवे क्षण जाय ॥१॥ इति ॥२॥

जुहो जलहस्ती पर्वत जिस्या, जुहो जलमां करे हल्लोल ॥ जुहो मांहो मांहे झूझता, जुहो उछाले कल्लोल ॥ सु० ॥ ३ ॥

अर्थः— तिहां समुन्द्रमां जलहस्तियो ने महोटा पर्वत सरखा जलचर जीवो छे, ते पाणीमां हल्लोल करी रह्या छे, वली ते मांहो मांहे झूझता थका पाणीना कल्लोल प्रत्यें उंचा उछाले छे ॥३॥

जुहो मगरमच्छ महोटा फिरे, जुहो सुसुमार केई कोडि ॥ जुहो नक्रचक्र दीसे घणा, जुहो करता दोडा दोडि ॥ सु० ॥ ४ ॥

अर्थः— तेमज महोटा महोटा मगर मत्स्य फरी रह्या छे, वली सुसुमार जातिना मत्स्य ते रूतशथी कांईक महोटा थाय छे, तेवा मत्स्य

अर्थः- एम जतां थकां वाथरानो परीक्षक ने पंजरी छे, ते कहेवा



जहो तस जं-
हिर मांहि ऊ-
तरी, जहो
जल इंधण-
लीये लोक ॥

અર્થઃ— તિહાં બંદિર માંહે ઘણાં લોક ઊતર્યાં તેનો મહોટો કોલાહલ શબ્દ થઈ રહ્યો, તે સાંભળીને બબ્બર રાજના દાણી પુરૂષો જે હતા તે (અતિ સપરાણ કે૦) અત્યંત ઊતાવળા આવીને બંદિરનું દાણ માગવા લાગ્યા ॥ ૭ ॥

જ્હો શેઠ સુભટને ગારવેં, જ્હો દાણ ન દીએ
અબુઝ ॥ જ્હો તવ તિહાં લાગ્યું તેહને, જ્હો
માંહો માંહે ઝૂઝ ॥ સુ૦ ॥ ૮ ॥

અર્થઃ— પરંતુ (અબુઝ કે૦) મૂર્ખ એવો જે શેઠ તેણેં પોતાના સુભટોના ગર્વે કરી એટલે મ્હારા આટલા સીપાઈઓ છે તો આ દાણી લોકોને દાણ શા વાસ્તે આપું? એવા અહંકારથી તે અબુઝ એટલે મૂર્ખ શેઠેં દાણ દીધું નહી તેથી તિહાં દાણી અને શેઠના સેવકોને માંહો માંહે યુદ્ધ થવા લાગ્યું ॥ ૮ ॥



જ્હો શેઠ તણે સુભટેં હણ્યા, જ્હો દાણી નાઠારે

आव्यो अज्जर राय ॥ सु० ॥ ८॥

अर्थः- तिहां शेठना सुभटोयें घणी लोकोने मार मार्यो, तेने ली-

र देशनो राजा पोतें तिहां चडी आव्यो ॥ ८॥

अर्थः- तेवारं

अर्थः- सुभटो सर्व नासी गया पछी अेकला धवल शेठने जीव

अर्थः- तेनी पासें रजवाला भूकीने तेवारें जज्जरनो राजा पा-

छो वल्यो, तेवारें कुंअर आवी पसाय करीने शेठने बोलावे छे ॥ १२॥

૭

અર્થઃ- કે, અરેરે શેઠજી ! તમારા સુભટ સર્વે કિહાં નતા રહ્યા, ને તમેં જાહુ ભરડીને જાંધ્યા પડ્યા છો ! પરંતુ જો મુજને ક્રોડ સોના મોહોરે દીધી હતે તો આજ એટલું દુઃખ તમેં દેખત નહીં ॥ ૧૩ ॥

જીહો શેઠ કહે તુમેં કાં દિયો, જીહો દાધા ઊપર લૂણ ॥ જીહો પડ્યા પછી પાટુ કિસી, જીહો હણે મુઆને કૂણ ॥ સુ૦ ॥ ૧૪ ॥

અર્થઃ- તે સાંભલી શેઠ કહેવા લાગ્યા કે, હે કુમર તમે જલ્યા ઊપર વલી લૂણ કાં લગાડો છો, પડી ગયા પછી (પાટુ કે૦) લાત તે વલી શી મારવી ? તથા મૂવેલાને વલી કોણ મારે ? ॥ ૧૪ ॥

જીહો કહે કુંવર વૈરી ગ્રહ્યું, જીહો જે વાલું એ વિત્ત ॥ જીહો તો મુજને દેશો કિશ્યું, જીહો ભાંજો થિર કરી ચિત્ત ॥ સુ૦ ॥ ૧૫ ॥

અર્થઃ- તે સાંભલી કુમર કહેવા લાગ્યો કે, હે શેઠ જે આ તમારા વૈરીયેં (ગ્રહ્યું કે૦) ગ્રહણ કર્યું જે દ્રવ્ય એટલે જે તમારૂં દ્રવ્ય એના કબજામાં આવી ગયું છે, એ હું (વિત્ત કે૦) દ્રવ્ય તે જો પાછું વાલી આપું તો તમેં મુજને શું આપશો ? તે તમેં તમારૂં ચિત્ત સ્થિર શજીને (ભાંજો કે૦) બોલો ॥ ૧૫ ॥

જીહો શેઠ કહે સુણ સાહિબા, જીહો એ મુજ કારજ સાધ ॥ જીહો વહેંચી વાહણ પાંચશેં, જીહો લેજો આધો આધ ॥ ૧૬ ॥

અર્થઃ- તે સાંભલી શેઠ કહેવા લાગ્યા કે, હે સાહેબ તમેં સાંભલો,

देजीयें, तो आया वीलें जांट ।। इति ।। ६३ ।।

अर्थः- पछी ते वातना कुवरें (जोल जंघ के०) जत पत्र लजीने

जर जोलावियो, जहो वल पाछो

जहो तुन सशिजो ने प्राहुणो, जहो पहोतो अ

वान ॥ जिहो आंजानी परें जूजतो, जिहो लक्षण रूपनिधान ॥ सु० ॥ २० ॥

अर्थः- एवां वचन सांभली महाकाल राजा पाछो फरी जुएछे तो तेणें लक्षण तथा रूपनो निधान सरिखो अने (आंजाके०) घणा पुरुषोनी पेरें जूजतो एवो एक युवान पुरुष दीठो ॥ २० ॥

जिहो तुं सुंदर सोहामणो, जिहो दीसे यौवन वेश ॥ जिहो विण जूटे मरवा भणी, जिहो कांई करे उद्देश ॥ सु० ॥ २१ ॥

अर्थः- तेने जोईने महाकाल राजा कहेवा लाग्यो के, तुं तो घणो सुंदर, सोहामणो छो, अने संपूर्ण नवयौवन वेषें देखाय छे, तेम छतां तहारूं आयुष्य जूट्या विना फोकट मरवानो उद्देश शा माटे करेछे? ॥ २१ ॥

जिहो कहे कुंवर संग्राममां, जिहो वचन किश्यो व्यापार ॥ जिहो जोधें जोध मल्या तिहां, जिहो तिहां शस्त्रें व्यवहार ॥ सु० ॥ २२ ॥

अर्थः- एवां राजानां वचन सांभलीने कुंअर कहेवा लाग्यो के संग्रामने विषे वचननो व्यापार शो करवो? जिहां योद्धायें योद्धा मले, तिहां तो शस्त्रनोज व्यापार होय ॥ २२ ॥

जिहो महाकाल कोप्यो तिसे, जिहो हलकारे निज सेन ॥ जिहो मूके शस्त्र कडोकडे, जिहो रांता रोष रसेन ॥ सु० ॥ २३ ॥

अर्थः- एवां कुंअरनां वचन सांभली, महाकाल राजा (तिसें के०) तेनी साथें कोप्यो थको पोतानी सेनाने हलकारो कर्यो ते वारें ते सुभटो

थया थका कुमरनी ऊपर झडोझड शस्त्र नाखता हवा ॥ २३ ॥



७

७

० २४

रसवा लाग्या, पण कुंअरने अंगें अेक (सरशव केरो) फांस जेटलुं पण

२४

६

० २

જીહો સૈન્ય સકલ મહાકાલનું, જીહો લાગી ગયું દહવટ્ટ ॥ જીહો નૃપ એકકી કુંવરેં, જીહો બાંધ્યો બંધ નિઘટ્ટ ॥ સુ૦ ॥ ૨૬ ॥

અર્થઃ- એમ કરતાં મહાકાલ રાજાનું સર્વ સૈન્ય (દહવટ્ટ કે૦) દશે દિશાની વાટેં લાગી ગયું, પછી મહાકાલ રાજા એકલો રહ્યો, તેને શ્રીપાલ કુમરેં (નિઘટ્ટ કે૦) આકરા બંધને કરી બાંધ્યો ॥ ૨૬ ॥

જીહો બાંધીને નિજ સાથમાં, જીહો પાસેં આણ્યો જામ ॥ જીહો બંધન છોડ્યાં શેઠનાં, જીહો રક્ષક નાઠા તામ ॥ સુ૦ ॥ ૨૭ ॥

અર્થઃ- તે બાંધીને (જામ કે૦) જેવારેં પોતાના સથવારાની પાસેં આણ્યો, અને ધવલશેઠનાં બંધન કુમરેં છોડી નાખ્યાં, (તામ કે૦) તે વારેં રક્ષક પુરૂષો જે શેઠની પાસેં ઊભા હતા, તે પણ નાશી ગયા ॥ ૨૭ ॥

જીહો ખડગ લેઈ મહાકાલને, જીહો મારણ ધાયો રે શેઠ ॥ જીહો કહે કુંવર બેસી રહો, જીહો જાલ દીઠું તુમ ઠેઠ ॥ સુ૦ ॥ ૨૮ ॥

અર્થઃ- તેવારેં શેઠ ઘણી ઊતાવલથી તરવાર હાથમાં લઈને મહાકાલ રાજાને મારવા માટે (ધાયો કે૦) દોડ્યો, તેને શ્રીપાલ કુંઅરેં કહ્યું કે, હાંહાં શેઠજી તમેં બેસી રહો, કેમ કે તમારૂં જાલ તો અમે ઠેઠથી દીઠું છે, વલી એક તો જે પોતાને ઘેર ચાલી આવ્યો હોય, બીજો આપણે શરણે આવ્યો હોય, ત્રીજો બાંધ્યો થકો પડ્યો હોય, ચોથો જે શેગથી પીડ ગમતો હોય, પાંચમો જે નાશી જતો હોય, છઠ્ઠો જે બુઢો હોય એટલે વૃદ્ધ હોય, અને સાતમો જે બાલક હોય, એ સાતે જણ જો પણ આપણા શત્રુ હોય તો પણ તેને મારવા નહીં, એવો ન્યાય છે ॥ ૨૮ ॥

अर्थः- हवे शेठना सुलटो ने झांई प्रथम जज्जर राजना सुलटो

अर्थः- वली जब्बर देशना राजनो पण प्रथम बे कांई सुलटो

परें, जहो जीने ८
७६

अर्थः- अमार्गमां ताल्नं कूदरां कू
कराव्यो. तथा सामैथं क

७७ ॥

॥ दोहा ॥

म मरुधरनां लोकने, सुरतरु कुसुम सुरभ ॥ ३ ॥

अर्थः- केमके ? तमारा जेवा सुपुरुषनां दर्शन मलवां ते अमारा जेवा भाग्यहीन जनोने घणां दुर्लभ छे, जेम मरुधर जे मारवाड देश तेना रेहेवासी लोकोने सुरतरु जे कल्पवृक्ष तेना (कुसुमके०) फूलनो सुरभ जे सुगंध ते पामवो दुर्लभ होय छे. ए दृष्टांतें जाणी लेवुं ॥ ३ ॥

वोलावा विण एकलो, चाली न शके दीन ॥ धवल शेठ तव वीनवे, ईणि प हता, ७ ९४ तस आ जवि ॥ ४ ॥

अर्थः- एवुं जज्जरना राज[illegible] वारें श्रीपाल कुमरें ते वात मान्य करी, (तव के०) तेवारें धवल शेठ (अधीन के०) कुमरने वश थईने आवी रीतनी विनति करे छे के, जेम (दीन के०) रांक पुरुष होय ते वोलावा विना एकलो मार्गमां चाली शके नही, तेम तमारा आव्या विना अमाराथी पण अमारे घेरे जवाय नही ॥ ४ ॥

प्रभु तुमने वंछे सहु, देखी पुण्य पडूर ॥ पण विलंब थाशे घणो, रतनद्वीप छे दूर ॥ ५ ॥

अर्थः- माटे हे प्रभु ! तमारा पुण्यनो पडूर एटले समूह अर्थात् घणुं पुण्य देखीने सहु कोई तमने वांछे छे. पण हवे आपणने रत्नद्वीपें जावुं छे, ते ईहांथी घणो दूर छे माटे तेमां विलंब घणो थाय छे ॥ ५ ॥

कुंवर कहे नररायनुं, दाखिण किम छंडाय ॥ तिणे नयरी जोवा भणी, कुंवर कीयो पसाय ॥ ६ ॥

अर्थः- ते सांभली कुंजर बोल्या के हे शेठजी राजानुं दाक्षिण वचन केवी रीतें छांड्युं जाय ! ते माटे नगरी जोवानो कुंजरे पसाय कर्यो ॥ ६ ॥

हाट सजाव्यां हीरागलें, घर घर तोरण माल ॥ च-

હુટે ચહુટે ચોકમાં, નાટક ગીત રસાલ ॥ ૭ ॥

અર્થઃ— રાજાયેં પણ નગરીનાં દ્વાર સર્વ હીરાગલ એટલે રેશમી વસ્ત્રેં કરી (સજ્યાં કે૦) શણગાર્યા, ઘર ઘરને વિષે તોરણ માલાઓ બાંધી, ચહુટા ચહુટાના ચોકમાં વિવિધ પ્રકારનાં નાટક કરાવ્યાં; (રસાલ કે૦) રસેં કરી સહિત એવાં ઘણાં સુંદર ગીતો ગવરાવ્યાં ॥૭॥

ફૂલ બિછાયાં ફૂટરાં, પંથ કરી છટકાવ ॥ ગજ તુરંગ શણગારિયા, સોવન રૂપેં સાવ ॥ ૮ ॥

અર્થઃ— રાજમાર્ગમાં તાજાં ફૂટરાં ફૂલ બિછાવ્યાં, પંથ જે માર્ગ તેમાં પાણીનો છંટકાવ કરાવ્યો, તથા સામૈયું કરવાને ઘણા હાથી અને ઘોડાઓને (સાવ કે૦) માત્ર એક સોના તથા રૂપાના સાજેં કરીને શણગાર્યા ॥ ૮॥

॥ ઢાલ પાંચમી ॥

॥ રાગ સિંધુડો ॥ ચિત્રોડા રાજારે ॥ એ દેશી ॥

॥ વીનતિ અવધારેરે, પુર માંહે પધારેરે, મહોત વધારે જજ્જર રાયનું રે ॥ કુંવર વડ ભાગીરે ॥ દેજી સોભાગીરે, જોવા રઢ લાગી પગ પગ લોકનેરે ॥ ૧ ॥

અર્થઃ— હવે જજ્જરકોટના મહાકાલ રાજાનું મહત્વ વધારવા માટે તેની વિનતિ અવધારીને પુરમાંહે પધાર્યા, તે કુંવર કહેવા છે? તો કે (વડભાગી કે૦) મહોટા ભાગ્યના ધણી છે માટે તેને સૌભાગ્યવંત દેજીને લોકોને પગલે પગલે જોવાની (રઢ કે૦) હોંશ ઉત્કંઠા લાગી ॥૧॥

ઘર તેડી આવ્યારે, સાજન મન ભાવ્યારે, સોવન મંડાવ્યાં આસણ બેસણાંરે ॥ મીઠાઈ મેવારે,


શ્રીપાલ
મહાકાલરાય

ल जाण्या पाखेंरे, केम चित्तनी साखें दीजें दीकरीरे ॥ ४ ॥

अर्थः- बहु मान आपीने कन्या दान देतो हवो, अने कहेतो हवो के, आ कन्या परणीने अमारा वंशनुं (थान के०) तेज वधारो. ते सांभली कुंअर बोलता हवा, के हे स्वामी! हुं परदेशी छुं माटे महारुं कुल, शील, जाण्या विना मात्र चित्तनी साखें करीनेज पोतानी दीकरी केम दीजियें? एटले आपीयें? जे कार्य करीयें ते विचारीने करीयें तो रूडुं देखाय ॥ यतः ॥ कुलं च शीलं सनाथता च, विद्या च वित्तं च वपुर्वय श्च ॥ वरे गुणाः सप्त विलोकनीया, स्ततः परं भाग्यवशा हि कन्या ॥ १ ॥ मूर्ख निर्धन दूरस्थ, बहु भार्या शिवार्थिनां ॥ त्रिगुणाधिक वर्षाणां, चापि देया न कन्यका ॥ २ ॥ कार्येषु मंत्री गृहकर्म दासी, स्नेहेषु माता क्षमया धरित्री ॥ धर्मेषु धुर्या रमणेषु रंभा, स्मराम्यहं लक्ष्मण जानकीं सदा ॥ ३ ॥ इति स्त्रीगुणाः ॥ ४ ॥

कहे नृप अवतंसरे, छानो नही हंसरे, जाण्यो तुम उत्तम वंश गुणें करीरे ॥ जाणे सहु कोईरे, जे नजरें जोईरे, हीरो नवि कोई विण वेरागरेंरे ॥ ५ ॥

अर्थः- ते सांभली राजा कहेवा लाग्यो के (अवतंस के०) सर्व पक्षीओमां मुकुट समान जेवो जे हंस पक्षी छे ते छानो रहेज नही तेम तमारा वंश कुल, शील, ए सर्व आपना उत्तम गुणें करीनेज अमें जाणी लीधां, अथवा तमारो उत्तम वंश तमारा गुणे करीने जाणी लीधो; केम के जेणें नजरें जोयो होय ते तो जाणेज छे के, (विणवेरागरें के०) खाण विना हीरो होयज नही माटे अमारी प्रार्थना तमें सफल करो ॥ ५ ॥

महोत्सव मंडावेरे, साजन सहु आवेरे, धवल गंधरावे मंगल नरवरूरे ॥ रूपें जिसी मेनारे, गुण

पार न जेनारे, मदनसेना परणावी ईणी परेंरे ॥ ६ ॥

अर्थः- एम कही राजयें महोत्सव मंडाव्यो तिहां सज्जन सहुयें आव्यां, राजयें धवल मंगल गीत गवराव्यां, अने रूपें करी मेना अप्सरा सरखी, जेना गुणनो पार नथी एवी मदनसेना नामे पुत्रीने ए रीतें श्रीपाल सार्थे परणावी ॥ ६ ॥

मणि माणक कोडीरे, मुगताफल जोडीरे, नरपति कर जोडी दीए हाथयोरे ॥ परें परें पहिरावरे, मणि भूषण लावेरे, पार न आवे जस गुण बोलतांरे ॥ ७ ॥

अर्थः- मणि, रत्न तथा कोडी गमे माणिक तेनी सार्थे मुगताफल ने मोती तेने (जोडी के०) मिलावीने नरपति जे राजा ते हाथ मेलाप मूकती वेलतें हाथ जोडीने हाथजमां देतो हवो, वली जेना गुण बोलतां थकां पार आवे नही एवां अनेक जातिनां मणि रत्नमय आभूषण ते लावें करीने (परें परें के०) वारंवार हाथजमां पहेरावे छे॥७

नाटक नव दीधांरे, तिहां पात्र प्रसीधांरे, जाणे ए लीधां मोलें सरगथीरे ॥ बहु दासी दासरे, सेवक सुविलासरे, दीधां उल्लासें सेवाकारणेरे ॥ ८ ॥

अर्थः- वली नव पेडां नाटकनां हाथजमां आप्यां, ते पेडां केहेवां छे के (तिहां के०) तेमां (पात्र के०) गणिका प्रसिद्ध पणे छे, जेवां ते जाणियें जे स्वर्ग लोकमांथीज (मोल के०) नाणां आपीने वेचातां लीधां होय नहीं? एवां छे, तेमज (बहु के०) घणां दासी दास प्रमुख सेवक लोक पण (सुविलास के०) लज्जा विलास सहित महाकाल राजयें सेवा करवाने अर्थे आप्या ॥ ८ ॥

रसभर दिन केतारे, तिहां रहे सुख वेतारे ॥ दान याचकने देता बहु पेरेंरे ॥ अमने वोलावोरे, हवे वार न लावोरे, कहे कुंवर जावो अम देशांतरेंरे॥९

अर्थः– एम केटला एक दिवस (रस भर के०) आनंदभर सुखने भोगवता थका याचक जनने घणा प्रकारें दान देता थका तिहां श्रीपालकुंअर रह्या, पछी कुंअर कहेवा लाग्या के, अमने देशांतरें जवुं छे माटे वोलाववाने हवे वार लगाडो नही ॥ ९ ॥

नृप मन दुःख आणेरे, केम राखुं प्राणेरे, घर ईम जाणे न वसे प्राहुणेरे ॥ पुत्री ने जाईरे, ते नेट पराईरे, करे सजाई हवे वोलाववारे ॥ १० ॥

अर्थः– एवां कुंवरना वचन सांभल्याथी राजायें पोताना मनमां घणुं दुःख आण्युं, अने विचार्युं जे हवे हुं एने पराणे केम राखुं? राजायें एम जाण्युं जे प्राहुणो कांई घर वसे नही. वली पुत्री जे जाईछे ते तो (नेटके०) निश्चें पारकीज थाय, एवो विचार करीने हवे वोलाववानी सजाई करवा तत्पर थया ॥ चोपाई ॥ आश छाशने लीतलजरी, जेटी धन लोभन जाजरी ॥ डार त्रेहने स्त्रीनो नेह, वहेलो देव देखावे छेह ॥ १ ॥ दोहा ॥ छाश केरो आकरो, दासी केरुं नेह ॥ धाजल केरुं पहेरणुं, धजडी देखावे छेह ॥ २ ॥ ईति ॥ १० ॥

एक जुग अभंगरे, जे देखी अचंभरे, चोसठ कुआ थंभें सुंदर सोहतुंरे ॥ कारीगरें घडियारे, मणि माणिक जडियारे, थंभ ते अडिया जई गयणां गणेरे ॥ ११ ॥

अर्थः– हवे जेने देखतां थकां अचंभो थाय, एवुं एक अभंग

એટલે અદ્વિતીય ભુંગી વાહણ અથવા ભુંગ જાતિનું વાહણ, તે સુંદર ચોશઠ કુઆ થંભે કરી શોભતું છે, તે થંભને કારીગર લોકોએં ઘડ્યા છે, અને મણિ તથા માણકેં કરી જડ્યા છે, એવા કુઆ થંભ છે તે નર્ભને (ગ-યણાંગણ કે૦) આકાશને વિષે અડ્યા છે, એટલા ઊંચા દેખાય છે ॥૧૧॥

સોવન ચિત્રામરે, ચિત્રિત અભિરામરે, દેખિએં ઠામ ઠામ તિહાં ગોખડારે ॥ ધ્વજ મહોટા ઝલકે રે, મણિ તોરણ ચલકેરે, ચંચલ ઢલકે ચામર ચિહું દિશેંરે ॥ ૧૨ ॥

અર્થઃ— વલી તે વાહણમાં સોનાની ચિત્રામણે ચિત્રિત કરેલા અભિરામ એટલે મનોહર એવા ગોખડા તે તિહાં ઠામ ઠામને વિષે દેખીયેં એટલે દેખાય છે, વલી કુઆ થંભની ઊપરેં મહોટી ધ્વજ તથા નેજા ઝલકી રહ્યા છે, અને મણિઓનાં તોરણ બાંધેલાં છે તે ચલકાટ કરી રહ્યાં છે, વલી (ચંચલ કે૦) હાલતા એવા ચામરો તે ચારે દિશાયેં ઢલકી રહ્યાં છે ૧૨

ભૂંઈ સાતમીએંરે, તિહાં ચઢી વિશમીએંરે, બેસીને રમિએં સોવન સોગઠેરે ॥ બહુ છંદે છાજેરે, વાજાં ઘણાં વાજેરે, વાહણ ગાજે રહ્યું સમુદ્રમાંરે ॥ ૧૩ ॥

અર્થઃ— વલી તે વાહણની સાતમી ભૂમિ જિહાં છે, તિહાં ચડીને વિશ્રામ પામીયેં અને તિહાં બેશીને સોનાને સોગઠે (રમિયેં કે૦) રમત કરીયેં એવી રમણિક છે જેમ તે વાહણ ઘણા (છંદે કે૦) કારણેં કરી છાજે છે, શોભે છે, વલી તેમાં ઘણા પ્રકારનાં વાજિત્ર વાજી રહ્યાં છે, તેના શબ્દથી તે વાહણ સમુદ્રમાં રહ્યું થકું પણ ગાજી રહ્યું છે, ગર્જારવ કરી રહ્યું છે ॥ ૧૩ ॥

પૂરે તે રતનેરે, રાજ્ય બહુ જતનેરે, સાસરવાસો

मन मोटे करेरे ॥ वोलावी बेटीरे, हियडा भरि भे-
टीरे, शीख गुण पेटी दीधी बहु परेरे ॥ १४॥

अर्थः- ते वाहण राजा बहु यत्ने करीने रत्नोथी (पूरे के०) भरे छे, सास:वासो महोटे मने करीने राजा करे छे. वली हैयडाभर भेटीने बेटीने वलावी ते वखते राजायें (बहु परे के०) घणा प्रकारनी शिखामण रूप जे गुण तेनी पेटी भरीने पोतानी पुत्रीने आपी ॥१४॥

साजन सोहाव्यां रे, मिलणां बहु लाव्यां रे, कांठे
सवि आव्यां आंसु पाडतां रे ॥ वर वहू वोलाव्यां
रे, मावितर दुःख पाव्यां रे, तूर वजडाव्यां हवे
प्रयाणनां रे ॥ १५ ॥

अर्थः- वली घणा प्रकारना मिलणा जे सुखडी प्रमुख तेने लावतां एवां सर्व सज्जन पण तिहां सोहाव्यां, शोभता थका समुद्रने कांठे आंखमांथी आंसु पाडतां आव्यां, अने वरवहूने वलाव्यां तेवारें कन्याना मावितर घणुं दुःख पामतां हवां. हवे श्रीपालें पण प्रयाण करवानां (तूर के०) वाजां वजडाव्यां ॥ १५ ॥

नांगर उपाडयां रे, सढ दोर चढाव्यां रे, वाहण
चलाव्यां वेगें खलासीए रे ॥ नित नाटक थावे
रे, गुणिजन गुण गावे रे, वरवहू सोहावे बहू
गोखडे रे ॥ १६ ॥

अर्थः- तेवारें वाहणना नांगर उपाडयां, अने सढना दोरडा उंचां चढाव्यां, खलासी लोकोयें (वेगें के०) उतावले वाहणोने समुद्रमां आगल चलाव्यां, तिहां श्रीपालनी पासें नित्य नाटक थाय छे, अने गुणिजन लोक जे छे, ते श्रीपालना गुण गाय छे, जेम वर अने वहू

ણાં ગે ... વ ... ઠં ... કે૦) ... છે।



મન ચિંતે શેઠરે, મેં કીધી વેઠરે, સાયર ઠેઠ ફલ્યો
જૂઓ એહનેરે ॥ જે ઝાલી હાથેંરે, આવ્યો મુજ
સાથેંરે, આજ તે આથેં સંપૂરણ થયોરે ॥૧૭॥

અર્થઃ- હવે મણિ રત્ન અને સુવર્ણે કરી પરિપૂર્ણ ભરેલું એવું વાહણ જોઈને ધવલશેઠ પોતાના હૃદયમાં ચિંતવવા લાગ્યો કે જૂઓ તો ખરા! આ તે શું થઈ ગયું! મેં તો ફોકટ વેઠજ કીધી, અને આ સમુદ્ર નો વ્યાપાર તો (ઠેઠ કે૦) પ્રથમથીંજ (એહને કે૦) એ શ્રીપાલનેજ ફલી-

ભૂત થયો છે, અરે! તે જાલી હાથે મહારી સાથે આવ્યો હતો, તેની પાસે એક પૈસો પણ ન હતો, અને મહારા સેવક જેવો હતો, પણ તે આજે તો (આથેંકે૦) લક્ષ્મીયેં કરીને સંપૂર્ણ એટલે પરિપૂર્ણ થયો! ॥ ૧૭ ॥

જલ ઇંધણ માટેંરે, આવ્યા ઇણ વાટેંરે, પરણ્યો રણ સાટેં જૂઓ સુંદરી રે ॥ લખમી મુજ આધી રે, ઇણે મુહિયાં લાધી રે, દોલત વાધી દેજો પલકમાં રે ॥ ૧૮ ॥

અર્થઃ- જુઓ કે માત્ર પાણી અને લાકડાં લેવા માટે સેજ સાજ આ જજ્જર કોટની વાટેં અમે આવ્યા, તિહાં રણસંગ્રામની સાટેં આ સુંદરી પણ એ પરણ્યો. વલી મહારી લક્ષ્મી પણ અડધો અડધ મુહિયાં એટલે સહેલમાં એણે (લાધી કે૦) પામી. આ રીતેં જૂઓ કે એક પલવારમાં એને કેટલી દોલત વધી પડી ॥ ૧૮ ॥

કિમ માગું ભાડું રે, જત પત્ર દેખાડું રે, દેશે કે આડું અવલું બોલશે રે ॥ કુંવર તે જાણી રે, મુજ મીઠી વાણી રે, ભાડું તસ આણી આપે દશ ગણું રે ॥ ૧૯ ॥

અર્થઃ- હવે તો એ જોરાવર થયો છે માટે મહારૂં એક મહીનાનું ભાડું એની ઉપર ચડી ગયેલું છે, તે પણ શી રીતેં માગું! મહારી પાસે કંઈ જત પત્ર તો નથી. ને એને નહિં દેખાડું. શું જાણીયેં ભાડું આપશે? કિંવા નહી આપવા માટે આડું અવલું બોલશે, તો મહારાથી શું થવાનું છે? એમ ચિંતવી શ્રીપાલ પાસે જઈને ગયા મહિનાનું ભાડું માગવા લાગ્યો. તેવારેં કુંવર પણ તેના મનની વાત જાણીને મુજથી મીઠી વાણીયેં બોલતો થકો ચડેલા ભાડાથી દશ ગણું ભાડું આણીનેં શેઠને આપે છે ॥ ૧૯

પામ્યા અનુક્રમેં રે, નરભવ જિન ધરમેં રે, વા-

હણ રયણ દીવે જેમે સહુરે ॥ નાંગર તલ મેલ્યાં
રે, સઢ દોર સંકેલ્યા રે, હલવે હલવે લોક સહુ
તિહાં ઊતર્યાં રે ॥ ૨૦ ॥

અર્થઃ- જેમ શ્રી જિનધર્મના પસાય થકી (નરભવકે૦) મનુષ્યનો ભવ પામીયેં તેમ અનુક્રમેં તે વાહણ પણ સર્વે રત્નદ્વીપેં આવી જેમ કુશલેં પોહોંતાં, તેવારેં વાહણોના નાંગર પાણીમાં મૂક્યાં, સઢ તથા દોર સર્વે સંકેલી લીધા, અને હલવે હલવે સર્વ લોક, વહાણમાંથી તિહાં કાંઠે આવી ઊતર્યાં ॥ ૨૦ ॥

જીને ઇમ ખંડેરે, જુઓ પુણ્ય અખંડે રે, એક-
ણ પિંડે ઊપારજણ કરી રે ॥ કુંવર શ્રીપાલ રે,
લહ્યા ભોગ રસાલ રે, પાંચમી ઢાલ ઇસી વિન-
યેં કહી રે ॥ ૨૧ ॥

અર્થઃ- એમ જીનજ ખંડને વિષે જુઓ કે જેના પુણ્યમાં કાંઈ ખંડના થઈ નથી એવા અખંડ પુણ્યેં કરીને (એકણપિંડેકે૦) એકલા જ શ્રીપાલકુંઅરેં પોતેં લક્ષ્મીને (ઊપારજણ કરીકે૦) પેદા કરી, (રસાલકે૦) મહા મનોહર એવા ભોગ (લહ્યાકે૦) પામ્યા, એવી પાંચમી ઢાલ શ્રી વિનયવિજય ઊપાધ્યાયજીયેં કહી ॥ ૨૧ ॥

॥ દોહા ॥

[illegible] ભરી અનેક વજાર ॥
[illegible] મ કરે અપાર ॥ ૧ ॥

અર્થઃ- હવે વાહણ માંહેલી સર્વ વસ્તુઓ [illegible]

લાલ કિનાયત નરકસી, ચંદરૂઆ ચોસાલ ॥ ઊં-
ચા તંબૂ તાણિયા, પંચરંગ પટશાલ ॥ ૨ ॥

અર્થઃ— શ્રીપાલેં સમુદ્રના કિનારે આવીને પંચરંગી (પટકે૦) રેશમી વસ્ત્ર તેના ઊંચા તંબૂ તાણીને બાંધ્યા, તે માંહે (નરકસી કે૦) જરીના બુટાવાલા એવા લાલ કિનાયત એટલે લાલ કિનખાપ તેના ચોસાલ ચંદુઆ બાંધ્યા ॥ ૨ ॥

સોવન પટ મંડપતલેં, રયણ હિંડોલા ખાટ ॥ તિહાં
બેઠા કુંવર જુએ, રસભર નવરસ નાટ ॥ ૩ ॥

અર્થઃ— તે (પટકે૦) વસ્ત્રના મંડપને તલીયે રત્ને જડાવ એવી સોનાની હિંડોલા ખાટ બાંધી તિહાં બેસીને શ્રીપાલકુંઅર (રસભરકે૦) રસના સમૂહવાલો એવો નવરસમય નાટક થાય છે તે જૂવે છે ॥ ૩ ॥

ધવલશેઠ આવી કહે, વસ્તુ મૂલ્ય બહુ આન ॥ તે
વેચાવો કાં નહી, ભર્યાં અઢીસેં ઝહાન ॥ ૪ ॥

અર્થઃ— એવામાં ધવલશેઠ આવી કહેવા લાગ્યો કે, હે કુંઅર! વસ્તુઓનું મૂલ્ય આને બહુ આવકું છે માટે ઘણો લાભ થાયછે તેથી તમારા અઢીશેં ઝહાન ભર્યાં છે તેના કિરિયાણાં તમે કેમ વેચાવતા નથી ॥ ૪ ॥

કુંવર પભણે શેઠને, ઘડો વસ્તુના દામ ॥ અવર
વસ્તુ વિણજો વલી, કરો અમારૂં કામ ॥ ૫ ॥

અર્થઃ— તે સાંભલી કુંઅર, શેઠને કહેછે કે, હે પિતાજી! અમારી વસ્તુઓના દામ તમેજ (ઘડોકે૦) ઊપજાવો, વલી (અવરકે૦) બીજી જે વસ્તુ લેવા યોગ્ય હોય તે (વિણજોકે૦) લેજો એટલું અમારૂં કામ તમે કરો અમારે તમારે કાંઈ જુદાઈ નથી ॥ ૫ ॥

કામ ભલાવ્યું અમભલેં, હર્ષ્યો દુષ્ટ કિરાડ ॥ આ-

रति ध्यानें निम पड्यो, पामी दुध बिलाड ॥ ६ ॥

अर्थः- ते सांभलीने शेठें विचार्युं जे भलें (अमके०) अमने जेणे काम (भलाव्युं के०) सोंप्युं, ए रीतें दुष्ट बुद्धिनो धणी शेठ ते जेम वनमां भिल्ल किराड जेवो होय, तेम ईहां पापरूप वनमां किराड एटले वाणियो समजवो माटे ते दुष्ट वाणियो पोतानां हैयामां हरख पाम्यो थको. जेम बिल्लाडो दूध पामीने आर्त्त ध्यानमां पडे, तेम शेठ पण आर्त्त ध्यानमां पडी गयो, अने चिंतववा लाग्यो के, हवे ठीक थयुं. जेम महारी मरजीमां आवशे तेम हुं करीश, जे सारो माल हशे ते महारा मालनी साथें मेलवीश, अने हलको ऊतरतो माल हशे ते एनो करी वेची नाखीश, हुं महारा जाणवा प्रमाणे करीश, केमके लेवा वेचवानी खबर तो अमने वाणीयानेज होय, एने शी खबर छे? जे एमां शुं समजे छे? यदुक्तं ॥ वृश्चिकानां कंटकानां, दुर्जनानां च वेधसां ॥ विलक्ष्य नियतं न्यस्तं, विषं पुच्छे मुखे हृदि ॥ १ ॥ वणिक्च योदरस्थेन, मातुर्मांसं न भक्ष्यते ॥ न तत्र करुणा हेतु, स्तत्र हेतुर दंतता ॥ १ ॥ दोहा ॥ लेतां डंसे देतां डंसे, ऊपर चडावे पाड ॥ वेरी विसहरने वीससे, पण म विससे किराड ॥ १ ॥ ईति ॥ ६

ईण अवसर आव्यो तिहां, अवल एक असवार ॥ सुगुण सुरूप सुवेष जस, आप समो परिवार ॥ ७ ॥

अर्थः- एवा अवसरने विषे तिहां एक (अवल के०) ऊत्तम एवो घोडेस्वार ते कुंवरना तंबूने दरवाजे आव्यो (जस के०) जेना सुगुण एटले रूडा गुण छे, रूडूं स्वरूप छे, अने भलो वेष छे. ते जेवो पोतें छे तेवोज तेनो परिवार पण छे ॥ २ ॥

कुंवरें तेडी आदरें, बेसार्यो निज पास ॥ अद्भुत नाटक देखतां, ते पाम्यो ऊल्लास ॥ ८ ॥



अर्थः— ते तिहां नाटक जोतो उभोछे, तेने कुंवरें आदर सहित तेडीने पोतानी पासें बेसाड्यो, ते पण अद्भुत आश्चर्यकारक नाटक जोईने उल्लास पाम्यो ॥ ८ ॥

हवे नाटक पूरे थये, कुंवर पूछे तास ॥ कुण कारण कुण ठामथी, पाउ धार्या अम पास ॥ ९ ॥

अर्थः— हवे नाटक पूर्ण थया पछी तेने कुंवरें पूछवा मांड्युं के, शा कारण माटे अने कया स्थानथी तमें अमारी पासें पधार्या छो? तथा कोई आश्चर्य दीठुं होय तो ते अमने कही संभलावो ॥ ९ ॥

॥ ढाल छठ्ठी ॥

॥ कांकरिया मुनिवर, धन धन तुम अवतार ॥ ए देशी ॥ तेह पुरुष हवे वीनवेजी, रतन-

એ દ્વીપ સુરંગ ॥ રતનસાનુ પર્વત ઈહાંજી, વલ-
યાકાર ઉત્તંગ ॥ ૧ ॥ પ્રભુ ચિત્ત ધરીને અવધા-
રો મુજ વાત ॥ એ આંકણી ॥

અર્થઃ— હવે તે પુરૂષ શ્રીપાલકુંવરને વિનવે છે કે હે મહારાજ! આ (ચંગ કે૦) મનોહર એવો રત્ન નામેં દ્વીપ છે, ઈહાં રત્નસાનુ નામા પર્વત છે, તે કેહેવો છે? તો કે (વલયાકાર કે૦) ગોલાકારેં છે, વલી (ઉત્તંગ કે૦) ઊંચો છે, હે પ્રભુ! આ હું જે વાત કહું છું તે મ્હારી વાત તમેં ચિત્તમાં ધરીનેં એકાગ્ર ચિત્તેં (અવધારો કે૦) ધારણ કરો ॥ ૧ ॥

રતનસંચયા તિહાં વસેજી, નયરી પરવત માંહ ॥ ક-
નકકેતુ રાજા તિહાંજી, વિદ્યાધર નરનાહ ॥ પ્રભુ૦ ૨

અર્થઃ— તિહાં તે પરવત માંહે રત્નસંચયા નામેં નગરી વસે છે, તિહાં કનકકેતુ નામેં રાજા રાજ્ય કરે છે, તે વિદ્યાધર રાજાઓનો (નરનાહ કે૦) સ્વામી છે ॥ ૨ ॥

રતન નિસી રલિયામણિજી, રતનમાલા તસ નાર ॥ સુરસુંદર સોહામણાજી, નંદન છે તસ ચા-
ર ॥ પ્રભુ૦ ॥ ૩ ॥

અર્થઃ— તે રાજાને રત્ન જેવી રલીયામણી રત્નમાલા નામેં પટ્ટરાણી છે, તેને (સુરસુંદર કે૦) દેવતાના પુત્રની પરે સુંદર સોહામણા એવા ચાર પુત્ર છે તેનાં નામ કહે છે. એક કનકપ્રભ, બીજો કનકશેખર, ત્રીજો કનકધ્વજ અને ચોથો કનકરુચિ. એ ચારેનાં નામ શ્રીપાલચરિત્રમાં લખ્યાં છે ॥ ૩ ॥

તે ઉપર એક ઈચ્છતાંજી, પુત્રી હુઈ ગુણધામ ॥ રૂ-
પકલા રતિ આગલીજી, મદનમંજૂષા નામ ॥ પ્ર૦ ॥ ૪

અર્થઃ— તે ચાર પુત્રની ઉપરેં ઈચ્છતાં થકાં રૂપ, કલા અને રતિયેં ક-

री (आगलिके०) वधे जेवी जोवा योग्य अने गुणनुं (धामके०) स्थानक रूप एक पुत्री थई तेनुं मदनमंजूषा एवुं नाम छे ॥ ४ ॥

पर्वत शिर सोहामणोजी, तिहां एक जिनप्रासाद ॥
राय पितायें करावियोजी, मेरुशुं मंडे वाद ॥ प्र० ॥ ५ ॥

अर्थः- हवे ते पर्वतना (शिरके०) शिखर उपर मस्तकरूप घणो ज सोहामणो शोभितो मननो हरनार अने राजाना पितानो करावेलो एवो रत्नमय एक श्रीजिनप्रासाद छे, ते एटलो तो उंचो छे के मेरु पर्वतथी पण वाद करवाने मंडी जाय एवो छे ॥ ५ ॥

सोवनमय सोहामणाजी, तिहां रिसहेसर देव ॥ क-
नककेतु राजा तिहांजी, अहनिशि सारे सेव ॥ प्र० ॥ ६ ॥

अर्थः- तिहां ते प्रासादने विषे सोहामणा शोभिता मनने हरण करनारा एवा (श्रीरिसहेसरदेव के०) श्रीऋषभदेवजी तेनी रत्नजडित सोनामय प्रतिमानी स्थापना छे, तेनी कनककेतु नामें राजा रात्रि दिवस सेवा करे छे ॥ ६ ॥

भक्तें भली पूजा करेजी, राज कुंवरी त्रण काल ॥ अ-
गर उखेवे गुण स्तवेजी, गाये गीत रसाल ॥ प्र० ॥ ७ ॥

अर्थः- तथा ते राजानी कुंवरी जे मदनमंजूषा छे, ते पण विशेषें करी प्रभात, मध्यान्ह अने संध्या मली त्रणे कालें भली भक्तियें करी अष्ट प्रकारी पूजा करे छे, तथा अगर उखेवे छे, रसाल एटले सुंदर गीत गायीने प्रभुना गुणनी स्तवना करे छे ॥ ७ ॥

एक दिन जिन आंगी रचीजी, कुंवरीयें अति चंग
॥ कनकपत्र करि कोरणीजी, विच विच रतन सुरंग ॥ प्र० ८

अर्थः- एक दिवसें ते कुंवरीयें परिवार सहित तिहां आवीने अत्यंत (चंगके०) मनोहर एवी श्रीजिनराजनी आंगी रची, तेणे (कनकके०) सोनाना पत्रां लेई तेमां कोरणी करीने तेने वचमां वचमां रत्नो जड्या तेणे

करी सुरंग एटले सारा रंगे शोभित कर्या एवी रीतें घणी विस्तारित

अर्थः— ते आंगी जुहारवाने माटे कनककेतु राजा तिहां आव्यो ते

अर्थः— माटे जेवी जे चतुर छे तेवो एने एना सरजोनवर मली
जाय तो महारा मनमां घणुं सुख थाय, केम के जे साथी सोनानी मुद्रि

ते शोभाने पामे ॥१०॥

७,

अर्थः— ते राजकुमरी जिनराजनी पूजा करी, त्रणवार प्रणाम करी

ગભારાથી બાહેર આવી ॥ ૧૨ ॥

તામ ગભારા તેહનાજી, દેવાણાં હોય બાર ॥ હલા-
વ્યાં હાલે નહીંજી, સલકે નહિં ય લગાર ॥ પ્ર૦ ॥ ૧૩

અર્થઃ- તેવારે તે ગભારાના બેહુ બારણાં દેવાણાં એટલે બંધ થઈ ગયાં, એવાં જડાઈ ગયાં કે કોઈ બલવંત પુરૂષ જો તેને હલાવે તો પણ તે ના હલાવ્યાં હાલે નહી, લગાર માત્ર (સલકે કે૦) ચસકે નહી ॥ ૧૩ ॥

રાજકુંવરી ઇમ ચિંતવેજી, મન આણી વિષવાદ ॥ મેં
કીધી આશાતનાજી, કોઈક ધરી પ્રમાદ ॥ પ્ર૦ ॥ ૧૪

અર્થઃ- તે જોઈ રાજકુંવરી ઘણોજ પોતાના મનમાં વિષવાદ લાવીને એમ ચિંતવવા લાગી કે મેં કોઈક પ્રમાદ ધરીને પ્રભુની આશાતના કીધી છે ॥ ૧૪ ॥

ધિગ મુજ જિન જોવા તણોજી, ઉપનો એહ અંત-
રાય ॥ દોષ સયલ મુજ સાંસહોજી, સ્વામી કરી
સુપસાય ॥ પ્રભુ૦ ॥ ૧૫ ॥

અર્થઃ- માટે મહારે જિનરાજના મુજ જોવાપણાને ધિક્કાર છે કે જેથકી એ અંતરાય ઉપનો એમ પોતાને નિંદતી થકી ઘણો પશ્ચાત્તાપ કરતી પ્રભુને વિનતિ કરેછે કે, હે સ્વામિ હું મંદભાગિણી છું. માહારા ઉપર સુપસાય કરીને જે મેં મધ્ય ગભારામાં દોષ આચર્યા હોય, તે સર્વ દોષ મુજને (સાંસહોકે૦) માફ કરો

દાદા દરિસણ દીજીએજી, એ દુઃખ મેં ન ખમાય ॥
છોરૂ હોય કુછોરૂઆંજી, છેહ ન દાજે માય ॥ પ્ર૦ ॥ ૧૬

અર્થઃ- હે દાદાજી! તમે મુજ પુણ્યહીન દીનને દર્શન આપો જે દુઃખ તો મ્હારાથી ખમાતું નથી, કદાપિ છોરૂ તો કુછોરૂ હોય તો પણ માત પિતા તેને છેહ દેખાડે નહી ॥ ૧૬ ॥

राय कहे वत्स सांभलोजी, दोष नहीं तुज एह ॥ दोष ईहां छे माहरोजी, आणी तुज पर नेह ॥ प्रभु० ॥१७

अर्थः– एवी रीतें ते पुत्रीने रोती थकी देखीने राजा कहे छेके, हे वत्से तमे महारी वात सांभलो, के ए ताहारो दोष नथी पण ईहां तो महारो दोष छे; जे में ताहारा उपर स्नेह आणीने ॥ १७ ॥

वरनी चिंता चिंतवीजी, जिणहर मांहि जेण ॥ ते लागी आशातनाजी, जार देवाणां तेण ॥ प्रभु० ॥१८

अर्थः– श्रीजिनेश्वरनां घरमांहे ताहारा वरनी चिंता चिंतवी तेनी आशातना लागी तेथी जारणां देवाणां छे ॥ १८ ॥

जिनवर तो रूषे नहींजी, वीतराग सुप्रसिद्ध ॥ पण कोईक अधिष्ठायकेंजी, ए मुज शिक्षा दीध ॥ प्र० ॥१९

अर्थः– तो हे पुत्री श्रीजिनवर तो निरागी सुप्रसिद्धपणे वीतराग छे, ते तो कोईनी उपर रूषे नही. पण कोई एक अधिष्ठायिक देवतायें ए मुजने शिक्षा दीधी छे ॥ १९ ॥

ए कमाड विण उघडेजी, जाउं नहीं आवास ॥ सपरिवार नृपने तिहांजी, त्रण हुआ उपवास ॥ प्र० २०

अर्थः– ते माटे हवे ए कमाड उघडया विना महारे (आवासके) घेर जवुं नही. एम कही राजा परिवार सहित तिहां देरासरमां रह्यो, तेने त्रण उपवास थई गया ॥ २० ॥

त्रीजे दिन निशि पाछलीजी, वाणी हुई आकाश ॥ दोष नथी ईहां कोईनोजी, कांई करो रे विषाद ॥ प्र० २१

अर्थः– पछी त्रीजा दिवसनी पाछली रात्रियें आकाशने विषे एवी वाणी थईके, हे लोको ! ईहां कोईनो दोष नथी, माटे तमें विषाद शाका-

स्ते करो छो ? ॥ २१ ॥

तेहनी नजरें देखतांजी, ऊघडशे ए बार ॥ मदन मंजूषा तणो थशेजी ॥ तेहज नर भरतार ॥ प्र० ॥ २२

अर्थः— आ गंभारानां बारणां जे देवाई गयां छे, तेनुं कारण एटलुं छे के, जे पुरुषनी नजरें देखतां वारमां आ बारणां ऊघडी पडशे. तेहिज नर ए मदनमंजूषा कुंवरीनो भरतार थशे ॥ २२ ॥

ऋषभदेवनी किंकरीजी, हुं चक्केसरी देवि ॥ एक मास मांहि हवेजी, आवुं वरने लेवि ॥ प्रभु० ॥ २३ ॥

अर्थः— हुं श्रीऋषभदेव स्वामिनी किंकरी एटले दासी चक्केसरी नामें देवी छुं, हवे हुं एक महीनामां वरने लईने आवुं छुं ॥ २३ ॥

सुणी तेह हरख्यां सहुजी, रायने अति आणंद ॥ प्रेमें कीधां पारणांजी, दूर गयां दुःख दंद ॥ प्र० ॥ २४ ॥

अर्थः— एवी देवीनी वाणी सांभळीने सहु कोई हर्षवंत थया अने राजाने पण अत्यंत आनंद ऊपन्यो, तेवारें प्रेमें करी पारणा कीधां, सर्वना दुःखना (दंदके०) दगला दूर गया ॥ २४ ॥

दिन गणतां ते मासमांजी, ओछो छे दिन एक ॥ तिणे जूवे सहु वाटडीजी, विकलप करे अनेक ॥ प्र० ॥ २५

अर्थः— तिहांथी दिवस गणतां हवे एक महिनामां बाकी एक दिवस ओछो छे, ते माटे सहु कोई वाटडी जोई रह्यां छे, अने अनेक प्रकारना विकल्प कस्या करे छे ॥ २५ ॥

पुत्र शेठ जिनदेवनोजी, हुं श्रावक जिनदास ॥ प्रवहण आव्यां सांभळीजी, आव्यो ईहां ऊल्लास ॥ प्र० ॥ २६

अर्थः— वळी हुं एज नगरनो रेहेवासी जिनदेवनामा शेठ तेनो पु-

ત જિનદાસ નામા શ્રાવક છું, તે આજે પ્રવહણ આવ્યાં સાંભળીને ઇહાં તમારી પાસેં પર આવાસમાં આવ્યો છું ॥ ૨૬ ॥

સુણી નાદ નાટક તણોજી, દેખણ આવ્યો જામ ॥ મન-મોહન પ્રભુ તુમ તણુંજી, દરિસણ દીઠું તામ ॥ પ્ર૦॥૨૭॥

અર્થઃ– ઇહાં નાટક થતું હતું તેનો (નાદકે૦) શબ્દ સાંભળીને(જામ [illegible]

[illegible] ૨૮

પૂજ્ય પધારો દેહરેજી, જૂહારો શ્રીજગદીશ ॥ ઊઘડ- [illegible] ૨૯

[illegible] ॥ ૨૯

[illegible] ૩૦

અર્થઃ– ત્રીજા ખંડને વિષે એ રીતેં છઠ્ઠી ઢાલ કહી તે સાંભલતાં [illegible] ૩૦

॥ દોહા ॥

તવ હરખેં કુંવર ભણે, ધવલ શેઠને તેડિ ॥ જઈ-

એ દેવ જુહારવા, આવો દુર્મતિ છેડિ ॥૧॥

અર્થઃ- એ વ્યતિકર સાંભળ્યો, તેવારે શ્રીપાલકુમર ધવલશેઠને તેડીને હર્ષ કરી કહે છે કે હે શેઠજી હે પિતાજી તમેં દુર્મતિ જે માઠી મતિ તેને છેડીને મ્હારી સાથે આવો તો દેવ જુહારવા જઈયેં ॥૧॥



શેઠ કહે જિનવર નમો,
નવરા તુમેં નિચિંત ॥
વિણ ઊપરાજે જેહની,
પોહોંચે મનની ખંત ॥૨॥

અર્થઃ- તે સાંભલી શેઠ કહેવા લાગ્યો કે તમેં નિરંતર કામકાજ કર્યા વિના નવરા જેઠા છો- વલી વિણ ઊપરાજે એટલે ઊપાર્જન કર્યાવિના પોતાની મેલે લક્ષ્મી મલતી જાયછે, તમારા મનની ખંત પૂર્ણ થાય છે, માટે તમે નિશ્ચિંત છો, તેથી તમેં સુખેં શ્રીજિનવરને (નમો કે૦) નમસ્કાર કરો ॥૨॥

અમને જમવાનો નહીં, ઘડી એક પરવાર ॥
સીરામણ વાલૂ જિમણ, કરિએં એકન વાર ॥૩॥

અર્થઃ- અમને તો વ્યાપારના કામકાજ કરવામાંથી જમવાને માટે એક ઘડી વાર પણ પરવારી શકીયેં તેમ જનતું નથી તેથી સિરામણ, વ્યાળુ અને જમણ એ ત્રણે એકજ વાર કરીયેં છૈયેં ॥૩॥

હવે કુંવર જવા તિહાં, જવ થાએ અસવાર ॥ હરખ્યો હેષારવ કરે, તેજી તામ તુખાર ॥૪॥

અર્થઃ- હવે જેવારે શ્રીપાલ કુંવર તિહાં જવાને માટે ઘોડા ઊપર સ્વાર થયા, (તામ કે૦) તેવાર (તેજી કે૦) કોઈ દિવસ ચાબુક મારવો ન પડે એવી જાતિનો (તુખાર કે૦) ઘોડો તે હર્ષ પામતો છતો (હેષારવ કે૦)

अर्थः— तिहां जिनदास शेठ एम बोल्या के प्रथम

अर्थः— नेथडी बारणाना ऊघाडनार पुरुषने निश्चें करी भणी

॥८॥

॥ ढाल सातमी ॥

જી ॥ એ દેશી ॥ કુંઅર ગંભારો નજરેં દેખતાંજી, બેહુ ઊઘડીઆં બારરે ॥ દેવ કુસુમ વરષે તિહાંજી, હુવા જયજયકાર રે ॥ કુંઅર૦ ॥ ૧ ॥

અર્થઃ— તિહાં શ્રીપાલ કુંવરેં પોતાની નજરેં ગંભારો દેખતાં થકાંજ તરત ગંભારાનાં બારણાં ઊઘડી પડ્યાં, તેવારેં દેવોયેં કુસુમની વૃષ્ટિ કરી, અને તે વખતેં જયજયકાર શબ્દ થયો ॥ ૧ ॥

રાયને ગઈ તુરત વધામણીજી, આજ સફલ સુવિહાણ રે ॥ દેવિ દિયો વર ઈહાં આવિયો જી, તેનેં ઝલામલ ભાણ રે ॥ કુંઅર૦ ॥ ૨ ॥

અર્થઃ— રાજાને પણ તુરત વધામણી ગઈ, કે હે મહારાજ! આજનો દિવસ તો સફલ સુવિહાણ ઊગ્યો, દેવીયેં જે વર દીધો હતો તે ઈહાં આવ્યો, તે તેનેં કરીને તો જેવો ઝલામલ કરતો સૂર્ય જાણીયેં હોય નહિ! તે સમાન દેખાય છે ॥ ૨ ॥



સોવન ભૂષણ લાખ વધામણીજી, દેઈ પંચાંગ

અર્થઃ— વધામણીયાને સોનાનાં આભૂષણ તથા લાજ પસાય કરી

અર્થઃ— તિહાં કેશર, ફૂલ અને ઘનસાર બે બરાસ, તેણે કરી શ્રી-

ન્નમરે ॥ રાય સજન જનેં પરવર્યાજી, જેઠા કરિ
ય પ્રણામરે ॥ કુંઅર૦ ॥ ૬ ॥

અર્થઃ— એવી રીતેં દેવ પૂજીને બાહેરનાં રંગમંડપમાંહે બેવારે શ્રી-

पाल कुमर आव्या, तेवारे राजा पण सर्व सज्जन जनना परिवारें पर-
वर्यो थको छे, तेने हाथने प्रणामें प्रणाम करीने सर्व बेसता हवा ॥ ६ ॥

जिनहर बार उघाडतांजी, अचरिज कीधी तुमें वा-
तरे ॥ देवस्वरूपी दीसो आपणांजी, वंश प्रकाशो
कुल जातरे ॥ कुंअर० ॥ ७ ॥

अर्थः– पछी राजा, कुंवरनी समस्त प्रकारें स्तुति करीने कहेवा ला
ग्यो के, श्रीजिन घरना बारणां उघाडतां तमें अचरिज जेवी वात क-
री तेथी तमें कोई देवस्वरूपी देखाओ छो, माटे कृपा करीने आपणा
वंश, कुल, जाति ए सर्वनो प्रकाश करो ॥ ७ ॥

न कहे उत्तम नाम ते आपणुंजी, नवि करे आप
वखाणरे ॥ उत्तर न दीधो तेणे रायनेजी, कुंअर
सयल गुण जाणरे ॥ कुंअर० ॥ ८ ॥

अर्थः– एवी राजायें प्रार्थना करी परंतु उत्तम पुरुष पोतें पोता-
ने मुखें पोतानुं नाम मात्र पण कहे नहीं, अने पोतानां वखाण पण क-
रे नही, एवा सर्व गुणनो जाण श्रीपाल छे, माटे तेणे राजाने कांई
पण उत्तर दीधुं नहीं ॥ यतः ॥ परप्रणीता हि गुणा यशस्कराः, स्वयं
प्रणीता न भवंति कीर्त्तये ॥ न सौख्य सौभाग्यकरा भवंति ते, स्वयं गृ-
हीतो युवती कुचाविव ॥१॥ इति ॥ ८ ॥

देखो अचंभो इणे अवसरेंजी, हुओ गयणे उ-
द्योतरे ॥ उंचे वदनें जोए तव सहुजी, ए कुण
प्रगटी ज्योत रे ॥ कुंअर० ॥ ९ ॥

अर्थः– (देखो के०) जूओ एवा अवसरने विषे एक अचंभो
देख्यो ते कहे छे.(गयणे के०) आकाशें उद्योत थयो, तेवारे उंचुं मुख
करी सर्व जोवा लाग्या के, आ ते कया प्रकारनी ज्योति प्रगट थई छे? ९

देव घणा तस सा-



चारित्र अने चोथुं तप, ए चार पद धर्मतत्त्वरूप जाणवां. एम ए त्रणतत्त्वना उत्तर भेद नव थया. तेहिज नवपदने तमे परम भक्तियें करी आराधो ॥१२

अर्थः- एथकी दुःख अने दौर्भाग्य सर्व उपशमी जाय, अने

अर्थः- ते सांभली सर्व पर्षदानां लोक तिहां प्रेमपूर्वक पूछवा

अर्थः- अेवी रीतें श्रीपालनो संबंध कही, तिहांथी मुनिवर आ-

ल सुणी ईम सातमीजी, खंड बीजानी अेह जी,
गुण गेहरे ॥ कुंअर० ॥ १७ ॥

अर्थः- अेम बीजा खंडनी अे सातमी ढाल सांभलीने हे भ-

॥ दोहा ॥

अर्थः- हवे श्री जिन घरनी बाहिर मुख मंडपने विषे सहु कोई



सुपसायें मुज इल्यां, मनवंछित ततखेवि ॥ २ ॥

अर्थः- राजा कहे छे के, कल्पतरु समान एवा श्रीऋषभेश्वर एटले आदिनाथ भगवान् तेने धन्य छे, वली चक्रेश्वरी देवीने पण धन्य छे, के तेमना पसायथी मनोवांछित ततखेवि एटले तरत फलीभूत थयां ॥ २ ॥

तिलक वधावी कुंवरने, देई श्रीफल पान ॥ सज्जन साखें प्रेमें करी, दीधुं कन्या दान ॥ ३ ॥

अर्थः- एम चिंतवी श्रीपालकुंवरने तिलक वधावी, श्रीफल तंबोल आपी, सर्व सज्जनोनी साखें प्रेमें करी राजायें कन्या दान दीधुं ॥ ३ ॥

श्रीफल फोफल सयणने, देई घणां तंबोल ॥ तिलक करीने छांटणां, कीधां केसर घोल ॥ ४ ॥

अर्थः- तथा सयण ने सज्जन जनो तेमने पण श्रीफल ने नालियेर अने फोफल एटले सोपारी तथा घणां (तंबोल के०) पान देई, तिलक करी केसर घोलीने छांटणां कीधां ॥ ४ ॥

निज डेरे कुंवर गया, मंदिर पोंहोता राय ॥ बेहू ठामे विवाहना, घणा महोत्सव थाय ॥ ५ ॥

अर्थः- हवे कुमर पोताने (डेरे के०) तंबूमां गया, अने राजा पोताने मंदिरें पोहोता, तिहां बन्ने पक्षमां पोत पोताने स्थानकें विवाह संबंधि घणा महोत्सव थाय छे ॥ ५ ॥

वडी वडारण दे वडी, पापड घणा वणाय ॥ के लविथें पकवान बहु, मंगल धवल गवाय ॥ ६ ॥



અર્થઃ—(વડીવડારણ કે૦) મ્હોટી વડારણ એટલે જવાસણ ને છે, તે વડીયો દે છે એટલે આપે છે, ઘણા પાપડ વણાય છે, (જહુકે૦) ઘણા પ્રકારના પક્વાન તેને (કેલવિયેંકે૦) કેલવીને કરે છે, મંગલિકના ધવલ એટલે ધોલ ગીત ગવાય છે ॥ ૬ ॥

વાઘા સીવે નવનવા, દરજી બેઠા બાર ॥ જડિયા મણિ માણિક જડે, ઘાટ ઘડે સોનાર ॥ ૭ ॥

અર્થઃ— દરજી લોકો બારણે બેઠા થકા નવ નવા વાઘા શીવે છે, અને જડિયા લોકો છે, તે મણિ અને માણિક્ય જડે છે, તથા સોનાર લોકો નવ નવા ઘાટ ઘડે છે ॥ ૭ ॥

રાય મંડાવ્યો માંડવો, સોવન મણિમય થંભ ॥ થંભ થંભ મણિ પૂતલી, કરતી નાટારંભ ॥ ૮ ॥

અર્થઃ— હવે રાજાયેં માંડવો મંડાવ્યો છે, તે કેહેવો છે? તો કે પ્રથમ તો તે મંડપમાં સંપૂર્ણ મણિ રત્નેં જડાવ એવા સોનાના થંભ ઊભા કીધા છે, તે મણિ રત્નમય જ દેખાય છે, એવા થંભેં કરી તે મંડપ વિરાજિત છે, વલી તે થંભ થંભને વિષે મણિરત્નની પુતલીયો બનાવી છે, તે જાણિયેં નાટારંભજ કરતી હોય નહી! એવી મુજ મુદ્રાયેં રહી થકી શોભે છે ॥ ૮ ॥

તોરણ ચિહું દિશિ બારણે, નીલરયણમય પાન ॥ ઝૂંબે મોતી ઝૂંમખાં, જાણે સરગ વિમાન ॥ ૯ ॥

અર્થઃ— તથા તે મંડપની ચારે દિશાઓના બારણાઓને વિષે નીલા

रत्नमय पानां तेणें करी शोभित एवां तोरणो बांध्यां छे. ते तोरणोमां वली मोतीओना झूमखा झूली रह्यां छे तेथी लटकतां देखाय छे, ते जाणीयें स्वर्गना विमानज लटकतां होय नही! एवां थकां शोभे छे. अथवा ते तोरणो नीलां पानानां छे, ते विमान जेवांज छे, अने विमानोमां मोतीओना झूमखा झूली रहेलां होयछे, माटे ते तोरणो पण विमान सदृश शोभतां थकां देखाय छे ॥ ९ ॥

पंचवरणने चंदुवे, दीपे मोती दाम ॥ मानूं तारा मंडलें, आवि कियो विशराम ॥ १० ॥

अर्थः– वली ते मंडपमां पांच वर्णना चंदुवा बांध्याछे, ते चंदुवाने विषे मोतीओनी (दामके०) मालाओ बांधेली छे, ते केवी दीपे छे? तिहां कवीश्वर कहे छे के, हुं एम मानुं छुं, जे आकाशमां रहेला ताराओना मंडपें आवीने ईहांज विश्राम कीधो होय नही? एवा ते मालाओनां मोतीओ देदीप्यमान थकां शोभे छे ॥ १० ॥

चोरी चिहुं पखे चीतरी, सोवन माणिक कुंभ ॥ फूल माल अति फूटरी, महके सजल सुरंभ ॥ ११ ॥

अर्थः– तथा वली राजायें चोरी बंधावी छे, ते केहवी छे? तो के चार जाजुयें मणिरत्ने जडाव एवा सोनाना (कुंभके०) घट तेणे करी चितरेली छे. ते घडाओने वली अत्यंत फूटरी एटले घणी सरस एवी फूलोनी मालाओ पहेरावेली छे. ते (सजलके०) घणी एवी ने (सुरभके०) सुगंध तेणे करी महकी रही छे ॥ ११ ॥

॥ ढाल आठमी ॥

॥ राग बंगालयती ॥ करडो तिहां कोटवाल ॥ ए देशी ॥ हवे श्रीपाल कुमार, विधिपूर्वक मज्जन करे जी ॥ पहेरे सवि शणगार, तिलक निलाडे शोभा

~~अर्थः— वली श्रीपालकुंवरना इ~~

~~होय नही ? अेवो~~

~~ली रह्या छे, तथा मुज वो~~

करधरी श्रीफल पान, वरघोडे नव संचरयाजी ॥ सा
जेलां श्रीकार, सहस गमे तव परवरयाजी ॥ ५ ॥



अर्थः— हवे हाथमां श्रीफल पान लईने ज्यारें वरघोडामां संचर्या, तेवारें हजारो गमे (श्रीकार के०) शोभाने धरनारा एवा साजेलां तेनी सार्थे (परवर्या के०) आगल चाल्यां ॥ ५ ॥

वाजे ढोल निशान, सरणाई भुंगल घणीजी ॥ र-
थ जोडी सय जङ्ख, गाये मंगल ज्ञनणीजी ॥ ६ ॥

अर्थः— ढोल, नगारां, निशान, तथा शरणाईओ अने भुंगलो घणा वाजे छे, वली (सेय जङ्ख के०) सेंकडा गमे स्त्रीओ जानरडीयो जे छे, ते रथमां जोडी थकी मंगलिकनां गीतो गाय छे ॥ ६ ॥

साव सोनेरी साज, हयवर हींसे नाचताजी ॥ शि-
र सिंदूर सोहंत, दीसे मयगल मांचताजी ॥ ७ ॥

अर्थः— (साव के०) केवल सोनेरीनो साज नाख्यो छे जेमनी उपर एवा (हयवर के०) श्रेष्ठ घोडाओ नाचता थका आनंदमां मग्न थया थका हींसे एटले हणहणाट करे छे, वली जेमना (शिर के०) म-

स्तकने विषे सिंदूर शोभे छे, एवा (मयगल के०) हाथीओ ते (मायंता के०) मलपता थका (दीसे के०) देखाय छे ॥ ७ ॥

चहुटे चहुटे लोक, जूवे महोत्सव नवनवेजी ॥ एम मोहोटे मंडाणं, मोहन आव्या मांडवेजी ॥ ८ ॥



अर्थः– तिहां चहुटा चहुटाने विषे लोक नव नवे महोत्सवें करी जूवे छे. एवी रीतें महोटे मंडाणें करी (मोहन के०) श्रीपाल कुंवर मांडवाने विषे आवी पोहोतो ॥ ८ ॥

पोंखी आण्या मांहि, सासूए उलट घणेजी ॥ आणी चोरी मांहि, हर्ष घणो कन्या तणोजी ॥ ९ ॥

अर्थः– तेमने सासूयें घणा उलट सहित पोंखीने मांहे आण्यो वली कन्याने पण चोरी मांहे आणी, तेवारें तेना मनमां पण (परणवानो) हर्ष घणो छे ॥ ९ ॥

कर मेलावो कीध, वेदपाठ ब्राह्मण भणेजी ॥ सोहव गाये गीत, बिहु पखें आप आपणेजी ॥ १० ॥

अर्थः– पछी (कर मेलावो के०) हाथ मेलावो कीधो ते वखत ब्राह्मण वेदपाठ भणेछे, वली बेहु पक्षवालानी (सोहव के०) सुवासण स्त्रीयो आप आपनां तरफना गीत गाय छे ॥ १० ॥

करी अग्निनी साख, मंगल च्यारे वरतीयांजी ॥ फेरा फरतां ताम, दान नरिंदे बहु दीयांजी ॥ ११ ॥

अर्थः– पछी अग्निनी साखें करी च्यारे मंगल वर्तावीने वर कन्या

ने ईश ईरव्या, ते वखतें राज्यथें घणा प्रकारना दान दीधां ॥ यतः॥ दानह वेला ऊलला, जग विरला को होय ॥ जलहर जल देवा समे, श्याम वदनधर जोय ॥ १ ॥ दानं महिमनिधानं, कुशल निदानं कलंक करि सिंहः ॥ श्रीकलंक कंठनुतं, सिद्धिवधूसंगमे दूतः ॥ २ ॥ ईति ॥ ११ ॥

केलवीओ कंसार, सरस सुगंधी मह महेजी ॥ कवल ठवे मुज मांहि, मांहो मांहि मन गह गहेजी ॥ १२

अर्थः- पछी सरस सुगंधें करी महमहाट करी रह्यो छे, एवो कंसार केलव्यो छे एटले बनाव्यो छे, तेना (कवल के०) कोलिया तेने हर्ष सहित स्त्री ने भरतार जेहु जण मली मांहो मांहे मनना गहगहाटें करी एकेकना मुखमां मूके छे ॥ १२ ॥

मदन मंजूषा नारि, प्रेमें परणी ईणी परेंजी ॥ जिहु नारीशुं भोग, सुख विलसे सुसरा घरेंजी ॥ १३ ॥

अर्थः- ए रीतें मदनमंजूषा स्त्रीने प्रेमें करी परण्या. हवे श्रीपाल कुंअर ससराने घरे रह्या थका जेहु स्त्रीयोनी साथें सुखने (विलसे के०) भोगवे छे ॥ १३ ॥

ऋषभदेव प्रासाद, ऊरच्छव पूजा नित करेजी ॥ गीत गान जहु दान, वित्त घणुं तिहां वावरेजी ॥ १४

अर्थः- ईहां कुंवर, श्रीऋषभदेवजीना प्रासादने विषे महोटा आनंदें करी नित्य प्रत्यें ऊत्सव सहित पूजा करे छे, तथा घणा गीत गान करावे छे, जहु दान आपतो थको तिहां घणुं (वित्त के०) द्रव्य वावरे छे ॥ १४ ॥

चैत्र मासें सुखवास, आंबिल ओली आदरेजी ॥ सिद्धचक्रनी सार, भावजीणी पूजा करेजी ॥ १५ ॥

अर्थः- ईरी चैत्र महिनो आव्यो तेवारें सुखना आवासरूप आयंबिलनी ओली आदरीने श्रीसिद्धचक्रजीनी प्रधान भावजीणी पूजा करेछे. १५

વરતાવી અમાર, અઠ્ઠાઈ મહોત્સવ ઘણોજી ॥
સફલ કરે અવતાર, લાહો લીએ લછમી તણોજી ૧૬

અર્થઃ- આઠ દિવસ પર્યંત અમારીનો પડહ વર્તાવીને એટલે વગડાવીને ઘણો મહોટો અઠ્ઠાઈ મહોત્સવ કર્યો, જેવી રીતેં કુંઅર પોતાનો મનુષ્ય અવતાર સફલ કરેછે, અને લક્ષ્મી પામ્યાનો લાહો લીયેછે ॥૧૬॥

ઈક દિન જિનહર માંહિ, કુંઅર રાય બેઠા મલીજી ॥
નૃત્ય કરાવે સાર, જિનવર આગલ મનરલીજી ॥૧૭

અર્થઃ- એક દિવસેં જિનેશ્વરના દેહેરામાંહે કુંઅર અને રાજા, એ બેહુ જણ સાથેં મલી બેઠા છે, અને (મનરલિકે૦) મનની મગ્નતાયેં શ્રી જિનેશ્વરની આગલ ઉત્તમ નૃત્ય કરાવે છે ॥ ૧૭ ॥

ઈણેં અવસર કોટવાલ, આવી અરજ કરે ઈસીજી ॥
ઘણ ચોરીએં ચોર, પકડ્યો તસ આજ્ઞા કિસીજી ॥૧૮

અર્થઃ- એ અવસરેં કોટવાલ આવીને રાજાને એવા પ્રકારની અરજ કરવા લાગ્યો કે, હે મહારાજ! ઘણ ચોરીયેં ચોર થયેલો એટલે ઘણ ચોરીનો કરનાર ચોર એમેં પકડ્યો છે, તેને આપ કેહેવા પ્રકારની શિક્ષા કરવા હુકમ કરોછો? તે કહો ॥૧૮॥



વલિ લાંગી તુમ આણ, જલ જહુલું ઈણેં આદર્યુંજી
એમેં દેખાડ્યા હાથ, તવ મોહોડું આંખું કર્યુંજી ॥૧૯॥

અર્થઃ- વલી તમારી આણા દીધી તે પણ એણે ભાંગી નાખી, તથા અમારી સાહામું ઘણું જલ આદર્યું, પરંતુ અમે જેવારેં જરે જરા હાથ દેખાડ્યા, તેવારેં તેણે પોતાનું મુખ કાળું કર્યું ॥૧૯॥

રાજા બોલે તામ, દંડ ચોરનો દીજીએંજી ॥ નિજ ઘરમાં એ વાત, કહે કુંઅર કિમ કીજીએંજી ॥૨૦॥

અર્થઃ- તે સાંભલી રાજા બોલ્યો કે, એને ચોરનો દંડ આપો, તેવારેં કુંઅર કહેવા લાગ્યો કે, હે સ્વામી ! નિજ ઘરમાં એ વાત કેમ કરીયેં ? ॥૨૦॥

નજરેં કરી હજૂર, પહેલાં કીજેં પારખુંજી ॥ પછે દેઈજેં દંડ, સહુએ ન હોયે સારિખુંજી ॥૨૧॥

અર્થઃ- વલી જે ચોર હોય તેને પ્રથમ તો પોતાની નજર આગલ હજૂર કરીને તેની પરીક્ષા કરીયેં, અને પછી જે કાંઈ તેને દંડ દેવો ઘટે, તે આપીયેં, શા માટે જે સર્વ માણસ કાંઈ સરખાં ન હોય "સહુને હોયે સારિખુંજી" એવું પાઠાંતર પણ છે ॥૨૧॥

આણ્યો તિસેં હજૂર, ધવલશેઠ તવ જાણિયોજી ॥ કહે કુંઅર મહારાજ, ચોર ભલો તુમેં આણિયોજી ॥૨૨॥

અર્થઃ- પછી જેવારેં રાજાની હજૂરમાં તેને લેઈ આવ્યા, તેવારેં એ ધવલશેઠ છે, એવું જાણીને કુંઅર રાજાને કહેતો હવો કે, મહારાજ આ ચોર તો તમેં ઘણો ભલો આણ્યો ! ॥૨૨॥

એ મુજ પિતા સમાન, હું એ સાથેં આવિયોજી ॥ કોટિધ્વજ સિરદાર, વાહણ ઈહાં ઘણાં લાવિયોજી ॥૨૩॥

અર્થઃ- એ તો મહારા પિતા સમાન છે. હું એની સાથેંજ ઈહાં આવ્યો છું. વલી એ તો કાંઈ સામાન્ય માણસ નથી, પરંતુ કોટિધ્વજ જે છે તેનો પણ એ સિરદાર છે, અને ઈહાં તમારા બંદર માંહે ઘણા વા

હણ લઈ આવ્યો છે ॥૨૩॥

છોડાવી તસ બંધ, તેડી પાસેં બેસાડિયોજી ॥ ગુન-
હ કરાવી માફ, રાયને પાય લગાડિયોજી ॥૨૪॥

સાડ્યો, અને તેનો ગુનો માફ કરાવી રાજાને પગે લગાડ્યો ॥૨૪॥

રાય કહે અપરાધ, એહનો પરમેસર સહ્યોજી ॥ અ-
જરામર થયો એહ, જેહ તુમેં બાંહે ગ્રહ્યોજી ॥૨૫॥

અર્થઃ- રાજાયેં કહ્યું કે, એનો અપરાધ તો પરમેશ્વરેં સહન કર્યો, એટલે માફ કર્યો, એ તો હવે અજરામર થયો જાણવો. કારણ કે જે તુમેં (બાંહે ગ્રહ્યો કે.) હાથે ઝાલ્યો તે અજર અમર થયો, એમાં કાંઈ નવાઈ નથી ॥૨૫

અર્થઃ- હવે એક દિવસેં ધવલશેઠ આવીને શ્રીપાલકુમરને એમ વિનવે

, ૬

ને તેણે કરી વાહણ (પૂર્યાં કે.) ભર્યાં ॥ ૨૬ ॥

॥ તિમ પહોંચાડો દેશ, તો સુખ પામે પ્રાણિયાજી ॥૨૭

અર્થઃ- માટે તમે અમને આ ઠેકાણે જેવી રીતેં કુશલે ક્ષેમેં લાવ્યા છો, તેવી રીતેં ફરી પાછા અમારે દેશ પોહોંચાડો, તો પ્રાણી સર્વ સુખ પામે. ॥૨૭॥

કુંઅરેં જણાવ્યો ભાવ, નિજ દેશેં જવા તણોજી ॥ તવ
નૃપને ચિતમાંહિ, અસંતોષ ઊપનો ઘણોજી ॥ ૨૮॥

અર્થઃ- તે સાંભળી કુમરેં પણ પોતાને દેશ જવાનો ભાવ સસરાને જ-

ણાવ્યો, તેવારેં રાજાના ચિત્તને વિષે ઘણો અસંતોષ ઊપન્યો ॥૨૮॥

માગ્યાં ભૂષણ જેહ, તે ઊપર મમતા કિસીજી ॥ પર
દેશીશું પ્રીત, દુઃખદાયી હોયે ઈસીજી ॥૨૯॥

અર્થઃ- તથાપિ વલી વિચાર્યું જે માગી લાવેલાં આભૂષણો હોય તેની ઊપર ફોકટ મમતા શી કરવી ! એ મમતા તો દુઃખદાયી જાણવી, તેમજ પરદેશીની સાથેં પ્રીતિ કરવી તે પણ એવીજ દુઃખદાયી હોય ॥૨૯॥

સાસુ સુસરો દોય, કર જોડી આદર ઘણેજી ॥ આં-
સુ પડતે ધાર, કુંઅરને ઈણિ પરેં ભણેજી ॥૩૦॥

અર્થઃ- એમ નિર્ધારી સાસુ અને સસરો બેહુ જણ જે હાથ જોડી, ઘણા આદરેં કરી, આંખમાંથી આંસુની ધારા પડતે થકે, કુંઅર પ્રત્યેં એવી રીતેં (ભણે કે०) કહેતા હવા ॥૩૦॥

મદન મંજૂષા એહ, અમ ઊત્સંગેં ઊછરીજી ॥ જન્મ
થકી સુખમાંહિ, આજ લગેં લીલા કરીજી ॥૩૧॥

અર્થઃ- કે હે રાજન્ ! એ મદનમંજૂષા નામે પુત્રી તે અમારા ખોલામાં ઊછરી છે, એણે જન્મથકી માંડીને આજ દિવસ સુધી સઘળ્ય સુખમાંહેજ લીલા કરી છે ॥૩૧॥

વાહાલી જીવિત પ્રાય, તુમ હાથે થાપણ ઠવીજી ॥ એ
હને મ દેશો છેહ, જો પણ પરણો નવનવીજી ॥૩૨॥

અર્થઃ- એ પુત્રી પ્રાયેં અમારા જીવ થકી પણ અમને ઘણીજ વાહાલી છે, તે આજ તમારે હાથે જેમ થાપણ (ઠવી કે०) સ્થાપી હોય તેમ આપી છે. માટે જો પણ તમેં નવ નવી સ્ત્રીઓ પરણો, તો પણ એને છેહ દેશો નહીં ॥૩૨॥

પુત્રીને કહે વત્સ, ક્ષમા ઘણી મન આણજેજી ॥ સ-
દા લગે ભરતાર, દેવ કરીને જાણજેજી ॥૩૩॥

અર્થઃ— હવે પોતાની પુત્રીને શીખામણ આપવા માટે રાજા રાણી

નહી, અને સઘ લગણ ભરતારને તો દેવકરીનેજ જાણજે ॥ ૩૩ ॥

સાસુ સુસરા જેઠ, લજ્જા વિનય મ ચૂકજે જી ॥ પરિ-

અર્થઃ— વલી સાસુ, સસરો અને જેઠ, તેમની લજ્જા વિનય કરવા

કંત પહેલી જાગ, જાગતાં નવિ ઊંઘીએં જી ॥ શોક્ય

અર્થઃ— વલી ભરતાર જાગ્યાથી પહેલી જાગજે, તથા ભર્તાર જાગ-

પછી ભોજન કરેજી ॥ ૩

અર્થઃ— પોતાનો ભરતાર તથા જીજે પણ પરિવાર જે હોય તે સર્વે

અર્થઃ— શ્રીજિનેશ્વરની પૂજા તથા ગુરૂની ભક્તિ કરજે, પતિવ્રતા


ને અમેં શી કહી દેખાડીયેં? તમેં

મદનમંજૂષા ધૂઅ, વોળાવા સહુ નીસર્યાંજી ॥૭૮॥

અર્થઃ— એવી રીતે પુત્રીને શીખામણ આપીને પછી રત્નથે રત્ન, ઋદ્ધિ તથા બીજો પણ ઘણો પરિવાર આપીને વાહણ ભર્યાં, મદન મંજૂષા પુત્રીને વોળાવવાને માટે સર્વ કોઈ નિસર્યાં ॥૭૮॥

કાંઠે સયલ કુટુંબ, હૈડાં ભર ભેટી મળ્યાંજી ॥ તસ મુખ વારોવાર, જોતાં ને રોતાં પાછાં વળ્યાંજી ॥૭૯॥

અર્થઃ— બંદરને કાંઠે સર્વ કુટુંબ આવી હૈડાં ભરી ભેટીને મળ્યાં, પછી તે પુત્રીનું મુખ વારંવાર જોતાં જોતાં અને રોતાં થકાં પાછાં વળ્યાં ॥૭૯



કુંઅર વાહણ માંહિ, બેઠાં સાથે દોઈ વહૂજી ॥ કામ અને રતિ પ્રીતિ, મળિયાં એમ જાણે સહૂજી ॥૮૦॥

અર્થઃ— હવે શ્રીપાલ કુંઅર વાહણની માંહે પોતાની બે સ્ત્રીયો સાથે બેઠા, તે સહુ કોઈ એમજ જાણેછે કે આ તો કામદેવ અને તેની રતિ તથા પ્રીતિ એ બે સ્ત્રીયો તેજ ઈહાં આવી એકઠાં મળ્યાં છે, એ કવિયે ઉત્પ્રેક્ષા કરી ॥૮૦॥

બીજે ખંડે એહ, ઢાળ થુણી ઈમ આઠમીજી ॥ વિનય કહે સિદ્ધચક્ર, ભક્તિ કરો સુરતરૂ સમીજી ॥૮૧॥

અર્થઃ— બીજા ખંડને વિષે એ આઠમી ઢાળ એવી રીતે સ્તવી માટે હો ભવ્યો ! તમે (સુરતરૂ કે૦) કલ્પવૃક્ષ સમાન મનોવાંછિતની દેવા વાળી એવી શ્રીસિદ્ધચક્રજી મહારાજની ભક્તિ કરો. એમ શ્રીવિનયવિજય ઉપાધ્યાયજી કહે છે ॥૮૧॥

॥ ચોપાઈ ॥

ખંડ ખંડ મધુરો જિમ ખંડ, શ્રી શ્રીપાલચરિત્ર અ-
ખંડ ॥ કીર્તિવિજય વાચકથી લહ્યો, બીજો ખંડ

વન

પાણિગ્રહણેત્યાદિ વર્ણનં નામા દ્વિતીયઃ ખંડઃ સમાપ્તઃ
॥૨॥ પ્રથમખંડે ગાથા ૨૮૨ દ્વિતીયખંડે ગાથા ૨૭૫
સર્વગાથા ॥૫૫૭॥

અર્થઃ— એ રાસનો ખંડ ખંડ (મધુરો . વલ ,
) ખાંડના કટકા કટકા માંહે મીઠાશ ઘણી હોય, તેમ એ રાસના
, અને શ્રી શ્રીપાલરાજાનું સંપૂર્ણ ચ-
રિત્ર તો અખંડરૂપ છે, તે ને પ્રમાણે શ્રી કીર્તિવિજય ઉપાધ્યાયજીના
લ કે , અ કે) જેન પ્રમાણે આ બીજો
ખંડ, શ્રીવિનયવિજય ઉપાધ્યાયજીયેં કહ્યો ॥૧॥ ॥ ઇતિ શ્રી
શ્રીપાલચરિત્રે બાલાવબોધે દ્વિતીય ખંડઃ સમાપ્તઃ ॥૨॥ ॥



અથશ્રી

શ્રીપાલચરિત્રે તૃતીયખંડઃ પ્રારભ્યતે

॥ દોહા ॥

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં નાવે પાર ॥ વંછિત પૂરે દુઃખ હરે, વંદૂં વારોવાર ॥ ૧ ॥

અર્થઃ- શ્રીસિદ્ધચક્ર ભગવાનના ગુણ ઘણા છે, તે મુખથી કહેતાં થકાં તેનો પાર આવે નહીં. એ શ્રીસિદ્ધચક્ર કહેવું છે ? તોકે સેવનારના મનોવાંછિત પૂર્ણ કરે, અને દુઃખને હરણ કરે, માટે તે શ્રીસિદ્ધચક્રજીને હું વારંવાર વાંદું છું ॥ ૧ ॥

સભા કહે શ્રીપાલને, સમુદ્ર ઊતારો પાર ॥ અમને ઊત્કંઠા ઘણી, સુણવા મ કરો વાર ॥ ૨ ॥

અર્થઃ- હવે આ રાસના સાંભળનાર સભાસ્થ જનો કવીશ્વરને કહે છે કે, શ્રીપાલકુમરને સમુદ્ર થકી પાર ઊતારો, એટલે શ્રીપાલ કુમર સમુદ્ર પાર ઊતરીને કાંઠે આવે, એ વાત સુણવાની અમને ઘણી ઊત્કંઠા છે, માટે વાર મ કરો, એટલે વ્યાખ્યાન કરવાનો વિલંબ ન કરો ॥ ૨ ॥

કહે કવિયણ આગલ કથા, મીઠી અમિય સમાન ॥ નિદ્રા વિકથા પરહરી, સુણજો દેઈ કાન ॥ ૩ ॥

અર્થઃ- એવું સભાજનોનું બોલવું સાંભલીને કવીશ્વર પણ શ્રીપાલની આગલ કથા એટલે સમુદ્રમાં પડ્યા પછીની જે કથા કહેવાની છે તે કહે છે. તે કથા કહેવી છે ? તોકે અમૃત સમાન મીઠાશની આપનારી છે, માટે હે શ્રોતાજનો ! તમે નિદ્રા અને વિકથાને પરહરી એટલે ત્યાગીને

એકાગ્ર ચિત્તેં કાન દેઈને સાંભળજો ॥૩॥

ધવલશેઠ ઝૂરે ઘણું, દેખી કુંવરની રિદ્ધ ॥ એકલ-
ડો આવ્યો હતો, હૈ હૈ દૈવ શું કીધ ॥૪॥

અર્થઃ– હવે શ્રીપાલકુંવરની ઋદ્ધિ દેખીને અદેખો બિચારો ધવલશેઠ ઘણું ઘણું ઝૂરયા કરે છે, કે અરે આ તો એકલોજ મહારી સાથેં ચાકર દાખલ આવેલો હતો, તો હૈ હૈ ઈતિ ખેદે. હે દૈવ, હે કર્મ, આ તેં શું કીધું? ॥૪॥

વહાણ અઢીશેં માહરાં, લીધાં શિરમાં દેઈ ॥ જોઉં
ઘર કિમ જાયશે, ઋદ્ધિ એવડી લેઈ ॥૫॥

અર્થઃ– એમ ધવલશેઠને કુમરની ઋદ્ધિ દેખવાથી અદેખાઈ ઊપની, તેથી વિચાર કરવા માંડ્યો કે, આ અઢીશેં વાહણ તો મહારા માથામાં દેઈને એણેં લઈ લીધાં, પણ હવે જોઉં તો ખરો, કે આ એટલી ઋદ્ધિ લઈને કેવી રીતેં પોતાને ઘેર જાય છે ! ॥૫॥

એક જીવ છે એહને, નાખું જલધિ મઝાર ॥ પછી
સયલ એ માહરૂં, રમણી ઋદ્ધિ પરિવાર ॥૬॥

અર્થઃ– એ એકજ જીવ છે, તેને હું (જલધિ કે૦) સમુદ્રમાં નાખી દઉં, પછી એ (રમણી કે૦) જે સ્ત્રીયો તથા ઋદ્ધિ અને બીજો જે એનો પરિવાર છે, તે સર્વે મહારૂંજ છે? એ બાપડો ક્યાં લઈ જવાનો? એવા દુષ્ટ અધ્યવસાય શેઠના થયા ॥૬॥

દેખી ન શકે પારકી, ઋદ્ધિ હિયે જસ ખાર ॥ સા-
યર થાએ દૂબલો, ગાજંતે જલધાર ॥૭॥

અર્થઃ– ઈહાં કનિષ્ઠ પુરૂષના લક્ષણ ઊપર દૃષ્ટાંત કહે છેં કે, જેમ (જલધાર કે૦) મેઘ તે ગાજંતે એટલે ગર્જારવ કરે, તેવારેં (સાયર કે૦) સમુદ્ર દુર્બલ થઈ જાય. એ દૃષ્ટાંતેં જે પુરૂષના હૈયામાં (ખાર કે૦) અદેખાઈ હોય, તે પુરૂષ પણ પારકી ઋદ્ધિ દેખીને ખમી શકે નહીં ॥ યતઃ

॥ પરવાદે દશવદનઃ, પરદોષ નિરીક્ષણે સહસ્રાક્ષઃ ॥ સંવૃત્તવિત્ત હરણે, બાહુ સહસ્રાર્જુનો નીચઃ ॥ ૧ ॥ ઇતિ ॥ ૭ ॥

વરસાલે વનરાઈ જે, સવિ નવપલ્લવ થાય ॥ જાય જવાસાનું કિસ્યું, જે ઊલ્લો સૂકાય ॥ ૮ ॥

અર્થઃ- વલી બીજો દૃષ્ટાંત કહે છે. જેમ કે વરસાતના દિવસોમાં અઢાર ભાર વનરાજિ એટલે વનસ્પતિની પંક્તિ જે છે, તે સર્વ નવપલ્લવ થાય છે; પરંતુ તેમાં એક બિચારા જવાસાના ઝાડનું શું જાય છે કે જે ઊલ્લો ને ઊલ્લો સુકાઈ જાય છે? કાંઈજ નહીં. પરંતુ જે અદેખું માણસ છે, તે બીજાની સારી સ્થિતિ થયેલી જોઈને પોતેં દુઃખી થાય છે, એમ જાણવું ॥ ૮ ॥

જે કિરતાર વડા કિયા, તે શું કેહી રીસ ॥ દાંત પડ્યા ગિરિ પાડતાં, કુંજર પાડે ચીસ ॥ ૯ ॥

અર્થઃ- પણ ખરી વાત તો એજ છે કે, જેહને કિરતારેં મહોટા કર્યા, તેની સાથેં વલી કેવી રીશ કરવી? તેની સાથેં રીશ કરવાથી ઊલટું રીશ કરનારનેજ દુઃખી થવું પડે છે, કોની પરેં? તો કે જેમ (કુંજરકે૰) હાથી જે છે તેણેં પર્વત દીઠો તેથી મનમાં ક્રોધ આવ્યો જે આ વલી મહારાથી મહોટો ન જોઈયે એમ ચિંતવી પોતાને મહોટો સમજીને દાંતેં કરી પર્વતને પાડી નાખવા માટે ઊદ્યમ કર્યો, પરંતુ તેને પાડવા જતાં ઊલટા પોતાના દાંત ત્રૂટી પડ્યા, તેવારેં મહોટી ચીસો પાડવા લાગો તિહાં પાસેં કોઈ કવીશ્વર ઊભો હસે તેણે "જે કિરતારવડા કિયા" એ દોહો કર્યો. એ દૃષ્ટાંતેં આંહીં ધવલશેઠ પણ શ્રીપાલકુમરને દુઃખી કરવા માટે ઊદ્યમ કરે છે, પરંતુ તેને દુઃખી કરવા જતાં પોતાનેજ દુઃખી થવું પડશે, તે વાત આગલ કહે છે ॥ ૯ ॥

॥ ઢાલ પહેલી ॥

॥ રાગ મલ્હાર ॥ શીતલ તરૂવર છાંહિ, કે જાંહુ વાલંભજીરે ॥ કે જાં૦ ॥ એ દેશી ॥ દેખી કામિની દો-

धवल

यो, तथा जीवनुं घर

नुं चित्त पण पोताने वश रह्युं नहीं ॥१॥

तत्पर, पांचमो धन मेळववामां आसक्त चित्तवाळो, छठ्ठो परकी स्त्रीमां आसक्त, सातमो जेने माथे दुशमन छे ते, आठमो पोताना प्रियजनथी वियोग पामेलो, जेवा आठ प्रकारना मनुष्यो निद्राने पामता नथी ॥१॥ २॥

चार मल्या तस मित्र, के पूछे प्रेमशुं रे ॥ के पूछे० ॥ को-
ण थयो तुम रोग, के झूरो एम शुं रे ॥ के झूरो० ॥ के
चिंता उतपन्न, के कोईक आकरी रे ॥ के कोई० ॥ भाई
थाओ धीर, के मन काठुं करी रे ॥ के मन० ॥ ३ ॥

अर्थः— जेम दुःखने लीधे धवलशेठ अर्धरात्रें सूतो उठी टळवळतो झूर्या करे छे. ते जोईने तेना चार मित्र छे ते तेने मल्या, अने प्रेमपूर्वक पूछे छे के, हे शेठजी! तमोने श्यो रोग उत्पन्न थयो छे, के तमे आम तेम झूरी रह्या छो? अथवा तमोने घणीज आकरी जेवी कोईक चिंता उत्पन्न थई छे? के शुं थयुं छे? जे कांई थयुं होय तो पण हे भाई! मन कठण करीने धीरजवान थईने ॥ ३ ॥

दुःख कहो अम तास, उपाय विचारीएं रे ॥ उपा०
॥ चिंतासायर एह, के पार उतारीएं रे ॥ के पार० ॥
लज्जा मूकी शेठ, कहे मन चिंतव्युं रे ॥ कहे मन० ॥ त
व चारे कहे मित्र, के धिग ए शुं लव्युं रे ॥ के धिग० ॥ ४ ॥

अर्थः— तमोने जे दुःख पेदा थयुं होय ते अमोने कहो तो अमें (तास के०) तेनो उपाय विचारीने आ चिंतारूप समुद्रमांथी तमोने पार उतारीयें. तेवारें शेठें पण लज्जा मूकीने उंडो नीसासो नाखी पोताना मननुं चिंतवेलुं काम जे हतुं ते मित्रोने कह्युं, के अरे भाईओ! म्हारे शरीरें कोई पण रोग पीडा करतो नथी, परंतु आ श्रीपाळने मारी नाखवो, ए म्हारा मननी पीडा छे ते मने पीडे छे, दुःख आपे छे, ए सर्व वृत्तांत ते

ચારે મિત્રો કહેવા લાગ્યા કે, અરે ધિક્કાર છે તુજને! કે આ અમારા કાન- ને શૂળ લાગે, એવું તું શું (લવ્યો કે०) બોલ્યો! આતે શું તારી અક્કલ ઠેકાણે નથી! કે બીજા કોઈ સામાન્ય માણસના ધનનું હરણ કરવું તે પ- ણ ઉત્તમ પુરૂષને યોગ્ય નથી, તો આ તો તહારો સ્વામી છે, વળી તહારા ઉપર મહોટો ઉપકાર કર્ત્તા છે, તેનું ધન હરણ કરવું એ કાર્ય તો મહોટા કષ્ટનું દેવાવાળું સમજવું. તેમજ અન્ય કોઈ પુરૂષની સ્ત્રી ભોગવવી તથા કોઈ જીવ માત્રને હણવો, તે પણ ઉત્તમ પુરૂષને મહા નિંદનીય છે, તો આ જે ઉપકાર કર્તા સ્વામી તેની સ્ત્રી ભોગવવી તથા તેને હણવો, એથી અ- વશ્ય નરકેં જવાનો બંધ પડે, એવું પાપકર્મ મનમાં ચિંતવીને આ જીભેં અમોને કહેતાં થકાં તહારી જીભ પણ કેમ ચાલી? માટે આજ દિવસ સુધી તો અમારે ને તારે મિત્રાચારીનો નાતો હતો, પણ હવે આવું દુષ્ટ- પણું તેં ચિંતવ્યું, તેથી વર્તમાન કાલેં તો તું અમારા દુશમન તુલ્ય છો, કે જે તેં આવા સર્વ શિરોમણિ મસ્તકના મણિ સરખા માહા પુરૂષની ઉપ- ર માઠી ચિંતવના કરી! ॥ ૪ ॥

પરનારીને પાપ, ભવોભવ બૂડીએંરે ॥ ભવો० ॥ કિ- મ સુરતરૂની ડાલ, કુહાડે બૂડીએંરે ॥ કુહા० ॥ પર- ઉપગારી એહ, બિરુદ્યો જગ કેવડોરે ॥ બિરુદ્યો० ॥ દી- ઠો પ્રત્યક્ષ જાસ, કે મહિમા એવડોરે ॥ કે મહિ० ॥ ૫

અર્થઃ- વળી તે મિત્રો કહે છે કે હે શેઠ! એક તો પરસ્ત્રીને પાપેં ભ- વોભવ સંસાર માંહે બૂડીયેં, વળી એહવો મુર્ખ પણ કોણ હોય કે જે (સુ- રતરૂ કે०) કલ્પવૃક્ષની ડાલને કુહાડે કરી બૂડી નાખે? તેમ એ પુરૂષ તો કલ્પવૃક્ષ સમાન છે, વળી એ પુરૂષ તો જગતમાંહે જેવો કેવડો પરોપકારી છે તેની સમાન પરોપકારી છે, જેનો એટલો મહિમા તો પ્રત્યક્ષ તમેજ દી- ઠો છે (તે આગળ કહે છે.) ॥ ૫ ॥

છોડાવ્યા દોય વાર, ઇણેં તુમેં જીવતારે ॥ એણેં० ॥ ઉ- ગારિયાં ધન માલ, જે પાસેં એહતારે ॥ જે પાસેં० ॥

તાર્યાં થંભ્યાં વાહણ, ઈણેં આગલ રહીરે ॥ ઈણેં૦ ॥ એહવો પુરૂષરતન્ન, કે જગ બીજો નહીંરે ॥ કે જગ૦ ॥ ૬

અર્થઃ— એક બબ્બર કૂટના બંદર ઊપર અને બીજે રત્નદ્વીપેં, બે જે ઠેકાણેં તો તમને મારવાની તૈયારી થઈ હતી. તે બે સ્થાનકેંથી બે વાર તમોને જીવતા (છોડાવ્યા કે૦) મૂકાવ્યા. તથા જો એ પાસેં હતા તો તમારાં ધન માલ સર્વે ઊગાર્યાં, નહી તો આજ તમારી પાસેં એક કોડી પણ રહેત નહી. ને તમે પણ જીવતા રહેત નહી. વલી તમારા વહાણ થંભાણા હતાં, તે પણ એણે આગલ રહીને તાર્યાં, તે સર્વ ઊપકાર તમેં ભૂલી ગયા કે શું? માટે એવો રત્ન સરખો પુરૂષ જગતમાં બીજો કોઈ નથી ॥ ૬ ॥

કરી એહશું દ્રોહ, જો વિરૂઓ તાકશોરે ॥ જો વિરૂ૦ ॥ તો અણખૂટે કિહાં ઈક, અંતેં થાકશોરે ॥ કે અં૦ ॥ ભાગ્યેં લાધી ઋદ્ધિ, ઈણેં જો એવડીરે ॥ ઈણેં૦ ॥ પડી કાંઈ દુર્બુદ્ધિ, ગલે તુમ નેવડીરે ॥ ગલે૦ ॥ ૭ ॥

અર્થઃ— તેથી અમેં તમને કહીયેં છૈયેં, કે જો તમેં એની સાથે દ્રોહ કરીને (વિરૂઓ કે૦) માઠું (તાકશો કે૦) ઈચ્છશો વિચારશો તો અંતેં તમેં પોતેંજ ક્યાંહિક વગર ખૂટે (થાકશો કે૦) મરણ પામશો એટલે આયુષ ખુટ્યા વિના મરણ પામશો! અરે! જો એને ભાગ્યેં એણેં એટલી ઋદ્ધિ (લાધી કે૦) પામી તો તમારા ગલાને વિષે (નેવડી કે૦) એટલી દુર્બુદ્ધિ કેમ આવીને પડી? અથવા એટલી દુર્બુદ્ધિ આવીને તમોને કેમ ગલે પડી છે? માટે અમેં તો કહીયેં છૈયેં કે તારૂં ધવલ નામ છે તે ખોટું છે, પણ તું મલિન કઠોર સ્વભાવવાલો છે, માટે કૃષ્ણ લેશ્યાના યોગે કરી તારૂં કાલો એવું નામ જોઈયેં. તુજને દેખવાથી અમારો આત્મા પણ મલિન પણાને પામે ॥ ૭ ॥

ત્રણ મિત્ર હિતશીખ, તે એમ દેઈ ગયારે ॥ તે એ૦ ॥ ચોથો કહે સુણ શેઠ, કે એ વેરી થયારે ॥ કે એ વે૦ ॥ ગ-

णिअें पाप न पुण्य, के लक्ष्मी जोडीअें रे ॥ के लक्ष० ॥ लक्ष्मी होये जे गांठ, तो पाप विछोडीअें रे ॥ तो० ॥ ८ ॥

अर्थः— जेवी रीतें त्रण मित्र हितनी शीखामण आपीने पोत पोताने स्थानकें गया, (तव के०) तेवारें चोथो कपट स्वभावी मित्र हतो, ते करी पण ते शेठनी पासें बेठो अने कहेवा लाग्यो के, हे शेठ तमें सांभलो, के ए त्रण मित्र तो उलटा तमारा वैरी थया, कारण के जेणेंकरी तमारी मशेटाई थाय, तेवुं ए चिंतवता नथी माटे गया तो जवा द्यो. हुं एकलो ज तमारा मनोवांछित पूर्ण करीश, तमें कोई वातें चिंता करशो नहीं. महारो मत तो एहवो छे के पाप अने पुण्य कांई पण गणीयें (न के०) नही, परंतु लक्ष्मी जोडीयें एटले एकठी करीयें. कारण के जो लक्ष्मी गांठमां होय, तो पुण्य करीने पापने विछोडी नाखीयें ॥ ८ ॥

उपराजे घणें ऋद्धि, ते कोनें ताहरे रे ॥ ते० ॥ निरधणी थाए लाग्यवंत, कमाई कोई मरे रे ॥ कमा० ॥ करशुं इस्यो उपाय, के ए दोलत घणी रे ॥ के ए० ॥ ए ने सुंदरी होय, के थाशे तुम तणी रे ॥ के था० ॥ ९ ॥

अर्थः— हे शेठजी! हुं जेम धारुं छुं जे, ए श्रीपालें जेटली ऋद्धि उपार्जन करेली छे, ते सर्व ताहरेज कामें छे, जेम जाणजे. ते उपर दृष्टांत कहुंछुं, ते सांभल. जेम कोई निर्लज्य पुरुष होय ते कमाई एटले संचय करीने मरी जाय. पछी तेनी कमावेली लक्ष्मीनो धणी तो कोई लाग्यवंत पुरुष होय ते थाय माटे आपणे एवो कोई उपाय करशुं, के जे थकी जे धणी जे दोलत छे ते अने वली आ जे सुंदरी छे ते पण सर्व तमारी थाशे ॥ ९ ॥

जिम पामे विश्वास ॥ मलो तिम एहशुं रे ॥ म० ॥ मुखें मीठी करो वात, के जाणे नेहशुं रे ॥ के जा० ॥ मी

ઠી લાગી વાત, તે શેઠને મન વસી રે ॥ તે શેઠ૦ ॥ આ-
વ્યો ફીટણ કાલ, તે મતિ તેહની ખસી રે ॥ તે મ૦ ॥૧૦

અર્થઃ- માટે હવે જેમ એ તમારા ઊપર વિશ્વાસ પામે તેવી રીતેં તમેં એની સાથેં મલો તથા જેમ એ જાણે કે સ્નેહેં કરીનેજ મને કહે છે, તેમ તમેં તમારા મુખેં એની સાથેં મીઠી વાત કરો. એ ચોથા મિત્રની વાત તે શેઠને મીઠી સાકર જેવી લાગી અને શેઠના મનમાં પણ વસી જે આ વાત ઠીક કહે છે, કારણ કે તેનો ફિટણ કાલ આવ્યો, તેવારેં (તેહની- કે૦) તેની મતિ પણ ખસી ગઈ ॥ ૧૦ ॥

દૂધન દેખે ડાંગ, ન દેખે માંકડો રે ॥ ન દેખે૦ ॥ મ-
સ્તક લાગે ચોટ, થાએ તવ રાંકડો રે ॥ થાએ૦ ॥ રો-
ગી કરે કુપથ્ય, તે લાગે મીઠડું રે ॥ તે લા૦ ॥ વેદન
વ્યાપે જામ, તે થાયે અનીઠડું રે ॥ તે થાયે૦ ॥૧૧॥

અર્થઃ- તેની ઊપર દૃષ્ટાંત કહે છે. જેમ (માંકડો કે૦) વાંદરો અથવા ઊપચારથી બિલ્લાડો જે છે તે દૂધનેજ દેખે છે, પણ (ડાંગ કે૦) મારવા તૈયાર કરી ઊગામી રાખેલી લાકડીને દેખતો નથી. પછી જેવારેં મસ્તકેં ચોટ લાગે, તેવારેં બાપડો રાંક થઈ જાય. તથા વલી જેમ કોઈ રોગી પુરુષ હોય તે કુપથ્ય કરે, એટલે ખારૂં ખાટું ખાય, તે તેને મીઠું લાગે, પછી જેવારેં તેના યોગેં શરીરમાં વેદના વ્યાપે, તેવારેં અનિષ્ટ થઈ પડે, તેમ શેઠજી પણ માંકડા અને રોગીની પેરેં તત્પર થઈ રહ્યા છે ॥૧૧॥

બેસે કુંઅર પાસ, કે વિનય ઘણો કરે રે ॥ કે વિ૦ ॥ તૂં
પ્રભુ જીવ આધાર, કે મુખેં ઇમ ઉચ્ચરે રે ॥ કે મુખેં૦
॥ પૂરવ પુણ્ય પસાય, કે તુમ સેવા મલી રે ॥ કે તુ૦ ॥ પ-
ગ પગ તુમ્હ પસાય, કે અમ્હ આશા ફલી રે ॥ કે અ૦ ॥૧૨

અર્થઃ— હવે શેઠજી તે ચોથા મિત્રની આપેલી શિખામણ મુજબ કુંમરની પાસેં આવીને બેસે અને ઘણો વિનય કરે તથા મુખથી એમ કહે કે હે પ્રભુ તમેં મ્હારા જીવના આધાર છો, પૂર્વકૃત પુણ્યના પસાયથી તમારી સેવા મને મળી છે, પગલે પગલે તમારા પસાયથી અમારી આશા ફલી છે ॥ ૧૨ ॥

જોતાં તુમ મુખચંદ, કે સવિ સુખ લેખીએંરે ॥ કે
સવિ૦॥ રખે તુમારી વાત, કે વિરૂઈ દેખીએંરે ॥ કે
વિ૦॥ કુંવર સઘલી વાત, તે સાચી સદ્દહેરે ॥ તે સા૦॥
દુર્જનની ગતિ ભાતિ, તે સજ્જન નવિ લહેરે ॥ તે સ૦॥૧૩

અર્થઃ— તમારા મુખરૂપ ચંદ્રમાને જોઈને અમે સર્વ સુખ (લેખીયેં કે૦) જાણીયેં છેયેં. માટે રખે ને તમારી કોઈ (વિરૂઈ કે૦) માઠી વાત અમને દેખવી પડે ? એમ કોઈ વારેં થાશો માં. એવી રીતેં કપટથી વાતો કરે, તે સર્વ વાતોને કુંવર તો સાચી કરીને સદ્દહે છે, કારણ કે દુર્જન માણસની ગતિની રીત જે છે, તે સજ્જન માણસ લહી શકે નહી, એટલે જાણી શકે નહી ॥ ૧૩ ॥


લે વાહણની કોર, કે માંચા બાંધિયારે ॥ કે માંચા૦॥
દોરતણે અવલંબે, તે ઊપર સાંધિયારે ॥ તે ઊપ૦॥
તિહાં બેસીને શેઠ, તે કુંઅરને કહેરે ॥ તે કુંઅર૦॥ દે
ખી અચરિજ એહ, કે મુજ મન ગહગહેરે ॥ કે મુજ૦॥૧૪

અર્થઃ— હવે બેઉ દિવસેં તે ચોથા મિત્રની સલાહ પ્રમાણે પ્રથમથી જે વાહણની કોરેં માંચા બાંધ્યા છે, તેને જૂના દોરડાનું આલંબન કરીને પોતાથી સહેલાઇયેં કપાય, એવી રીતેં ઊપર સાંધી મૂક્યા છે, તિહાં શેઠજી પોતેં બેસીને કુંઅરને કહેતા હવા કે, હે સ્વામી ! એહ અચરિજ દેખીને મ્હારૂં મન ગહગહે છે એટલે તમોને તે અચરિજ દેખાડવાને માહારૂં મન ઊત્સાહ ધરે છે ॥ ૧૪ ॥

મગર એક મુખ આઠ, કે દીસે જૂજૂઆંરે ॥ કે દી૦ ॥
એવાં રૂપ સરૂપ, નહોશે ને હુઆંરે ॥ નહોશે૦ ॥ જોવા
ઇચ્છો સાહેબ, કે તો આવો વહીરે ॥ કે તો૦ ॥ પછેં કા-
ઢશો વાંક, જે કાંઇ કહ્યું નહીંરે ॥ જે કાંઇ૦ ॥ ૧૫ ॥

અર્થઃ- તે અચરિજ એ છે કે, મગરમચ્છ તો એક છે, પણ તેનાં મુખ આઠ છે, તે સર્વ જૂદી જૂદી જાતિનાં દેખાય છે, માટે એવાં રૂપ સ્વરૂપવંત તો થયાં પણ નથી અને થાશે પણ નહીં, એ અપૂર્વ કૌતુક મેં પૂર્વે કેવારેં પણ દીઠું નથી, માટે હે સાહેબજી! જો જોવાને ઇચ્છતા હો તો વહેલા અહીં આવો, નહી તો પછી અમારો વાંક કાઢશો કે અમને કેમ કહ્યું નહી? કારણ કે "ઘણું જીવ્યાથી જોયું લહું" એમ લોકોમાં કહેવત છે ॥ ૧૫ ॥

કુંઅર માંચે તામ, ચઢયો ઉતાવલોરે ॥ ચઢયો૦ ॥ ઉ-
તરિયો તવ શેઠ, ધરી મન આંમલોરે ॥ ધરી૦ ॥ બિ-
હું મિત્રેં બિહું પાસેં, દોર તે કાપીયારે ॥ દોર૦ ॥ કર-
તાં એહવાં કર્મ, ન બીહે પાપીયારે ॥ ન બી૦ ॥ ૧૬ ॥



अर्थः– एवी वात सांभळीने कुमर पण उतावळो मांचा उपर चढ्यो, तेवारें शेठ मनमांहे आमळो एटले कपट धरीने मांचा उपरथी उतर्यो अने जेहु मित्रें जेहु पासें उभा रहीने दोरडां कापी नांख्यां. कवि कहे छे के जे पापी दुष्ट प्राणी छे, ते एवां नीच कर्म करता थका जरा पण बीहीता नथी ॥ यतः ॥ भली करत लगत विलंब, विलंब न बुरे विचार ॥ भवन बनावत दिन लगत, ढहत न लागत वार ॥१॥ इतिवाक्

पडतां सायर मांहि, ते नवपद मन धरेरे ॥ ते न० ॥ सिद्धचक्र परतछ्य, के सवि संकट हरेरे ॥ के स० ॥ मगरमच्छनी पूंठ, के बेठो थिर थइरे ॥ के बे० ॥ वाहणतणी परें तेह, के पहोतो तट जइरे ॥ के प० ॥१७॥

अर्थः– दोर काप्याथी कुंअर समुद्रमां पडतां वेंतज नवपदनुं ध्यान धरता हवा, अने जे नवपद ने सिद्धचक्र ते तो सर्व संकट हरवाने प्रत्यक्षज छे, माटे तेज समयें एक मगरमच्छनी पूंठ उपर स्थिर थइने बेठा, तेवारें वाहणनी परें ते मगरमच्छ पण एक क्षण वारमां (तटके०) समुद्रने कांठे जई पहोतो ॥१७॥

औषधिने महिमायें, के जल भय निस्तरेरे ॥ के० ॥ सिद्धचक्र परभावें, के सुर सानिध करेरे ॥ के सुर० ॥ त्रीजे खंडे ढाल, ए पहेली मन धरोरे ॥ ए प० ॥ विनय कहे भवि लोक, के भवसायर तरोरे ॥ के० ॥१८

अर्थः– श्रीपाल कुमर औषधिने महिमायें करीने जलना भयनो निस्तार पाम्या, तथा वली श्रीसिद्धचक्रजीना प्रभावें करी (सुरके०) देवता आवी सान्निध्य करे छे. एम त्रीजा खंडने विषे ए पहेली ढाल ते हे श्रोताजनो! तमे तमारा मनने विषे धरो. श्रीविनयविजयजी उपाध्याय कहे छे के, हे भव्य लोको! जेम श्रीपाल समुद्रने

तरी पार पाम्यो, तेम तमे पण (भवके०) संसाररूप समुद्रथकी (तरीके०) तरीने पार पामो. एवो आशीर्वाद आपुं छुं ॥ ९८ ॥

॥ दोहा ॥

कोंकण कांठे ऊतर्यो, पहोतो इक दिन मांहि ॥ थाको निद्रा अनुसरे, चंपक तरुवर छांहि ॥ १ ॥

अर्थः— ते श्रीपालकुमर एक दिवसमां कुंकणकांठे जई ऊतर्यो, तिहां एक वन हतुं तेमांहे पोहोतो, परंतु तेने थाक लाग्यो, माटे चंपकवृक्षनी छायानी नीचें जई सुई रह्यो एटले निद्राने अनुसरतो हवो ॥ १ ॥

सदा सगे ने जागतो, धर्म मित्र समरत्थ ॥ कुंअरनी रक्षा करे, दूर करे अनरत्थ ॥ २ ॥

अर्थः— ते सदा सर्गे जागतो छे एवो महासामर्थ्यवान् धर्मरूप मित्र ते कुमरनी रक्षा करे छे, अने अनर्थने दूर करे छे ॥ यतः ॥ आधयो व्याधयो विघ्ना, दुःस्वप्नाः कुग्रहा ग्रहाः ॥ दुर्जना दुष्ट शकुना, जायंते नैव धर्मिणाम् ॥ १ ॥ रोगादि चौर नीराग्नि, गजमारि भुजंगमाः ॥ प्रेत वैताल लूताद्या, जायंते नहि धार्मिकान् ॥ २ ॥ इति ॥ २ ॥

दावानल जलधर हुवे, सर्प हुवे फूल माल ॥ पुण्यवंत प्राणी लहे, पग पग ऋद्धि रसाल ॥ ३ ॥

अर्थः— जे पुण्यवंत प्राणी छे तेने (दावानलके०) अग्नि जे छे ते (जलधरके०) मेघ समान (हुवेके०) थाय, अने सर्प ते फूलनी माला समान थाय, तथा ते प्राणी पगले पगले (रसालके०) मनोहर एवी ऋद्धिने (लहेके०) पामे ॥ यतः ॥ विलीयंते स्वयं विघ्ना, क्षीयंते क्वापि न श्रियः ॥ लीयंते ग्रहाः सर्वे, प्रसादात् पुण्य भूपतेः ॥ १ ॥ इति ॥ ३ ॥

करे कष्टमां पाडवा, दुर्जन कोडि उपाय ॥ पुण्य-

वंतने ते सवे, सुखनां कारण थाय ॥४॥

अर्थः— जे पण जे दुर्जन लोक छे ते सुजनने कष्टमां पाडवाने माटे क्रोडो उपाय करे छे, तोपण पुण्यवंत प्राणी जे छे, तेने तो तेस र्व दुःखने बदले उलटां सुखनांज कारणरूप थई पडे छे ॥४॥

थल प्रगटे जलनिधिविर्ये, नयर रानमां थाय ॥
विष अमृत थई परगमे, पूरव पुण्य पसाय ॥५॥

अर्थः— पूर्वकृत पुण्यना पसायथी जीवने (जलनिधि विर्ये के०) समुद्रमांहे पण (थल के०) पृथ्वी स्थल प्रगट थाय, अने (रान के०) अरण्यमांहे नगर प्रगट थाय, तथा जे विष होय ते अमृत थईने परिणमि जाय. ५

॥ ढाल बीजी ॥

॥राग मधुमादन ॥ जीरे म्हारे वाणी अमिय रसाल, सुणतां मुज शाता वली ॥ जीरे जी ॥ ए देशी ॥ जीरे म्हारे जाग्यो कुंवर जाम, तव देखे दोलत मली ॥ जीरे जी ॥ जीरे म्हारे सुभट ला सेंजद्ध, करे विनंती मन रली ॥ जीरे जी ॥१॥

अर्थः— हवे (जाम के०) जेवारे कुंवर निद्रामांथी जाग्रत थयो, (तव के०) तेवारें पोतानी आगल (देखे के०) जूए छे, तो तिहां दोलत मलेली एकठी थयेली दीठी, ते शी दोलत दीठी, तो के, लला सुभट (सेंजद्ध के०) शतजद्ध एटले शेंकडा गमे एकठा थयेला सेवामां सावधान एवा पोतानी चारे बाजुयें वींट्या थका उभा छे, ते सर्व (मनरलि के०) मनने विषे हर्ष पामता बे हाथ जोडी पोताने विनंति करे छे, एवी रीतें दीठा ॥१॥

जी० ॥स्वामि अरज अम एक, अवधारो आ-



દર કરી ॥ જીરે જી ॥ જી૦ ॥ નયરી ઠાણા પુર નામ, વસે જિસી અલકાપુરી ॥ જીરે જી ॥ ૨ ॥

અર્થઃ— તે સુભટ કહે છે કે, હે સ્વામી અમારી એક અરજ છે ને તમેં આદર કરીને (અવધારો કે૦) માન્ય કરો. હે પ્રભુ! ઈહાં ઠાણાપુરી નામે નગરી છે, તે કેવી છે તો કે સાક્ષાત્ જેવી અલકાપુરી હોય તેવી વસે છે ॥ ૨ ॥

જી૦ ॥ તિહાં રાજા વસુપાલ, રાજ કરે નરરાજિયો ॥ જીરે જી ॥ જી૦ ॥ કોંકણ દેશ નરિંદ, જસ મહિમા જગ ગાજિયો ॥ જીરે જી ॥ ૩ ॥

અર્થઃ— તિહાં વસુપાલ નામેં રાજા રાજ્ય કરે છે, તે આખા કોંકણ દેશનો રાજા કહેવાય છે. જેનો મહિમા જગતમાં ગાજી રહ્યો છે ॥ ૩ ॥

જી૦ ॥ એક દિન સભા મઝાર, નિમિત્તિઓ એક આવિયો ॥ જીરે જી ॥ જી૦ ॥ પ્રશ્ન પૂછેવા હેત, રાય તણે મન ભાવિયો ॥ જીરે જી ॥ ૪ ॥

અર્થઃ— એક દિવસેં તે વસુપાલ રાજાની સભાને વિષે એક નિમિત્ત પ્રકાશક નિમિત્તિયો આવ્યો, તે નિમિત્તિયો પ્રશ્ન પૂછવાને હેતેં રાજાના મનમાં ઘણોજ (ભાવ્યો કે૦) ગમ્યો ॥ ૪ ॥

જી૦ ॥ કહો જોશી અમ ઘૂઝ, મદનમંજરી ગુણવતી ॥ જીરે જી ॥ જી૦ ॥ તેહ તણો ભરતાર, કોણ

ન૯, ૯ જી જી

અર્થઃ— તેથી રાજાયેં પ્રશ્ન પૂછ્યું કે, હે જોશી ! તમેં કહો કે, અમા-
રુ ૨ ઘૂજ કે૦) પુત્રી છે, તે-
૯

૦ કિમ મલશે અમ તેહ, શે અહિનાણે જાણશું ॥ જોરેજી ॥ જો૦ ॥ કોણ દિવસ કોણ માસ, ઘર તેડીને આણશું ॥ જોરેજી ॥ ૬ ॥

અર્થઃ— તથા તે અમને કેવી રીતે મલશે ? તથા શી સહિનાણીયેં અમેં તેને જાણશું ? તથા કયે મહિને અને કયે દિવસેં અમે તેને ઘેર તેડીને લાવશું ? ॥ ૬ ॥

જો૦ ॥ સકલ કહો એ વાત, જો તુમ વિદ્યા છે ખરી ॥ જોરેજી ॥ જો૦ ॥ શાસ્ત્રતણે પરિમાણ, અમ ચિંતા ટાલો પરી ॥ જોરેજી ॥ ૭ ॥

અર્થઃ— માટે જો તમારી વિદ્યા ખરે ખરી છે, તો એ સર્વ વાત અમને કહો, અને શાસ્ત્રના પ્રમાણેં કરી અમારી ચિંતા પરી ટાલી એટલે દૂર કરો ॥ ૭ ॥

જો૦ ॥ જોશી કહે નિમિત્ત, શાસ્ત્રતણે પૂરણ બલેં ॥ જોરેજી ॥ જો૦ ॥ પૂરવગત આમનાય, ધ્રુવતણી પરેં નવિ ચલે ॥ જોરેજી ॥ ૮ ॥

અર્થઃ— એવું સાંભલી તે જોશી પણ શાસ્ત્રના પૂર્ણ બલેં કરીને પૂર્વગત આમ્નાયથી નિમિત્ત કહે છે, તે નિમિત્ત કહેવું છે તો કે ધ્રુવના તારાની પરેં ચલાયમાન થાય નહીં એવું છે ॥ ૮ ॥

જો૦ ॥ શુદિ દશમી વૈશાખ, અઢી પહોર દિન અ-

तिक्रमे ॥जीरे जी॥ जी०॥ रयणायर उपकंठ, जई
जोज्यो तेणे समे ॥ जीरे जी॥ ९॥

अर्थः— ते कहे छे के, हे राजन्! वैशाख शुदि दशमीने दिवसें जे चढतें अढी पोहोर दिवस अतिक्रमे (ते समे के०) ते वखतें रत्नाकर जे समुद्र तेने कांठे जईने जोज्यो ॥ ९॥

जी०॥ नवनंदन वन मांहि, शयन कीध चंपातलें
॥जीरे जी॥ जी०॥ जोजो तस अहिनाण, तरुवर
छाया नवि चले ॥जीरे जी॥१०॥

अर्थः— तिहां नवनंदन वनमांहे एटले मेरुपर्वतमां जे नंदनवन छे ते तो शाश्वतुं छे. माटे ते नंदनवन तो जे नही पण ते समानज इहां आ समुद्रने किनारे जीर्ण नवीन नंदनवन छे, ते मांहे चंपाना वृक्षनी नीचें शयन कीध, एटले सूतो हशे, अने तेमां वळी एवी - (अहिनाण के०) नीशानी जोज्यो जे, दिवसनो त्रीजो पोहोर हशे तो पण तरुवरनी छाया ते वृक्षनी उपरथी चलायमान थाशे नही परंतु तेनी उपरनी उपरज रेहेशे ॥१०॥

जी०॥ रायें न मानी वात, ईम कहे ए शुं केवली
॥जीरे जी॥ जी०॥ अमने मोकलिया आंहि, आ-
ज वात ते सवि मली ॥जीरे जी॥११॥

अर्थः— एवी निमित्तियायें वात कही पण राजायें ते वात मानी नही, कारण के राजायें विचार्युं जे एटली बधी खुलासापूर्वक वात कहे छे, ते शुं? जे केवली भगवान् छे! जे वातनो निर्णय करवामाटे आज अमोने आंहीं मोकल्या छे, ते अमे आंहीं आव्या, अने जोयुं तो आवे ने जोशीनी कहेली वात सर्व मळी आवी ॥११॥

जी०॥ मेलु थायो असवार, अश्वरत्न आगल

ધર્યો ॥ જીરે જી ॥ જી૦ ॥ કુંઅર ચાલ્યો તામ, બહુ અસવારેં પરવર્યો ॥ જીરે જી ॥ ૧૨ ॥

અર્થઃ— માટે હે પ્રભુ! આ અશ્વરત્ન તમારી આગલ ધર્યું છે. તેની ઊપર તમેં અસ્વાર થાઓ. તેવારેં ઘણે પરિવારેં પરવર્યો થકો કુંઅર પણ અશ્વ ઊપર ચઢીને ચાલ્યો ॥ ૧૨ ॥

જી૦ ॥ આગલ જઈ અસવાર, નૃપને દિએ વધામણી ॥ જીરે જી ॥ જી૦ ॥ સન્મુખ આવ્યો રાય, સાથેં લેઈ દોલત ઘણી ॥ જીરે જી ॥ ૧૩ ॥

અર્થઃ— તિહાં એક અસવાર આગલથી જઈને રાજાને વધામણી દીયે છે. તે સાંભલીને રાજા પણ ઘણી (દોલત કે૦) ઋદ્ધિ લઈને કુંઅરની સન્મુખ આવ્યો ॥ ૧૩ ॥

જી૦ ॥ શણગાર્યા ગજરાજ, અંબાડી અંબર અડી ॥ જીરે જી ॥ જી૦ ॥ ઘંટા ઘૂઘર માલ, પાખર મણિરયણેં જડી ॥ જીરે જી ॥ ૧૪ ॥

અર્થઃ— હવે રાજાયેં પોતાની સાથેં પરિવાર લીધો છે, તે કહે છે. મદોન્મત્ત એવા (ગજરાજ કે૦) હાથીઓ શણગાર્યા છે, તેમની ઊપર અંબાડીયો ને નાખેલી છે તે (અંબર કે૦) આકાશમાં જઈ અડી રહી છે, એટલે લાગી રહી છે. તથા ઘંટા અને ઘૂઘરાની માલાઓ તેણે કરી સહિત, પાખર ને નાખેલી છે, તે મણિરત્નેં જડાવ છે ॥ ૧૪ ॥

જી૦ ॥ સોવન જડિત પલાણ, તેજાલા તેજી ઘણા ॥ જીરે જી ॥ જી૦ ॥ જોતરિયા કેકાણ, રથ જાણે દિનકર તણા ॥ જીરે જી ॥ ૧૫ ॥

અર્થઃ— વલી તેમની ઊપર સુવર્ણે જડિત પલાણ નાખ્યાં છે,

તેણે કરી શોભતા દેખાય છે, એવા (તેજલાકે૦) તેજધાર (તેજ કે૦) તેજ નામના ઘોડા તે ઘણા પોતાની સાથેં લીધા છે, તથા વલી તેને વિષે (કેકાણકે૦) ઘોડા જોડ્યા છે, એવા ઘણા રથ સાથેં લીધા છે, તે રથ કહેવા શોભે છે, કે જાણીયેં દિનકર તે સૂર્ય તેનાજ એ રથ હોય નહીં! એવા શોભે છે ॥૧૫॥

જી૦ ॥ વર જેહેડાં ધરિ શીશ, સામી આવે બાલિકા ॥ જીરેજી ॥ જી૦ ॥ મોતી સોવન ફૂલ, વધાવે ગુણ માલિકા ॥ જીરેજી ॥૧૬॥

અર્થઃ- તથા (વર જેહેડાં કે૦) શ્રેષ્ઠ ગોત્રીડાના કલશને (શીશ કે૦) મસ્તકેં ધરીને મહા રૂપવતી અને ગુણની માલિકા તેહવી બાલિકાઓ સામી આવે છે, તે મોતી અને સોનાનાં ફૂલોયેં કરીને કુંવરને વધાવતી હવી ॥૧૬॥

જી૦ ॥ રાજવાહન ચકડોલ, રયણ સુખાસન પાલખી ॥ જીરેજી ॥ જી૦ ॥ સાંબેલા સેંબદ્ધ, કેતુ પતાકા નવલખી ॥ જીરેજી ॥૧૭॥

અર્થઃ- વલી રાજવાહન તે ત્રામજામ અને ચકડોલ તે ડોલી તથા રત્નેં જડિત સુખાસન અને પાલખી તેમાંહે (સયબદ્ધ કે૦) શતબદ્ધ એટલે સેંકડા ગમે સાંબેલા બેઠા થકાં સન્મુખ આવે છે, તેમજ સર્વને જોવા યોગ્ય એવી નવલખી કેતુ, પતાકા અને ધજાઓને સન્મુખ લાવે છે ॥૧૭

જી૦ ॥ વાજે બહુ વાજિંત્ર, નાચે પાત્ર તે પગ પગેં ॥ જીરેજી ॥ જી૦ ॥ શણગાર્યાં ઘર હાટ, પાટ સાવટુ ઝગમગે ॥ જીરેજી ॥૧૮॥

અર્થઃ- તથા (બહુ કે૦) ઘણા પ્રકારનાં વાજિંત્ર વાજે છે, પગલે પગલે નાટકીઓનાં પાત્રો નાચે છે, વલી નગરનાં ઘર, હાટ સર્વ શણગાર્યાં છે, તે (પાટ સાવટુ કે૦) રેશમના વસ્ત્રોયેં કરી સુશોભિત થકા ઝગમગી રહ્યાં છે.૧૮

जी॥ एम मोहोटे मंडाण, पेसारो महोरछव करे ॥जीरे जी ॥जी॰ ॥राय सकल गुण जाण, कुंअर पधराव्या घरे ॥जीरे जी॥१९॥



अर्थः– जेम महोटे मंडाणें करीने सर्व गुणनो जाणकार एवो जे राजा, ते पोताना नगरमां कुंवरने (पेसारो के॰) प्रवेश करावयानो महोत्सव करे, एवा महोत्सवें कुंवरने राजायें पोताने घेर पधराव्या ॥१९॥

जी॰॥ जोशी तेडाव्या जाण, लगन तेहिज दिन आवियुं ॥ जीरे जी ॥जी॰॥ देई जहुलां दान, रायें लगन वधावियुं ॥जीरे जी॥२०॥

अर्थः–पछी राजायें तेज वखतें घणा-शास्त्रना जाण एवा जोशीओने तेडावी लग्न जोवराव्युं, तो लग्न पण तेहज दिवसें आव्युं, तेवारें राजायें जोशीने जहुलां दान एटले घणा दान आपीने ते लग्न वधावी लीधुं॥२०॥

जी॥ तेहिज रयणी मांहि, धुआ मयणरेखा तणी

॥जीरेजी ॥जी०॥राये कर्यो विवाह, साजन मन

उलट घणो ॥जीरेजी ॥२१॥

अर्थः- तेहज रात्रिमांहे पोतानी मदनरेखा नामा जे पुत्री तेनो रा-
जायें विवाह कर्यो, ते वखतें सज्जनजनोना मनमां उलट एटले हर्ष
घणो थयो ॥२१॥

जी०॥गज रथ घणा भंडार, दीधां कर मेलामणे

॥जीरेजी ॥जी०॥ जाईये महिमा देखी, सिद्धच-

क्रने भामणे ॥जीरेजी ॥२२॥

अर्थः- राजायें घणा हाथी, रथ तथा धनना भंडार ते हाथ मेला-
वणामां आप्यां- कवीश्वर कहे छे के, आवी रीतनो महिमा देखीने
श्रीसिद्धचक्रने भामणे जईयें ॥२२॥

जी०॥पडिया सायर मांहि, एकज दुःखनी यामि-

नी ॥जीरेजी॥जी०॥बीजी रात्रें जोई, इणी पेरें

परण्या कामिनी ॥जीरेजी ॥२३॥

अर्थः- जूओ के जे दिवसे समुद्रमां पडया, ते एकज जामिनी ए-
टले रात्रि दुःखनी गई, अने बीजी रात्रियें तो आ पूर्वे कही आव्या ए-
वी रीतें कामिनी ने स्त्री ते प्रत्यें परण्या अने सुखमां आवी बेठा, ए
सर्व श्रीसिद्धचक्रनुं पसाय जाणवो ॥२३॥

जी०॥नृप दीधा आवास, तिहां सुखभर लीला

करे ॥जीरेजी॥जी०॥मयणरेहाशुं नेह, दिन दिन

अधिकेरो धरे ॥जीरेजी॥२४॥

अर्थः- हवे राजायें रहेवा माटे आवास दीधा तेमां रह्या थका सु-
खभर एटले घणा सुखमा मग्न थका लीला करेछे, तिहां मदनरेखा

स्त्रीनी साथें दिवसें दिवसें अधिक स्नेह धरे छे ॥ २४ ॥

जी० ॥ नृप दीये बहु अधिकार, कुंअर न वंछे ते हीये ॥ जीरेजी ॥ जी० ॥ थयो थगीधर आप, पान तणां बीडां दीये ॥ जीरेजी ॥ २५ ॥

अर्थः—हवे श्रीपालने देश, नगरादिकना स्वामीपणा वगेरे घणा प्रकारना हुकुम होद्दाना अधिकार राजायें देवा मांड्या, तथापि ते होद्दा लेवाने कुमर वांछा करतो नथी, मात्र पानना बीडां देवा संबंधी थगी घरनी पदवी लईने पोतें थगीधर थयो ॥ २५ ॥

जी० ॥ जे कोई अति गुणवंत, मान दिये नृप जेहने ॥ जीरेजी ॥ जी० ॥ तेहने बीडां पान, देवरावे कुंअरकने ॥ जीरेजी ॥ २६ ॥

अर्थः— एटले जे कोई अत्यंत गुणवान् पुरुष होय, तेने राजा मान महत्त्व आपे, तेवारें तेने पानना बीडां कुंअरनी पासेंथी राजा अपावे ॥ २६ ॥

जी० ॥ त्रीजे खंडे एह, बीजी ढाल सोहामणी ॥ जीरेजी ॥ जी० ॥ सिद्धचक्र गुण श्रेणि, भवि सुणजो विनयें भणी ॥ जीरेजी ॥ २७ ॥

अर्थः— ए त्रीजा खंडने विषे बीजी ढाल सोहामणी कही. एमां श्रीसिद्धचक्र भगवानना गुणनी श्रेणी जे श्रीविनयविजयजी उपाध्यायें (भणी के०) कही, ते हे भवि जीवो! तमें श्रवण करजो ॥ २७ ॥

॥ दोहा ॥

वाहण मांहि जे हुई, हवे सुणो ते वात ॥ धवलनाम कालो हिये, हरज्यो साते धात ॥ १ ॥

अर्थः- हवे वाहणो मांहे ने वात थई ते सांभलो. शेठनुं नाम तो धवल छे ते धवल शब्दनुं अर्थ उज्ज्वल थाय छे पण ते शेठ हैयामांहे काला एटले श्याम छे, माटे श्रीपालने समुद्रमां नाखीने पोते साते धातें हर्षवंत थयो ॥ १ ॥

मन चिंते मुज भाग्यथी, मोहोटी थई समाधि ॥
पलक मांहि विण ओसडें, विरुई गई विराधि ॥ २ ॥

अर्थः- मनमांहे चिंतवना करे छे के म्हारा भाग्योदयथी म्होटी समाधि थई, एक पलवारमां औषध विना (विरुई के०) माठी एवी जे (विराध के०) व्याधि हती ते नती रही ॥ २ ॥

ए धन दोये सुंदरी, एह सहेली साथ ॥ परमेसर मुज पाधरो, दीधुं हाथो हाथ ॥ ३ ॥

अर्थः- हवे ए धन, अने ए बे स्त्रीयो, तथा ए साहेलीओनो सथवारो ते सर्व म्हारो परमेश्वर पाधरो छे के जेणे मने हाथो हाथ दीधुं अथवा ए धन, ए बे स्त्रीयो तेने साहेलीयो सहित परमेश्वरे मुजने पाधरो हाथो हाथ दीधुं ॥ ३ ॥

कूडी माया केलवी, दोय रीझवुं नार ॥ हाथे लेई मन एहनां, सफल करुं संसार ॥ ४ ॥

अर्थः- माटे हवे हुं कूडी (माया के०) कपट केलवीने ए बेहु स्त्रीयोने रीजवुं अने एना मन म्हारा हाथमां करीने संसार सफल करुं ॥ उक्तंच ॥ जंपि जई पिय वयणं, किज्जई विणओ दिज्जई दाणं ॥ परगुण गहणं किज्जई, मूल मंतं वसीकरणं ॥ १ ॥ इति ॥ ४ ॥

दुखिया थईयें तस दुखें, वयण सुकोमल रीति ॥
अनुक्रमें वश कीजियें, न होय पराणे प्रीति ॥ ५ ॥

अर्थः- वली शेठ विचारे छे के तेना दुःखें पोतें पण दुःखीया थईयें अने वचन सर्व सुकोमलरीतें जोलीयें जेम अनुक्रमें करीने सा-

कामा दुजीयाने वश करीयें, पर्ंतु पराणे प्रीति थाय नही ॥ ५ ॥

धूरत ईम चितमां धरी, करे अनेक विलाप ॥ मु-
खें रुअे हियडे हसे, पाप विगोवे आप ॥ ६ ॥

अर्थः— अेम ते धूर्त्त शेठ पोताना चित्तमां दुष्ट धारणा करीने अने-
क प्रकारना विलाप करे छे, मुख थकी तो रोवे छे पण हियडामां हसे छे- अेम
पापे करीने पोताना आत्माने वगोवे छे ॥ यतः ॥ चित्ते दुष्टा मुखे मिष्टाः,
स्वदोषे परदोषकाः ॥ प्रवीचिश्यां तर्ल्लनं घ्नंति, विषमिश्र गुडाःजला ॥१॥
॥६॥

॥ ढाल त्रीजी ॥

रहो रहो रथ फेरवो रे ॥ अे देशी ॥

जीव जीवन प्रभु किहां गया रे, दियो दरिसन अे-
क वाररे ॥ सुगुणा साहेब तुम विना रे, अमने
कोण आधाररे ॥ जी० ॥१ ॥

अर्थः— हवे शेठ केवी रीतें विलाप करे छे ? ते कहे छे के, हे महरा
जीवना जीवन! तमे क्यां गया, अरे मने अेकवार दर्शन तो आपो, हे सु-
गुणा साहेब! तमारा विना हवे अमने घरिं जीवने कोनो आधार छे. ॥१॥

शिर कूटे पीटे हियुं रे, मूके मोटी पोकरे ॥ हाल कलो-
ल थयो घणो रे, भेला हूआ घणा लोकरे ॥ जी० ॥ २ ॥

अर्थः— माथुं कूटे छे, हैयुं पीटे छे, अने मुख थकी म्होटी पोको
मूके छे, तेथी घणो हालकलोल थई रह्यो, ते सांभलीने तिहां घणा
लोक भेलां थयां ॥ २ ॥

कौतुक जोवाने चढया रे, मांचे वाहणनी कोररे ॥ हे.
हे दैव अे शुं थयुं रे, तूटा जूना दोररे ॥ जीव० ॥ ३ ॥

अर्थः- ते पूछवा लाग्यां के हे शेठजी तमें केम एटलुं रुदन करो छो. तेवारें कपटी शेठें लोकोने विश्वास बेसाडवा सारु जवाब आप्यो के हे लोको, म्हारो स्वामी श्रीपालकुमर ते कौतुक जोवाने माटे वाहणनी कोरें मांचा उपर चड्या तेमां जूनां दोरडां हतां ते त्रूटी गयां अने कुमर समुद्रमां पड्या. आम लोकने कहीने, वली कल्पांत करवा लाग्यो के हैहै इति दुःखे! हाय हाय हे दैव! आ ते शो गजब थयो ? ॥३॥

तव बेहु मयणा तणेरे, काने पडी ते वातरे ॥ध्रस कपड्यो तव ध्रासकोरे, जाणे वज्रनो घातरे ॥जी०॥४

अर्थः- ए वात तेवारें ते बेहु (मयणां के०) मयणसेना अने मदनमंजूषा नामे स्त्रीयोने काने पडी, तेवारें तेमने ध्रसक देईने ध्रासको पड्यो. ते ध्रासको जाणे साक्षात वज्रनो घा लाग्यो तेवो तेमना हैयामां थई लागो ॥ यतः ॥ निर्माय जल निव्हाग्रं, सर्व प्राण हरं नृणां ॥ पंचकार किं वृथा शस्त्रं, विषवन्हि प्रजापतिः ॥१॥ इति ॥४॥

थई अचेत धरणी ढलीरे, करती कोड विखासरे ॥ सहि साहेली सवि मलीरे, नाके जोए निशासरे ॥५

अर्थः- ते बे कुमरीयो क्रोडो गमे विषाद करती थकी अचेतन थईने (धरणी के०) पृथ्वी उपर ढली पडी, ते एवी थई गई के जाणीयें मरणज पामी होय नही ! तेवारें आ मरण पामी के शुं? एवी शंका लावीने सखीयो साहेलीयो मलीने तेमना नाके (निशास के०) निःश्वास (जूए के०) जोवा लागीयो ॥५॥

छांट्यां चंदन कुमकुमांरे, कर्या वींझणे वायरे ॥ चेतवल्युं तव आरडेरे, हैडे दुर्जन मायरे ॥जी०॥६॥

अर्थः- पछी नाकेथी निःश्वास आवतो जोई सखीयोयें कुमकुमां एटले अत्यंत जेहकतां एवां बावना चंदन तेमनी उपर छांट्यां, वींजणे करी वायु कर्यो, तेथी चेतन वल्युं. तेवारे तरत (आरडे-

કે૦) આક્રંદ સોર જકોર કરે છે. તેમના હૈયામાં દુઃખ સમાતું નથી ॥ ૬ ॥

કંઈ પ્રાણ પાછા વલ્યારે, જો રૂઠો કિરતારરે ॥ પી-
હરીઆં અલગાં રહ્યાંરે, મૂકી ગયો ભરતારરે ॥ જી૦ ૭

અર્થઃ– તે આક્રંદ કરતી કહે છે કે, અરે (કિરતાર કે૦) દૈવ! તું જો અમારાં ઊપર રૂઠયો તો સંપૂર્ણ કેમ રૂઠયો નહી? કે જે તેં અમારા પ્રાણ કાં પાછાં વાલ્યાં? અમે મરી કાં ન ગઈ? હવે અમારા પિયરિયા જે માતા પિતા તે પણ અલગાં રહી ગયાં, અને ભરતાર પણ મૂકી ગયો ॥ ૭ ॥

માય બાપને પરિહરીરે, કીધો જેહનો સાથરે ॥ ફિટ
હિયડા ફૂટે નહીરે, વિછડ્યો તે પ્રાણનાથરે ॥ જી૦ ॥ ૮ ॥

અર્થઃ– અમે અમારા માતા પિતાને પરહરીને જેનો સંઘાત કીધો તે અમારો પ્રાણનાથ પણ અમારાથી (વિછડ્યો કે૦) જુદો પડ્યો? તો હે હૈયા! ફિટકાર છે તુને જે તું કેમ ફુટી જતું નથી? તું તે વલી શા વાસ્તે કાયમ રહે છે? ॥ ૮ ॥

ધવલશેઠ તિહાં આવિયોરે, કૂડા કરે વિલાપરે ॥ શું
કીજે એ દૈવનેરે, દીજે કિશા સરાપરે ॥ જી૦ ॥ ૯ ॥

અર્થઃ– એમ તે બાલિકાઓ વિલાપ કરે છે, તિહાં ધવલશેઠ પણ આવ્યો અને કૂડા વિલા કરતો કરતો કહે છે કે અરે આ દુષ્ટ દૈવને શું કરીયેં અને શું કહીયેં એને કેવા સરાપ આપીયેં ॥ ૯ ॥

દુઃખ સહ્યાં માણસ કહ્યાંરે, ભૂખ સહ્યાં જિમ ઢો-
રરે ॥ ધીરજ આપ ન મૂકીએરે, કરિએ હૃદય
કઠોરરે ॥ જી૦ ॥ ૧૦ ॥

અર્થઃ– માટે જેમ ભૂખ સહન કરવામાં ઢોર કહ્યાં છે તેમ દુઃખ સહન કરવામાં માણસ કહ્યાં છે, તેથી દુઃખ તો માણસ ઊપરજ આવી

अर्थः- जेवुं (व्यंग के०) वांकुं वचन शेठना मुख मांथी निकलतुं

धन रमणीनी लालच्यें रे, कीधो स्वामी द्रोहरे ॥ मीठे
थई आवी मले रे, जांड गले किंयुं लोहरे ॥ जि० ॥१३॥

अर्थः- अेक धन अने बीजी (रमणी के०) स्त्रीयो तेनी लालच्यें अे
हुने अमारा स्वामीनो द्रोह कीधो छे अने हवे जेम जांडे गले किंयुं अेवुं
(लोह के०) तरवार होय तेनी पेरें उपरथी मीठे थई आवीने अमने म-
ले छे ॥ यतः ॥ मीठा बोला मानवी, केम पतीज्यां जाय ॥ मोर कंठ मधुरो
लवे, साप समूलो खाय ॥१॥ ईति ॥१३॥

शील हवे किम राखशुं रे, अे करशे उपघातरे ॥ करि

जे कंत तणी परेंरे, सायर झंपापातरे ॥ जी०॥ १४

अर्थः- माटे हवे आपणे आपणुं शील ते केवी रीतें राखशुं? कारण के जो तो आपणा शीलने उपघात करशे तो हवे आपणे पण भर्त्तारनी परें समुद्रमां झंपापात करीयें ॥ १४ ॥

समकालें जेहु जणीरे, मन धारी ए वातरे ॥ ईणि अवसर तिहां ऊपनोरे, अति विषम उतपातरे ॥ १५ ॥

अर्थः- ए वातने जेहु जणीयें मनमां धारी राजीने समकालें समुद्रमां झंपापात करवानो निश्चय कर्यो एवा अवसरने विषे तिहां अत्यंत विषम उत्पात उत्पन्न थया ॥ १५ ॥


हाल कल्लोल सायर थयोरे, वाये ऊलट वायरे ॥ घोर घना घन गाजियोरे, विजली चिहुं दिशि थायरे ॥ जी० ॥ १६ ॥

अर्थः- ऊलट वायरो वाय छे तेना योगें करी समुद्र हाल कल्लोलें चड्यो एटले हाल कल्लोल थई रह्यो. अने (घोरके) महा भयंकर एवो (घनाघनके) वर्षाद गाज्यो, तथा चारे दिशायें वीजलीना चमकारा थवा लाग्या॥१६

कूआ थंभा कडकडेरे, ऊडी जाये सढ दोररे ॥ हाथें हाथ सूजे नहीरे, थयुं अंधारुं घोररे ॥ जी० ॥ १७ ॥

अर्थः- वाहणोना कूआ थंभा सर्व कडकडाट करवा लाग्या. सढ, दोर ऊडी जवा लाग्या, तिहां एवो (घोरके) जिहामणो अंधकार थयो के तेने प्रभावें करी कोई माणसने हाथो हाथ मेलववो पण सूज पडतो नथी एवा सेंकडा गमे उत्पात थवा मांड्या ॥ १७ ॥

डमडम डमरू डमकतेरे, मुख मूके हूंकाररे ॥ खेत्रपाल तिहां आवियारे, हाथें लेई तरवाररे ॥ जी० ॥ १८ ॥



[illegible]

દીધા, એ રીતેં ક્ષેત્રપાલેં કુબુદ્ધિ મિત્રને હણ્યો ॥૨૧॥

તે દેખી બીહિતો ઘણું રે, મયણા શરણે પઇઠ રે ॥ શેઠ
પશૂપરેં ઘ્રૂજતો રે, દેવી ચક્કેસરી દિઠ રે ॥ જી॥ ૨૨ ॥

અર્થઃ- તે કૃત્ય જોઈને શેઠ બાપડો પશુની પેરેં ઘ્રૂજતો થકો, તે જેહ મયણા ને બીયો તેને શરણે જઈ પેઠો, તેને ચક્કેશ્વરી દેવીયેં દીઠો ॥૨૨॥

જારે મૂક્યો જીવતોરે, સતી શરણ સુપસાયરે ॥ અંતે
જઈશ જીવથી રે, જો મન ધરીશ અન્યાયરે ॥ જી॥૨૩

અર્થઃ- તેવારેં દેવી કહેવા લાગ્યા કે અરે દુષ્ટ પાપિષ્ટ! જા હમણાં તો તુજને સતીના શરણના સુપસાયેં કરીને નિશ્ચેં જીવતો મૂક્યો છે. પણ અમેં કહીયેં છૈયેં કે જો તું તહારા મનમાં અન્યાય ધારણ કરીશ, તો અંતે જીવથી જઈશ ॥ ૨૩ ॥

મયણાને ચક્કેસરી રે, બોલાવે ધરી પ્રેમ રે ॥ વત્સ

રમણી ઋદ્ધિ ભોગવેરે, નરપતિ સસરા ગેહરે ॥જી૦॥૨૫

અર્થઃ— (સહી કે૦) નિશ્ચેં તમને તમારો ભર્ત્તાર એક મહિનામાં મળશે. તમારો પતિ તો (નરપતિ કે૦) રાજા સસરાને ઘેર રહ્યો થકો રાજ્ય અને (રમણી કે૦) સ્ત્રીરૂપ (ઋદ્ધિ કે૦) લક્ષ્મીને ભોગવે છે ॥૨૫॥

જેહને કંઠે ઠવેરે, ફૂલ અમૂલક માલરે ॥ કહે દેવી મહિ
મા સુણોરે, એહનો અતિહિ રસાલરે ॥જી૦॥૨૬॥

અર્થઃ— એમ કહી તે જેહની કંઠે અમૂલ્ય ફૂલની માલા પહેરાવીને દેવી કહે છે, કે જેનું અત્યંત રસાલ માહાત્મ્ય છે, તે હું કહું છું તમેં સાંભલો॥૨૬॥

શીલ યતન એહથી થશેરે, દિન પ્રતેં સરસ સુગંધરે ॥
નેહ કુમીટેં જોયશે રે, તે નર થાશે અંધરે ॥જી૦॥૨૭॥

અર્થઃ— એ માલાની દિવસ દિવસ પ્રત્યે સરસ સુગંધ થતી જશે, અને એહથી તમારા શીયલની યત્ના થશે. કારણ કે જે કોઈ તમને કુનજરે જોશે, તે પુરૂષ આંધલો થશે ॥૨૭॥

એમ કહી ચક્કેસરીરે, ઉતપતિયાં આકાશરે ॥ સયલ
દેવશું પરવર્યાંરે, પહોતાં નિજ આવાસરે ॥જી૦॥૨૮

અર્થઃ— એમ કહીને ચક્કેસરી દેવી આકાશ માર્ગે ઉતપત્યાં, અને સર્વ દેવોની સાથે પરવર્યાં થકાં પોતાને આવાસેં પોહોતાં ॥૨૮॥

તવ ઉતપાત સવે ટલ્યારે, વાહણ ચાલ્યાં જયરા ॥ ચિં

અર્થઃ— માટે અમે તમોને કહી

। જ્યાંરેં પણ પડશો નહી ॥૭૧॥

હું જીવતોરે, તો સવિ કાજ કરેશરે ॥ જી૦॥૩૩॥

કરી એવો વિચાર કરવા લાગ્યો કે, હે હૈયડા! હવે તો તું ઝુરને! એક અંશમાત્ર પણ દુઃખ ધરીશ નહીં, જો હું જીવતો તો સર્વ કાર્ય કરીશ ॥૩૩॥

લાગ્યે એવડું રે, વિઘ્ન થયું વિસરાલ રે ॥ તો એ સુંદરી રે, સમશે વિરહની ઝાલ રે ॥ જી૦॥૩૪

ઃ— જો મહારા સાર્થ લાગ્યે કરી એટલું મહોટું વિઘ્ન ઊપન્યું હ- ા સર્વ વિસરાલ થઈ ગયું, તો નિશ્ચે હું જાણું છું ને હવે આ લ- મે સુજેથી મહારે વશ થઈ ગઈ છે, તો સુંદરીઓ પણ મુને અવશ્ય અને મહારા વિરહની જ્વાલા પણ ઊપશમ પામશે ॥૩૪॥

ચિંતી દૂતી મુજેરે, કહાવે હું તુમ દાસરે ॥ નેક ર કરી નિરખીએરે, માનો મુજ અરદાસરે ॥ જી૦॥૩૫

અર્થઃ— એમ ચિંતવી દાસીને મુજે સ્ત્રીઓ પ્રત્યે કહેવરાવ્યું કે, હું ત- ાસ છું, માટે તમે મને (નેક નજર કે૦) રૂડી નજરે કરી જૂઓ. એ- મહારી વિનતિ માન્ય કરો ॥૩૫॥

કાઢી પરીરે, દઈ ગલ હથ્થો કંઠરે ॥ તોહિ નિ- સાન્યો નહીં રે, વલી થયો ઊલંઠરે ॥ જી૦॥૩૬॥

ઃ— તે સાંભળી સ્ત્રીઓએ તે દૂતીને ઘણીજ નિર્ભછી કંઠે ગ- ઈને કહાડી મૂકી, તોય પણ તે નિર્લજ્જ શેઠ લગાર માત્ર પણ ા નહીં- કામ રૂપ પિશાચે પીડ્યો થકો ગયો છે વિવેક જેના હૃદ- ી, અને પાપમય અધ્યવસાયને લીધે એક ક્ષણમાત્ર પણ જેને સુ- વતું નથી એવો તે શેઠ વલી પણ ઊલંઠ થયો ॥૩૬॥

કરી નારી તણોરે, આવ્યો મયણા પાસરે ॥ દૃષ્ટિ થયો આંચલોરે, કાઢ્યો કરી ઊપહાસરે ॥ જી૦॥૩૭॥

अर्थः- इरी अेक दिवसें ते शेठ पोतें नारीनो वेश

अर्थः- पछी शेठ नाजुवाने कहेवा लाग्यो के आप

अर्थः- शेठें (अवर के०) बीजा देशें जवाना घा
य कर्या, पण वायरे सर्व वाहणोने कोंकण देशना
आणी मूक्यां ॥ ३७ ॥
शील जके धम कहीरे, विनयें शी
क गुण बोलतां रे, लहिअें सुज

अर्थः- जे शील जंकने विषे विनयवि
कही, श्रीसिद्धचक्रजीना गुण बोलतां थकां रसा

॥ दोहा ॥
कोंकण कांठे नांगर्यां, सवि वाहण
ने भलवा ऊतर्यो, शेठ लेई

अर्थः- तेवारें जलासीयाओयें सर्व वाहणान

આવ્યો નરપતિ પાઉલે, મિલણાં કરે રસાલ ॥ બે-
ઠો પાસેં રાયને, તવ દીઠો શ્રીપાલ ॥૨॥

અર્થઃ- તે આવીને રાજાના પગ આગલ ઘણીજ રસાલ બહુ મુલી વસ્તુઓના ભેટણાં કરી રાજાની પાસેં બેઠો, તેવારેં શ્રીપાલ કુંવરને દીઠો ॥૨॥



દેખી કુંઅર દીપતો, હૈયે
ઉપની હૂક ॥ લોચન મી-
ચાઈ ગયાં, રવિ દેખી જિ-
મ ઘૂક ॥૩॥

અર્થઃ- તિહાં દીપતો એવો કુંઅર તેને દેખીને શેઠના હૈયામાં હૂક ઉપની, અને જેમ (રવિકે૦) સૂર્યને દેખીને (ઘૂક કે૦) ઘૂડ પક્ષીની આંખો મીચાઈ જાય છે, તેમ તિહાં શેઠજીનાં પણ લોચન મીચાઈ ગયાં ॥૩॥

નૃપ હાથે શ્રીપાલને, દેવરાવે તંબોલ ॥ શેઠ ભ-
લી પરેં ઓલખી, ચિત્ત થયું ડમડોલ ॥૪॥

અર્થઃ- રાજાયેં પણ શેઠને મહોટો સાર્થવાહ જાણીને બહુમાન પૂર્વક વિશેષેં કરી તે દિન શ્રીપાલને હાથે તંબોલ તે પાનનું બીડું દેવરાવ્યું, તેવારેં શેઠેં ભલીપરેં ઓલખી લીધો જે એ શ્રીપાલજ છે, તેથી તેનું ચિત્ત ડમડોલ થયું ॥૪॥

હૈ હૈ દૈવ અટારડો, એહ કિશો ઉતપાત ॥ નાંખી
હતી ખારે જલેં, પ્રગટ થઈ તે વાત ॥૫॥

[illegible]

અર્થઃ- તો પણ વાન આવીયેં નહી એટલે સર્વ હેતુ નિષ્ફલ થઈ ગયા માટે હવે ઊદ્યમ મૂકી દેવોં એવું પ્રતિકૂલ મન કરીયેં નહી, પરંતુ ઊદ્યમ જારી રાખવા માટે મનને અનુકૂલ કરીયેં. કારણકે ઊદ્યમ કર્યાથીજ સર્વ કાંઈ સંપજે, નીપજે છે, માટે ઊદ્યમ જે છે, તેજ સુખનું મૂલ છે ॥૧૨॥

વૈરીને વાધ્યો ઘણો, એ મુજ ખણશે કંદ ॥ પ્રથમજ
હણવા એહને, કરવો કોઈક ફંદ ॥ ૧૩ ॥

અર્થઃ- તથા વલી જે તો મ્હારો વૈરી છે માટે જો ઘણો વધશે તો

९ अेने हणवानो ठोर्इक ईंद रथवो सारो छे ॥ १३ ॥

नीसास ॥ १४ ॥

ढाल चोथी

वाणरे ॥ जोगीसर चेला ॥ लिक्षा

जा! तमें अभाई अेक अर्थ छे तेकरो ॥

અમેં માનશું હો લાલ ॥ ૨ ॥



અર્થઃ— એ રાજાનો નમાઈ બેછે, તેને તમેં નઈને એ ડુંબ છે એમ કહો, તો એ કામ કરવાના લાખ સોનૈયા તમનેઆપીશું. માટે તમે તમારૂં સર્વ કુટુંબ મલી ઘાઈને એને ગલે નઈ વલગો, તો અમેં તમારો ઘણો પાડ માનશું॥૨॥

ડુંબ કહે સ્વામી સુણોરે, કરસ્યાં એ તુમ કામરે ॥ ચ॰ ॥ મુજરો હમારો માનજે હો લાલ ॥ કેલવશું કૂડી કલારે, લેશું પરઠ્યા દામરે ॥ ચ॰ ॥ સાબાસી દેજે પછેં હો લાલ ॥ ૩ ॥

અર્થઃ— તે સાંભલી ડુંબ કહેતો હવો કે, હે સ્વામી! એ તમારૂં કામ અમેં કરશું, પણ અમારો મુજરો માનજે. એ અમે કૂડી કલા કેલવશું અને પછી તમારી સાથેં પરઠેલા (દામ કે॰) નાણા લઈશું, પાછલથી વલી સાબાસીનો સિરપાવ પણ અમને આપજે ॥ ૩ ॥

ડુંબ મલી સવિ તે ગયારે, રાયતણે દરબારરે ॥ ચ॰ ॥ ગાયે ઊભા ઘૂમતા હો લાલ ॥ રાગ આલાપે ટેકશું રે, રીઝ્યો રાય અપારરે ॥ ચ॰ ॥ માગો કાંઈ મુજ ઈમ કહે હો લાલ ॥ ૪ ॥

અર્થઃ— એમ કહી તે સર્વ ડુંબ મલીને રાજાને દરબારેં ગયા તિહાં ગોખની નીચેં ઘૂમતા ઊભા થઇ ટેક સહિત રાગની આલાપચારી કરીને મધુર સ્વરેં ગાવા માંડ્યું. તેથી રાજા પણ ગીત સાંભલી પાર વિનાનો તેમના



ભ ે ભેટ્યં . ં દ વત ે તુંર ન ંને લ્યો ॥ ૬

[illegible] ુમ ર, ર (. ૭૦ર ૦ -

ગો અંગેં ભેટતી હો લાલ ॥ બેન થઈને એક મલી રે, આણી મન ઊલ્હંઠરે ॥ ચં૦ ॥ વીરા જાઉં તુમ ભામણે હો લાલ ॥ ૭ ॥

અર્થઃ– એવામાં વલી એક ગરઢી ડૂંબડી હતી તે દોડી આવીને રોતી થકી પુત્રપુત્ર કરતી કુમરને ગલે વલગીને અંગો અંગે ભેટતી હવી, અને કહેતી હવી કે, હે વત્સ! આજ કેટલે કાલેં તું અમોને મલ્યો? એમજ વલી એક જણી બ- હેન થઈને કુમરને આવી મલી, અને કહેવા લાગી કે હે વીરા હે બંધવ! હું તહારે ભામણે જાઉં, તેમજ એક કહેવા લાગી કે, આ મહારો ભત્રીજો છે, એક કહેવા લાગી કે આ મહારો દેવર છે, એક કહે છે કે એ મહારો ભ- ત્તરિ છે મને ન્હાની પરણીને મૂકી ગયો હતો તે આજ મહારા પુણ્યોદયથી મને મલ્યો ॥ ૭ ॥

એક કહે મુજ માઊલોરે, એક કહે ભાણેજરે ॥ ચં૦ ॥ એવડા દિન તુમેં કિહાં રહ્યા હો લાલ ॥ એક કા- કી એક ફઈ થઈરે, દેખાડે ઘણું હેજરે ॥ ચં૦ ॥ વાટ જોતાં હતાં તાહરી હો લાલ ॥ ૮ ॥

અર્થઃ– તેમજ એક ડુંબ કહે છે કે, એ મહારો મામો છે, એક કહે છે કે આ મહારો ભાણેજ છે, અરે ભાઈ એટલા દિવસ તમેં ક્યાં રહ્યા હતા? તમેં પરદેશમાં ક્યાં ક્યાં ફર્યા, હંસદ્વીપેં તમેં કુશલેં ગયા પછી ઝહાજ ઊપર ચડ્યા એવું અમેં સાંભલ્યું હતું, તિહાંથી ઈહાં આવ્યા જણાઓછો. વલી એ. ક. ા ઈ, એ. ફૂ. થ. ને પ. ું. ન ે. ન દેખાડે છે કે હે ભાઈ. ંનેં ત હા. ા . ત ેતા ॥ ૮

ડુ ૭ે ૨૨.૨ નરે, ે. મ કુ(૨ાા૨ ે॥ ચં૦



અર્થઃ- હે રાજન્! મહારૂં નિમિત્ત જૂઠું નથી, હું તમને સાચે સાચી

ને ઈણીપરેં વીનવે હો લાલ ॥ ૧૩ ॥

સરે ॥ચ૰॥ જગમાં જશ લહીએં ઘણું હો લાલ ॥ આચારે કુલ જાણી એરે, જોઈએં હિયે વિમાસરે॥ચ૰॥ દુર્બલ કન્ના નવિ હોઈએં હો લાલ ॥૧૪॥



અર્થઃ– કે હે પિતાજી ! જે કામ કરીયેં તે વિચારીને કરીયેં, કે જેમ પાછલથી ઉપહાસ ન થાય! જે વિચારીને કરીયેં તોજ જગતમાં ઘણું યશ પામીયેં, જે હૈયે વિચાર કરી જોઈયેં તો માણસના આચાર ઉપરથી પણ કુલ જાણી શકીયેં, પણ જેની તેની ખોટી સાચી વાત સાંભલીને તેનો સારાસાર સમજ્યા વિના કોઈ અર્થ કરી નાખવું એવા દુર્બલ કાનવાલા થઈયેં નહીં. લોકમાં પણ એવી કહેવત છે કે, રાજાને કાન હોય પણ શાન નહોય, એ કહેવત પ્રમાણે તમારે વર્ત્તવું નહીં.૧૪

કુંઅરને નરપતિ કહેરે પ્રગટ કહોતુમ્હ વંશરે ॥ચ૰ જિમ સાંસો દૂરેં ટલે હો લાલ ॥ કહે કુંઅર કિમ ઉચ્ચરેરે, ઉત્તમ નિજ પરશંસરે ॥ચ૰॥ કામેં કુલ ઓલખાવશું હો લાલ ॥૧૫॥

અર્થઃ– એવી પોતાની પુત્રીની વાત સાંભલીને રાજા, કુમર પ્રત્યેં કહે છે કે, હે વત્સ! તમેં તમારો વંશ પ્રગટ કરો, જેમ એ વાતનો મને સંદેહ છે તે દૂર ટલી જાય. તે સાંભલી કુમર હસીને કહેતો હવો કે, હે રાજન્! જે ઉત્તમ પુરૂષ છે, તે પોતેં પોતાને મુખેં પોતાની પ્રશંસાનો ઉચ્ચાર કેમ કરે? માટે કોઈ મહારા જેવું કામ પડશે તેવારેં હું મહારૂં કુલ તમોને ઓલખાવીશ ॥૧૫॥

સૈન્ય તુમારૂં સજ કરોરે, મુજ કર દ્યો તરવારરે ॥ચ૰ ॥તવ મુજ કુલ પ્રગટ થશે હો લાલ ॥ માથું મુંડાવ્યા

પછીરે, પૂછે નક્ષત્ર વારરે ॥ચેં૦॥ એહ ઉખાણો સાચવ્યો હો લાલ ॥ ૧૬ ॥

અર્થઃ— અથવા તમેં તમારૂં સર્વ સૈન્ય સજ્જ કરો, એટલે તૈયાર કરો, અને મ્હારા હાથમાં એક તરવાર આપો, તેથી મ્હારા હાથો તમને કુલ કહી દેશે, તેવારેં મ્હારૂં કુલ પ્રગટ થશે. હે રાજન્! તમે તો કેવું કર્યું, કે કોઈ પુરૂષ માથું મુંડાવીને પછી જોશીની પાસેં જઈ નક્ષત્ર વાર પૂછવા લાગ્યો, તેને જોશીયેં કહ્યું ભાઈ તાહારે નક્ષત્ર વાર પૂછવાનું શું કામ છે? ત્યારેં તેણે કહ્યું કે હું મસ્તક મુંડાવી આવ્યો છું, માટે નક્ષત્ર વાર પૂછું છું. તે સાંભલી જોશી પાસેં જે લોક બેઠેલા હતા તે સર્વ ખડખડ હસીને બોલ્યા કે ભાઈ! તું તો ઘણો ડાહ્યો દેખાય છે, જે માથું તો પ્રથમથીજ મુંડાવી આવ્યો છો, તો હવે પૂછવાનું શું કારણ છે! એ ઉખાણો તમે પણ સાચવ્યો દેખાય છે, કારણ કે તમારી પુત્રી પરણાવીને હવે મ્હારો વંશ પૂછો છો! ॥ ૧૬ ॥

અથવા પ્રવહણમાં અછેરે, દોય પરણી મુજ નારરે ॥ચેં૦॥ તેડી પૂછો તેહને હો લાલ ॥ તે કહેશે સવિ માહરોરે, મૂલથકી અધિકારરે ॥ચેં૦॥ ઇણિ પરેં કીજેં પારખું હો લાલ ॥ ૧૭ ॥


અર્થઃ— અથવા જો એ રીતેં મ્હારા હાથથી મ્હારૂં કુલ ઓલખવા [illegible] પારખું કરીયેં ॥ ૧૭ ॥

[illegible]

તે લઈને તિહાં વીનવે હો લાલ ॥ તવ મયણા મન હરખીયાંરે, પામી આદર માનરે ॥ચેં૦॥ સહિ ક-

અર્થઃ– તે સાંભળી રાજાયેં તે સ્ત્રીયોને તેડવા માટે પોતાના પ્રધાનને

અર્થઃ– પછી તે જેહુ–



નાખિયો રે, સાયરમાં એમ કંતરે ॥ ચ૦॥ વળતેં જ્ઞાન એમેં લહ્યો હો લાલ ॥ ૨૦॥

અર્થઃ- પછી રાજાના પૂછવાથી જેમ વિદ્યાચારણ મુનિવરેં રત્નદ્વીપમાં શ્રીપાલ કુમરનું ચરિત્ર સભાની સમક્ષ કહ્યું હતું, તેમ વિદ્યાધર રાજાની પુત્રી, તે સર્વ વૃત્તાંત વસુપાલરાજાની આગલ કહેતી હવી. વલી કહ્યું જે આ પાપી શેઠેં અમારા ભરતારને સમુદ્રમાં નાખ્યો, તે અમેં અમારા મનોહર વળતના યોગથી જ્ઞાન (લહ્યો કે૦) પામ્યો ॥ ૨૦॥

તે સુણતાં જવ ઓલખ્યો રે, તવ હરખ્યો મન રાયરે ॥ ચ૦॥ પુત્ર સગી ભગની તણો હો લાલ ॥ અણવિચાર્યું કીધું હતું રે, પણ આવ્યું સવિ ઠાયરે ॥ ચ૦॥ ભોજનમાંહે ઘી ઢલ્યું હો લાલ ॥ ૨૧॥

અર્થઃ- તે વાત સાંભલતાંજ જેવારેં શ્રીપાલને ઓલખ્યો તેવારેં રાજા પોતાના મનમાં હર્ષ પામ્યો, જે આ તો મ્હારી સગી બહેનનો પુત્ર છે, એરે મેં કામ તો વિચાર્યા વિના કર્યું હતું, પણ સર્વ ઠેકાણેં આવી ગયું. આ તો ભોજનમાંહે ઘી ઢલી પડ્યા જેવું ઉત્તમ કામ થયું ॥ ૨૧॥

નરપતિ પૂછે ડૂંબનેરે, કહો એ કિસ્યો વિચારરે ॥ ચ૦॥ તવ તે બોલે કંપતા હો લાલ ॥ શેઠેં અમ્હ વિગોઈયારે, લોલેં થયા ખુવારરે ॥ ચ૦॥ કૂડું કપટ એમેં કેલવ્યું હો લાલ ॥ ૨૨॥



अर्थः- तेवारें राजा (रीशें के०) क्रोधें

, डुं

ય૦ ॥ વિદ્યાનિધિ જગમાં વડો હો લાલ ॥ કુંઅર નિજ ઘર આવીયારે, કરતાં નવ પદ ધ્યાનરે ॥ ય૦ ॥ મયણા ત્રણે એકઠી મલી હો લાલ ॥ ૨૫ ॥



અર્થઃ- પછી તે નિમિત્તિયાને રાજાયેં ઘણું દાન દીધું, અને બહુમાન આપી વિસર્જન કર્યો, જગત માંહે વિદ્યાનો (નિધિ કે૦) જેનો તે (વડો કે૦) મહોટો જાણવો. હવે શ્રીપાલ કુમર પણ પોતાને ઘેર આવ્યા, તિહાં નવપદનું ધ્યાન ધરતા થકા રહે છે, અને (ત્રણ મયણા કે૦) મદનરેખા, મદનમંજૂષા અને મદનમંજરી એ ત્રણ સ્ત્રીયો પણ એકઠી મલી છે ॥ ૨૫ ॥

કુંઅર પૂરવની પરેંરે, પાલે મનની પ્રીતરે ॥ ય૦ ॥ પાસેં રાખે શેઠને હો લાલ ॥ તે મનથી છંડે નહીંરે, દુર્જનની કુલ રીતરે ॥ ય૦ ॥ જે જેહવો તે તેહવો હો લાલ ॥ ૨૬ ॥

અર્થઃ- હવે જો પણ ધવલશેઠેં શ્રીપાલને દુઃખ દેવા માટે ઘણાએ ઉપાય કર્યા, તો પણ શ્રીપાલ તો પૂર્વલી રીતેંજ શેઠની સાથેં મનની પ્રીતિ પાલે છે, તેથી નિરંતર પણે શેઠને તો પોતાની પાસેંજ રાખેછે, તેમ છતાં પણ દુર્જનના કુલની રીતિ છે તે રીતિને દુષ્ટ સ્વભાવવાલો શેઠ પોતાના મનથી છાંડતો નથી. કેમકે જે જેહવો હોય તે તેહવોજ જાણવો. એટલે જે ભલો હોય તે ભલોજ હોય, અને જે ભૂંડો હોય તે ભૂંડોજ હોય, એમાં કાંઈ સંશય નથી ॥ યતઃ ॥ દુર્જનસ્ય સ્વભાવોઽયં, પરકાર્ય વિનાશકઃ ॥ કથંવા કાર્યમાયાતિ, મૂષકો વસ્ત્ર ભક્ષણાત્ ॥૧॥ ગુણલક્ષં પરિત્યજ્ય, દોષં ગૃહ્ણંતિ દુર્જનાઃ ॥ લક્ષં દોષં પરિત્યજ્ય,

ગુર્ં ૦ ૯હાત સ૦ ૦ : ૨૮ તિ ૫૨૭૫

निज हाथे हणुं हो लाल ॥ २७ ॥

अर्थः- शेठ तो वली पण पोताना दुर्जनपणाने अंगीकार करीने म-



तेथी सातमी लू

વી પડ્યો, તિહાંથી પડતાં શેઠને પોતાના હાથમાં કટારી હતી તેપણ લાગી, અને શેઠનું પાપ પણ આવી પોહોતું. એટલે પાપનો ઘડો ભરાણો હતો તે પણ ફૂટ્યો, તેને લીધે શેઠ આર્ત રૌદ્ર ધ્યાનમાં વર્તતો થકો મરણ પામીને સાતમી નરકેં ગયો એટલે સાતમી ભૂમિથી પડ્યો, અને સાતમી નરક પૃથ્વીયેં ગયો, કેમ કે એવા નીચ પુરૂષોને એવુંજ સ્થાનક મલે, અન્યથા બીજું નહી ॥ યતઃ ॥ સો સત્તમ ભૂમિઓ, પડિઓ પત્તો ય સત્તમી ભૂમી ॥ નિરયસ્સ તારિસાણં, સમત્થિ ઠાણં કિમન્નસ્સ ॥ ૧ ॥ ઇતિ શ્રીપાલચરિત્રે ॥ તથા ॥ મિત્રદ્રોહી કૃતઘ્નશ્ચ, યેપિ વિશ્વાસ ઘાતકાઃ ॥ તે નરા નરકં યાંતિ, યાવચ્ચંદ્ર દિવાકરૌ ॥ ૧ ॥ ૨૮ ॥

લોક પ્રભાતે તિહાં મલ્યા રે, બોલે ધિગ ધિગ વાણ શે॰ ચ૦ ॥ સ્વામિદ્રોહી એ થયો હો લાલ ॥ જેહ કુંઅરને ચિંતવ્યું રે, આપ લહ્યું નિરવાણ રે ॥ ચ૦ ॥ ઊગ્ર પાપ તુરતજ ફલે હો લાલ ॥ ૨૯ ॥

અર્થઃ- તિહાં પ્રભાતેં લોક એકઠાં મલ્યાં; તે સર્વ ધિક્કાર ધિક્કાર છે !!! એ શેઠને એવી વાણી બોલતા હવા, જે માટેં એ સ્વામિદ્રોહી થયો, એ પાપી શેઠેં કુમરને હણવાનું ચિંતવ્યું. તે જેવું ચિંતવ્યું એવું પોતેંજ પામ્યો, જે અણખૂટે નિર્વાણ પામ્યો, જે માટેં કહ્યું છે કે, (ઊગ્ર કે૦) ઘણું અઘોર પાપ કરે, તો તે તરતજ ફલે ॥ ૨૯ ॥

મૃતકારજ તેહનાં કરે રે, કુંઅર મન ધરે સોગ રે ॥ ચ૦ ॥ ગુણ તેહના સંભારતો હો લાલ ॥ સોવન ઘણું તપાવિયેં રે, અગની તણે સંયોગ રે ॥ ચ૦ ॥ તોહી રંગ ન પાલટે હો લાલ ॥ ૩૦ ॥

અર્થઃ- હવે શ્રીપાલકુંવર તો શેઠના મૃત્યુનો શોક મનમાં ધરતો થકો શેઠના મૃત્યુ સંબંધિ જે અગ્નિસંસ્કાર પ્રમુખ કાર્ય કરવાનાં તે કરતો હવો, અને તે શેઠના ગુણને સંભારતો થકો રહે છે, જેમ સોનાને અગ્નિના

पावीयें, तो पण तेनो रंग पलटे नही, तेम उत्तम

उत्तम पद लहे हो लाल ॥३१॥

र्व संभाली तपासी लीधुं, ते मांहे लक्ष्मीनुं तो लेशुंन उरतां आवे नही,

धिकारी थईने उत्तम पदवीने पाम्या ॥ ३१॥

हमा दुल्यो हो लाल ॥ ३२॥

जीनो महिमा एटले माहात्म्य श्रीपालजीने केहेवुं इंद्रियभूत थयुं छे ॥७२॥

॥ दोहा ॥

एक दिन रयवाडी चढ्यो, रमवाने श्रीपाल ॥ सा-
थ बहु तिहां ऊतर्यो, दीठो ऋद्धि विशाल ॥१॥

अर्थः- हवे एक दिवसें श्रीपाल कुंअर परिवार सहित रयवाडीयें रम-
वा माटे चढ्यो. त्यां नगरनी बाहेर एक विशाल ऋद्धिवंत एवो सथवारो
ऊतर्यो हतो ते तेणें दीठो ॥१॥

सार्थवाह लई भेटणुं, आव्यो कुंअर पाय ॥ तव
तेहने पूछे ईस्युं, कुंअर करी सुपसाय ॥२॥



अर्थः- ते समयें ते सार्थ-
वाह पण सारी वस्तुनुं भेटणुं
लईने श्रीपालकुंअरनी पासें
आव्यो, तेवारें कुमर पण ते
सार्थवाहने रूडो पसाय करीने
एवी रीतें पूछतो हवो ॥२॥

कवण देशथी आविया, किहां जवा तुम्ह भाव ॥
सार्थवाह तव वीनवे, कर जोडी सदभाव ॥३॥

अर्थः- के हे सार्थवाह! तमें कोण देशथी आव्या छो? अने क्यां
जवानो तमारो भाव छे? एवुं कुंअरें पूछ्युं, तेवारें सार्थवाह पण हाथ
जोडी साचा भावें करी विनति करे छे ॥३॥

आव्या कांती नयरथी, जंबुदीव ऊदेश ॥ कुंअर
कहे कोईक कहो, अचरिज दीठ विशेष ॥४॥

अर्थः- के हे महाराज! अमें कांतिनगरथी आव्या छैयें, अने जंबु

। आव्या छो, माटे वच्चमां कांई अरे २-

।।५।।

२ हुई, सुता तास गुणवंत ।। ६ ।।

०) लतारि छे, ते राणीने जे पुत्रनी ऊपर अेक माहा गुणवंती पु

भान ।। नगमं

निधान ।। ७ ।।

अर्थः— ते पुत्रीनुं गुणसुंदरी अेवुं नामछे, माटे नामें २

पमंत्र, ६ , ७ , ८ ६ , ९ , १० ,

२ .५ , १३ , ४ , १ , ६

, ७ , १८ , , २० , २१

६न , २२ , २३ , २४ , २५

२ , २६ , २७ , २८

સ્ત્રીલક્ષણ, સામુદ્રિક, ૨૯ સુવર્ણરત્નભેદ, ૩૦ અષ્ટાદશલિપિપરિચ્છેદ, ૩૧ તત્કાલબુદ્ધિ, ૩૨ વાસ્તુસિદ્ધિ, ૩૩ વૈદ્યક, ૩૪ કામવિક્રિયા, ૩૫ ઘટભ્રમ, ૩૬ સારિપરિશ્રમ, ૩૭ અંજન, ૩૮ ચૂર્ણયોગ, ૩૯ હસ્તલાઘવ, ૪૦ વચનપાટવ, ૪૧ ભોજ્યવિધિ, ૪૨ વાણિજ્યવિધિ, ૪૩ મુખમંડન, ૪૪ શાલિખંડન, ૪૫ કથાકથન, ૪૬ પુષ્પગુંથન, ૪૭ વક્રોક્તિ, ૪૮ કાવ્યશક્તિ, ૪૯ સ્ફારવેષ, ૫૦ સકલભાષાવિશેષ, ૫૧ અભિધાનજ્ઞાન, ૫૨ આભરણપરિધાન, ૫૩ ભૃત્યોપચાર, ૫૪ ગૃહાચાર, ૫૫ વ્યાકરણ, ૫૬ પરનિરાકરણ, ૫૭ રંધન, ૫૮ કેશબંધન, ૫૯ વીણાનાદ, ૬૦ વિતંડાવાદ, ૬૧ અંકવિચાર, ૬૨ લોકવ્યવહાર, ૬૩ અંત્યાક્ષરિકા, ૬૪ પ્રશ્નપ્રહેલિકા. એ ચોશઠ કલાનાં નામ વલી કેટલી એક પ્રતિયોમાં પ્રકારાંતરેં પણ લખેલાં છે. એ ચોશઠે કલાની જાણ, તે ગુણસુંદરી છે. ॥ ૭ ॥

રાગરાગિણી રૂપસ્વર, તાલ તંત વીતાન ॥ વીણા
તસ બ્રહ્મા સુણે, થિર કરી આઠે કાન ॥ ૮ ॥

અર્થઃ– હવે તે ગુણસુંદરીયેં બાલપણા થકીજ વીણા વજાડવાનો અભ્યાસ કર્યો છે, તે કેવી રીતેં કર્યો છે? તો કે ૧ રાગ, ૨ રાગિણી, ૩ રૂપ, ૪ સ્વર, ૫ તાલ, ૬ તંતવિતાન, એટલા ગુણયુક્ત વીણાના જે અર્થ ભેદો છે, તે સર્વને તે કુમરી જાણે છે ॥ તિહાં પ્રથમ રાગ છ પ્રકારના છે, તેમના નામ શ્લોકેં કરી કહે છે ॥ શ્રીશ્રીરાગો વસંતશ્ચ, ભૈરવઃ પંચમસ્તથા ॥ મેઘરાગશ્ચ વિજ્ઞેયઃ, ષષ્ઠો નટ્ટનારાયણઃ ॥ ૧ ॥ અર્થઃ– શ્રીરાગ, વસંતરાગ, ભૈરવરાગ, પંચમરાગ, મેઘરાગ, અને નટ્ટનારાયણરાગ. એ છ રાગનાં નામ કહ્યાં. હવે એકેકા રાગની છ છ રાગણીયો એટલે સ્ત્રીઓ છે, તેમનાં નામ શ્લોકેં કરી કહે છે ॥ ગોડી કોલા-

[illegible] બંગાલી, [illegible] મલ્હાર [illegible] ॥ [illegible] નારાગ [illegible] ॥ ૫ ॥ [illegible] દેશાખી, સંતંભ [illegible] ભૈ[illegible] ગુજરી [illegible] બાવે[illegible] કુલા [illegible] કરણ [illegible] સા[illegible] ભૈરવ [illegible] ॥ [illegible] શ્રી સ્તંભ [illegible] ગુર્જરી [illegible] વસ [illegible]

પંચમે મતાઃ ॥ ૪ ॥ બંગાલી મધુકરી ચૈવ, કામોદા દેષશાખિકા ॥ દંજશ્રીવી
ચ દેવાલ્યા, મેઘરાગાંગનાશ્ચ ષટ્ ॥ ૫ ॥ તોડિકા મોટિકા ચૈવ, ડંબી ભ-
દ્રા પરા તથા ॥ ગંધારી સિંધુ મલ્લારી, નટ્ટનારાયણોદ્ભવાઃ ॥ ૬ ॥ એ
છ રાગની છત્રીશ રાગણીયોનાં નામ કહ્યાં. હવે એકેકા રાગના વલી આઠ
હિત બોલે. શોલમો વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકારી સહિત બોલે. સત્તરમો પદરચનાની અપેક્ષા લેઈ બોલે. અઢારમો નવતત્ત્વને ષટ્દ્રવ્યની પટુતા બોલવામાં હોય તેમ બોલે. ઓગણીશમો એવી રીતેં સ્નિગ્ધ મધુર બોલે કે, જેથી સાંભલનારને ઘૃત ગોલથી મીઠાશ વધારે ઊપજે. વીશમો એવી ચતુરાઈથી બોલે કે, જે માંહે પારકાં મર્મ જણાઈ ન આવે. એકવીશમો ધર્મ અર્થ પ્રતિબદ્ધ બોલે. બાવીશમો ઊદારપણેં દીપક જેવો પ્રકાશકારી અર્થ બોલે. ત્રેવીશમો જે માંહે પરની નિંદા તથા પોતાની મહોટાઈ દીઠામાં ન આવે એમ બોલે. ચોવીશમો જે બોલવાથી લોકોને એવો ભાસ થાય જે આ પુરૂષ સર્વગુણ સંપન્ન છે એમ બોલે. પચ્ચીશમો કર્તા, કર્મ, ક્રિયા, લિંગ, કારક, કાલ અને વિભક્તિયો સહિત બોલે. છવ્વીશમો સાંભલનારને વિસ્મય થાય, આશ્ચર્ય ઊપજે એહવું બોલે. સત્તાવીશમો સ્વસ્થચિત્તેં અતિ ધીરતા સહિત બોલે, પણ ઊતાવલાની પેરેં ન બોલે. અઠ્ઠાવીશમો વિલંબરહિત બોલે. ઓગણત્રીશમો મનની ભ્રાંતિરહિત બોલે. ત્રીશમો વૈમાનિક, ભવનપતિ, મનુષ્ય, તિર્યંચ, સર્વ કોઈ પોત પોતાની ભાષામાં સમજે તેમ બોલે. એકત્રીશમો જેમ શિષ્યોને વિશેષ બુદ્ધિ ઊપજવાપણું થાય તેમ બોલે. બત્રીશમો પદના અર્થને અનેકપણેં વિશેષ આરોપણ કરી બોલે. તેત્રીશમો સત્ત્વ પ્રધાનપણેં એટલે સાહસિકપણેં બોલે. ચોત્રીશમો પુનરૂક્તિ દોષરહિત બોલે. પાંત્રીશમો સાંભલનારને ખેદ શ્રમ ન ઊપજે એવું બોલે. એ પ્રભુની વાણીના પાંત્રીશ ગુણ કહ્યા ॥ ૫ ॥

સમયપએસંતર અણ ફરસી, ચરમ તિભાગ વિશેષ ॥ અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષરે ॥ ભ૦ ॥ સિ૦ ॥ ૬ ॥

અર્થઃ- હવે સિદ્ધપદની સ્તવના પાંચ ગાથાયેં કરી કરે છે. જે એક સમયવિના બીજો સમય ફરસે નહી, તેમજ ચઊદમા ગુણઠાણાના અંતથકી આકાશના અસંખ્યાતા પ્રદેશ છે. તે મધ્યે જીવ,

ने प्रदेशनी श्रेणियें प्रवर्तन करे ते थकी बीजा प्रदेशने (अणफरसीके०) फरसे नहीं. एटले समश्रेणीना प्रदेशने अंतरें रह्या जे बीजा प्रदेश, तेमने फरस्या विना जे प्रदेशें सिद्ध थया, तेज प्रदेशें समश्रेणियें - एक समयमां सिद्धगति पामे. जेवारें तिहां पहोंचे तेवारें (चरमके०) छेल्ला शरीरनो (तिभागके०) त्रीजे भाग विशेष घटे, एटले नवहाथनी काया होय, तो छ हाथनी काया रहे, एहवी अवगाहना लहीने सिद्धगति पाम्या. ते (अशेषके०) समस्त सिद्धने नमस्कार करो ॥ ६ ॥

पूर्वप्रयोग ने गतिपरिणामें, बंधन छेदन असंग ॥ समय एक ऊरध गति जेहनी, ते सिद्ध समरो रंग रे ॥ भ० ॥ सि० ॥ ७ ॥

अर्थः- एक पूर्वप्रयोग ने पूर्वे बालपणुं हतुं तेमाटे, बीजुं जीवमां सहेजें गतिपरिणाम छे तेथी, त्रीजुं कर्मनुं बंधन छेदन थयुं माटे, चोथुं अनादि प्रसंगी रह्यो, असंगी थया माटे एक समय पर्यंत ऊर्ध्वगति छे, पछी अचल छे. हवे ए सिद्धगतियें पहोंचवाना चार दृष्टांतनो अर्थ कहे छे. तेमां धनुष्य चडावी बाण मूकवाने अवसरें पूर्वप्रयोगविधियें पणछनो प्रेर्यो जेम बाण जाय, तेम आत्मा पूर्वे कर्मसहित हतो ते सर्व कर्मनी एकसो अठ्ठावन प्रकृतिनो बंध, उदय, उदीरणा अने सत्तानो क्षय थाय, तेवारें जीव ऊंचो जाय, सिद्ध थाय, ते जीवनुं पूर्वप्रयोगलक्षण कहीयें. बीजो जेम अग्निमांहेथी धूम्र निकले, ते तुरत ऊंचो चडे, तेम आत्मा कर्मथी वेगलो थाय, तो एहनी गति पण ऊंची जवानी छे, माटे ऊंचो चडे तेहने गतिपरिणाम स्वभाव कहीयें. त्रीजो जेम एरंडवृक्षना फल पाके ते आतपने योगें सुकाया पछी फाटे. तेवारें तेनुं बीज निकले ते ऊंचुं ऊछले, तेम भवरूप वनमांहे मनुष्यरूप वृक्ष छे. तेहनुं समकितरूप स्थल छे, अने व्रतरूप शाखा छे, भावनारूप प्रतिशाखा छे, अने घनघाती कर्मक्षयरूप फूल छे. तथा तेरमा अने चउदमा गुणठाणारूप फल ते शेष पच्यासी प्रकृति सत्ताक्षय

રૂપ આતપેં કરી આત્મા પુદ્ગલથી ભિન્ન થયો તે બંધનનો છેદન થયો, તેવારેં જીવની ગતિ ઊંચી થાય, તેથી સિદ્ધ થાય. કર્મબંધનનો છેદન થયો માટે તેને બંધન છેદનયોગ કહિયેં. ચોથો જેમ કુંભાર પ્રથમવેગથકી ચક્રને દંડેં કરી ભમાડે, પછેં કોઈ હાથ ન લગાડે તો પણ તે ચક્ર પોતાની મેલેં ફરયા કરે, તેમ જીવ અસંગક્રિયાને બલેં કર્મમલ રહિત થઈ રહ્યો છે. અને ઉપાધિનાં કારણ સર્વ મટી ગયાં છે, તેહથી સંગરહિત થકા જીવની ગતિ ઊંચીજ હોય. એમ ચાર પ્રકારેં કરી એક સમય માંહે તેહની (ઊરધ કે૦) ઊંચી ગતિ છે, પછી અચલ છે તે સિદ્ધને તમેં (રંગ કે૦) હર્ષે કરી સમરો, ભમો ॥૭॥

નિર્મલ સિદ્ધ શિલાની ઉપરેં, જોયણ એક લોકંત ॥ સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે ॥ ભ૦ ॥ સિ૦ ॥૮॥

અર્થઃ- (નિર્મલ કે૦) સ્ફટિકરત્નમયી મલરહિત જાતિવંત અર્જુનસોનાની જે સિદ્ધશિલા તે ઉપરેં ઉત્સેધ અંગુલને માનેં કરી એક યોજનને અંતેં લોકનો અંત છે. તે યોજનના ચોવીશ ભાગ કરીયેં તેમાં ત્રેવીશ ભાગ હેઠા પડતા મૂકીયેં અને ઉપરલે ચોવીશમે ભાગેં સર્વ સિદ્ધના જીવ અવગાહી રહ્યા છે. તિહાં અનેક પ્રકારની અવગાહના છે કોઈ પલાંઠીવાલ્યા સિદ્ધ થયા તેની તેવી અવગાહના. કોઈ કાઉસ્સગ્ગ મુદ્રાયેં સિદ્ધ થયા, તેની તેવી અવગાહના જાણવી. ઉત્કૃષ્ટ પાંચશેં ધનુષ્ય શરીરવાલા સિદ્ધ થયા, મધ્યમ સાત હાથના શરીરવાલા અને જઘન્ય બે હાથના શરીરવાલા સિદ્ધ થયા, તે જયગા ઊંચપણે ત્રણસો તેત્રીશ ધનુષ્ય એક હાથને ચાર અંગુ-

[illegible]

नमो, जेम मोक्ष सुजने पामो ॥ ८ ॥

जाणे पण न सके कही पुरगण, प्राकृत तिम गुण जास ॥ उपमाविण नाणी भवमांहे, ते सिद्ध दियो उल्लास रे ॥ भ० ॥ सि० ॥ ९ ॥

अर्थः- वली ते सिद्ध केहवा छे? तो के जेम (प्राकृत के०) भिल्ल छे ते (पुर के०) नगरना गुण जाणे छे पण मुखथी कही शके नही. एटले जेम कोईएक नगरनो राजा एकदा वक्रशिक्षित अश्वे चडी अटवीमां गयो, पछी वाग खेंचवाथी तेना हाथ दुःखवा लाग्या. तेवारें लगाम मूकी दीधी तेथी घोडो पण उभो रह्यो, तेवारें राजा नीचें उतरी अश्वने वृक्षनी छायायें बांधी पोतें पण छायामां बेठो पण तृषा घणी लागी छे. एटलामां एक भिल्ल वनमांथी आव्यो, तेनी पासेंथी राजायें हाथनी संज्ञायें पाणी माग्युं. भिल्लें विचार्युं जे आ कोईक भलो माणस देखाय छे, एम धारी पाननो दडियो करी पाणी भरी लाव्यो. राजायें पाणी पीधुं अने प्राण रह्या तेथी खुशी थयो, एटलामां राजानी सेना पण पगले पगले चालती तिहां आवी पोहोची. ते पण राजाने जोई आनंद पामी प्रधानादिकें भोजन मुख आगल मूक्युं. राजायें ते भिल्लने जमाडी वस्त्र पहेरावीने तेने साथें तेडी नगरमां आव्या. तिहां एक मंदिरमां भिल्लने राख्यो, घणा सेवक तेनी पासें राख्या, भिल्ल पण गोखमां बेसी नगरना तमासा जोया करे, मेवा मीठाईनां भोजन करे, चुवा चंदननां विलेपन करे, केटलाएक दिवसो पछी ते भिल्ल पोताना संबंधि पासें गयो. तेने सर्व भिल्ल मली पूछवा लाग्या के, तुं क्यां गयो हतो? तेवारें तेणें कह्युं के हुं नगरमां गयो हतो. तेमणें पूछ्युं के, तिहां खावापीवानुं शुं मलतुं हतुं? तथा नगरनां स्थानक केहवां हतां? वस्त्र केहवां हतां? एम पूछवा लाग्या पण ते भिल्ल तेमने कांहि कही शके नही. पोतें मनमां सर्व जाणे पण समजावी शके नही. ए दृष्टांतें तथा जेम कोईक मुंगाने गोल जमाडीने तेनो स्वाद पूछीयें तो

સંજ્ઞાયેં જતાવે પણ કહી શકે નહી, તેમ શ્રીસિદ્ધના સુખને પણ (ઉપમાવિણ ભવમાંહે કે૦) જગતમાંહે કોઈ ચીજની ઉપમા દેઈને વર્ણન કરી શકાય નહી. તે સિદ્ધના સુખને (નાણી કે૦) કેવલજ્ઞાની પુરૂષ જાણે જાણ, પણ તેનું મુખથી વર્ણન કરી શકે નહી, એવા સુખનો અનુભવ કરનારા જે શ્રીસિદ્ધ ભગવાન્ તે મુજને ઉલ્લાસ પ્રત્યેં આપો ॥ ૯ ॥

જ્યોતિશું જ્યોતિ મિલી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ ॥ આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે ॥ ભ૦ ॥ સિ૦ ॥ ૧૦ ॥

અર્થઃ- વલી સિદ્ધ કહેવા છે? તો કે જેહની જ્યોતિમાંહે જ્યોતિ મલી રહી છે. એક સિદ્ધની અવગાહના માંહે (અનુપમ કે૦) જેહની ઉપમા આવેજ નહીં. એહવી અનંતા સિદ્ધની જ્યોતિ દીપકને દૃષ્ટાંતેં મલી રહી છે. એટલે જેમ એક ઓરડામાં એક દીવાનો પ્રકાશ સમાઈ રહ્યો છે, તેમાં વલી બીજા અનેક દીવા કરીયેં, તો તેનો પ્રકાશ પણ તેમાંજ સમાઈ જાય. એ દૃષ્ટાંતેં જાણવું. વલી સંસાર સંબંધી સકલ ઉપાધિ વિરમી છે એહવા, તથા જેમના આત્માના મૂલગુણ સાક્ષાત્ પ્રગટ થયા છે. માટે આત્મારામરૂપ અને (રમા કે૦) મોક્ષલક્ષ્મી તેહના (પતિ કે૦) સ્વામી એહવા જે સિદ્ધ તેહને (સમરો કે૦) સ્મરણ કરો. તે સિદ્ધ સહજ સ્વગુણરૂપ સમાધિનું સ્થાનક છે. જે માટે જીવને અનાદિ કાલના લાગેલાં જે આઠ પ્રકારનાં કર્મ, તેને શોષવ્યાં, ધમ્યાં, તેથી સિદ્ધ થયા. તે સિદ્ધનાં સુખ કહેવાં છે? તો કે યાવન્માત્ર જેટલા દેવતાના સમૂહ છે, તે સર્વના ત્રણ કાલનાં સુખ એકઠાં કરીયેં. પિંડીભૂત કરીને તેને વલી અનંતગુણાં કરીયેં, તેથી પણ સિદ્ધનાં સુખ અનંતગુણાં છે. એમ પાંચ ગાથાયેં કરીને શ્રીસિદ્ધપદની સ્તવના શ્રીપાલરાજાયેં કરી ॥ ૧૦ ॥

પંચ આચાર જે સૂધા પાલે, મારગ ભાંખે સાચો ॥ તે આચારજ નમિયેં તેહશું, પ્રેમ કરીને

અર્થઃ- હવે ત્રીજા આચાર્યપદની સ્તવના પાંચ ગાથાયેં કરી કરે છે.

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય ॥ જેહને તે આચારિજ નમિયેં, અકલુષ અમલ અમાય રે ॥ ભ૦ ॥ સિ૦ ॥૧૩॥

અર્થઃ– વલી (નિત્ય કે૦) નિરંતર ભવ્ય જીવોને ઉપકાર બુદ્ધિયેં શુદ્ધ અપ્રમત્ત ધર્મનો ઉપદેશ આપે છે. કેમ કે? પ્રમાદ જે છે તે જીવને સંસારમાં પર્યટન કરાવનારો છે, માટે પ્રમાદને દૂર કરી અપ્રમાદપણેં પ્રવર્ત્તતાને અંતર મુહૂર્તમાં સંસારનો ભય મટી જાય. તથા વલી રાજકથા, દેશકથા, ભોજનકથા અને સ્ત્રીકથા, એ ચાર પ્રકારની વિકથા અથવા સમ્યક્ત્વ ઢીલપણીયા અને ચારિત્ર ઢીલપણીયા, એ બે પ્રકારની વિકથા તે જેને કરવી નથી. સર્વદા ચારિત્ર અને સમ્યક્ત્વની પુષ્ટિજ કરે છે. તેમજ શોલ કષાય અને નવ નોકષાય, એ પચ્ચીશ કષાય જેહને નથી. વલી સર્વદા શુદ્ધ આચાર પાલવાને તત્પર રહે છે, તે આચાર્યને નમીયેં. તે કહેવા છે? તો કે અકલુષ એટલે ડોલાશ પણું અર્થાત્ કલુષભાવ તેણેં કરી રહિત, તથા અમલ એટલે કોઈ પ્રકારનું શ્રદ્ધામાં મલિનપણું જેને નથી, તથા અમાય એટલે કપટ, માયા, ઈર્ષ્યા અને મત્સર, તેણેં રહિત છે ॥ ૧૩ ॥

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વલિ જનને ॥ પટધારી ગછથંભ આચારજ, તે માન્યા મુનિ મનને રે ॥ ભ૦ ॥ સિ૦ ॥૧૪॥

અર્થઃ– વલી જે આચાર્ય ચાર પ્રકારની શિક્ષા દીયે છે તે કહે છે. એક તો જે સાધુ ક્રિયા અનુષ્ઠાનમાં તત્પર થકા ને ભૂલ પડે, તેને સંભારી આપે, તે સારણા કહીયેં. બીજી જે સાધુ ખોટી ક્રિયા કરતા હોય, તથા ખોટું ભણતા હોય તેને વારે, તે વારણા જાણવી. ત્રીજી સાધુઓને ક્રિયા કરવામાં પ્રેરણા કરે તે ચોયણા જાણવી. ચોથી સાધુને પ્રમાદ કરતા જાણી તિરસ્કાર પૂર્વક આકરે વચનેં કરી વિશેષ પ્રેરણા કરે, તે પડિચોયણા જાણવી. એ ચાર પ્રકારની શિક્ષા આપી લો-

कोने धर्मकरणीमां विशेष प्रकारें जोडे. वली पट्टधारी एटले सौधर्मप-ट्टपरंपराना धरनारा, तथा गच्छ जे गण, साधुनो समुदाय तेने स्थंभ समान एटले गच्छना स्थंभभूत एवा आचार्य भगवान् ते महामुनि राजेना मनने विशेषें मान्या छे ॥ १४ ॥

अत्थमियें जिनसूरज केवल, चंदें जे जगदीवो ॥ भुवन पदारथ प्रगटन पटु ते, आचारज चिरंजी-वोरे ॥ भ० ॥ सि० ॥ १५ ॥

अर्थः- वली श्रीआचार्य भगवान् केहेवा छे ? तो के जेम जगत-मां सूर्यना किरणोनो जेवारें प्रकाश होय, तेवारें अंधकारना पडलो सर्व दूर थई जाय छे. अने जेवारें सूर्य अस्त थई जाय तेवारें चंद्रमानो प्र-काश अंधकारने दूर करे छे. वली कृष्णपक्षमां जेवारें चंद्रमानो प्रकाश पण न होय, तेवारें दीपक पण अंधकारने विनाश करे छे. तेम ईहां पण साक्षात् भावतीर्थंकर जेवारें विद्यमान विचरता होय, तेवारें ते केवलज्ञानरूप सूर्ये करी रूपी अरूपी पदार्थने प्रगट करता रहे, तेथी मिथ्यात्वरूप अंधकारनो प्रचार न होय. अने जेवारें (अत्थमियें जिन-सूरज के०) जिन जे श्रीतीर्थंकर देवरूप सूर्य ते अस्त थाय, एटले श्रीतीर्थंकर निर्वाणपद पाम्या पछी (केवल चंदें के०) केवलज्ञानना धा-रक सामान्य केवलीरूप चंद्रें करी जगतमां प्रकाश रहे. अने जेवारें के-वली भगवान्रूप चंद्रमानो प्रकाश न होय, तेवारें (जे जग दीवो के०) जगतने विषे मिथ्यात्वरूप अंधकार दूर करवाने दीपक समान जे आ-चार्य प्रभु छे, तेहज प्रकाशकर्त्ता छे. एटले जगतमां अज्ञानरूप अंधकारना प्रसारने दूर करवा माटे श्रीआचार्यज जे छे ते दीपकसमा-न छे. माटे ते भुवनपदारथ एटले त्रण भुवनना पदार्थने प्रगटन एटले प्रगट स्पष्ट (पटु के०) चतुराईथी केहेवाने ते समर्थ छे, ए-वा श्रीआचार्य भगवान् ते (चिरंजीवो के०) घणा काल लगें विद्य-मान रहो. ए रीतें प्राभाविक शासनना शोभाकारक श्रीआचार्यजी-नी स्तुति श्रीपालराजा करे छे, ते पांच गाथायें कही ॥ १५ ॥

द्वादश अंग सज्झाय करे जे, पारग धारक तासा ॥ सूत्र अरथ विस्तार रसिक ते, नमो उवज्झाय उल्लासरे ॥ भ० ॥ सि० ॥ १६ ॥

अर्थः– हवे पांच गाथायें करीने श्रीउपाध्यायपदनी स्तवना करे छे. जे श्रीआचारांगादि द्वादश अंग एटले बार अंग छे तेनुं सज्झाय ध्यान निरंतर करे छे. तथा जे द्वादशांगी जे गणिपिटक तेना अर्थना पारंगामी छे. अने तेना रहस्यना धारणहार, वली सूत्रथकी तथा अर्थथकी ते द्वादशांगीनो विस्तार करवाने रसिकथका पोतें भणे, बीजाने भणावे, एवा श्रीउपाध्यायजीने उल्लास सहित एटले चित्तना हर्षथकी नमो एटले नमस्कार करो ॥ १६ ॥

अर्थ सूत्र ने दानविभागें, आचारज उवज्झाय ॥ भव त्रणयें लहे जे शिव संपद, नमियें ते सुपसायरे ॥ भ० ॥ सि० ॥ १७ ॥

अर्थः– जे सूत्र अने अर्थ रूप ज्ञानदाननी वहेंचणने विभागें जे श्रीआचार्यजी ते तीर्थंकरनी पेरें अर्थनुं दान करे, अने जे उपाध्यायजी ते सूत्रनुं दान करे. ए रीतें आचार्य अने उपाध्यायनी मर्यादा छे. एवा गुणवंत विधि क्रिया कारक जे श्रीआचार्य उपाध्याय, ते त्रण भवने अंतें एटले तेहिज भवें अथवा त्रीजे भवें शिव संपद जे मोक्षरूप लक्ष्मी तेने (लहे के०) पामे. एवा भला पसायना करनार तेने चित्तनी प्रसन्नतायें त्रिविध एकाग्रपणें करी नमस्कार करीयें ॥१७॥

मूरख शिष्य निपाई जे प्रभु, पहाणने पल्लव आणे ॥ ते उवज्झाय सकल जन पूजित, सूत्र अरथ सवि जाणेरे ॥ भ० ॥ सि० ॥ १८ ॥

अर्थः– वली जे श्रीउपाध्याय, जे मूर्ख शिष्य होय, तेने भ-

णावीने पंडित करे. माटे जाणीयें पत्थरने अंकूरा आणी नवपल्लव करे छे? ते उपाध्याय समस्तजनपूजित एटले पूजवायोग्य, सूत्र तथा अर्थ सर्वने जाणे एवा छे ॥ १८॥

राजकुंवर सरिखा गणचिंतक, आचारिजपद-जोग ॥ जे उवज्झाय सदा ते नमतां, नावे भव-भय शोग रे ॥ भ० ॥ सि० ॥१९॥

अर्थः- वली उपाध्याय केहेवा छे? तो के राजकुंवर सरिखा गणचिंतक एटले जेम राजा न होय, ते वारें युवराजा होय ते राज्यभार चलावे. तेम श्रीतीर्थंकरने अभावें आचार्य गणचिंतक कह्या छे, ते श्रीआचार्यना पद एटले पाटें थापवा योग्य एवा जे श्रीउपाध्यायजी तेने (सदा के०) निरंतर नमतां थकां भव जे संसार तेना भयनो शोक आवे नही ॥ १९

बावनाचंदनरससम वयणें, अहित ताप सवि टाले ॥ ते उवज्झाय नमीजें जे वली, जिनशासन अजुआले रे ॥ भ० ॥ सि० ॥ २० ॥

अर्थः- जेम जेने पित्तविकारथी तापादिकनो पराभव थयो होय तेने बावनाचंदनने रसें करी सिंच्यो थको तेनो सर्व ताप दूर थई जाय, तेम श्रीउपाध्यायजी पण जे प्राणि अनादिकाल मिथ्यात्व, अविरति, कषायरूप अहितना करनारा तापें तप्त थई रह्या छे. तेमने बावना चंदनना रससदृश शीतल वचनें करीने शीतलता उपजावी, तेओना अहितरूप सर्व तापने टाले, अने सर्वने शीतलता उपजावे, ते उपाध्यायने नमीजें. वली जे श्रीजिनशासनने अजुआले छे, एटले उद्योत करे छे, ए रीतें पांच गाथायें करी श्रीउपाध्याय पदनी स्तुति करी ॥ २० ॥

जिम तरुफूलें भमरो बेसे, पीडा तस न उपाये

॥ लईरसने आतम संतोषे, तिम मुनि गोचरी जाये रे ॥ भ० ॥ सि० ॥ २१ ॥

अर्थः- हवे पांच गाथायें करी साधुपद वर्णवे छे. जेम कोई सुगंध वृक्षनां फूल छे, तेनी वासनाने आश्रइतो भमरो आवी बेसे छे, पण ते भमरो फूलने पीडा न उपजावे. ते फूलमांथी थोडोक रस लईने फरी बीजा फूलें जईने ते फूलनो रस लीये. एम थोडो थोडो रस लईने पोताना आत्माने संतोषे पण फूलने किलामणा उपजावे नही. तेम मुनिराज पण गोचरीयें जाय छे, त्यारें बहेंतालीश दोषरहित शुद्ध आहार जोईने फरी फरीने घर घरथी थोडी थोडी भिक्षा लावे, तेथी गृहस्थने पण अंतराय न थाय. कोई किलामणा न उपजे. अने साधु पण संयम मार्गनो निर्वाह करवाने अर्थे आहार लई नीरस त्याज्य तुच्छ आहारें करी आत्मानो पोष करे ॥ २१ ॥

पंचेंद्रियने कषाय निरुंधे, षटकायक प्रतिपाल ॥ संयम सत्तर प्रकार आराधे, वंदूं तेह दयाल रे ॥ २२ ॥

अर्थः- वली साधु केहवा छे? तोके जे पंचेंद्रिय अने चार कषायने निरुंधे छे. पाठांतरें पांच इंद्रियने जे नित्य एटले निरंतर जीपे, तथा पृथ्वी आदिक छ कायना जीवोनी रक्षा करे छे, माटे तेना ते प्रतिपालन करनारा जाणवा. तथा सत्तर प्रकारें संयमने आराधे. ते दयाल एटले दयावंत महामुनिने हुं वांदुं छुं ॥ २२ ॥

अढार सहस सीलांगना धोरी, अचल आचार चरित्र ॥ मुनि महंत जयणायुत वांदी, कीजें जन्म पवित्र रे ॥ भ० ॥ सि० ॥ २३ ॥

अर्थः- वली अढार हजार शीलांग रथना धोरी एटले ते रथने चलाववाने माटे वृषभ समान छे. जेनो विस्तार पूर्वे देशनानी ढालमां कह्यो छे तिहांथी जाणवो. वली कोईनुं चलाव्युं चाले नही एवुं

अचल छे आचार रूप चरित्र जेमनुं एवा महंत एटले महोटा मुनि ते जयणायुक्त छे. केमके, मुनिराज जे छे, ते क्रिया कलापमां सूतां, बेसतां, ऊठतां, आहार लेतां, आवतां, जतां, मल मूत्र परठवतां सदा जयणा सहित विचरे छे. तेमने वंदीने पोतानो जन्म मारो पवित्र करीयें, अथवा मुनिने जयणायुक्त वांदीने जन्म पवित्र करीयें ॥ २३॥

नवविध ब्रह्म गुप्ति जे पाले, बारसविह तप शूरा ॥ एहवा मुनि नमियें जो प्रगटे, पूरव पुण्य अंकूरा रे ॥ भ०॥ सि०॥ २४॥

अर्थः— वली जे नव प्रकारें नववाड रूप ब्रह्मचर्यनी गुप्ति पाले छे, ते गुप्तिना नाम कहे छे. प्रथम जे वस्तिमां स्त्री, पशु, पंडग ते नपुंसक होय, एवी वस्तिमां रहे नही. बीजी स्त्रीनी कथा वार्त्ताने सराग पणें सांभले नहीं, स्त्रीनी साथें एकांतें एकलो वात न करे. त्रीजी जे भूमिकाने विषे, अथवा मांची, पाट, पाटलो, ढोलीयो, इत्यादिक जे आसन ऊपर स्त्री बेठेली होय, ते आसन ऊपर बे घडी सूधी बेसे नही, तेमज जे श्रावक ब्रह्मचारी होय ते पण तिहां बे घडीवार बेसे नही. चोथी स्त्रीना अंगोपांग तथा इंद्रियोने सराग पणें जूवे नही. पांचमी भींत परिअच त्राटी प्रमुखने आंतरे जिहां स्त्री तथा पुरुष शयन करतां होय, हास्य विनोद करतां होय, कामभोगनी क्रीडा करतां होय, तिहां रहे नही. छठ्ठी पूर्वे संसारी अवस्थामां जे कांई स्त्रीनी साथें कामभोग विलासादिक सेव्या होय ते संभारे नही. सातमी परिमित मात्र आहार करे. आठमी अतिमात्रा ते सरस पुष्टिकारक आहार लीये नही. अत्यंत घणो आहार करे नही एटले पेट भरी जमे नही. नवमी शरीरने विषे आभूषणादिक पहेरी शोभा करे नही. ए नव प्रकारें ब्रह्मचर्यनी वाडरूप गुप्ति छे ते पाले. तथा बार प्रकारनी तपस्या करवाने शूरवीर छे. एवा गुणवंत महामुनीश्वर पंचम गतिना साधक, संसार दुःख वारक, सदा धर्मध्यानमां सावधान, सर्व जीवना रक्षक तेमने नमीजे.

जे पूर्व जन्मना संचेला पुण्यना अंकूर प्रगटे, ते एवा मुनिराजनी जो-
गवाई मले ॥ २४ ॥

सोना तणी परें परीक्षा दीसे, दिन दिन चढते वानें ॥ संयम जप करता मुनि नमियें, देशकाल अनुमानेंरे ॥ भ० ॥ सि० ॥ २५ ॥

अर्थः- वली जेनी सोनानीपरें परीक्षा देखाय छे, एटले ॥ यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निघर्षणच्छेदन ताप ताडनैः ॥ जेम सोनानी परीक्षा निघर्षण ते कसोटी उपर घसवुं, छेदन करवुं, तपाववुं अने हथोडादिकें ताडन करवुं, ए चार प्रकारें करीयें, तेम तेम चढते वाने दे-खाय. तेम मुनिने पण कोई मिथ्यात्वी छेदन, भेदन, तापन, ताडना-दिक करे, तो पण ते दिवसें दिवसें चढते वाने देखाय. एवा देशकालने अनुमाने शुद्ध संयमनो जप करता एटले हमणांना काल प्रमाणें आ-त्मार्थी निःशल्यवान् एवा महामुनिने नमियें. अहीं कोई कहेशे के, एवा साधु होय तवारें तेने नमियें, सेवा करियें, पण बीजाने नहीं ? त्यां तेने उत्तर कहे छे के, कदापि आ कालमां कोई क्रियायें शिथिल हो-य तो पण जे योग्य ज्ञानवंत, शुद्ध मार्गना प्ररूपक, सावद्य योगथी दूर रहेला, व्यवहार मार्गें आश्रया एवा वक्तापणाना गुण जोईने ते मुनिनी सेवा करीयें, तेना मुखथकी पंचांगी प्रमाणें आगम सांभलवानो जप करीयें. केम के तेवा साधु उपदेश देवाने योग्य छे. एम पांच गाथायें साधुपदनी स्तवना करी ॥ २५ ॥

शुद्ध देव गुरु धर्म परीक्षा, सद्दहणा परिणाम ॥ जेह पामीजें तेह नमीजें, सम्यग् दर्शन नाम रे ॥ २६

अर्थः- हवे पांच गाथायें करी सम्यक्त्व दर्शन वर्णवे छे. शुद्ध देव ते अढार दूषण रहित एवा श्रीअरिहंत जाणवा. अने शुद्ध गुरु ते पांच महाव्रतना पालक, दशविध यतिधर्मना धारक, शुद्ध मार्गना

देखाडनारा एवा सुसाधु जाणवा. तथा शुद्ध धर्म ते दया मूल विनय विवेक सहित श्रीकेवलिभाषित जाणवो. ए त्रण तत्वनी परीक्षाने करवे करी सद्दहणाना एटले श्रद्धाना परिणाम सहित जे समकेत पामीने तेनुं नाम समकेत दर्शन कहियें. ते समकेत दर्शनने नमीनें एटले प्रणमीयें. कारण के एक समकेत शुद्ध छे तो सर्व शुद्ध छे. समकेत विना सर्व छार उपर लीपणा समान जाणवुं ॥ २६ ॥

मल उपशम क्षयउपशम क्षयथी, जे होय त्रिविध अभंग ॥ सम्यगदर्शन तेह नमीनें, जिनधर्में दृढरंग रे ॥ भ० ॥ सि० ॥ २७ ॥

अर्थः– प्रथम मल जे मोहनीय कर्म तद्रूप मल तेनी सात प्रकृति तेमां चार प्रकृति अनंतानुबंधिनी, पांचमी मिथ्यात्व मोहनी, छठ्ठी मिश्रमोहनी अने सातमी समकेत मोहनी, ए सात प्रकृतिना उपशम एटले उपशमे करीने उपशम समकेत थाय. बीजे (क्षय उपशम के०) ते पूर्वोक्त मोहनीय कर्मनी जे सात प्रकृति छे, तेमांथी जे उदय आवी ते क्षय पामी, अने जे उदय नही आवी ते उपशमी पण प्रदेशोदयपणें छे. एम सात प्रकृतिना क्षय अने उपशमथी क्षायोपशम समकेत कहियें. त्रीजे (क्षयथी के०) ए साते प्रकृतिनो संपूर्ण क्षय थवाथी क्षायिक समकेत कहियें. एवी रीतें जे समकेत ते त्रिविध एटले कोईने उपशम, कोईने क्षायोपशम अने कोईने क्षायिक ए त्रण प्रकारें अभंग रूपें होय ते सम्यक्त्वदर्शनने नमीनें एटले नमस्कार करीयें. जे प्राणीनो श्रीजिनधर्मने विषे दृढ रंग होय, ते प्राणी समकेत पामी शके. ए समकेत आव्याथी मुक्तिनी प्राप्ति सुगम थाय. घणामां घणुं संसारमां रहे तोपण ते जीव अर्ध पुद्गल परावर्त्तनथी वधारे रहे नही ॥ २७ ॥

पंच वार उपशमिय लहीनें, जय उवसमिय असंख ॥ एक वार खायिक ते समकित, दर्श-

सि० ॥२९॥

અર્થઃ- વલી તે સમકેત ચાર સદ્દહણા આદિક સડશઠ બોલેં

... શ્રીશી

અહીં લખ્યા નથી- એમ પાંચ ગાથાયેં સમ્યક્ત્વની સ્તવના કરી ॥૭॥

न विना ओक क्षणमात्र पण केवी रीतें रही शकीयें ? ॥३३॥

तेम रवि ते सूर्य अने शशी एटले चंन्द्रमा तथा मेह एटले मेघ, ए त्रणे उपकारी छे. एटले सूर्य प्रकाश करे छे, चंन्द्रमा उद्योत करे छे अने शीतलता पण उपजावे छे, तथा मेघ वरसे छे पण ते कोई प्रत्युपकार करावबानी वांछा राखता नथी. तेम श्रुतज्ञानना आधारें जीव संसार निस्तार पामे छे ॥ ३४॥

लोक उरध अध तिर्यग ज्योतिष, वैमानिक ने सिद्धि ॥ लोक अलोक प्रगट सवि जेहथी, ते ज्ञानें मुज शुद्धि रे ॥ भ॰॥ सि॰ ॥ ३५॥

अर्थः— वली लोक ते चौद राजलोक तेमां समभूतलाथकी उरध एटले उंचा सात राजमां (वैमानिक ने सिद्धि के॰) बार देवलोक, नव ग्रैवेयक, पांच अनुत्तर विमान, ए सर्व वैमानिक देव कहाय. अने सिद्ध शिलानी उपर सिद्धना जीव छे, तथा (अध के॰) नीचें सात राज लोकमां वाणव्यंतर, व्यंतर, भुवनपति, सात नरकपृथ्वी छे. अने तिर्यग ते तिर्च्छोलोक तेमां पीस्तालीश लाख योजनने विषे मनुष्यक्षेत्र छे, तथा बीजा स्वयंभूरमण समुन्द्रपर्यंत असंख्याता द्वीप, समुन्द्र ए सर्व एक राजमां छे, एमां ज्योतिषी देवो पण छे, ए सर्व लोक शब्दें चौदराज लोक जाणवा. तेमज अलोक अनंतो छे, तेना सर्व भाव जे ज्ञानथकी प्रगट थाय, एवुं निर्मल शुद्ध प्रकाशक जे ज्ञान, तेणें करी महारी पण शुद्धि थाय. एवी रीतें श्रीपालराजा ज्ञानना स्तवना करे छे. एम ए ज्ञानपद कह्युं ॥ ३५॥

देशविरति ने सरवविरति जे, गृहियतिने अभिराम ॥ ते चारित्र जगत जयवंतुं, कीजें तास प्रणाम रे ॥ भ॰ ॥ सि॰ ॥३६॥

अर्थः— हवे पांच गाथायें करी आठमुं चारित्रपद वखाणे छे. देशविरतिचारित्र ते गृहस्थने होय, अने सर्वविरतिचारित्र ते (यति

(क॰) कुने रे - अेवां जे कारना ... ते ... तज ... न
... भ मू टले ... इर ... लतइ ... वे ... लो करूण
... लो ... चा ... अने ... चार वाले ... कें ...
... याि ... गत ... ते ... ित्र देव ...
जे ... छे (त ... क॰) ते चारित्रने ... ॥ ३६ ॥

तृणपरें जे षटखंडसुख छंडी, चक्रवर्त्ती पण व-
रियो ॥ ते चारित्र अखय सुखकारण, ते में म-
नमांहे धरियो रे ॥ भ॰ ॥ सि॰ ॥ ३७ ॥

अर्थः— वली चक्रवर्ती सरखायें पण षटखंडना सुखने तृणनी पेरें छांडीने जे चारित्रने वर्युं छे अेटले आदर्युं छे, ते चक्रवर्ती गोचरी गयां थकां कोई तन्नि्ना करे, तो पण तेथी लगारमात्र खेद पामे नही. अेवुं चारित्र ते अक्षय सुख जे निराबाध मोक्षनां सुख तेनुं कारणभूत छे, तेने में म्हारा मनमांहे धर्युं छे ॥ ३७ ॥

हुआ रांकपणें जेह आदरी, पूजित इंद नरिंदें ॥ अशरणशरण चरण ते वंदू, पूर्युं ज्ञान आनं-
दें रे ॥ भ॰ ॥ सि॰ ॥ ३८ ॥

अर्थः— वली जे चारित्रने रांकपणें आदरी अेटले रांक सरखा पण आदरीने चारित्रमां मन स्थिर करता थका संप्रति राजवत् इंद्र अने नरिंद जे राजा तेणें पूजित अेटले पूजन करेला (हुआ के॰) थया. माटे संसारथी बिहिता जे प्राणी, तेने कोई शरण नथी अेवा अशरणने शरणरूप जे (चरण के॰) चारित्र तेने हुं वांदुं छुं. ते चारित्र ज्ञानें सहित आनंदें पूरित छे, ते प्रत्यें वांदुं छुं ॥ ३८ ॥

बार मास पर्यायें जेहनें, अनुत्तर सुख अति
क्रमियें ॥ शुक्ल शुक्ल अभिजात्य तेउपर, ते

३९

अर्थः- वली ने चारित्रना पर्याय ते चढते अध्यवसायें जाए

डे०) ते उपशांत चारित्र (शुक्ल शुक्ल डे०) उज्ज्वल उज्ज्वल प-

ने के०) साधुने होय. एवां जे जे प्रकारना चारित्र ते गृहस्थ तथा मुनिने अभिराम एटले मनोहर होय, तिहां देशविरति चारित्रवालो उत्कृष्टथी बारमा देवलोक सुधी जाय. अने सर्व विरतिचारित्रवालो उत्कृष्टपणें मोक्षे जाय. ते चारित्र जगतमां जयवंतुं वर्ते छे, जे चारित्रनी देव मनुष्य प्रमुख सेवा करे छे (तास के०) ते चारित्रने प्रणाम करीयें ॥ ३६ ॥

तृणपरें जे षटखंडसुख छंडी, चक्रवर्त्ती पण वरियो ॥ ते चारित्र अक्षय सुखकारण, ते में मनमांहे धरियो रे ॥ भ० ॥ सि० ॥ ३७ ॥

अर्थः— वली चक्रवर्ती सरखायें पण षट्खंडना सुखने तृणनी पेरें छांडीने जे चारित्रने वर्युं छे एटले आदर्युं छे, ते चक्रवर्ती गोचरी गयां थकां कोई तर्जना करे, तो पण तेथी लगारमात्र खेद पामे नही. एवुं चारित्र ते अक्षय सुख जे निराबाध मोक्षनां सुख तेनुं कारणभूत छे, तेने में म्हारा मनमांहे धर्युं छे ॥ ३७ ॥

हुआ रांकपणें जेह आदरी, पूजित इंद नरिंदें ॥ अशरण शरण चरण ते वंदू, पूर्युं ज्ञान आनंदें रे ॥ भ० ॥ सि० ॥ ३८ ॥

अर्थः— वली जे चारित्रने रांकपणें आदरी एटले रांक सरखा पण आदरीने चारित्रमां मन स्थिर करता थका संप्रति राजावत् इंद्र अने नरिंद जे राजा तेणें पूजित एटले पूजन करेला (हुआ के०) थया. माटे संसारथी बिहिता जे प्राणी, तेने कोई शरण नथी एवा अशरणने शरणरूप जे (चरण के०) चारित्र तेने हुं वांदुं छुं. ते चारित्र ज्ञानें सहित आनंदें पूरित छे, ते प्रत्यें वांदु छुं ॥ ३८ ॥

बार मास पर्यायें जेहनें, अनुत्तर सुख अतिक्रमियें ॥ शुक्ल शुक्ल अभिजात्य ते उपर, ते

अर्थः– वली ने चारित्रना पर्याय ते चढते अध्यवसायें जार

के०) ते उपशांत चारित्र (शुक्ल शुक्ल के०) उज्ज्वल उज्ज्वल प-
रिणामें (अलि

ર્વ કર્મને ખપાવે છે, એવું જે તપ છે. તે તપ શિવતરૂ એટલે મોક્ષ રૂપ વૃક્ષનો (કંદ કે૦) કંદો એટલે મૂલસ્કંધ જાણવું ॥ ૪૧ ॥

કરમ નિકાચિત પણ ખય જાઈ, ખિમાસહિત જે કરતાં ॥ તે તપ નમિયેં જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે ॥ ભ૦ ॥ સિ૦ ॥ ૪૨ ॥

અર્થઃ- વલી ક્ષમાયેં કરી સાહિત તપ કરતાં થકાં નિકાચિત નિબિડ આકરાં જે કર્મ તે સર્વ ક્ષય થઈ જાય, તે તપને નમીયેં. જે તપને (ઉજમંતાં કે૦) ઉજમતાં એટલે ઉજમણું કરતાં થકાં શ્રીજિનશાસનને દીપાવે ॥ ૪૨ ॥

આમોસહીપમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવેં ॥ અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ પ્રગટે, નમીયેં તે તપ ભાવેં રે ॥ ભ૦ ॥ સિ૦ ॥ ૪૩ ॥

અર્થઃ-વલી (જાસ કે૦) જે તપના પ્રભાવ થકી (આમોસહી કે૦) આમર્શૌષધિ પ્રમુખ ઘણી લબ્ધિયો ઉપજે છે. તે લબ્ધિયો સર્વ મલી અઠ્ઠાવીશ છે. તેનાં નામ કહે છે. પ્રથમ જે ઋષીશ્વરનાં હસ્તપાદ સ્પર્શ માત્રેં કરી રોગ જાય, તે આમર્શૌષધિ લબ્ધિ જાણવી. બીજી જે મુનિરાજના મલમૂત્રેં કરી રોગ જાય, તેને વપ્પોષધિ, વિટ્પુરીષ લબ્ધિ કહીયેં. ત્રીજી જે ઋષીશ્વરનો શ્લેષ્મ ઔષધિરૂપ હોય, તેને ખેલોષધિ લબ્ધિ કહીયેં. ચોથી જે ઋષીશ્વરના શરીરનું પ્રસ્વેદજલ ઔષધિ રૂપ હોય, તેને જલ્લોષધિ લબ્ધિ કહીયેં. પાંચમી જે ઋષીશ્વરનાં કેશ, રોમ, નખાદિક, એ સર્વ ઔષધિરૂપ હોય, સર્વ પ્રકારના રોગ નિવારવાને સમર્થ હોય, અને સુગંધયુક્ત હોય, તેને સર્વૌષધિ લબ્ધિ કહીયેં. છઠ્ઠી જે એકજવારેં સઘલી ઇન્દ્રિયોયેં સાંભલવાની શક્તિ હોય, અથવા એક ઇન્દ્રિયેં કરી સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર લેવાની શક્તિ હોય, અથવા બાર યોજનમાં ચક્રવર્ત્તીનું કટક હોય, તે કટકમાં જેવારેં

एकज समयें सर्व जातिनां वाजित्र वाजे, तेवारें ते समकालें वाजता एवा
सर्व प्रकारना वाजित्रोना शब्दने जूदा जूदा जाणी शके, ते शक्तिने सं-
ल कु : स । ज्ञानवालानी जे जाणवानी-
शक्ति-तेने अवधिज्ञान लब्धि कहीयें. आठमी जेथी मनःपर्यवज्ञानें
ट च ।, ८ मु ज्ञ न ।
च्यो छे एटलुंज जाणे, पण ए घट केहवो अने क्यांनो हतो ? इत्यादि
न जाणे. अथवा अढीद्वीपना मनुष्यना मनःसंबंधि बादर पर्याय जा-
णे, तेने रुजुमति लब्धि कहियें. नवमी एवुं जाणे जे एणें घट चिं-
तव्यो छे ते सोनानो छे, अने पाडलीपुरनो नीपन्यो छे; अथवा अढी
द्वीप संबंधि मनुष्यनां जे मन तेना सूक्ष्म पर्याय जाणे तेने विपुलमति
लब्धि कहीयें. दशमी चारणलब्धि बे प्रकारें छे. एक जंघाचारण
अने बीजी विद्याचारण एने चारणलब्धि कहीयें. अगीयारमी जेथी
दाढा विषयुक्त होय, तेने आशीविष लब्धि कहीयें. ते एक जाति
आशीविष अने बीजी कर्मआशीर्विष ए बे प्रकारें छे. तेमां वली
जातिआशीविष ते सर्प, वींछी, देडकां अने मनुष्य, ए चार प्रकारें
जाणवा. अने कर्मआशीर्विष तो तिर्यंच तथा मनुष्यनेज होय. माटे
तिर्यंच अने मनुष्य आश्रयी बेप्रकारें छे. ए तप अने क्रिया अनुष्ठा
नादिकें करी उपजे छे, ते सर्पादिकनी पेरें सर्पादिकें करी अनेराने वि
णासे, तेने आशीविष लब्धि कहीयें. बारमी केवल ज्ञानप्राप्ति तेने
केवल लब्धि कहीयें. तेरमी श्रीगणधरने गणधरपणानी लब्धि क-
हीयें. चौदमी पूर्वधरने पूर्वधर अथवा श्रुतज्ञान लब्धि कहीयें. प-
न्नरमी श्रीतीर्थंकरने तीर्थंकर लब्धि कहीयें. अथवा समोसरणनी
रचना करी तीर्थंकर जेवो महीमा करी देखाडे, ते रुषीश्वरने तीर्थंकर
लब्धि कहीयें. शोलमी जेथी चक्रवर्तिपणुं पामे, अथवा चक्रवर्त्तीनी -
सनऋद्धि करी देखाडे तेने चक्रवर्त्तिपणानी लब्धि कहीयें. सत्तरमी
बलदेवने अथवा जे बलदेवनी ऋद्धि होशे तेने बलदेवपणानी ल-
ब्धि कहीयें. अढारमी वासुदेवने अथवा वासुदेवनी ऋद्धि जे रुषी
होशे, तेने वासुदेवपणानी लब्धि कहीयें. ओगणीशमी जेनी वाणी-
मां दुध शाकर करतां पण वधारे मीठाश उपजे, तेने क्षीराश्रव तेमज

पालमुख सुख लह्यां, नवपदमहिम तहत्ति ॥ ५ ॥

अर्थः- वलता श्रीगौतमगुरु कहेता हवा के, एकेका पदनी भक्ति करवाना महिमाथकी देवपालप्रमुखें सुख लह्यां, पाम्यां, तीर्थंकर गोत्र बांध्युं. ते विचारामृत संग्रह ग्रंथमांहे एकेका पदनो वर्णने वीश दृष्टांत विस्तारें कथासहित वखाण्यां छे, एवो नवपदनो महिमा तहत्ति एटले सत्य छे ॥ ५ ॥

किं बहुना मगधेश तुं, ईक पद भक्ति प्रभाव ॥ हो- ईश तीर्थंकर प्रथम, निश्चय ए मन भाव ॥ ६ ॥

अर्थः- हे मगधेश ! एटले मगध देशना अधिपति ! किंबहुना एटले घणुं शुं कहियें ? तुं एक समकेतपदनी भक्तिने प्रभावें करी आवती चोवीशीमां पद्मनाभ एवे नामें प्रथम तीर्थंकर थईश. ए निश्चय थकी मनने विषे भाव एटले भावना कर ॥ ६ ॥

गौतम वचन सुणी ईस्यां, ऊठे मगध नरिंद ॥ व- धामणी आवी तदा, आव्या वीर जिणंद ॥ ७ ॥

अर्थः- एवां गौतम स्वामीनां वचन सांभलीने मगधदेशनो राजा श्रेणिक तिहांथी ऊठ्यो. (तदाके०) तेवारें वधामणी आवी ने श्रीवीर जिनेश्वर आव्या छे ॥ ७ ॥

देवें समवसरण रच्युं, कुसुमवृष्टि तिहां कीध ॥ अंब- गाजे दुंदुभि, वर अशोक सुप्रसिद्ध ॥ ८ ॥

अर्थः- देवतायें समवसरण रच्युं, तथा कुसुमनी वृष्टि करी, आकाश

अर्थः-

अर्थः-

अर्थः-

अर्थः-

लावछे, अेटले अे नवपदनुं आराधन जे करवुं तेनुं मूल छेह रहित आमला।

ધ્યેય સમાપત્તિ હુયે, ધ્યાતા ધ્યાન પ્રમાણ ॥ તિણ નવપદ છે આતમા, જાણે કોઈ સુજાણ ॥૧૩॥

અર્થઃ- જે વસ્તુ ધ્યાવવા યોગ્ય છે તેને ધ્યેય કહિયેં. તે ધ્યેયની સમાપત્તિ તે સંપૂર્ણતા થયે એટલે સમ્યક્ પ્રકારેં પામવે કરીને ધ્યાતા તે ધ્યાનારો જીવ, તેનું ધ્યેય વસ્તુનું જે ધ્યાન, તેનું પ્રમાણ પણું થાય. જે માટે ધ્યેય પૂર્તિવિના ધ્યાનની પૂર્તિ નહી. ધ્યાતાના ધ્યાનનું જે પ્રમાણ, તે ધ્યેય સમાપ્તેં હોય. તેમાટેં જે નવપદ તેહિજ આત્મા છે. એ કોઈ સુજાણ હોય તે જાણે ॥૧૩॥

લહી અસંગ ક્રિયા જલેં, જસ ધ્યાનેં જિણેં સિદ્ધિ ॥ તિણેં તેહવું પદ અનુભવ્યું, ઘટમાંહિ સકલ સમૃદ્ધિ ॥૧૪॥

અર્થઃ- શુક્લધ્યાનના ચોથા પાયાને ધ્યાનેં અસંગક્રિયા (લહી કે૦) પામીને તે અસંગક્રિયાને જલેં કરી જે નવપદમાંહેલા (જસધ્યાને કે૦) જે પદના ધ્યાન આરાધન થકી જેણેં સિદ્ધિ પામી, તે ભાણીયેં તેહવુંજ પદ અનુભવ્યું એટલે ભોગવ્યું. માટે નિશ્ચયનયેં ઘટમાંજ સકલ સમૃદ્ધિ છે ॥૧૪॥

॥ ઢાલ બારમી ॥

॥ સ્વામી સીમંધર ઉપદિસે ॥ એ દેશી ॥

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે ॥ ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાયરે ॥૧॥

અર્થઃ- ઇહાં પ્રથમ ગૌતમસ્વામીયેં નિશ્ચયનય આશ્રયીને વ્યવહારદેશના દીધી હતી, તે હવે વીરપ્રભુ વ્યવહાર આશ્રયીને નિશ્ચયદેશના આપેછે. તિહાં જે અરિહંતાદિક નવપદ જે છે તે નિશ્ચયથકી ઘટમાંહેજ છે. તેનું સંક્ષેપથી વર્ણન કરેછે. તિહાં પ્રથમ શ્રીઅરિહંત પદને

તથા ગુણ તે જ્ઞાન
દેક પ-
ગતો થકો શ્રી
પણું છે, તેનો છેદ કરી અભેદપણું પામી-
પી થાય ॥૧॥

દિસે, સાંભળજો ચિત્ત લાઈરે
મા, ઋદ્ધિ મળે સવિ આઈરે
૨

અર્થઃ- એમ વીરજિનેસર તે શ્રેણિક રાજા પ્રમુખ બાર પર્ષદાને
! તમે ચિત્ત દેઈ સાંભળજો. આત્માના ધ્યા-
સર્વ આ-
, જેમ અનર્ગલ સંપત્તિ પામીયે ॥૨॥

, કેવલ દંસણ નાણીરે ॥ તે ધ્યા-
તાં નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણીરે ॥વી૦॥૩

અર્થઃ- હવે શ્રીસિદ્ધ ભગવાન્ કેહવા છે? તો કે રૂપાતીત એટલે
છે જેમનો એહવા, વલી કેવલ દર્શન અને
કેવલ જ્ઞાનમય છે. તે શ્રીસિદ્ધને ધ્યાતાં થકાં ગુણની ખાણ એવો
થાય ॥૩॥

ય ભલા, મહામંત્ર શુભ ધ્યાનીરે ॥ પં-
૨ ૦ ૪

અર્થઃ- મહામંત્ર એટલે સૂરિમંત્રના જપનાર, શુભધ્યાની જે-
આત્માન આચાર્ય હોય, એટલે થાય. હવે પાંચ પ્રસ્થાન
ભાગ્યપીઠ, ત્રીજું લક્ષ્મીપીઠ, ચો

[illegible] ચો [illegible], અને [illegible] સુ [illegible] વ [illegible] લ [illegible] છે [illegible] વ્વાન [illegible] સવ [illegible] ર્વ [illegible] ને સા [illegible], ઠાઠ [illegible] જનું [illegible] ય [illegible], તે [illegible] ત [illegible] ઘ [illegible] આર વેક [illegible] ને વલ્લભ, આ [illegible] જુ લ [illegible] તે [illegible] રાયને સર્વ [illegible] વ્વ [illegible] વશ્યાદિ [illegible] મું [illegible] ત [illegible] હાદિકને માન [illegible] ત [illegible] ॥ ૪ ॥

તપ સજ્ઝાયેં રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે ॥ ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે ॥ વી૦ ॥ ૫ ॥

અર્થઃ- હવે ચોથું ઉપાધ્યાય પદ કહે છે. તપસ્યા, જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદેં કરવામાં તથા સજ્ઝાય ધ્યાનમાં સદા રક્ત છે રાતા છે, દ્વાદશાંગીને ધ્યાતા છે, એવા જે ઉપાધ્યાય, તેનું ધ્યાન કરતાં થકાં એ આત્મા તેહિજ ઉપાધ્યાયપણું પામે. તે ઉપાધ્યાય કહેવા છે? તો કે જગતના બંધવ એટલે સંબંધિ મિત્રતુલ્ય અને જગતના ભ્રાતા એટલે ભાઈતુલ્ય એવા ઉપગારી શ્રીઉપાધ્યાયજી તે નિશ્ચય થકી આત્માજ છે ॥ ૫ ॥

અપ્રમત્તે જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે ॥ સાધુ સૂધા તે આતમા, શું મૂંડયે શું લોચેં રે ॥ વી૦ ॥ ૬ ॥

અર્થઃ- હવે પાંચમું સાધુપદ વર્ણવે છે. જે નિત્ય પ્રત્યેં અપ્રમત્તપણેં એટલે સાતમે ગુણઠાણેં રહે, પ્રમાદની આચરણા ન કરે, વલી સ્તવના કરવાથી હર્ષ પણ ન કરે, અને ઉપદ્રવ કરવાથી શોચ પણ ન કરે, એવા સૂધા સાધુ તે નિશ્ચેં આત્માજ જાણવો. પરંતુ સાધુનો વેશ ધારણ કરવાથી તથા મુંડન કરાવે, કેશલોચ કરવાથી શું થાય? એથી કાંઈ પરમાર્થ નહી ॥ ૬ ॥

અર્થઃ-

જે કર્મ છે, ક્ષય ઊપશમ તસ થાયરે ।।

અર્થઃ- હવે જ્ઞાનપદ વખાણે છે- જ્ઞાનાવરણીય કર્મ જે છે,

નવિ

ભતોરે ।। વી૦ ।। ૯ ।।

અર્થઃ- હવે આઠમું ચારિત્રપદ વર્ણવે છે- આત્મા વિ

ભ્યો, નિજ સ્વભાવમાં એટલે પોતાના આત્મસ્વભાવમાં

રૂપ વનને વિષે ભમતો નથી- તો તેહજ આત્મા તે ચારિત્ર જાણવું ।। ૯ ।।

ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે ।।

અર્થઃ- હવે નવમું તપપદ વખાણે છે- સમતારૂપ થઈ, સમ

યોગમાં આત્માની પરિણતિ થાય તો સ્વપરિણતિને યોગેં સંવર ગુણને આદરતો ઇચ્છાનો રોધ કરે, પોતાના મૂલ ગુણને ભોગેં એટલે ભોગવવે વર્તતો કષાયના કંડક ઘટાડતો, સમતા અને ક્ષમાના કંડક વૃદ્ધિમંતા કરે, તો નપતે એહિજ આત્મા જાણવો ॥ ૧૦ ॥

આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચો રે ॥
આતમભાવેં થિર હોજો, પરભાવેં મત રાચો રે ॥ વી૦ ॥ ૧૧

અર્થઃ- માટે આગમ તે સિદ્ધાંત જાણવા તે શ્રુતજ્ઞાન છે. અને નોઆગમ તે એક શ્રુતજ્ઞાન વિના ચાર જ્ઞાન જાણવાં. અથવા આગમ તે જ્ઞાની અનુપયોગી અને નોઆગમ તે જ્ઞાનીઉપયોગી, એમ આગમ નોઆગમ એ જેના ભેદ જાણી એ જેહનો ભાવ તે સાચો જાણો. તે સાચો જાણીને ચંચલતા મટાડી આતમભાવેં થિર હોજો, પરભાવમાં રાચશો મો. ઈહાં આગમથી ભાવ નિક્ષેપો લઈને એ નવપદ કહ્યા છે. જે અરિહંતને ઉપયોગેં તે ધ્યાનેં પરિણમ્યો, તે જીવને ઋજુસૂત્રનયેં અરિહંત કહીયેં. તેમાટે અરિહંત પદને ધ્યાવતો અરિહંત પદવી નીપજાવતો તે અરિહંત કહીયેં. એમ નવે પદની ભાવના કરવી ॥ ૧૧ ॥

અષ્ટ સકલ સમૃદ્ધિની, ઘટ માંહિ ઋદ્ધિ દાખી રે ॥ તિ-
મ નવપદ ઋદ્ધિ જાણજો, આતમારામ છે સાખી રે ॥ વી૦ ॥ ૧૨

અર્થઃ- માટે (સકલકે૦) સર્વ જે અષ્ટ એટલે અણિમા, લઘિમા પ્રમુખ આઠ સિદ્ધિ તેની સમૃદ્ધિ એટલે પરિપૂર્ણતા તે ઘટ માંહે (દાખી કે૦) દેખાડી છે. તેમ એ નવપદની ઋદ્ધિ પણ ઘટમાંહેજ જાણજો, [illegible] આત્મા [illegible] છે [illegible]

अर्थः- मोक्षसाधन करवाना तथा आत्मा शुद्ध थवाना असं-

[illegible]

१४

अर्थः- [illegible]

॥ १४॥

॥ दोहा ॥

[illegible]

अर्थः- [illegible]

२

अर्थः- [illegible]

॥२॥

એ શ્રીપાલ નૃપતિ કથા, નવપદ મહિમ વિશાલ ॥ ભ-
ણે ગુણે જે સાંભલે, તસ ઘર મંગલ માલ ॥૩॥

અર્થઃ- જેમાં (વિશાલ કે૦) મહોટો નવપદનો મહિમા છે, એવી એ શ્રીપાલરાજાની કથા તેને જે પ્રાણી ભણે, ગુણે અને સાંભલે, તેના ઘરને વિષે માંગલિકની માલા થાય ॥૩॥

॥ ઢાલ તેરમી ॥

॥ રાગ ધન્યાશ્રી ॥ થુણિયો થુણિયોરે પ્રભુ તું સુરપતિ જિન થુણિયો ॥ એ દેશી ॥ તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગનો તૂઠો ॥ એ શ્રીપાલનો રાસ કરંતાં, જ્ઞાન અમૃત રસ વૂઠો રે ॥ મુ૦ ॥૧॥

અર્થઃ- હવે આ રાસનો પ્રારંભ કર્યો હતો, તે અર્થ પૂર્ણ થયું. તેનો આનંદ ઊપનો તેથી કવીશ્વર અનુભવજ્ઞાનની મહત્તાપૂર્વક હર્ષનાં વચન કહે છે કે, મુજને જગતનો સાહેબ જે શ્રીજિનેશ્વર સંતુષ્ટ થયો એ શ્રીપાલનો રાસ કરતાં જ્ઞાનરૂપ અમૃત રસનો વર્ષાદ થયો ॥૧॥

પાયસમાં જિમ વૃદ્ધિનું કારણ, ગોયમનો અંગૂઠો ॥ જ્ઞાન માંહિ અનુભવ તિમ જાણો, તે વિણ જ્ઞાન તે જૂઠો રે ॥ મુ૦ ॥૨॥

અર્થઃ- (પાયસમાં કે૦) ખીર માંહે જેમ શ્રીગૌતમસ્વામીનો અંગૂઠો વૃદ્ધિનું કારણ છે, જેણેં ખીરના એક પડઘામાંથી પન્નરશેં ને ત્રણ તાપસને ભોજન કરાવ્યું, તેમ જ્ઞાન માંહે પણ અનુભવજ્ઞાન તે વૃદ્ધિનું કારણ જાણો. તે અનુભવજ્ઞાન વિના જે જ્ઞાન છે તે જૂઠો એટલે મિથ્યા જાણવું, માટે અનુભવજ્ઞાન મહોટું છે ॥૨॥

ઊદક પયોમૃત કલ્પજ્ઞાન તિહાં, ત્રીજો અનુભવ મી-

અર્થઃ-

ચરિત્રાનુવાદ કથાનક, ચોપાઈ, રાસ, ભાષા પ્રમુખ તે (ઊદક કે૦) ઊ-

તનું

અર્થઃ-

પ્રેમ પણ જાણવો- એટલે જિહાં કર્મરૂપ ગાંઠ

ને જિહાં અનુભવ રસ છે તિહાં કર્મરૂપ ગાંઠ નથી ાજ્ઞા

જિનહી પાયા તિનહી છિપાયા, એ પણ એક છે ચીઠો ॥ અનુભવ મેરૂ છિપે કિમ મહોટો, તે તો સઘલેં દીઠોરે ॥ મુ૦ ॥ ૫ ॥

અર્થઃ- કોઈક કહે છે કે, અનુભવનો રસ જેણેં પામ્યો તેણેંજ છિપાવ્યો, માટે પ્રગટ દેખાય નહીં. એ કહેવત પણ એક ચીઠો એટલે કાગલની ચીઠી પ્રાય છે. કેમ કે, અનુભવરૂપ મહોટો મેરૂપર્વત તે છિપાયો કેમ છિપે? તે તો સઘલેં દીઠો છે એટલે સર્વત્ર દીઠો છે, એવું જિનવચન થી જાણવું. વસ્તુતઃ દીઠામાં આવે પણ જેણેં પામ્યો તે તેનોજ આત્મા જાણે. પરંતુ બીજો કોઈ ન જાણે ॥ ૫ ॥

પૂરવ લિખિત લિખે સવિ લેઈ, મસી કાગલ ને કાઠો ॥ ભાવ અપૂરવ કહે તે પંડિત, બહુ બોલે તે બાંઠોરે ॥ મુ૦ ॥ ૬ ॥

અર્થઃ- મસી તે શાહી, કાગલ અને કાઠો તે કલમ એ ત્રણ ચીજ લઈને પૂરવ લિખિત એટલે પૂર્વે લખેલા જે પાનાં પોથાં હોય, તેને જોઈને સર્વ કોઈ લખી નાખે, તેતો સુગમ છે? પણ જે પૂર્વે કોઈયેં લખ્યા ન હોય એવા અપૂર્વ ભાવ કહે તે પંડિત જાણવો. અને જે બહુ બોલે એટલે ઘણું બોલે તે લબાડ જાણવો ॥ ૬ ॥

અવયવ સવિ સુંદર હોય દેહેં, નાકેં દીસેં ચાઠો ॥ ગ્રંથજ્ઞાન અનુભવ વિણ તેહવું, શુક જિસ્યો શ્રુત પાઠોરે ॥ મુ૦ ॥ ૭ ॥

અર્થઃ- વલી એક દૃષ્ટાંત કહે છે કે, (દેહે કે૦) શરીરને વિષે અંગોપાંગાદિક સર્વ અવયવ સુંદર હોય, અને નાકેં ચાઠું હોય, તે જેમ અજુગ દેખાય, એટલે સર્વ અવયવની શોભા તે કુશોભા જેવી થાય,

અર્થઃ- જેમ જેમ બહુશ્રુત હોય એટલે ઘણો ભ

અર્થઃ– [illegible]રેં તો [illegible] સાર કે અનુભ[illegible] લમાં [illegible] ચો. [illegible] સવ મ[illegible]ચટ [illegible] ગયા, તે [illegible] રતે [illegible]તા [illegible] કવિનાં વચન [illegible] એવું [illegible] ભવ ત જીવને [illegible] સૂર્ય [illegible] રે એ [illegible] ॥૧૦॥

[illegible]

નાઠો ॥ તગતગતા દુર્નય જે તારા, તેહનો જલ પણ ઘાઠોરે ॥ મુ॰ ॥ ૧૧ ॥

અર્થઃ– જેવારેં સમકેતરૂપ સૂર્ય ઝલહલતો ઘટમાં ઊગ્યો, તેવારેં ભ્રમરૂપ (તિમિર કે॰) અંધકાર જે હતો તે સર્વ નાઠો; વલી સૂર્ય ઊગ્યા થકી તગતગતા તારાનું જલ જેમ ઘટી જાય, તેમ ઈહાં (દુર્નય કે॰) માઠા નયરૂપ જે તારા હતા, તેનું જલ જે તેજ તે પણ (ઘાઠો કે॰) વિઘટિત થયું, એટલે ક્ષય પામ્યું ॥ ૧૧ ॥

મેરૂધીરતા સવિ હર લીની, રહ્યો તે કેવલ ભાઠો ॥ હરિ સુરઘટ સુરતરૂકી શોભા, તે તો માટી કાઠોરે ॥ મુ॰ ॥ ૧૨ ॥

અર્થઃ– અનુભવજ્ઞાનીયેં મેરૂ પર્વતની ધીરતા જે હતી તે સર્વે હરી લીધી, તેવારેં તે કેવલ ભાઠો એટલે પત્થર સમાન રહ્યો. વલી સુરઘટ જે કામકુંભ તથા સુરતરૂ જે કલ્પવૃક્ષ તેની શોભા પણ સર્વ હરી લીધી, તેવારેં તે સુરઘટ તો કેવલ માટી સમાનજ રહ્યો. અને સુરતરૂ તે (કાઠો કે॰) કાષ્ઠ સમાન રહ્યો ॥ ૧૨ ॥

હરખ્યો અનુભવ જોર હતો જે, મોહમલ્લ જગ લૂંઠો ॥ પરિ પરિ તેહનાં મર્મ દેખાવી, ભારે કીધો ભૂંઠોરે ॥ મુ॰ ॥ ૧૩

अर्थः- थोडो पण दंभ ने पीठें अने महापीठें कस्यो, तो ते दुःख

ભાવ તદ્રૂપ સુધારસ એટલે જે અમૃતસમાન રસ તેને ઘટ ઘટ પીયો. તે પીતાં (ઉલ્લંઠિતકે૦) ઉત્સુક અર્થાત્ તરશ પામેલા એવા તમે પૂરણ એટલે તૃપ્ત થાઓ. અથવા અમૃતસમાન રસ છે તેને તમે ઘટ ઘટ પીયો અને પીતાં પૂર્ણ ઉલ્લંઠિત થાઓ ॥૧૬॥

॥કલશ॥

॥રાગ ધન્યાશ્રી ॥ તે તરિયારે ભાઈ તે તરિયા ॥એ દેશી ॥ તપગચ્છનંદન સુરતરૂ પ્રગટ્યા, હીરવિજય ગુરૂરાયાજી ॥ અકબરશાહે જસ ઉપદેશેં, પડહ અમારિ વજાયાજી ॥૧॥

અર્થઃ- તપગચ્છરૂપ નંદનવનને વિષે સુરતરૂ એટલે કલ્પવૃક્ષસમાન શ્રીહીરવિજય ગુરૂરાજજી પ્રગટ થયા. જેમના ઉપદેશથી બાદશાહ અકબ્બર સાહે અમારીનો પડહ વજડાવ્યો ॥૧॥

હેમસૂરિ જિન શાસન મુદ્રાયેં, હેમસમાન કહાયાજી ॥ જચ્યો હીરો જે પ્રભુ હોતાં, શાસન સોહ ચઢાયાજી ॥૨॥

અર્થઃ- તે પ્રભુ શ્રીહીરવિજયસૂરિ તો શ્રીજિનશાસનરૂપ મુદ્રા એટલે વીંટી તેને વિષે જચ્યો હીરો એટલે જાત્યવંત હીરા સમાન હોતા હવા. જેણેં જિનશાસનની ઘણી શોભા ચઢાવી, તે વર્જતેં હેમસૂરિ તે શ્રીજિનશાસનરૂપ મુદ્રામાં હેમ સમાન કહેવાણા ॥૨॥

તાસ પટેં પૂર્વાચલ ઉદયો, દિનકર તુલ્ય પ્રતાપીજી ॥ ગંગાજલ નિર્મલ જસ કીર્ત્તિ, સઘલે જગમાંહિ વ્યાપીજી ॥૩॥

અર્થઃ- જેવા શ્રીવિનયસેન સૂરિ થયા. વલી તેમને પાટેં, જ-

ક ૦ ૭. તા ચય. ના સુંદર ૯૮લે ને ૬૨ ૨ ૧૮ ન..૮- રાજના રાસની રચના કીધી ॥ ૬ ॥

સૂરિ હીર ગુરૂની બહુ કીર્ત્તિ, કીર્ત્તિવિજય ઉવઝાયા જી ॥ શિષ્ય તાસ શ્રીવિનયવિજયવર, વાચક સુગુણ સોહાયા જી ॥ ૭ ॥

અર્થઃ- તે પૂર્વોક્ત બહુકીર્ત્તિના ધરનાર સૂરિ શ્રીહીરવિજય ગુરૂની સાક્ષાત્ રૂપવતી બહુ કીર્ત્તિજ જાણે હોય નહી એવા શ્રીકીર્ત્તિવિજયજી ઉપાધ્યાય થયા. તેમના (વરકે૦) પ્રધાન શિષ્ય (વાચકકે૦) ઉપાધ્યાયપણાના રૂડા ગુણેં કરી શોભાયમાન શ્રીવિનયવિજયજી થયા ॥ ૭ ॥

વિદ્યા વિનય વિવેક વિચક્ષણ, લક્ષણ લક્ષિત દેહા જી ॥ સોભાગી ગીતારથ સારથ, સંગત સખર સનેહા જી ॥ ૮ ॥

અર્થઃ- તે વિદ્યાયેં કરી વિનયેં કરી તથા વિવેકેં કરી વિચક્ષણ થયા. જેનું (દેહકે૦) શરીર તે ઉત્તમ લક્ષણેં કરી લક્ષિત હતું. વલી સૌભાગ્યવંત, ગીતાર્થના સમૂહને વિષે સાર્થક પણું છે જેમનું એવા અને ગીતાર્થ પણાને સાર્થકતા કરનારા, વલી જેની સંગત એટલે સોબત તે સખર એટલે સારી છે રૂડી છે, વલી રૂડા સ્નેહવાલા હતા ॥ ૮ ॥

સંવત સત્તર અડત્રીસા વરસે, રહી રાંદેર ચોમાસેં જી ॥ સંઘ તણા આગ્રહથી માંડ્યો, રાસ અધિક ઉલ્લાસેં જી ॥ ૯ ॥

અર્થઃ- તે શ્રીવિનયવિજયજી ઉપાધ્યાયેં સંવત્ સત્તરશેં ને આડત્રીશાના વર્ષમાં શ્રીરાંદેર ગામને વિષે ચોમાસું રહીને શ્રીસંઘના આગ્રહ થકી આ રાસને અધિક ઉલ્લાસેં કરવા માંડ્યો ॥ ૯ ॥

जी , ((

जी ०

:- । ० त न स ० त -

। ० जी

य न

((०

नभ , -

जी वङ्, सुनस

ऊ ।

अर्थः- त न जी । न नन भ

ल त ६ ज्हे । । ।

न ६ऽ (। ऽ ऊऽ व नं नयजी उपाध्याय ॥५॥

त २ग कीधो, ता जी

तिणें वालि समकित दृष्टी ने नर, तेह तर -

तं जी ॥१२॥

:- ऍ न व । जी आ

हु तु त २ऽ त - त ज न

(मकित दृष्टि न न हुत ०

न ((घो ॥१२॥

भ (७ , (

जी , -

कमालाजी ॥१३॥

अर्थः- जे श्रीसिद्धचक्रजीना रासने भावे करीने जे प्राणी भणशे, गुणशे, तेना घरने विषे मांगलिकनी माला थाशे. तथा ते (अंघुर के०) उन्नत एटले महोटा एवा (सिंधुर के०) हाथी तेने पामशे, (सुंदर के०) रूडां मंदिर पामशे, तथा मणिरत्ने जडाव एवा आकमाल एटले मुकुट कुंडल आभूषणादिक पामशे ॥१३॥

देह सबल ससनेह परिच्छद, रंग अभंग रसाला जी ॥ अनुक्रमें तेह महोदय पदवी, लहेशे ज्ञान विशाला जी ॥ १४ ॥

अर्थः- वली सजल एटले जलवान् देह पामशे, स्नेहाली पर्षदा पामशे, तथा अभंगपणे रसाल एवा (रंग के०) आनंद तेने पामशे. ते प्राणी अनुक्रमें महोदय एटले मोक्षपदवी पामशे, तथा (विशाल के०) महोटुं ज्ञान पामशे ॥१४॥

इति श्रीमन्महोपाध्याय श्रीकीर्त्तिविजयगणि शिष्योपाध्याय श्रीविनयविजयगणि विरचिते श्रीश्रीपालचरित्रे प्राकृतप्रबंधे तन्मध्ये उपाध्याय श्रीयशोविजयगणिपूरिते अयं चतुर्थः खंडः संपूर्णः॥ सर्व खंड च्यार, तत्र प्रथमखंडे ढाल ११, द्वितीयखंडे ढाल ८, तृतीयखंडे ढाल ८, चतुर्थखंडे ढाल १४, सर्व ढाल ४१, तन्मध्ये गाथा १२५१ ॥ ग्रंथाग्रंथश्लोक १८२५ ॥

इति श्रीपालरासस्य बालावबोधे चतुर्थः खंडः समाप्तः ॥ बालावबोध संख्या ७३००, मूलश्लोक संख्या १८२५, सर्वसंख्या ९१२५ ॥



ઈહાં પ્રસંગથી ઉજમણાનો વિધિ લખિયેં છૈયેં. સાડાચાર વર્ષે એક્યાસી આંબિલેં નવ ઓલી પૂર્ણ થાય, તેવારેં ઉજમણું કરે. તે હાલના પ્રવર્ત્તન મુજબ વિશાલ શ્રીજિનેશ્વરના ભુવનને વિષે અથવા જે કોઈ ઉજમણું કરતા હોય, તેણેં પોતાના મહોટા વિસ્તારવંત ઘરને વિષે શુદ્ધ નિરવદ્ય વિસ્તારવંત મોકલી જગાને સુશોભિત કરી તિહાં શ્રીસિદ્ધચક્રજીના મંડપની રચના કરવી. તે આ પ્રમાણેં કે પ્રથમ તો વચ્ચમાં અરિહંત પદને શ્વેત ધાન્યમય સ્થાપે, અને પૂર્વ દિશાયેં સિદ્ધપદને રક્તધાન્યમય સ્થાપે, વલી દક્ષિણદિશેં આચાર્યપદને પીતવર્ણ ધાન્યમય સ્થાપે, તથા પશ્ચિમદિશેં ઉપાધ્યાયપદને નીલવર્ણ ધાન્યમય સ્થાપે, અને ઉત્તર દિશાયેં સાધુપદને શ્યામવર્ણ ધાન્યમય સ્થાપે. પછે ચાર વિદિશિને વિષે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ ચાર પદને શ્વેતવર્ણ ધાન્યમય સ્થાપે. તેમાંહે ઉત્તરપૂર્વવચ્ચેં ઈશાનખૂણેં દર્શનપદ સ્થાપવું, અને પૂર્વદક્ષિણવચ્ચેં અગ્નિખૂણેં જ્ઞાનપદ સ્થાપવું, તથા દક્ષિણપશ્ચિમવચ્ચેં નૈઋતખૂણેં ચારિત્રપદ સ્થાપવું. વલી પશ્ચિમ ઉત્તર વચ્ચેં વાયુખૂણેં તપપદ સ્થાપવું. એ રીતેં નવ પાંખડીનું કમલ કરી નવપદ-

૬

૭

૭ ૮

ન્યના કાંગરાં કરે. ઈત્યાદિ પ્રકાર પૂર્વક વલી તે ઉપરેં નવગઢ પ્રાકાર કરે વ-

નવ દેરાસર.	નવ ધર્મશાલા.	નવ કલશ.
નવ ધોતિયા.	નવ જીર્ણોદ્ધાર.	નવ મુકુટ.
નવ કચોરી. .	નવ અંગલૂહણાં.	નવ જિનબિંબ.
નવ ઝરમર.	નવ ચંદનના કટકા.	નવ મુખકોશ.
નવ સિદ્ધચક્રના ચંદ્ર.	નવ તિલક.	નવ કેશરના પડીકાં.
નવ રકાબી.	નવ સિદ્ધચક્રની પીઠિકા.	નવ સિંહાસન.

नव वासकूंपी.
नव घंटडी.
नव नोकरवाली.
नव स्थापना.
नव आचमनी.
नव त्रांबा कुंडी.
नव अष्ट मांगलिक
नव आरती.
नव धूपधाणां.
नव मंगलदीपक.
नव चंगुआ, नव पुंछिया.
नव तोरण.
नव वासकूंपी.
नव कांबली.
नव पछेडी, नव छत्र.
नव चामर.
नव मोर पिंच्छनी.
नव वाटकी, नव कचोलां.
नव थाली. नव पूंजणी.
नव केशर घसवाना ओरश.
नव दीवी, नव आलेक.
नव घ्वज, नव घंट.
नव हंडासण.
नव हांडा, नव त्रांबडी.
नव स्थापनानां उपकरण.
नव वाटका.
नव अगरबत्ती
नव बरास, नव अगर

नव प्याला.
नव भलावना.
हीरा चोवीश.
चुनीयो राती ओकवीश.
चुनीयो नीली पच्चीश.
चुनीयो काले वर्णे सत्ता.
वीश अथवा पांच.
मोती नंग २३८.
रूपाना वरग १००.
सोनेरी वरग १००.
लाखीणो हार ओक.

नवग्रहनी स्थापना
हवे ज्ञाननां उपकरण.
नव श्रीपालना रास.
बीजा नव नव पुस्तको.
गणणानी टीप, नव.
नव रूमाल, नव पाठां.
नव ठवणी, नव कवली.
नव सांपडा सांपडी.
नव लेखण.
नव चाकू.
नव कातरणी.
नव डाबला.
नव डाबली.
नव खडिया.
नव हिंगलोना वासण.

नव पाटली.
नव ओलीयां.
नव पाटी.
नव पुस्तक राखवाना.
डाबला
नव दोरा.
नव चाबखी.
नव वासक्षेपना वाटवा.
नव वतरणां.
नव कांबी.
हवे चारित्रनां उपकरण.
नव पात्रां.
नव पडला.
नव झोली.
नव चोलपट्टा.
नव संथारीया.
नव कांबली ओघानी.
नव कपडां.
नव दांडा.
नव ओघा.
नव मुहपत्ती.
नव कल्पसूत्र.
नव तरपणी.
नव चरवला.
नव चरवलानी दांडी.

इति उजमणानो विधि
संपूर्ण.